સંક્ષિપ્તશાસ્ત્રાર્થપ્રકરણ

# ॥ તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત ॥

## ॥ સંક્ષિપ્તશાસ્ત્રાર્થપ્રકરણ ॥

ગોસ્વામી શ્યામ મનોહર

**પ્રકાશક** : સહયોગ

**સંકલનકર્તા:** ગોસ્વામી શ્યામ મનોહર

**પ્રથમસંસ્કરણ** : વિ.સં.૨૦૬૭

**પ્રતિ** : ૨૦૦૦

**નિઃશુલ્કવિતરણાર્થ**

**મુદ્રક** : રમા આર્ટ્સ,
૪, ચુનાવાલા ઈન્ડસ્ટ્રિઅલ્ એસ્ટેટ,
કોંડિવિટા, અંધેરી (પૂર્વ),
મુંબઈ : ૪૦૦ ૦૫૯.

# ॥ તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત ॥

## ॥ સંક્ષિપ્તશાસ્ત્રાર્થપ્રકરણ ॥

**ગોસ્વામી શ્યામ મનોહર**

**પ્રકાશક** : શ્રીવલ્લભ વિદ્યાપીઠ શ્રીવિટ્ઠલેશપ્રભુચરણાશ્રમ ટ્રસ્ટ
વૈભવ કોપરેટિવ સોસાયટી
પૂના-બેંગલોર રોડ, કોલ્હાપુર
મહારાષ્ટ્ર ૪૧૬ ૦૦૮.

**સંકલનકર્તા:** ગોસ્વામી શ્યામ મનોહર

**પ્રથમસંસ્કરણ** : વિ.સં.૨૦૬૮

**પ્રતિ** : ૨૦૦૦

**નિઃશુલ્કવિતરણાર્થ** : મુંબઈ વિશ્વવિદ્યાલયનાં ફિલોસોફી ડિપાર્ટમેંટ અને વલ્લભવેદાંત એકેડેમી એન્ડ રિસર્ચ સેન્ટર માટે શ્રીવલ્લભ વિદ્યાપીઠ શ્રીવિટ્ઠલેશપ્રભુચરણાશ્રમ ટ્રસ્ટ, કોલ્હાપુર, દ્વારા પ્રકાશિત.

**મુદ્રક** : રમા આર્ટ્સ,
૪, ચુનાવાલા ઈન્ડસ્ટ્રિઅલ્ એસ્ટેટ,
કોંડિવિટા, અંધેરી (પૂર્વ),
મુંબઈ : ૪૦૦ ૦૫૯.

# શુદ્ધાદ્વૈતવાદ તથા પુષ્ટિમાર્ગ
## ની
## પ્રસ્તાવના

**જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ ચ વિટ્ઠલેશ્વરઃ પ્રભુઃ શ્રીમાન્।**
**પુરુષોત્તમશ્ચ તૈશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિર્જયતિ॥**

તત્ત્વાર્થદીપનિબન્ધનાં પ્રારમ્ભમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ પોતાના બીજા અનેક ગ્રન્થોને લખવાનો સંકલ્પ પ્રકટ કરે છે. આવું અન્ય કોઇ પણ ગ્રંથમાં ઉપલબ્ધ થતું ન હોવાથી એ સહજ સંભવ લાગે છે કે તત્ત્વાર્થદીપનિબન્ધ મહાપ્રભુવિરચિત ગ્રંથોમાં આદ્ય રચના હોય. કેટલાક અન્ય વિદ્વાનોની ધારણા છે કે આ નિબન્ધ ગ્રન્થમાં ઉપદિષ્ટ સિદ્ધાન્ત અને સાધના મર્યાદામાર્ગીય છે, જ્યારે ષોડશગ્રન્થોમાં ઉપદિષ્ટ સિદ્ધાન્ત અને સાધના પુષ્ટિમાર્ગીય છે. કેટલાક અન્ય અન્વેષકોએ તો આ પણ પ્રસ્તાવિત કર્યું છે કે નિબન્ધલેખનકાળમાં મહાપ્રભુના મનમાં સ્વતન્ત્ર પુષ્ટિસમ્પ્રદાય પ્રવર્તનની કોઇ સુસ્પષ્ટ યોજના અથવા રૂપરેખા ન હતી.

શ્રીયોગિગોપેશ્વરજીના (દ્રષ્ટ. : અણુભાષ્યપ્રકાશરશ્મિ ૨।૩।૫૦) એક વચનથી ઉલ્લિખિત ધારણાઓને પોષણ પણ મળે છે. રશ્મિકારના અનુસાર મહાપ્રભુવિરચિત સાહિત્યને અધોનિર્દિષ્ટ ચાર વર્ગોમાં વિભાજિત કરી શકાય છે :

(૧)આધિભૌતિક ગ્રન્થ=બ્રહ્મસૂત્રાણુભાષ્ય
(૨)આધ્યાત્મિક ગ્રન્થ=તત્ત્વાર્થદીપનિબન્ધ
(૩)આધિદૈવિક ગ્રન્થ=શ્રીભાગવતસુબોધિની
(૪)નિર્ગુણ ગ્રન્થ=ષોડષગ્રન્થ



આ વર્ગીકરણનો આધાર, રશ્મિકારના અનુસાર, આ ગ્રન્થોની 'ઇતિશ્રી'માં મહાપ્રભુદ્વારા અપનાવેલ શૈલીભેદ છે જેમ : ભાષ્યમાં મહાપ્રભુ સ્વયંને 'વેદવ્યાસમતવર્તિવલ્લભાચાર્ય' તો નિબન્ધમાં 'વિષ્ણુસ્વામિમતાનુવર્તિવલ્લભાચાર્ય' તો શ્રીભાગવતસુબોધિનીમાં 'શ્રીલક્ષ્મણભટ્ટાત્મજવલ્લભદીક્ષિત' તો ષોડષગ્રન્થમાં કેવળ 'શ્રીવલ્લભાચાર્ય' કહે છે.

આ ધારણાના અનુસાર, અર્થાત્ શ્રીયોગિગોપેશ્વરજીના મતમાં, તત્ત્વાર્થદીપનિબન્ધમાં મહાપ્રભુનો નિજમત પ્રતિપાદિત નથી થયો કિન્તુ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટથી લઈને શ્રીલક્ષ્મણ ભટ્ટ પર્યન્ત શ્રીવિષ્ણુસ્વામિસમ્પ્રદાયની કુલપરમ્પરાગત માન્યતાનું પ્રતિપાદન થયેલ છે. આથીજ તેઓ તત્ત્વાર્થદીપનિબન્ધ ગ્રન્થને મહાપ્રભુવિરચિત આધ્યાત્મિક સાહિત્યની કોટિમાં રાખવા માંગે છે.

રશ્મિકારના આ વર્ગીકરણની બાબતમાં અનેક પ્રશ્ન ઉઠે છે, જેમ :

૧.તે ગ્રન્થોની કઇ કોટિ માનવી કે જેમાં આ ચારેમાંથી એક પણ પ્રકારની 'ઇતિશ્રી' લખવાના બદલામાં મહાપ્રભુએ અન્ય જ પાંચમાં પ્રકારની 'ઇતિશ્રી', ઉદાહરણતયા, **"ઇતિ શ્રીભાગવતસારસમુચ્ચયે વૈશ્વાનરોક્તં પુરુષોત્તમનામ્નાં સહસ્રં સમ્પૂર્ણમ્"** લખી છે.

૨.તે ગ્રન્થોને કઇ કોટિમાં સ્વીકારવા જેમાં ષોડષગ્રન્થ જેવા કોઇ પણ નહીં છતાં પણ, ઉદાહરણતયા, **"ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતાઃ પૂર્વમીમાંસાકારિકાઃ સમ્પૂર્ણાઃ"**

આવું મહાપ્રભુએ લખ્યું છે.

૩.તત્ત્વાર્થદીપનિબન્ધના અન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણની કારિકાઓની 'ઇતિશ્રી'માં **"શ્રીકૃષ્ણ-વ્યાસ-વિષ્ણુસ્વામિ-મતાનુવર્તિ-શ્રીવલ્લભદીક્ષિતવિરચિતે શાસ્ત્રાર્થકથનં પ્રથમં પ્રકરણ-મ્"** શબ્દાવલી આપણને મળે છે જોકે આ જ કારિકાઓના વ્યાખ્યારૂપે લખાયેલ પ્રકાશની 'ઇતિશ્રી'માં **"ઇતિ શ્રીતત્ત્વદીપનિબન્ધટીકાયાં શ્રીવલ્લભાચાર્યકૃતાયાં પ્રથમં પ્રકરણમ્"** શબ્દાવલી મળે છે! આ તો સર્વથા અસંમંજસ જ લાગે કે મૂળ શ્રીવિષ્ણુસ્વામિમતાનુસારી હોય અને તેના અભિપ્રાયને સ્ફુટ કરવા લખાયેલ ટીકા વાલ્લભમતાનુસારી હોય.

આ વિરોધાભાસના પરિહારનાં એક ઉપાયરૂપે આમ વિચારી શકાય કે સ્વયં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને શ્રીવિષ્ણુસ્વામિમતાનુગામી માનીને આ વ્યર્થ ભેદને સમાપ્ત કરી દેવો જોઇએ.

તેમ માની લેવા છતાંય આ પ્રકારના ઊહમાં એક બાધા સ્વયં મહાપ્રભુના **"ભેદઃ પારમાર્થિકઃ ઇતિ શાસ્ત્રં પુરસ્કૃત્ય ત્રિવિધો ભક્તિયોગઃ ઉક્તઃ. તેચ સામ્પ્રતં વિષ્ણુસ્વામ્યનુસારિણઃ, તત્ત્વવાદિનઃ, રામાનુજાઃ ચ ઇતિ તમોરજસ્સત્ત્વૈઃ ભિન્નાઃ અસ્મત્પ્રતિપાદિતઃ ચ નૈર્ગુણ્યઃ. એવં ચતુર્વિધોઽપિ ભગવતા પ્રતિપાદિતઃ"** (સુબો.૩।૩૨।૩૭) આ વિધાનને કારણે ઉભી થાય છે. ભેદવાદમૂલક તામસ રાજસ તથા સાત્ત્વિક ભેદથી ભક્તિના ત્રણ પ્રકાર ક્રમશઃ શ્રીવિષ્ણુસ્વામી શ્રીમધ્વાચાર્ય તથા શ્રીરામાનુજાચાર્ય દ્વારા પ્રવર્તિત છે, આવું



કહીને સ્વપ્રતિપાદિત પ્રકારને મહાપ્રભુ 'નિર્ગુણા-ભક્તિ' કહી રહયા છે. સાથોસાથ આ ચારે પ્રકારોને ભગવદભિપ્રેત પણ સ્વીકારે છે. આ વિધાનને જો વિષ્ણુસ્વામીનાં મતને નીચે ઉતારી પાડનારો માનીને પોતાનાં મતની પ્રશંસારૂપે માન્ય રાખવામાં આવે તો, કેવલ આ એક જ નહીં પરન્તુ અન્યત્ર પણ ઉજ્જયિની આદિ તીર્થપુરોહિતોને સ્વહસ્તાક્ષરમાં લખવામાં આવેલ વૃત્તિપત્રોમાં પણ, સ્વયંને **'વિષ્ણુસ્વામિમતાનુ-વર્તી'** ઘોષિત કરવું તે મહાપ્રભુનો આત્મનિન્દાનો પ્રકાર માનવો પડશે!

આ વિરોધાભાસોનાં પરિહારરૂપે રાસપંચાધ્યાયીમાં અનેકત્ર ગોપીજનોમાંથી કોઇ એક ગોપિકાના ભાવને તામસ રાજસ યા સાત્ત્વિક; અને અન્ય ગોપિકાના ભાવને નિર્ગુણ દેખાડાતા સમયે મહાપ્રભુનું તાત્પર્ય જેમ નિન્દાનું નહીં પરન્તુ ભાવની વિલક્ષણ ચમત્કૃતિના બારામાં હોય છે - વિવિધતયા પ્રશંસા કરવામાં છે - તે મુજબ અહીં પણ અર્થઘટન કરવું યોગ્ય લાગે છે.

નિષ્કર્ષરૂપે આ સ્વીકારવું જ પડશે કે મહાપ્રભુ વિષ્ણુસ્વામિસંપ્રદાયના કુલપરંપરાગત અનુવર્તી હોવા છતાં પણ (દ્રષ્ટ.સુબો.પ્રકા.૧૧૧૧) તદુપરાંત બીજા પણ પ્રકારે પુષ્ટિભક્તિમાર્ગ કહેવા માંગે છે, પોતાની મર્યાદામાર્ગીય વિષ્ણુસ્વામિમતાનુવર્તિતાનો ત્યાગ કર્યા વિના જ. અસ્તુ.

૪.સુબોધિની આદિ ગ્રન્થોમાં બહુધા તામસ રાજસ સાત્ત્વિક એવમ્ નિર્ગુણ આવા ચાર વર્ગોનો તો ઉલ્લેખ મળે છે,

પરન્તુ આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિક ની તુલનામાં ચતુર્થવર્ગને 'નિર્ગુણ' કહેવું આ ત્રણે વર્ગોને 'સગુણ' (દ્રષ્ટ.સર્વ.નિ.૧૧૯) કહેવામાં ફલિત થઇ જતું હોય છે. અને શુદ્ધાદ્વૈતવાદની ચોખટમાં શ્રીકૃષ્ણરૂપ અધિદેવને સાત્ત્વિક ગુણવાન્ કહેવું તે સિદ્ધાન્તસંગત લાગતું નથી. શુદ્ધસત્ત્વપ્રધાન માયાથી કલ્પિત વ્યવહાર અથવા પ્રતિભાસ હોવાથી અથવા ઉપાસનાર્થ-કલ્પિત હોવાથી, કેવલાદ્વૈતવાદમાં તો સરળતાથી શ્રીકૃષ્ણરૂપ અધિદેવને પણ સગુણતાના સ્તરપર પટકી શકાય છે. મહાપ્રભુના મતમાં, પરન્તુ આ સર્વથા અસંભવ છે. આ માટે જ અધોનિર્દિષ્ટ ઉદ્ધરણ મનનીય થશે :

(ક)"**સદ્ અધિભૂતં, ચિદ્ અધ્યાત્મમ્, આનન્દઃ આધિદૈવિકઃ** ઇતિ... દેહો **અધિભૂતં, જીવો અધ્યાત્મા ઇશો અન્તર્યામી અધિદૈવઃ, તત્રૈવ વિદ્યમાનોઽપિ અનભિમાનિત્વાદ્ બ્રહ્મેતિ એકત્રૈવ ત્રિપ્રકારેણ વર્તતે ઇતિ પ્રકારાન્ ગણયતિ-અન્તર્યામિ અક્ષરં કૃષ્ણો બ્રહ્મભેદાઃ...**"(ત.દી.નિ.પ્ર.૨।૧૨૦-૧૨૧).

(ખ)"**યથા જલં તથા સર્વં, યથા શક્તા તથા બૃહદ્, યથા દેવી તથા કૃષ્ણઃ**" (સિદ્ધા.મુક્તા.૯).

(ગ)"**સએવ હિ જગત્કર્તા તથાપિ સગુણો નહિ ગુણાભિમાનિનો યે હિ તદંશાઃ સગુણાઃ સ્મૃતાઃ. કર્તા સ્વતન્ત્રએવ સ્યાત્ સગુણત્વે વિરુધ્યતે**" (ત.દી.નિ.૧।૭૭).

વાલ્લભ ગ્રન્થોમાં સન્દર્ભભેદ અને વિવક્ષાભેદ નાં આધારે



'સગુણ' શબ્દના બે અર્થ મળે છે. પ્રથમ દિવ્યગુણોનાં સહિત હોવું અને દ્વિતીય પ્રાકૃતગુણોનાં પરિણામરૂપે પ્રકટ થયેલું. આ જ વાત 'નિર્ગુણ' શબ્દ પર પણ લાગુ થાય છે. આથીજ 'નિર્ગુણ'નો એક અર્થ થાય છે પ્રાકૃતગુણોથી રહિત હોવું. આવી સ્થિતિમાં ભાગવતમાં વર્ણિત કૃષ્ણલીલા કે અન્ય પણ ભગવલ્લીલાઓ ને, જ્યાં સુધી પ્રાકૃતગુણયુક્ત પરમાત્માની લીલા ન માની લેવામાં આવે, ત્યાં સુધી તેમની વ્યાખ્યારૂપે પ્રકટ થયેલી સુબોધિનીને 'સાત્ત્વિક' કેવી રીતે માની શકાય? પ્રતીત થાય છે કે આવી અસમંજસતાને દૂર કરવા માટે 'સાત્ત્વિક' ન કહીને 'આધિદૈવિક' કહેવાઇ ગયું છે. પરન્તુ સુબોધિનીથી ષોડશગ્રન્થોનું વૈલક્ષણ્ય જો નિર્ગુણતાનું હોય તો સુબોધિનીને સગુણ આધિદૈવિક હઠાત્ માનવી જ પડશે!

૫.શ્રીવિષ્ણુસ્વામિમતના અનુવર્તનથી આધ્યાત્મિકતા તથા શ્રીવેદવ્યાસના અનુવર્તનથી ગ્રન્થમાં આધિભૌતિકતા આવતી હોય તો સુસ્પષ્ટતયા આપણે જોઇ શકીએ કે નિબન્ધકારિકાની ઇતિશ્રીમાં મહાપ્રભુ પોતાને શ્રીવેદવ્યાસ અને શ્રીવિષ્ણુસ્વામી બન્નેના જ અનુવર્તી ઘોષિત કરે છે. તેથી અહીં આધિભૌતિકતા અને આધ્યાત્મિકતા નું સાંકર્ય પણ માનવું પડશે. જ્યાં સુધી પૂર્વપક્ષનિરાકરણ અને સ્વસિદ્ધાન્તોપદેશ નાં ભેદનો પ્રશ્ન છે તો તે તો ભાષ્ય અને નિબન્ધ બન્નેમાં પણ ઉપલબ્ધ થાય છે.

આવા અન્ય પણ અનેક અસમાધેય પ્રશ્ન આ વર્ગીકરણમાં


ઉભા થતાં હોવાથી શ્રીયોગિગોપેશ્વરજીનાં વિધાનનો વાસ્તવિક અભિપ્રાય સ્પષ્ટ નથી થતો.

ઈતિશ્રી-લેખનની આ વિભિન્ન શૈલિઓનાં કારણે, કયા ગ્રન્થનો લેખનારંભ મહાપ્રભુની કઇ વયોવસ્થામાં થયેલ છે, તેનો થોડો સંકેત તો સમાન્યતયા પ્રાપ્ત કરી શકાય પણ આથી અધિક, અન્ય જે વાતો અહીં શોધવામાં આવી છે, તેનો મહાપ્રભુ-વિરચિત ગ્રન્થોની આન્તરિક સુસંગતિ અને સર્વગ્રાહી દષ્ટિકોણ ની સાથે કોઇ તાલમેલ બેસતો નથી. આટલું તો સ્પષ્ટતયા ઝલકે છે તેમજ પ્રમાણિત પણ છે કે નિબન્ધકારિકાઓનો લેખનારંભ સુબોધિની તથા અનેક ષોડશગ્રન્થો ના લેખનથી પૂર્વ થયેલ છે. આવી રીતે નિબન્ધપ્રકાશનું લેખન જો સુબોધિની વિગેરેના પછી ન પણ હોય તો ઓછામાં ગ્રન્થોંની સાથે તો થયેલ હોવું જ જોઈએ.

આવી સ્થિતિમાં મહાપ્રભુના દષ્ટિકોણમાં વયોવસ્થાની સાથે પરિવર્તન થયું, અર્થાત્ પહેલા પોતે કેવલ મર્યાદામાર્ગીય ઉપદેશ જ આપતા હતા અને પછી પુષ્ટિમાર્ગીય; અથવા એક કોઈ ગ્રન્થમાં આપને કેવલ મર્યાદામાર્ગીય સિદ્ધાન્ત અને સાધના તથા બીજા ગ્રન્થોંમાં પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અને સાધના નો ઉપદેશ આપેલ છે, આવો સિદ્ધાન્તભેદ શોધવો મહાપ્રભુના વ્યાપક શુદ્ધાદ્વૈતવાદનો મને આંશિક પ્રત્યાખ્યાન જ લાગે છે.

આવા કૃત્રિમ કોઈ પણ વિભાજનના બદલામાં આથી જ મહાપ્રભુવિરચિત સાહિત્યનું એક સહજ વર્ગીકરણ અમે આ પ્રકારે આપવા ઈચ્છિશું :





(ક)પુરુષોત્તમસહસ્રનામ ત્રિવિધનામાવલી તથા કૃષ્ણપ્રેમામૃત

(ખ)પરિવૃઢાષ્ટક મધુરાષ્ટક ગિરિરાજધાર્યષ્ટક શ્રીકૃષ્ણાષ્ટક ગોપીજનવલ્લભાષ્ટક આદિ.

(ગ) દશમસ્કન્ધાનુક્રમણિકા.

આના ઉપરાંત સદંતર અપ્રામાણિક એવા સુદર્શનકવચ તથા ભગવત્પીઠિકા ગ્રન્થો પણ મહાપ્રભુની રચના તરીકે પ્રસિદ્ધ છે પરન્તુ તેમનું મહાપ્રભુવિરચિત હોવું ન તો સિદ્ધાન્તસંગત લાગે છે અને ન તે સર્વમાન્ય પણ છે.

મહાપ્રભુરચિત ગ્રન્થોનાં પૂર્વોક્ત વિભાજનનો આધાર સ્થૂલરૂપથી **"આચાર્યવાચઃ પ્રણમામિ ભાષ્ય-નિબન્ધ-સુબોધિનીસ્થા ઇતરાશ્ચ યાસ્તા"** આ ગોસ્વામિશ્રી પુરુષોત્તમજીની ઉક્તિનાં આધારે અમે કર્યો છે.

આ પ્રકારે મહાપ્રભુવિરચિત ગ્રન્થોની તાલિકા બાદ આ બધા ગ્રન્થોમાં એકવાક્યતા કેવી છે આ દેખાડવાનો અમે પ્રયાસ કરવા માંગીએ છીએ.

પોતે મહાપ્રભુ તથા તેમના આત્મજ ગો.શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણ ની **"સાકારં બ્રહમ શુદ્ધં હિ માયા તચ્છક્તિઃ ઉત્તમા તથા સર્વત્ર સમ્મોહઃ સાક્ષાદ્ ભક્તિઃ ચ મોચિકા"**(સુબો.૧।૭।૪) અને તન્મૂલક **"સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો"** (સર્વો.સ્તો.૮) આ બન્ને ઉક્તિઓના આધારપર મહાપ્રભુના મતનું અભીષ્ટતમ તથા પ્રાથમિક અભિધાન 'શુદ્ધબ્રહમવાદ' 'શુદ્ધબ્રહમાદ્વૈતવાદ' અથવા 'શુદ્ધાદ્વૈતવાદ' ના બદલામાં 'સાકાર-બ્રહ્મવાદ' (Pan-entheism / Pantheistic personalism) જ માનવું વધું ઉપપન્ન થાય છે. ઉત્તરકાળમાં પ્રચલિત થયેલ અભિધાન 'શુદ્ધાદ્વૈતવાદ', કેમકે સંભવ છે કે સ્વયમ્ મહાપ્રભુદ્વારા નિર્ધારિત અભિધાન ન પણ હોય. 'સાકારબ્રહ્મવાદ' શબ્દમાં 'સાકાર' વિશેષણ



છે, જેનો અભિપ્રાય અમાયિક-અપ્રાકૃત દિવ્ય આનન્દમય આકારવાળા શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ છે, આ અર્થમાં છે. 'બ્રહ્મ' વિશેષ્ય છે, જેનો અભિપ્રાય છે, આ જગત્નું અભિન્નનિમિત્તોપાદાનકારણ આત્મરમણશીલ કેવળ બ્રહ્મ જ છે. અન્ય માયા પ્રકૃતિ પરમાણુ કાલ કર્મ સ્વભાવ આદિ કોઇ પણ બ્રહ્મભિન્ન પદાર્થ જગત્ની ઉત્પત્તિ સ્થિતિ કે લય માં નિમિત્તકારણ ઉપાદાનકારણ અથવા પ્રયોજન બની નહીં શકે.

મહાપ્રભુ કહે છે:

**અખણ્ડં કૃષ્ણવત્ સર્વં યથા તત્તુ નિરૂપિતમ્**
**આત્મૈવ તદિદં સર્વં સૃજ્યતે સૃજતિ પ્રભુઃ।**
**ત્રાયતે ત્રાતિ વિશ્વાત્મા હ્રીયતે હરતીશ્વરઃ।**
**આત્મૈવ તદિદં સર્વં બ્રહ્મૈવ તદિદં તથા॥**
**ઇતિ શ્રુત્યર્થમ્ આદાય સાધ્યં સર્વૈઃ યથામતિઃ।**
**અયમેવ બ્રહ્મવાદઃ શિષ્ટં મોહાય કલ્પિતમ્॥**
(ત.દી.નિ.૨।૧૨૨-૧૨૪)

આ સાકારબ્રહ્મવાદનાં કારણે મહાપ્રભુનો કૃષ્ણભક્તિપર સર્વાધિક ઉપદેશભાર છે. આ સાકારબ્રહ્મવાદપર અવલમ્બિત હોવાને કારણે જ મહાપ્રભુના મતમાં પુષ્ટિભક્તિમાં ક્યારેક માહાત્મ્યજ્ઞાન અનિવાર્ય છે તો ક્યારેક નથી પણ. સુબોધિની (૧૦।૨૬।૧૩) માં આ આવ્યું છે કે ભગવત્પ્રાકટ્ય જ્ઞાન અને/અથવા ભક્તિ નાં ચરમ વિકાસથી જેમ થાય છે, તેમજ ક્યારેક સ્વેચ્છયા પણ ભગવાન્ પ્રકટ થઇ જતાં હોય છે. જ્યારે સ્વેચ્છયા ભગવાન્ પ્રકટ થઇ જાય છે, ત્યારે ભગવત્પ્રાકટ્યના હેતુભૂત જ્ઞાન યા ભક્તિ રૂપ ઉપાય અકિંચિત્કર થઇ જાતાં હોય છે. વર્ષાઋતુમાં ઘરની છતપર જળ વરસતુ રહે છે તેથી કૂપ નદી કે સરોવર ને અનુપયોગી નહીં માની શકાય! આમ જ્યારે સ્વેચ્છયા ભગવાન્ પ્રકટ ન થયા હોય

ત્યારે જ્ઞાન-ભક્તિની અનુપયોગિતા માની નથી શકાતી.

આના સિવાય શાસ્ત્રાર્થપ્રકરણ (પ્રકાશ.૪।૪૨)માં મહાપ્રભુએ આ સ્પષ્ટીકરણ પણ આપ્યું છે કે ભક્તિના બે અંશ છે : પ્રથમ માહાત્મ્યજ્ઞાન તથા દ્વિતીય સુદૃઢ સર્વતોધિક સ્નેહ. દેવાદિવિષયિણી રતિને 'ભાવ' કહેવાય, અહીં દેવ હોવું તે માહાત્મ્ય છે. અને રતિ પ્રકટ થાય છે, તે દેવને જ્યારે આપણે પોતાનાં આત્માના રૂપમાં માનવા જાણવા કે માણવા મંડીએ ત્યારે. આથી જ શાસ્ત્રોમાં જગત્કર્તા જગદાધાર અન્તર્યામી ફલદાતા આદિ જે પણ બ્રહ્મનાં માહાત્મ્યરૂપે ગુણધર્મો દેખાડાવામાં આવ્યા, તેમનું અન્તિમ પ્રયોજન તે પરમતત્ત્વનાં માહાત્મ્યજ્ઞાપનદ્વારા જીવાત્માઓની ભીતર પરમાત્માના પ્રત્યે સુદૃઢ સ્નેહને ઉદ્‌બુદ્ધ કરવું જ છે. વેદના પૂર્વકાણ્ડમાં વર્ણિત કર્મમાર્ગનું પણ મુખ્ય પ્રયોજન ચિત્તશુદ્ધિદ્વારા માહાત્મ્યજ્ઞાન પ્રકટ કરવામાં રહેલું જ છે. આ રીતે કર્મથી જ્ઞાન અને જ્ઞાનથી ભક્તિ પ્રકટ હોવાનાં ક્રમમાં પૂર્વોત્તરકાણ્ડની જ નહીં અપિતુ અન્ય પણ અનેક શાસ્ત્રોની એકવાક્યતા પ્રાપ્ત થઈ જાય છે. આ મુખ્ય કલ્પ છે.

અધિકારભેદવશ, પરન્તુ, આમાં અનેક વિકલ્પ અને અનુકલ્પ પણ સંભવ છે. તે મુજબ માર્ગભેદ સાધનભેદ અને ફલભેદ ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વર્ણિત થયેલાં છે.

આ એક નોંધવા જેવી વાત છે કે પુષ્ટિમાર્ગ-સંપ્રદાયના આચાર્યના રૂપમાં મહાપ્રભુ અન્યાન્ય માર્ગોનાં અનુષ્ઠાનોનો ઉપદેશ આપીને પોતાના અનુયાયીઓને સાધનાઓનાં બાહુલ્યમાં દિગ્ભ્રાન્ત કરવા નથી માંગતા. આથી જ સ્પષ્ટ શબ્દોમાં ભક્તિની તુલનામાં અન્ય બધા સાધનોને ગૌણ જ માને છે. છતાં પણ જ્યાં સુધી દેહાભિમાન કાયમ





રહેતો હોય ત્યાં સુધી તે-તે અભિમાનોને લક્ષ્યમાં રાખીને વેદાદિ શાસ્ત્રોદ્વારા અનિવાર્યતયા વિહિત કોઈ પણ ધર્મ (ચાહે તે કર્મ જ્ઞાન ભક્તિ પ્રપત્તિ રૂપ હોય અથવા તો વર્ણાશ્રમોના પ્રભેદમૂલક આચાર વૃત્તિ વ્રત પ્રાયશ્ચિત્ત વિગેરે હોય) ના ત્યાગની છૂટ પણ નથી આપતા. આથી જ અધોનિર્દિષ્ટ વચન મનનીય લાગે છે :


> **"જ્યાં સુધી આ દેહ (યા દેહાભિમાન) છે ત્યાં સુધી વર્ણાશ્રમધર્મ જ આપણા માટે સ્વધર્મ છે. ભગવદ્ધર્મ પણ ત્યારે કાં તો આપણા માટે વિધર્મરૂપ છે યા પરધર્મરૂપ છે. જ્યારે દેહાભિમાન શિથિલ થવા લાગે ત્યારે ભગવદ્દાસ્ય જ આપણામાટે સ્વધર્મની કોટીમાં આવી જશે અને અન્ય બધા વર્ણાશ્રમાદિ ધર્મ પણ ત્યારે આપણા માટે પરધર્મ બની જશે".**
>
> (સુબો.૩।૨૮।૨).


સાથોસાથ મહાપ્રભુ એમ પણ કહે છે કે વર્ણાશ્રમાદિધર્મ તત્તદ્ અધિકારિઓના માટે જ છે, જ્યારે ભક્તિ-પ્રપત્તિ સર્વાધિકારક ધર્મ છે. વર્તમાન કલિયુગના કારણે સ્વાધ્યાય શૌચ તપ આદિથી રહિત સાધકોની અનેકવિધ આધ્યાત્મિક દુરવસ્થાઓને જોતાં સિદ્ધાન્તતઃ સર્વથા માન્ય હોવા છતાં પણ વર્ણાશ્રમાચારાદિ ધર્મોનાં યથાવિધિ અનુષ્ઠાનને મહાપ્રભુ અશક્યપ્રાયઃ માને છે. તેથી વ્યવહારમાં ભક્તિ-પ્રપત્તિને જ એકમાત્ર અવશિષ્ટ વિકલ્પ માને છે (દ્રષ્ટ. : ત.દી.નિ.૧।૧૫-૨૧, ૨।૧૮૫-૨૧૯).

આ બધી વાતોને લક્ષ્યમાં રાખીને જો મહાપ્રભુના સૈદ્ધાન્તિક ચિન્તનપર આધારિત સાધનોપદેશની તાલિકા જો ઘડવામાં આવે તો તે કાંઈક આવી હોવી જોઈએ :



સાકારબ્રહ્મવાદ
માહાત્મ્યજ્ઞાનાંગ
શ્રીકૃષ્ણાસક્ત્યંગ
(૧)વૈદોક્તપ્રકારે
(૧)દ્વિજાધિકારક
(૨)ગીતોક્તપ્રકારે
(૨)સર્વાધિકાર
(૩)તન્ત્રોક્તપ્રકારે
(૩)ચતુર્વર્ણાધિકાર
(૪)ભાગવતોક્તપ્રકારે
(૪)સર્વાધિકાર


વેદોક્તપ્રકારે
પૂર્વકાંડીય
ઉત્તરકાંડીય
નિષ્કામકર્મમાર્ગ
જ્ઞાનમાર્ગ
આધ્યાત્મિકતયા
આધિભૌતિકતયા
બ્રહ્માનન્દાનુભવરૂપા
આત્માનંદરૂપામુક્તિપ્રદ
જ્ઞાનાંગચિત્તશુદ્ધિપ્રદ
જીવન્મુક્તિપ્રદ
સાયુજ્યમુક્તિપ્રદ


ગીતોક્તપ્રકારે
પ્રપત્તિમાર્ગ
પાપનાશ
સાયુજ્યરૂપામુક્તિપ્રદ


પાઞ્ચરાત્રપ્રકારે
મર્યાદાભક્તિ
પાપનાશ
સાયુજ્યાદિચતુર્વિધમુક્તિપ્રદ




ભાગવતોક્તપ્રકારે
પ્રમાણબલ
(ભક્તિને કારણે ભગવત્પ્રાકટ્યરૂપા )
પ્રમેયબલ
(ભગવત્પ્રાકટ્યને કારણે ભક્તિપ્રાકટ્યરૂપા)
મિશ્રપુષ્ટિ
શુદ્ધપુષ્ટિ
(ક)પુષ્ટિપુષ્ટિ
(ખ)મર્યાદાપુષ્ટિ
(ગ)પ્રવાહપુષ્ટિ
ભજનાનન્દ
ભજનાનન્દ
અલૌકિકસામર્થ્યપ્રદ
સાયુજ્યપ્રદ
વૈકુંઠાદિ લોકોમાં સેવોપયોગીદેહપ્રદ
પ્રપંચવિસ્મૃતિપૂર્વક
ભગવદાસક્તિપ્રદ
લીલોપયોગી
સાયુજ્યપ્રદ
વૈકુંઠાદિષુ
નિત્યલીલોપયોગીદેહપ્રદ

મિશ્રપુષ્ટિનાં ત્રિવિધ પ્રકારોનું જ વર્ણન અહીં શાસ્ત્રાર્થપ્રકરણના ઉપસંહારમાં તેમજ પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રન્થમાં સમજાવ્યું છે. તેની પરસ્પર સંવાદિતા એકવાક્યતાનું મનન કરવામાટે ત્યાંથી કેટલાક વચન અમે ઉદ્ધૃત કરવા માંગીશું :

**(ક) પુષ્ટિપુષ્ટિ**

**એવં 'સર્વં તતઃ'-'સર્વં સ' ઈતિ જ્ઞાનયોગતઃ।**
**યઃ સેવતે હરિં પ્રેમ્ણા શ્રવણાદિભિઃ ઉત્તમઃ॥**

( ત.દી.નિ.૧૦૧ )

**તે હિ દ્વિધા શુદ્ધમિશ્રભેદાદ્ મિશ્રાઃ ત્રિધા પુનઃ।**
**પ્રવાહાદિવિભેદેન ભગવત્કાર્યસિદ્ધયે।**
**પુષ્ટ્યા વિમિશ્રા સર્વજ્ઞાઃ.....**

(પુ.પ્ર.મ.૧૪-૧૫)

**(ખ)મર્યાદાપુષ્ટિ**

**શાસ્ત્રાર્થજ્ઞાનાભાવેપિ પ્રેમ્ણા ભજને મધ્યમઃ**
**પ્રેમાભાવે મધ્યમઃ સ્યાત્.........**

( ત.દી.નિ.પ્ર.૧૧૦૨ )

**મર્યાદયા ગુણજ્ઞાસ્તે......**

( પુ.પ્ર.મ.૧૬ )

**(ગ)પ્રવાહપુષ્ટિ**

**ઉભયોઃ અભાવે શ્રવણાદીનાં પાપનાશકત્વં**
**ધર્મત્વં વા નતુ ભક્તિમાર્ગઃ।**
**તપોવૈરાગ્યયોગે તુ જ્ઞાનં તસ્ય ભવિષ્યતિ**
**યોગયોગે તથા પ્રેમ...**

( ત.દી.નિ.પ્ર.૧૧૦૨-૧૦૩ )



**પ્રવાહેણ ક્રિયારતાઃ.....**

( પુ.પ્ર.મ.૧૫ )

મહાપ્રભુના બધા ગ્રન્થોમાં આ સાકારબ્રહ્મવાદ જ પોતે બ્રહ્મની જેમજ વ્યાપ્ત છે. ક્યાંક સમાસ-શૈલીમાં તો ક્યાંક વ્યાસ-શૈલીમાં, ક્યાંક શબ્દશઃ તો ક્યાંક તાત્પર્યશઃ; અને, ક્યાંક પ્રતિપાદ્ય-વિષયત્વેન તો ક્યાંક અન્યત્ર પ્રતિપાદિત વિષયના નિષ્કર્ષત્વેન. સર્વત્ર આ જ સાકારબ્રહ્મવાદ નિરૂપિત થયેલ છે. આમાં ક્યાંય કોઈ વિસંગતિ કે સૈદ્ધાન્તિક ભેદ દૃષ્ટિગત થતો નથી.

મહાપ્રભુના વિભિન્ન ગ્રન્થોમાં તથાકથિત પુષ્ટિમાર્ગીય અને મર્યાદામાર્ગીય ઉપદેશોનો પ્રભેદ શોધવો કેટલો મનગડંત છે, આ જાણવું હોય તો અધોલિખિત વચન સર્વથા મનનીય છે :

**"ભક્તેરપિ સ્વાશ્રયધર્મસહિત-જ્ઞાનસહિતાયાએવ તિરોધાન-નાશકત્વમ્ ઉક્તં ભવતિ. એષા ભક્તિઃ માહાત્મ્યજ્ઞાનપૂર્વક-પરમસ્નેહરૂપા તથાભૂતા સતી ભગવત્પરિચર્યાયુક્તા ભવેત્, સ્વતઃપુરુષાર્થરૂપા સેવા ચેત્ સા ભક્તિઃ 'સ્વતન્ત્રા' ઈતિ ઉચ્યતે. સ્વાશ્રમાચારસહિત-બ્રહ્માનુભવસહિત-માહાત્મ્જ્ઞાનપૂર્વક-સ્નેહો બ્રહ્મભાવં કરોતિ. તાદશઃ ચેત્ પરિચર્યાસહિતો ભવેત્ તદા સા પરિચર્યા આનન્દરૂપા સતી ત્રયોદશગુણા ભવેત્. તદા ફલરૂપાયાં તસ્યાં સ્વાશ્રમાચારાદિકરણં ફલાનુભવપ્રતિબન્ધકમિતિ ફલત્વેન અનુભવે સ્વાશ્રમાચારાઃ ત્યક્તવ્યાઃ, યથા બ્રહ્મભાવંગતસ્ય, અન્યથા કર્તવ્યા ઈતિ નિષ્કર્ષઃ. એવં ફલપ્રકરણે તાં સામાન્યતો નિરૂપ્ય વિશેષતો નિરૂપણાભાવે હેતુમ્ આહ દુર્લભા ઈતિ ન સા ઉચ્યતે ઈતિ. સન્તિ બ્રહ્મભાવંપ્રાપ્તાઃ, નતુ એતાદશાઃ ભક્તાઃ ઈતિ".**

( ત.દી.નિ.પ્ર.૨૧૧૯૬ ).

જેને 'શુદ્ધપુષ્ટિભક્ત' કહેવાય છે અને જેને 'પુષ્ટિપુષ્ટિભક્ત' કહેવાય છે તે બન્ને પોતાની પ્રારંભિક અવસ્થાઓની દૃષ્ટિથી ભિન્ન હોવા છતાંય ફલિતાવસ્થામાં પુષ્ટિપુષ્ટિભક્તિ શુદ્ધપુષ્ટિભક્તિરૂપા જ બની જતી હોય છે. આથી બન્ને જ **"શુદ્ધા સ્વતન્ત્રા ચ દુર્લભા"** છે.

પ્રારંભિક સાધનદશામાં યથાધિકાર શાસ્ત્રતઃ પ્રાપ્ત અને વિહિત કૃત્યોની પુષ્ટિમાર્ગમાં પણ અપરિહાર્યતા છે જ મર્યાદામાર્ગની જેમ. ફલાનુભવદશામાં તો ન કેવલ પુષ્ટિમાર્ગમાં જ અપિતુ મર્યાદામાર્ગમાં પણ વિધિબન્ધન શિથિલ થતાં-થતાં સ્વતઃ તૂટી જાય છે.

હાં એટલું તો નિશ્ચિત જ છે કે પુષ્ટિમાર્ગમાં સેવા મુખ્ય છે પૂજા નહીં. અતઃ કેવલ મન્ત્રયુક્ત પૂજામાં તત્પર હોવામાત્રથી કામ નહીં ચાલે (ત.દી.નિ.૨ા૨૩૭). કોણ નથી જાણતું કે સર્વથા પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં પણ ધૂપ દીપ આરાર્તિક ઘંટાનાદ શંખનાદ પંચામૃતસ્નાન જ્યેષ્ઠાભિષેક રથ-ડોલ-પવિત્રા-રક્ષાદિનું અધિવાસન શ્રૌતાચમન પ્રાણાયામ દેશકાલસંકીર્તન-પૂર્વક સંકલ્પ આદિ અનેક સમન્ત્રક પૂજાવિધિઓ સમાવિષ્ટ કરવામાં આવેલી છે જ. મુખ્ય તો સેવા જ છે. વર્ણાશ્રમાચારાદિ તથા શાસ્ત્રવિહિતોપચારાદિ બધા કૃત્ય સેવાના અંગત્વેન અનુષ્ઠેય છે, અંગિત્વેન નહીં. વેદના પૂર્વોત્તરકાણ્ડમાં વર્ણિત કર્મમાર્ગ પણ ભક્તિના અંગત્વેન ઉપાદેય છે, સ્વાતન્ત્ર્યેણ નહીં. અન્યથા કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગ અન્યાશ્રયરૂપ દોષ કહેવાશે. આ અંગભાવ પણ શાસ્ત્રતઃ તત્તદ્ વર્ણ યા આશ્રમ માં સ્થિત અધિકારીઓની કૃષ્ણભક્તિના માટે જ છે. અન્યથા વર્ણાશ્રમબાહ્ય અધિકારિઓદ્વારા કરાતી કૃષ્ણસેવામાં શાસ્ત્રવિહિત વર્ણાશ્રમાચારાદિને અપરિહાર્ય અંગ માની નથી શકાતું, અપ્રાપ્ત હોવાથી. વર્ણાશ્રમના ભેદભાવ વગર શ્રીકૃષ્ણની પ્રપત્તિ અને/અથવા ભક્તિ કરવાનો અધિકાર તો મનુષ્યમાત્રને છે જ (દ્રષ્ટ. : ત.દી.નિ.પ્ર.૨ા૧૮૫-૨૨૬).



માયાવાદિયોને અભિપ્રેત શાબ્દાપરોક્ષજ્ઞાનવાદ મહાપ્રભુને સર્વથા અપ્રામાણિક (દ્ર.ત.દી.નિ.૧ા૬૧-૬૪) લાગતું હોવાથી કોઈ પુષ્ટિમાર્ગાનુયાયી આવું નહીં કહી શકે કે સંપ્રદાયની આત્મસમર્પણ-દીક્ષામાં દેહાધ્યાસ-નિવર્તક ઉપદેશ પ્રાપ્ત થઈ જવાથી કેવળ દીક્ષાગત શબ્દોથી જ દેહાધ્યાસ નિવૃત્ત થઈ જશે. અન્યથા દીક્ષા લીધા પછી સેવા-સ્મરણ આદિ રૂપ ભક્તિમાર્ગીય ઉપાય પણ નિરર્થક જ પુરવાર થશે!

અતઃ મહાપ્રભુની વયોવસ્થાના ભેદે અથવા તો વિભિન્નાધિકારક ગ્રન્થોનાં ભેદે પણ મહાપ્રભુના શુદ્ધાદ્વૈતવાદી દૃષ્ટિકોણમાં વિહિત-અવિહિતની વચ્ચે કોઈ પણ પ્રકારના આત્યન્તિક દ્વૈતને ઉભો કરવાની કોઈ આવશ્યકતા દેખાતી નથી.

આથી જ આમ સિદ્ધ થાય છે કે તત્ત્વાર્થદીપનિબન્ધ પણ મહાપ્રભુના પુષ્ટિમાર્ગીય અનુયાયીઓને માટે જ લખાયેલ ગ્રન્થ છે!

બૃહદારણ્યકોપનિષદ્ (૨ા૪ા૫)માં આત્મદર્શનના ઉપાયરૂપ શ્રવણ મનન અને નિદિધ્યાસન નું વિધાન કરાયેલું છે. તે મુજબ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણના દર્શનના આત્માનો સાક્ષાત્કાર કરવો હોય તો અમે પણ આ નિઃસંકોચપણે કહી શકીએ છીએ કે તત્ત્વાર્થદીપ નિબન્ધનું શ્રવણ-મનન-નિદિધ્યાસન અત્યાવશ્યક ઉપાય છે.

અનધિકારી અધ્યેતા જ્યારે, આ પ્રકરણત્રયીનો ભલીભાંતિ અધ્યયન કર્યા વગર, સીધી છલાંગ સુબોધિનીપર લગાવતાં હોય ત્યારે તેમનું વાલ્લભ સિદ્ધાન્તનું જ્ઞાન વિકલાંગ જ બની જતું હોય છે. અસ્તુ.

# શાસ્ત્રાર્થપ્રકરણની વિષયાનુક્રમણિકા


| શ્લોક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **સ્વમત મુજબ પ્રમાણ સાધન અને ફલ નાં સ્વરૂપોનું પ્રતિપાદન** | |
| ૬. | અવતરણિકા... | ૧ |
| | કારિકા... | ૧ |
| | શ્લોકાન્વયાર્થ... | ૧ |
| | ભાવાનુવાદ... | ૧ |
| | પ્રકાશ... | ૨ |
| | અનુવાદ... | ૨ |
| | **સ્વમતની સાધિકા પ્રમાણવ્યવસ્થા** | |
| | **સ્વસિદ્ધાન્તનાં ઉપદેશકાલમાં અભિપ્રેત પ્રમાણવ્યવસ્થા** | |
| ૭. | અવતરણિકા... | ૨ |
| | કારિકા... | ૨ |
| | શ્લોકાન્વયાર્થ... | ૩ |
| | ભાવાનુવાદ... | ૩ |
| | પ્રકાશ... | ૩ |
| | અનુવાદ... | ૪ |
| ૮. | અવતરણિકા... | ૫ |
| | કારિકા... | ૫ |
| | શ્લોકાન્વયાર્થ... | ૫ |
| | ભાવાનુવાદ... | ૫ |
| | પ્રકાશ... | ૬ |
| | અનુવાદ... | ૬ |
| | **સ્વસિદ્ધાન્ત સરખી રીતે બુદ્ધિગત થઈ જાય ત્યાર બાદ અભિપ્રેત પ્રમાણવ્યવસ્થા** | |
| ૯. | અવતરણિકા... | ૮ |
| | કારિકા... | ૮ |
| | શ્લોકાન્વયાર્થ... | ૮ |
| | ભાવાનુવાદ... | ૮ |
| | પ્રકાશ... | ૮ |
| | અનુવાદ... | ૯ |
| | **આ પ્રતિપાદનમાં ઉભરતી શંકાઓનું સમાધાન** | |
| ૧૦. | અવતરણિકા... | ૯ |
| | કારિકા... | ૧૦ |
| | શ્લોકાન્વયાર્થ... | ૧૦ |
| | ભાવાનુવાદ... | ૧૦ |
| | પ્રકાશ... | ૧૦ |
| | અનુવાદ... | ૧૧ |
| ૧૧. | અવતરણિકા... | ૧૨ |
| | કારિકા... | ૧૨ |
| | શ્લોકાન્વયાર્થ... | ૧૨ |
| | ભાવાનુવાદ... | ૧૨ |
| | પ્રકાશ... | ૧૨ |
| | અનુવાદ... | ૧૩ |
| ૧૨. | અવતરણિકા... | ૧૪ |
| | કારિકા... | ૧૪ |
| | શ્લોકાન્વયાર્થ... | ૧૪ |
| | ભાવાનુવાદ... | ૧૪ |
| | પ્રકાશ... | ૧૪ |
| | અનુવાદ... | ૧૫ |

**પ્રમેય તરીકે જડજીવાત્મક જગત્નાં સ્વરૂપનું પ્રતિપાદન**

**ભગવાન્ની માયાના સ્વરૂપનું પ્રતિપાદન**

| | | |
|---|---|---|
| ૨૩. | અવતરણિકા... | ૧૬ |
| | કારિકા... | ૧૬ |
| | શ્લોકાન્વયાર્થ... | ૧૬ |
| | ભાવાનુવાદ... | ૧૬ |
| | પ્રકાશ... | ૧૭ |
| | અનુવાદ... | ૧૯ |
| ૨૬. | અવતરણિકા... | ૨૩ |
| | કારિકા... | ૨૩ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૩ |
| | ભાવાનુવાદ... | ૨૩ |
| | પ્રકાશ... | ૨૩ |
| | અનુવાદ... | ૨૪ |
| | **જીવના સ્વરૂપનું પ્રતિપાદન** | |
| ૨૭. | અવતરણિકા... | ૨૪ |
| | કારિકા... | ૨૪ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૪ |
| | ભાવાનુવાદ... | ૨૪ |
| | પ્રકાશ... | ૨૫ |
| | અનુવાદ... | ૨૫ |
| | **સદંશરૂપ જડનાં સ્વરૂપનું પ્રતિપાદન** | |
| ૨૮. | કારિકા... | ૨૬ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૬ |
| | ભાવાનુવાદ... | ૨૬ |
| | પ્રકાશ... | ૨૬ |





| | | |
|---|---|---|
| | અનુવાદ... | ૨૬ |
| | **આનન્દાંશરૂપ અન્તર્યામીનાં સ્વરૂપનું પ્રતિપાદન** | |
| ૨૯. | કારિકા... | ૨૭ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૭ |
| | ભાવાનુવાદ... | ૨૭ |
| | પ્રકાશ... | ૨૭ |
| | અનુવાદ... | ૨૭ |
| | **ઉપર જણાવેલ ત્રૈવિધ્ય પ્રકટ થવાનો પ્રકાર** | |
| ૨૯. | અવતરણિકા... | ૨૮ |
| | કારિકા... | ૨૮ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૮ |
| | ભાવાનુવાદ... | ૨૮ |
| | પ્રકાશ... | ૨૮ |
| | અનુવાદ... | ૨૮ |
| ૩૦. | અવતરણિકા... | ૨૯ |
| | કારિકા... | ૨૯ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૯ |
| | ભાવાનુવાદ... | ૨૯ |
| | પ્રકાશ... | ૨૯ |
| | અનુવાદ... | ૨૯ |
| | **સૃષ્ટિમાં ચિદંશ રૂપી જીવાત્માની સાથે સંસારના ઉત્પન્ન થવાનો પ્રકાર** | |
| ૩૧. | અવતરણિકા... | ૩૦ |
| | કારિકા... | ૩૦ |
| | શ્લોકાન્વયાર્થ... | ૩૦ |
| | ભાવાનુવાદ... | ૩૦ |

| | | |
|---|---|---|
| | પ્રકાશ... | ૩૧ |
| | અનુવાદ... | ૩૧ |
| ૩૨. | અવતરણિકા... | ૩૨ |
| | કારિકા... | ૩૨ |
| | શ્લોકાન્વયાર્થ... | ૩૨ |
| | ભાવાનુવાદ... | ૩૩ |
| | પ્રકાશ... | ૩૩ |
| | અનુવાદ... | ૩૩ |
| | **ચિદંશરૂપ જીવાત્માની સંસારનિવૃત્તિના પ્રકાર** | |
| ૩૩. | અવતરણિકા... | ૩૩ |
| | કારિકા... | ૩૩ |
| | શ્લોકાન્વયાર્થ... | ૩૪ |
| | ભાવાનુવાદ... | ૩૪ |
| | પ્રકાશ... | ૩૪ |
| | અનુવાદ... | ૩૫ |
| ૬૧. | અવતરણિકા... | ૩૫ |
| | કારિકા... | ૩૫ |
| | શ્લોકાન્વયાર્થ... | ૩૬ |
| | ભાવાનુવાદ... | ૩૬ |
| | પ્રકાશ... | ૩૬ |
| | અનુવાદ... | ૩૭ |
| ૬૨. | અવતરણિકા... | ૩૯ |
| | કારિકા... | ૩૯ |
| | શ્લોકાન્વયાર્થ... | ૩૯ |
| | ભાવાનુવાદ... | ૩૯ |
| | પ્રકાશ... | ૩૯ |





| | | |
|---|---|---|
| | અનુવાદ... | ૪૦ |
| ૬૩. | અવતરણિકા... | ૪૧ |
| | કારિકા... | ૪૧ |
| | શ્લોકાન્વયાર્થ... | ૪૧ |
| | ભાવાનુવાદ... | ૪૧ |
| | પ્રકાશ... | ૪૨ |
| | અનુવાદ... | ૪૨ |
| ૬૪. | અવતરણિકા... | ૪૨ |
| | કારિકા... | ૪૩ |
| | શ્લોકાન્વયાર્થ... | ૪૩ |
| | ભાવાનુવાદ... | ૪૩ |
| | પ્રકાશ... | ૪૪ |
| | અનુવાદ... | ૪૪ |
| | **બ્રહ્મનાં સ્વરૂપનું પ્રતિપાદન** | |
| ૬૫. | અવતરણિકા... | ૪૫ |
| | કારિકા... | ૪૫ |
| | શ્લોકાન્વયાર્થ... | ૪૫ |
| | ભાવાનુવાદ... | ૪૫ |
| | પ્રકાશ... | ૪૫ |
| | અનુવાદ... | ૪૬ |
| ૬૬. | અવતરણિકા... | ૪૮ |
| | કારિકા... | ૪૮ |
| | શ્લોકાન્વયાર્થ... | ૪૮ |
| | ભાવાનુવાદ... | ૪૮ |
| | પ્રકાશ... | ૪૮ |
| | અનુવાદ... | ૪૮ |

૬૭. અવતરણિકા... ૪૮
કારિકા... ૪૯
શ્લોકાન્વયાર્થ... ૪૯
ભાવાનુવાદ... ૪૯
પ્રકાશ... ૪૯
અનુવાદ... ૪૯
૬૮. અવતરણિકા... ૫૦
કારિકા... ૫૦
શ્લોકાન્વયાર્થ... ૫૦
ભાવાનુવાદ... ૫૦
પ્રકાશ... ૫૧
અનુવાદ... ૫૧
૬૯. અવતરણિકા... ૫૧
કારિકા... ૫૧
શ્લોકાન્વયાર્થ... ૫૨
ભાવાનુવાદ... ૫૨
પ્રકાશ... ૫૨
અનુવાદ... ૫૨
૭૦. અવતરણિકા... ૫૨
કારિકા... ૫૩
શ્લોકાન્વયાર્થ... ૫૩
ભાવાનુવાદ... ૫૩
પ્રકાશ... ૫૩
અનુવાદ... ૫૪
૭૧. અવતરણિકા... ૫૫
કારિકા... ૫૬



શ્લોકાન્વયાર્થ... ૫૬
ભાવાનુવાદ... ૫૬
પ્રકાશ... ૫૬
અનુવાદ... ૫૬
૭૨. અવતરણિકા... ૫૭
કારિકા... ૫૭
શ્લોકાન્વયાર્થ... ૫૭
ભાવાનુવાદ... ૫૮
પ્રકાશ... ૫૮
અનુવાદ... ૫૮
૯૧. અવતરણિકા... ૬૦
કારિકા... ૬૦
શ્લોકાન્વયાર્થ... ૬૦
ભાવાનુવાદ... ૬૦
પ્રકાશ... ૬૦
અનુવાદ... ૬૧
૯૨. અવતરણિકા... ૬૨
કારિકા... ૬૨
શ્લોકાન્વયાર્થ... ૬૨
ભાવાનુવાદ... ૬૨
પ્રકાશ... ૬૩
અનુવાદ... ૬૩
૯૩. અવતરણિકા... ૬૪
કારિકા... ૬૪
શ્લોકાન્વયાર્થ... ૬૪
ભાવાનુવાદ... ૬૪

| | | |
|---|---|---|
| | પ્રકાશ... | ૬૪ |
| | અનુવાદ... | ૬૫ |
| | **સ્વમત મુજબ સાધન અને ફલ ની વ્યવસ્થા** | |
| ૧૦૧. | અવતરણિકા... | ૬૫ |
| | કારિકા... | ૬૫ |
| | શ્લોકાન્વયાર્થ... | ૬૬ |
| | ભાવાનુવાદ... | ૬૬ |
| | પ્રકાશ... | ૬૬ |
| | અનુવાદ... | ૬૭ |
| ૧૦૩. | અવતરણિકા... | ૬૭ |
| | કારિકા... | ૬૭ |
| | શ્લોકાન્વયાર્થ... | ૬૭ |
| | ભાવાનુવાદ... | ૬૮ |
| | પ્રકાશ... | ૬૮ |
| | અનુવાદ... | ૬૮ |
| | **શાસ્ત્રાર્થ પ્રકરણનો ઉપસંહાર** | |
| ૧૦૪. | અવતરણિકા... | ૬૯ |
| | કારિકા... | ૬૯ |
| | શ્લોકાન્વયાર્થ... | ૬૯ |
| | ભાવાનુવાદ... | ૭૦ |
| | પ્રકાશ... | ૭૦ |
| | અનુવાદ... | ૭૦ |




## સર્વનિર્ણયની વિષયાનુક્રમણિકા


| શ્લોક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **શાસ્ત્રાર્થપ્રકરણમાં કહેવાયેલ પ્રમેયોનું વિવેચન** | |
| ૮૪. | અવતરણિકા... | ૭૩ |
| | કારિકા... | ૭૩ |
| | શ્લોકાન્વયાર્થ... | ૭૩ |
| | ભાવાનુવાદ... | ૭૩ |
| | પ્રકાશ... | ૭૪ |
| | અનુવાદ... | ૭૪ |
| | **એકમેવ અદ્વિતીય પ્રમેયનો બોધ સરખી રીતે થઈ શકે તે માટે તેની ત્રિવિધતાનું ઉપપાદન** | |
| ૮૫. | અવતરણિકા... | ૭૪ |
| | કારિકા... | ૭૪ |
| | શ્લોકાન્વયાર્થ... | ૭૪ |
| | ભાવાનુવાદ... | ૭૫ |
| | પ્રકાશ... | ૭૫ |
| | અનુવાદ... | ૭૫ |
| | **પ્રમેયની પ્રાથમિકકોટિ તે કારણકોટિ** | |
| ૮૬. | અવતરણિકા... | ૭૫ |
| | કારિકા... | ૭૫ |
| | શ્લોકાન્વયાર્થ... | ૭૫ |
| | ભાવાનુવાદ... | ૭૬ |
| | પ્રકાશ... | ૭૬ |
| | અનુવાદ... | ૭૬ |

૯૩. અવતરણિકા... ૭૬
કારિકા... ૭૬
શ્લોકાન્વયાર્થ... ૭૬
ભાવાનુવાદ... ૭૭
પ્રકાશ... ૭૭
અનુવાદ... ૭૭

**કાર્યરૂપી બીજી કોટિમાં આવનારા અસંખ્ય હોવાને કારણે તે પ્રમેયોની ગણના શક્ય નથી**

૯૮. અવતરણિકા... ૭૭
કારિકા... ૭૭
શ્લોકાન્વયાર્થ... ૭૮
ભાવાનુવાદ... ૭૮
પ્રકાશ... ૭૮
અનુવાદ... ૭૮

**પ્રમેયની ત્રીજી કોટિ તે સ્વરૂપકોટિ**

૯૯. અવતરણિકા... ૭૯
કારિકા... ૭૯
શ્લોકાન્વયાર્થ... ૭૯
ભાવાનુવાદ... ૭૯
પ્રકાશ... ૭૯
અનુવાદ... ૮૦

**કારણકોટિની ભીતર ગણાતાં તત્ત્વોને ઉદ્દેશીને પુનઃ નિરૂપણ**

**૯૪-૯૫.**
અવતરણિકા... ૮૦
કારિકા... ૮૦
શ્લોકાન્વયાર્થ... ૮૦
ભાવાનુવાદ... ૮૧
પ્રકાશ... ૮૧
અનુવાદ... ૮૧

૯૬. અવતરણિકા... ૮૨
કારિકા... ૮૨
શ્લોકાન્વયાર્થ... ૮૨
ભાવાનુવાદ... ૮૨
પ્રકાશ... ૮૨
અનુવાદ... ૮૨

૯૭. અવતરણિકા... ૮૩
કારિકા... ૮૩
શ્લોકાન્વયાર્થ... ૮૩
ભાવાનુવાદ... ૮૩
પ્રકાશ... ૮૩
અનુવાદ... ૮૪

**કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ અને પુરુષ ના રૂપભેદે પરમાત્માનાં અનેકવિધ સ્વરૂપના નિરૂપણમાં અક્ષરરૂપનું ઉપપાદન**

૯૮. અવતરણિકા... ૮૪
કારિકા... ૮૪
શ્લોકાન્વયાર્થ... ૮૪
ભાવાનુવાદ... ૮૪
પ્રકાશ... ૮૪
અનુવાદ... ૮૫

૯૯. અવતરણિકા... ૮૫
કારિકા... ૮૫
શ્લોકાન્વયાર્થ... ૮૫

ભાવાનુવાદ... ૮૬
પ્રકાશ... ૮૬
અનુવાદ... ૮૬
૧૦૦. અવતરણિકા... ૮૬
કારિકા... ૮૭
શ્લોકાન્વયાર્થ... ૮૭
ભાવાનુવાદ... ૮૭
પ્રકાશ... ૮૭
અનુવાદ... ૮૭
૧૦૧. અવતરણિકા... ૮૮
કારિકા... ૮૮
શ્લોકાન્વયાર્થ... ૮૮
ભાવાનુવાદ... ૮૯
પ્રકાશ... ૮૯
અનુવાદ... ૮૯
૧૦૨. અવતરણિકા... ૮૯
કારિકા... ૯૦
શ્લોકાન્વયાર્થ... ૯૦
ભાવાનુવાદ... ૯૦
પ્રકાશ... ૯૦
અનુવાદ... ૯૦

**અક્ષરબ્રહ્મનાં રૂપાન્તર એવા કાલનું નિરૂપણ**

**૧૦૪-૧૦૭.**
અવતરણિકા... ૯૧
કારિકા... ૯૧
શ્લોકાન્વયાર્થ... ૯૨





ભાવાનુવાદ... ૯૨
પ્રકાશ... ૯૩
અનુવાદ... ૯૪

**અક્ષરબ્રહ્મનાં રૂપાન્તર કર્મનું નિરૂપણ**

**૧૧૦-૧૧૨**
અવતરણિકા... ૯૫
કારિકા... ૯૫
શ્લોકાન્વયાર્થ... ૯૬
ભાવાનુવાદ... ૯૬
પ્રકાશ... ૯૭
અનુવાદ... ૯૭

**અક્ષરબ્રહ્મનાં રૂપાન્તરસ્થ એવા સ્વભાવનું નિરૂપણ**

**૧૧૩-૧૧૬.**
અવતરણિકા... ૯૯
કારિકા... ૯૯
શ્લોકાન્વયાર્થ... ૯૯
ભાવાનુવાદ... ૧૦૦
પ્રકાશ... ૧૦૦
અનુવાદ... ૧૦૧

**કાર્યકોટિમાં અવાન્તર પ્રકારોનાં પ્રભેદો વ્યષ્ટિ અને સમષ્ટિ**

૧૧૮. અવતરણિકા... ૧૦૩
કારિકા... ૧૦૩
શ્લોકાન્વયાર્થ... ૧૦૩
ભાવાનુવાદ... ૧૦૩
પ્રકાશ... ૧૦૩
અનુવાદ... ૧૦૪

**કાર્યકોટિમાં સાત્ત્વિકાદિ ત્રણ ગુણો આધિદૈવિકાદિ ત્રણ આમ બીજો પ્રભેદ કલ્પી શકાય છે**

૧૧૯. અવતરણિકા... ૧૦૪
કારિકા... ૧૦૪
શ્લોકાન્વયાર્થ... ૧૦૪
ભાવાનુવાદ... ૧૦૫
પ્રકાશ... ૧૦૫
અનુવાદ... ૧૦૫
૧૨૦. અવતરણિકા... ૧૦૫
કારિકા... ૧૦૫
શ્લોકાન્વયાર્થ... ૧૦૫
ભાવાનુવાદ... ૧૦૫
પ્રકાશ... ૧૦૫
અનુવાદ... ૧૦૫

**મૂલતત્ત્વ જે બ્રહ્મ તેનાં જ અન્તર્યામી અક્ષરબ્રહ્મ શ્રીકૃષ્ણઃ એવા રૂપભેદો સાથોસાથ આમનાં પણ ઉપભેદો નું પણ નિરૂપણ**

૧૨૧. અવતરણિકા... ૧૦૭
કારિકા... ૧૦૭
શ્લોકાન્વયાર્થ... ૧૦૭
ભાવાનુવાદ... ૧૦૭
પ્રકાશ... ૧૦૮
અનુવાદ... ૧૦૮

**જીવાત્મા અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ ની જુદી-જુદી શક્તિઓનાં પણ પ્રભેદ સમજી લેવા જોઈએ:**

૧૨૨. અવતરણિકા... ૧૦૯
કારિકા... ૧૦૯
શ્લોકાન્વયાર્થ... ૧૦૯
ભાવાનુવાદ... ૧૦૯
પ્રકાશ... ૧૦૯
અનુવાદ... ૧૦૯
૧૩૭. અવતરણિકા... ૧૧૦
કારિકા... ૧૧૦
શ્લોકાન્વયાર્થ... ૧૧૦
ભાવાનુવાદ... ૧૧૧
પ્રકાશ... ૧૧૧
અનુવાદ... ૧૧૧
૧૩૯. અવતરણિકા... ૧૧૨
કારિકા... ૧૧૨
શ્લોકાન્વયાર્થ... ૧૧૨
ભાવાનુવાદ... ૧૧૨
પ્રકાશ... ૧૧૨
અનુવાદ... ૧૧૩

**બ્રહ્મમાં સ્વરૂપકોટિ તેમજ કાર્યકારણોની કોટિઓમાં પણ બધાંનાં જ તત્ત્વતઃ નિત્ય હોવા છતાંય સૃષ્ટિમાં આવિર્ભાવતિરોભાવ શક્તિઓદ્વારા ઉદ્‌ભવ અને અનુદ્‌ભવ થતાં હોય છે:**

૧૪૦. અવતરણિકા... ૧૧૩
કારિકા... ૧૧૩
શ્લોકાન્વયાર્થ... ૧૧૩
ભાવાનુવાદ... ૧૧૪
પ્રકાશ... ૧૧૪
અનુવાદ... ૧૧૫
૧૪૧-૧૪૨

અવતરણિકા... ૧૧૭
કારિકા... ૧૧૭
શ્લોકાન્વયાર્થ... ૧૧૭
ભાવાનુવાદ... ૧૧૮
પ્રકાશ... ૧૧૮
અનુવાદ... ૧૧૯
**કાર્યકોટિમાં છ પ્રકારનાં ભાવવિકાર રૂપો વૃદ્ધિ વિ.નાં સ્વરૂપનું પ્રતિપાદન**
૧૪૩-૧૪૫.
અવતરણિકા... ૧૨૦
કારિકા... ૧૨૦
શ્લોકાન્વયાર્થ... ૧૨૦
ભાવાનુવાદ... ૧૨૧
પ્રકાશ... ૧૨૧
અનુવાદ... ૧૨૧
**પ્રમેયનાં પ્રતિપાદનનાં ઉપસંહારરૂપે**
૧૪૬. અવતરણિકા... ૧૨૨
કારિકા... ૧૨૨
શ્લોકાન્વયાર્થ... ૧૨૨
ભાવાનુવાદ... ૧૨૨
પ્રકાશ... ૧૨૩
અનુવાદ... ૧૨૩
**વેદ વિ. શાસ્ત્રોમાં પ્રતિપાદિત ઉપર જણાવેલ પ્રમેયનાં સ્વરૂપની બાબતમાં પ્રત્યક્ષ વિ. પ્રમાણોને કારણે ઉભા થતાં વિરોધાભાસનાં પરિહારનો પ્રકાર**
૧૪૭ અવતરણિકા... ૧૨૩



કારિકા... ૧૨૩
શ્લોકાન્વયાર્થ... ૧૨૩
ભાવાનુવાદ... ૧૨૪
પ્રકાશ... ૧૨૪
અનુવાદ... ૧૨૪
૧૪૮-૧૪૯
અવતરણિકા... ૧૨૫
કારિકા... ૧૨૫
શ્લોકાન્વયાર્થ... ૧૨૬
ભાવાનુવાદ... ૧૨૬
પ્રકાશ... ૧૨૬
અનુવાદ... ૧૨૭
**આમ પ્રમેયનાં પ્રતિપાદન બાદ પોતાનાં મતપ્રમાણે સાધન અને ફળ નાં પ્રતિપાદન કરવામાં ઉપયોગી માર્ગનાં સ્વરૂપનું પ્રતિપાદન કરે છે:**
૨૨૦-૨૨૧
અવતરણિકા... ૧૨૮
કારિકા... ૧૨૮
શ્લોકાન્વયાર્થ... ૧૨૮
ભાવાનુવાદ... ૧૨૮
પ્રકાશ... ૧૨૯
અનુવાદ... ૧૨૯
**આપણાં માર્ગમાં વેદાદિ શાસ્ત્રોથી વિરુદ્ધ કોઈ પણ પ્રમાણ પ્રમેય સાધન કે ફળ સ્વીકારવામાં નથી આવ્યા તે બાબતની પ્રતિજ્ઞા કરતાં સ્વમાર્ગીય સાધનાનું પ્રતિપાદન.**
૨૨૫-૨૩૧
અવતરણિકા... ૧૩૦

કારિકા... ૧૩૦
શ્લોકાન્વયાર્થ... ૧૩૧
ભાવાનુવાદ... ૧૩૨
પ્રકાશ... ૧૩૪
અનુવાદ... ૧૩૫

૨૩૬-૨૩૭
કારિકા... ૧૩૭
શ્લોકાન્વયાર્થ... ૧૩૭
ભાવાનુવાદ... ૨૩૮
પ્રકાશ... ૧૩૮
અનુવાદ... ૧૩૯

૨૪૬-૨૪૭
અવતરણિકા... ૧૪૦
કારિકા... ૧૪૦
શ્લોકાન્વયાર્થ... ૧૪૦
ભાવાનુવાદ... ૧૪૦
પ્રકાશ... ૧૪૧
અનુવાદ... ૧૪૧

૨૫૩-૨૫૪
અવતરણિકા... ૧૪૨
કારિકા... ૧૪૨
શ્લોકાન્વયાર્થ... ૧૪૩
ભાવાનુવાદ... ૧૪૩
પ્રકાશ... ૧૪૪
અનુવાદ... ૧૪૪




## વિવેકધૈર્યાશ્રયની વિષયાનુક્રમણિકા :

(શ્રીકૃષ્ણશરણાગતિનો ઉપદેશ)


| શ્લોક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | દીપિકામંગલાચરણ... | ૩૧ |
| ૧. | અવતરણિકા... | ૧૪૭ |
| | કારિકા... | ૧૪૭ |
| | શ્લોકાન્વયાર્થ... | ૧૪૮-૧૪૯. |
| | ભાવાનુવાદ... | ૧૪૮-૧૪૯. |
| | દીપિકા... | ૧૪૮-૧૪૯. |
| | અનુવાદ... | ૧૪૮-૧૪૯. |
| | **વિવેકનું નિરૂપણ** | |
| ૧-૨ | | |
| | અવતરણિકા... | ૧૫૦ |
| | કારિકા... | ૧૫૦ |
| | શ્લોકાન્વયાર્થ... | ૧૫૦ |
| | ભાવાનુવાદ... | ૧૫૦ |
| | દીપિકા... | ૧૫૨ |
| | અનુવાદ... | ૧૫૪ |
| | **ધૈર્યનું નિરૂપણ :** | |
| ૬. | અવતરણિકા... | ૧૫૭ |
| | કારિકા... | ૧૫૭ |
| | શ્લોકાન્વયાર્થ... | ૧૫૭ |
| | ભાવાનુવાદ... | ૧૫૭ |
| | દીપિકા... | ૧૫૯ |
| | અનુવાદ... | ૧૫૯ |
| ૭-૯. | અવતરણિકા... | ૧૬૧ |

કારિકા... ૧૬૧
શ્લોકાન્વયાર્થ... ૧૬૧
ભાવાનુવાદ... ૧૬૨
દીપિકા... ૧૬૨
અનુવાદ... ૧૬૩


**આશ્રયનું નિરૂપણ:**


૯-૧૨. અવતરણિકા... ૧૬૫
કારિકા... ૧૬૫
શ્લોકાન્વયાર્થ... ૧૬૫
ભાવાનુવાદ... ૧૬૬
દીપિકા... ૧૬૬
અનુવાદ... ૧૬૭
૧૩-૧૬. કારિકા... ૧૬૯
શ્લોકાન્વયાર્થ... ૧૬૯
ભાવાનુવાદ... ૧૭૦
દીપિકા... ૧૭૧
અનુવાદ... ૧૭૨
૧૭. અવતરણિકા... ૧૭૫
કારિકા... ૧૭૫
શ્લોકાન્વયાર્થ... ૧૭૫
ભાવાનુવાદ... ૧૭૫
દીપિકા... ૧૭૬
અનુવાદ... ૧૭૬


## નવરત્નની વિષયાનુક્રમણિકા :

**( પુષ્ટિમાર્ગીય સમર્પણનો ઉપદેશ )**


પ્રકાશમંગલાચરણ ... ૧૭૯
પ્રકાશોપક્રમ... ૧૭૯





અનુવાદ... ૧૮૦


**લૌકિક અથવા અલૌકિક, સેવામાં ઉપયોગી અથવા અનુપયોગી સામગ્રીની બાબતમાં થતી ચિન્તાઓને આત્મનિવેદનનું સાચું સ્વરૂપ જાણી લઈને ચિન્તાનિવારણનો ઉપદેશ**


૧-૨. કારિકા... ૧૮૩
શ્લોકાન્વયાર્થ... ૧૮૪
ભાવાનુવાદ... ૧૮૪
પ્રકાશ... ૧૮૪
અનુવાદ... ૧૮૬


**પોતાનો કે જેઓને પોતાનાં ગણ્યા હોય તેમનો નિવેદિત કે અનિવેદિત કાર્ય કે વ્યક્તિ માટે થતાં વિનિયોગને કારણે ભક્તિમાટે થતી ચિન્તાનું નિવારણ પણ આત્મનિવેદનનાં સ્વરૂપનાં વિચારે દૂર કરી લેવું**


૩-૪. અવતરણિકા... ૧૮૮
કારિકા... ૧૮૮
શ્લોકાન્વયાર્થ... ૧૮૮
ભાવાનુવાદ... ૧૮૮
પ્રકાશ... ૧૮૯
અનુવાદ... ૧૮૯


**કરાયેલ આત્મનિવેદનની બાબતમાં અવિશ્વાસને કારણે અથવા તો જેનું પ્રભુને નિવેદન કરવામાં આવ્યું હોય તેનું પ્રભુસેવામાં વિનિયોગ શક્ય ન હોય તો પ્રભુનાં પુષ્ટિસ્વરૂપનું ચિન્તન કરી ચિન્તા દૂર કરવી**


૫. અવતરણિકા... ૧૯૦
કારિકા... ૧૯૧
શ્લોકાન્વયાર્થ... ૧૯૧
ભાવાનુવાદ... ૧૯૧
પ્રકાશ... ૧૯૧
અનુવાદ... ૧૯૨

જેણે આત્મનિવેદન કર્યું હોય તેના અથવા તેના પરિજનોના પણ લૌકિક કે વેદાદિ શાસ્ત્રિય વ્યવહારો સ્વસ્થતાપૂર્વક નભતાં ન હોય તો તે બાબતની ચિંતા સાક્ષિભાવ મનમાં દૃઢ કરીને દૂર કરી લેવી.

૬. અવતરણિકા... ૧૯૩
કારિકા... ૧૯૩
શ્લોકાન્વયાર્થ... ૧૯૩
ભાવાનુવાદ... ૧૯૩
પ્રકાશ... ૧૯૩
અનુવાદ... ૧૯૪

ભગવત્સેવામાં ક્યારેક ગુરુ-આજ્ઞાનું પાલન કરવા જતાં ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન થઈ જાય અથવા ભગવદાજ્ઞાનું પાલન કરવા જતાં ગુરુ-આજ્ઞાનું ઉલ્લંઘન થતું હોય ત્યારે ભગવત્સેવાનું મુખ્ય તાત્પર્ય વિવેક વાપરીને ચિન્તા દૂર કરી લેવી

૭. કારિકા... ૧૯૪
શ્લોકાન્વયાર્થ... ૧૯૪
ભાવાનુવાદ... ૧૯૫
પ્રકાશ... ૧૯૫
અનુવાદ... ૧૯૫

આ ઉપદેશો મુજબ જેની ચિન્તા દૂર કરી શકાતી હોય કે ન કરી શકાતી હોય ત્યારે ભગવાન્‌ની તેવી લીલાની ભાવના રાખીને અથવા ભગવાન્‌ની શરણાગતિ ની ભાવના રાખીને ચિન્તા દૂર કરવાનો ઉપદેશ

૮-૯. અવતરણિકા... ૧૯૬
કારિકા... ૧૯૬
શ્લોકાન્વયાર્થ... ૧૯૬
ભાવાનુવાદ... ૧૯૭
પ્રકાશ... ૧૯૭



અનુવાદ... ૧૯૭

## સિદ્ધાન્તમુક્તાવલીની વિષયાનુક્રમણિકા :
(શ્રીકૃષ્ણસેવાનો ઉપદેશ)

સ્વમાર્ગીય સિદ્ધાંતના વિનિશ્ચયનાં ઉપદેશાર્થ સિદ્ધાન્તમુક્તાવલીનું મંગલાચરણ

૧. કારિકા... ૨૦૧
શ્લોકાન્વયાર્થ... ૨૦૧
ભાવાનુવાદ... ૨૦૧
વિવૃતિ... ૨૦૧
અનુવાદ... ૨૦૨

શ્રીકૃષ્ણસેવા [૧] નિત્યકર્તવ્ય છે તેનો ઉપદેશ, [૨] સેવાની ફલાવસ્થાનું લક્ષણ, [૩] સેવાનું સ્વરૂપલક્ષણ, [૪] સેવાની સાધનાવસ્થાનું લક્ષણ અને [૫] તેનું અવાન્તર ફલ

૧-૨. અવતરણિકા... ૨૦૨
કારિકા... ૨૦૨
શ્લોકાન્વયાર્થ... ૨૦૨
ભાવાનુવાદ... ૨૦૩
વિવૃતિ... ૨૦૩
અનુવાદ... ૨૦૪

પુષ્ટિમાર્ગીય સેવામાં સેવ્ય બ્રહ્મનાં, પર તથા અક્ષર એવા બે પ્રભેદ છે, તે અક્ષરબ્રહ્મનાં પાછા જગદ્રૂપ અને જગદ્વિલક્ષણ એવા બે ઉપભેદો છે

૩. અવતરણિકા... ૨૦૫
કારિકા... ૨૦૫
શ્લોકાન્વયાર્થ... ૨૦૫
ભાવાનુવાદ... ૨૦૬

વિવૃતિ... ૨૦૬
અનુવાદ... ૨૦૭

**સચ્ચિદાનન્દક બૃહત્‌નાં જગદ્રૂપની બાબતમાં જુદાંજુદા મતભેદો અને શ્રુતિનાં આધારે પોતાનો મત**

૪. અવતરણિકા... ૨૦૮
કારિકા... ૨૦૮
શ્લોકાન્વયાર્થ... ૨૦૮
ભાવાનુવાદ... ૨૦૮
વિવૃતિ... ૨૦૯
અનુવાદ... ૨૦૯

**ફક્ત ભક્તિને કારણે સુલભ શ્રીકૃષ્ણ, શ્રુતિ વિ.શાસ્ત્રીય શ્રવણ વિગેરે સાધનોથી ગમ્ય બૃહત્, ભજનોપયોગી બધી સામગ્રી અક્ષરબ્રહ્માત્મિકા હોય છે તે બાબતનું જળ તીર્થ અને દેવી નાં ઉદાહરણથી સમર્થન**

૫-૯. અવતરણિકા... ૨૧૦
કારિકા... ૨૧૦
શ્લોકાન્વયાર્થ... ૨૧૧
ભાવાનુવાદ... ૨૧૧
વિવૃતિ... ૨૧૨
અનુવાદ... ૨૧૩

**જગત્ ત્રિગુણાત્મક હોવાથી તેનાં અધિદેવો પણ ત્રણ છે. સ્વમાર્ગીય કૃષ્ણસેવા જગત્‌ને અક્ષરબ્રહ્માત્મક ગણીને કરવાની હોવાથી તે એક અક્ષરબ્રહ્મના અધિદેવ પણ એકમાત્ર શ્રીકૃષ્ણ જ છે**

૯-૧૧. અવતરણિકા... ૨૧૫
કારિકા... ૨૧૫
શ્લોકાન્વયાર્થ... ૨૧૫
ભાવાનુવાદ... ૨૧૬
વિવૃતિ... ૨૧૬
અનુવાદ... ૨૧૭





**સેવા અને સેવ્ય નાં સ્વરૂપ વર્ણવીને હવે સેવકનાં સ્વરૂપનું વર્ણન થાય છે**

૧૨-૧૬. અવતરણિકા... ૨૧૭
કારિકા... ૨૧૭
શ્લોકાન્વયાર્થ... ૨૧૮
ભાવાનુવાદ... ૨૧૯
વિવૃતિ... ૨૧૯
અનુવાદ... ૨૨૦

**ઉત્તમકોટીનો જો અધિકાર ન હોય તો ભગવત્સેવા ક્યાં અને કેમ કરવી તે બાબતનો ઉપદેશ**

૧૭-૧૯. અવતરણિકા... ૨૨૨
કારિકા... ૨૨૨
શ્લોકાન્વયાર્થ... ૨૨૨
ભાવાનુવાદ... ૨૨૩
વિવૃતિ... ૨૨૩
અનુવાદ... ૨૨૫

**મૂલમાં સેવાકર્તામાં જો ભક્તિભાવ જ ન હોય તો તેવા અન્યથાભાવને કારણે ભગવત્સેવા વ્યર્થ બની જતી હોય છે**

૨૦-૨૧. અવતરણિકા... ૨૨૮
કારિકા... ૨૨૮
શ્લોકાન્વયાર્થ... ૨૨૮
ભાવાનુવાદ... ૨૨૮
વિવૃતિ... ૨૨૯
અનુવાદ... ૨૨૯

## ભક્તિવર્ધિનીવિષયાનુક્રમણિકા :
### ( પુષ્ટિભક્તિનાં ઉપદેશપરક )


| | | |
|---|---|---|
| | વિવૃતિમંગલાચરણ... | ૨૩૧ |
| ૧. | અવતરણિકા... | ૨૩૧ |
| | કારિકા... | ૨૩૧ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૩૨ |
| | ભાવાનુવાદ... | ૨૩૨ |
| | વિવૃતિ... | ૨૩૨ |
| | અનુવાદ... | ૨૩૩ |
| ૨. | અવતરણિકા... | ૨૪૩ |
| | કારિકા... | ૨૩૪ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૩૪ |
| | ભાવાનુવાદ... | ૨૩૪ |
| | વિવૃતિ... | ૨૩૫ |
| | અનુવાદ... | ૨૩૫ |
| ૩. | અવતરણિકા... | ૨૩૬ |
| | કારિકા... | ૨૩૬ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૩૬ |
| | ભાવાનુવાદ... | ૨૩૬ |
| | વિવૃતિ... | ૨૩૭ |
| | અનુવાદ... | ૨૩૭ |
| ૪-૫. | અવતરણિકા... | ૨૩૮ |
| | કારિકા... | ૨૩૮ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૩૮ |
| | ભાવાનુવાદ... | ૨૩૯ |
| | વિવૃતિ... | ૨૩૯ |
| | અનુવાદ... | ૨૩૯ |





| | | |
|---|---|---|
| ૬. | કારિકા... | ૨૪૦ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૪૦ |
| | ભાવાનુવાદ... | ૨૪૦ |
| | વિવૃતિ... | ૨૪૧ |
| | અનુવાદ... | ૨૪૧ |
| ૬-૭. | અવતરણિકા... | ૨૪૧ |
| | કારિકા... | ૨૪૧ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૪૨ |
| | ભાવાનુવાદ... | ૨૪૨ |
| | વિવૃતિ... | ૨૪૨ |
| | અનુવાદ... | ૨૪૨ |
| ૭. | અવતરણિકા... | ૨૪૩ |
| | કારિકા... | ૨૪૩ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૪૩ |
| | ભાવાનુવાદ... | ૨૪૩ |
| | વિવૃતિ... | ૨૪૪ |
| | અનુવાદ... | ૨૪૪ |
| ૮. | અવતરણિકા... | ૨૪૬ |
| | કારિકા... | ૨૪૬ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૪૬ |
| | ભાવાનુવાદ... | ૨૪૬ |
| | વિવૃતિ... | ૨૪૬ |
| | અનુવાદ... | ૨૪૬ |
| ૯. | કારિકા... | ૨૪૭ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૪૭ |
| | ભાવાનુવાદ... | ૨૪૭ |
| | વિવૃતિ... | ૨૪૮ |
| | અનુવાદ... | ૨૪૮ |

| | | |
|---|---|---|
| ૧૦. | અવતરણિકા... | ૨૪૮ |
| | કારિકા... | ૨૪૮ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૪૮ |
| | ભાવાનુવાદ... | ૨૪૯ |
| | વિવૃતિ... | ૨૪૯ |
| | અનુવાદ... | ૨૪૯ |
| ૧૧. | અવતરણિકા... | ૨૫૦ |
| | કારિકા... | ૨૫૦ |
| | શ્લોકાન્વયાર્થ... | ૨૫૦ |
| | ભાવાનુવાદ... | ૨૫૦ |
| | વિવૃતિ... | ૨૫૦ |
| | અનુવાદ... | ૨૫૧ |
| | ઉદ્ધરણ તાલિકા... | ૨૫૨ |

# ॥ તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત ॥
## ॥ સંક્ષિપ્ત શાસ્ત્રાર્થપ્રકરણ ॥

(સ્વમત મુજબ પ્રમાણ પ્રમેય સાધન અને ફલ નાં સ્વરૂપોનું પ્રતિપાદન)

અવતરણિકા :

**પરિભાષામ્ આહ—**

કારિકા:

**વેદાન્તે ચ સ્મૃતૌ બ્રહ્મલિંગં ભાગવતે તથા।**
**બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે।**
**ત્રિતયે ત્રિતયં વાચ્યં ક્રમેણૈવ મયાઽત્ર હિ॥૬॥**

**શ્લોકાન્વયાર્થ:**

**વેદાન્તે:** વેદોના અન્તિમ ભાગ ઉપનિષદોમાં, **ચ:** અને (તે વેદાન્તવાક્યોનું વિવેચન કરનાર બ્રહ્મસૂત્રોમાં), **બ્રહ્મલિંગમ્:** પરમતત્ત્વનું જ્ઞાપન, **બ્રહ્મેતિ શબ્દ્યતે:** 'બ્રહ્મ' શબ્દવડે થાય છે, **સ્મૃતૌ:** પોતે ભગવાને શ્રૌત સિદ્ધાન્તોનું સ્મરણ જે **પરમાત્મા ઈતિ શબ્દ્યતે:** પરમાત્મા એ શબ્દ વડે ભગવદ્ગીતામાં કહ્યું છે. **તથા:** તેમજ **ભાગવતે:** ભાગવતમાં **બ્રહ્મલિંગમ્:** પરમતત્ત્વનું જ્ઞાપન **ભગવાનિતિ શબ્દ્યતે:** 'ભગવાન્' શબ્દવડે થાય છે. **અત્ર:** આ તત્ત્વાર્થદીપ નિબન્ધના, **ત્રિતયે:** શાસ્ત્રાર્થપ્રકરણ સર્વનિર્ણયપ્રકરણ અને ભાગવતાર્થ પ્રકરણ આમ ત્રણ પ્રકરણોમાં, **મયા હિ:** મારે પણ, **ક્રમેણૈવ:** ઊપર જણાવેલ ક્રમ મુજબજ **ત્રિતયમ્:** બ્રહ્મ પરમાત્મા અને ભગવાન્ આમ એકજ પરમતત્વના ત્રણેય પાસાઓનું, **વાચ્યમ્:** નિરૂપણ કરવું છે.

ભાવાનુવાદ:

**પરમ તત્ત્વનાં પરિચાયક લિંગ વેદાન્તમાં ભગવદ્ગીતામાં**



**અને ભાગવતમાં॥**

**'બ્રહ્મ' 'પરમાત્મા' 'ભગવાન્' એવા શબ્દોદ્વારા નિરૂપિત થયા છે॥૬॥**

**પ્રસ્તુત તત્ત્વાર્થદીપ નિબન્ધનાં પણ શાસ્ત્રાર્થ સર્વનિર્ણય અને ભાગવતાર્થ એવા ત્રણ પ્રકરણોમાં આ જ ત્રાણેય પક્ષોનું ક્રમશઃ પ્રતિપાદન કરવામાં આવશે॥**

પ્રકાશ :

**વેદાન્તે ઈતિ સાર્દ્ધેન. નિર્ગલિતવસ્તુજ્ઞાપકં લિંગં બ્રહ્મ ઈત્યાદિ પદં તત્ર તત્ર સિદ્ધં મયાપિ પરમકાષ્ઠાપન્નવસ્તુબોધનાર્થં તત્ તત્ પ્રકરણે વક્તવ્યમ્ ઈતિ અર્થ:॥૬॥**

અનુવાદ :

હવે સ્વમતમાં અભિપ્રેત પરિભાષા સમજાવવામાં આવે છે :

**વેદાન્ત** થી શરુ કરીને ડોઢ શ્લોકોમાં. પરમ તત્ત્વરૂપ તે વસ્તુનાં જ્ઞાપક 'બ્રહ્મ' ઈત્યાદિ ત્રણ પદો વેદાન્ત આદિ શાસ્ત્રોમાં મળે છે; અને હું પણ પરમકાષ્ઠાપન્ન વસ્તુનાં પ્રતિપાદન કરનાર તે-તે પ્રકરણોમાં કહેવા માગીશ.

### (સ્વમતની સાધિકા પ્રમાણવ્યવસ્થા)

**સ્વસિદ્ધાન્તનાં ઉપદેશકાલમાં અભિપ્રેત પ્રમાણવ્યવસ્થા :**

અવતરણિકા :

**અસ્મિન્ શાસ્ત્રે પરિભાષામ્ ઉક્ત્વા પ્રમાણમ્ આહ—**

કારિકા:

**વેદા: શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ**

**સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તત્ ચતુષ્ટયમ્ ॥૭॥**

<u>શ્લોકાન્વયાર્થ</u> :

**વેદા: :** ચારેય વેદોની સંહિતા બ્રાહ્મણ આરણ્યક અને ઉપનિષદો, **શ્રીકૃષ્ણવાક્યાનિ :** ઉપનિષદોના સિદ્ધાન્તની સુવાસને પ્રસરાવનારી શ્રીકૃષ્ણમુખારવિન્દથી મકરન્દની જેમ નિ:સૂત વાણી ગીતા, **વ્યાસસૂત્રાણિ :** ઉપનિષદોનાં વચનોનાં વિખરાયેલાં પુષ્પોને એક મનોહારી પુષ્પહાર તરીકે એકસૂત્ર કરવામાટે ભગવાન્ વેદવ્યાસે લખેલાં બ્રહ્મસૂત્રો, **ચૈવ હિ :** અને (તેમજ પોતાના ગુરુજી વેદવ્યાસને માન્ય મતથી વિરુદ્ધ ન જતાં હોય તેવાં વ્યાસશિષ્ય જૈમિની ઋષિએ લખેલાં પૂર્વમીમાંસાસૂત્રો પણ) **વ્યાસસ્ય સમાધિભાષા :** વેદોની શાખાઓનું વિભાજન મહાભારતનું પ્રણયન અને બ્રહ્મસૂત્રોથી બ્રહ્મજિજ્ઞાસા કર્યા પછી પણ સન્તોષ ન અનુભવતાં જ્યારે સમાધિ લગાવી ત્યારે તે સમાધિમાં જે અંશ ભાગવતનો મેળવ્યો તે અંશ એટલે 'સમાધિભાષા' **તત્ ચતુષ્ટયં પ્રમાણમ્ :** આ ચારેય પ્રમાણોનાં પરસ્પર સમન્વિત વચનોને પ્રમાણ એટલેકે પોતાના મતને રજૂ કરવામાટેની આધારભૂત સામગ્રી માનવામાં આવે છે.

<u>ભાવાનુવાદ</u> :

**ચારેય વેદો, ભગવદ્ગીતામાં મળતાં શ્રીકૃષ્ણનાં વચનો,**
**મહર્ષિ બાદરાયણનાં કેવલ બ્રહ્મસૂત્ર વિગેરે જ ॥**
**મહર્ષિ બાદરાયણ વેદવ્યાસની ભાગવતપુરાણમાં યોજિત**
**સમાધિભાષા આ ચાર જ પ્રમાણ તરીકે માન્ય રાખ્યા**
**છે ॥૭॥**

<u>પ્રકાશ</u> :

**વેદા ઈતિ. શબ્દ એવ પ્રમાણમ્. તત્ર અપિ અલૌકિકજ્ઞાપકમેવ. તત્સ્વત:સિદ્ધપ્રમાણભાવં પ્રમાણમ્. વેદા: સર્વ એવ કાંડદ્વયસ્થિતા**



**અર્થવાદાદિરૂપા અપિ. સ્મૃતિત્વેન કૃષ્ણવાક્યાનિ વેદત્વેઽપિ પૃથગુક્તાનિ. વ્યાસસૂત્રાણિ. ચકારત્ જૈમિનિસૂત્રાણિ ચ. એવકારેણ વ્યાસસૂત્રાવિરોધિનેવ તદઙ્ગીકરણમ્. હિ યુક્ત: ચ અયમ્ અર્થ:, ઉપજીવ્યત્વાદ્. વ્યાસસ્ય સમાધિભાષા ભગવતમ્. તત્રાપિ યત્ ન લૌકિકરીત્યા વદતિ. યથા 'અથોપસ્પુપવૃત્તાયામ્' ઈત્યાદિ. નાપિ પરમતરીત્યા, 'શ્રુતં દ્વૈપાયનમુખાત્' ઈત્યાદિ. યાવત્સમાધૌ સ્વયમનુભૂય નિરૂપિતં સા સમાધિભાષા. એતત્ ચતુષ્ટયમ્ એકવાક્યતાપન્નં પ્રમાજનકમિત્યર્થ: ॥૭॥**

<u>અનુવાદ</u> :

આ શાસ્ત્રમાં અભિપ્રેત પરિભાષાનાં પ્રતિપાદન બાદ હવે પ્રમાણ સમજાવવામાં આવે છે :

**ચારેય વેદો** કહેવાનો અભિપ્રાય કેવળ શબ્દોને જ, તેમાંય અલૌકિક પદાર્થનાં બોધક શબ્દોને જ પ્રમાણ માનવામાં આવ્યા છે. અલૌકિક પદાર્થનાં બોધક શબ્દોનું પ્રમાણ હોવું સ્વતઃસિદ્ધ હોય છે. **ચારેય વેદો** કહેવાનો અભિપ્રાય સમગ્ર વેદ, અને તેમનાં પૂર્વકાણ્ડ અને ઉત્તરકાણ્ડ માં ઉપલબ્ધ થતાં અર્થવાદ વિગેરે, ને પણ પ્રમાણ માનવામાટે છે. હકીકતમાં તો વેદરૂપ જ હોવા છતાંય સ્મૃતિ રૂપે ઉપદેશાયેલ હોવાને કારણે **ભગવાન્ શ્રીકૃષ્ણનાં વચનોનો** પ્રમાણ તરીકે નોખો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્રીજે ક્રમે **બાદરાયણ વ્યાસનાં બ્રહ્મસૂત્ર આવે છે. વિગેરે** પદદ્વારા મહર્ષિ જૈમિનિનાં પૂર્વમીમાંસાસૂત્રો અભિપ્રેત છે. **કેવલ** પદનાં પ્રયોગ કરવાનો હેતુ આ છે કે મહર્ષિ જૈમિનિનાં પૂર્વમીમાંસાસૂત્રોનું પ્રમાણ હોવું મહર્ષિ વ્યાસનાં સૂત્રોથી જ્યાં વિરુદ્ધ ન જતા હોય તે પૂરતો જ સ્વીકારા માટે છે. **જ** પદનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે તેથી જણાવેલ ધારણા યુક્તિસંગત છે તે સૂચિત થયું, કેમકે મહર્ષિ જૈમિનિનાં માટે પણ વેદવ્યાસ ઉપજીવ્ય છે. **મહર્ષિ બાદરાયણ વેદવ્યાસની સમાધિભાષા** ભાગવત પુરાણમાં જે ઉપલબ્ધ થાય છે. કેમકે ભાગવતમાં પણ લૌકિક રીતિ મુજબ

### પ્રમેય તરીકે જડજીવાત્મક જગત્‌નાં સ્વરૂપનું પ્રતિપાદન :

**અવતરણિકા :**

**એવં સ્વપ્રવૃત્તિમ્ ઉપપાદ્ય બાધકશાસ્ત્રાણાં નિવૃત્ત્યર્થં શાસ્ત્રમ્ આરભતે :**

**કારિકા :**

**પ્રપઞ્ચો ભગવત્કાર્યસ્ તદ્રૂપો માયયા અભવત્ ॥**
**તચ્છક્ત્યા અવિદ્યયાતુ અસ્ય જીવસંસાર ઉચ્યતે ॥૨૩॥**

**શ્લોકાન્વયાર્થ :**

**પ્રપઞ્ચો** = આ સૃષ્ટિ **ભગવત્કાર્યસ્** = ભગવાન્‌માંથી ઉત્પન્ન થયેલી છે. **તદ્રૂપે** = આ સૃષ્ટિના રૂપે (ભગવાન્) **માયયા** = પોતાની સર્વભવનસામર્થ્યરૂપા માયા વડે **અભવત્** = બન્યો છે. **તચ્છક્ત્યા** = તે ભગવાન્‌ની એક શક્તિ **અવિદ્યયાતુ** = ‘અવિદ્યા’ નામની પણ છે તેને કારણે **અસ્ય** = આ ભગવાન્‌ના (અંશરૂપ) **જીવસંસાર** = જીવને સંસાર થયો કહેવાય છે.

**ભાવાનુવાદ :**

**આ પ્રપઞ્ચ ભગવાન્‌નું કાર્ય છે અને પોતે ભગવાન્ પોતાની માયાને ઉપકરણ બનાવીને પ્રપઞ્ચરૂપ ધારણ કરે છે ॥**

**તેની રમણોપયોગી જે ઘણી બધી શક્તિઓ તે પૈકી એક અવિદ્યાશક્તિને કારણે પરન્તુ તે પ્રપઞ્ચને ‘જીવસંસાર’ કહેવાય છે ॥૨૩॥**

આમ સ્વમતનો ઉપદેશ કરવા માટેની પ્રવૃત્તિનો હેતુ સમજાવીને જે શાસ્ત્ર આ મતમાં બાધક બની શકતા હોય તેમનાં નિરાકરણ માટે સ્વશાસ્ત્રનો આરંભ કરે છે :



**પ્રકાશ :**

**પ્રપઞ્ચ ઇતિ, પ્રપઞ્ચમેવ ‘મિથ્યા’ ઇતિ ઉક્ત્વા શુદ્ધં ભજનં વારયન્તિ. તથા અન્યે જીવં વ્યાપકમ્ ઉક્ત્વા. અતઃ ઉભયનિરાકરણાર્થં જીવજડયોઃ સ્વરૂપમ્ ઉચ્યતે :**

> **અયં પ્રપઞ્ચો ન પ્રાકૃતો, નાપિ પરમાણુજન્યો, નાપિ વિવર્તાત્મા, નાપિ અદૃષ્ટાદિદ્વારા જાતો, નાપિ અસતઃ સત્તારૂપઃ; કિન્તુ, ભગવત્કાર્યઃ પરમકાષ્ઠાપન્નવસ્તુકૃતિસાધ્યઃ. તાદૃશોઽપિ ભગવદ્રૂપઃ. અન્યથા અસતઃ સત્તા સ્યાત્. સાચ અગ્રે વૈનાશિકપ્રક્રિયાનિરાકરણે નિરાકરિષ્યતે. વૈદિકસ્તુ એતાવાનેવ સિદ્ધાન્તઃ.**

**ભગવન્માયાસ્વરૂપપ્રતિપાદનમ્ :**

**વૈષ્ણવાનુસારેણ કિઞ્ચિત્ સાધનમ્ અધિકમ્ આહ માયયા અભવદ્ ઇતિ, માયાહિ ભગવતઃ શક્તિઃ સર્વભવનસામર્થ્યરૂપા તત્રૈવ સ્થિતા. યથા પુરુષસ્ય કર્મકરણાદૌ સામર્થ્યમ્. તેન સ્વસામર્થ્યેન અન્યાનુપજીવનેન સ્વાત્મરૂપં પ્રપઞ્ચં કૃતવાન્ ઇતિ ફલિતમ્. અત્ર સંસારપ્રપઞ્ચયોઃ ભેદાજ્ઞાનાત્ કેચિન્ મુગ્ધાઃ ભવન્તિ. તન્મોહનિરાકરણાય ભેદં નિરૂપયતિ અવિદ્યયા ઇતિ. અવિદ્યાપિ તચ્છક્તિઃ. મુખ્યાસુ દ્વાદશશક્તિષુ ગણનાત્. “શ્રિયા પુષ્ટ્યા ગિરા…” (**ભાગ.પુરા.૧૦।૩૬।૫૫**) ઇતિ વાક્યાત્. એવં સતિ, “સવૈ નૈવ રેમે, તસ્માદ્ એકાકી ન રમતે, સ દ્વિતીયમ્ ઐચ્છત્, સ હ એતાવાન્ આસ” (**બૃહ.ઉપ.૧।૪।૩**) ઇતિ શ્રુતૌ રમણાર્થમેવ પ્રપઞ્ચરૂપેણ આવિર્ભાવોક્તેઃ વૈચિત્ર્યં વિના તદસમ્ભવો યતઃ, તસ્માદ્ હેતોઃ અસ્ય ભગવતઃ શક્ત્યા અવિદ્યયા જીવસ્ય સંસારઃ ઉચ્યતે, નતુ જાયતે, અભિમત્યાત્મકત્વાદ્, અસત્ત્વેન અસ્ય ગણનાત્. ‘અજ્ઞાનં’, ‘ભ્રમો’, ‘અસદ્’ ઇત્યાદિશબ્દાઃ અહં-મમ-ઇતિરૂપે સંસારએવ પ્રવર્તન્તે નતુ પ્રપઞ્ચે, ઇતિ અર્થઃ, તસ્ય બ્રહ્માત્મકત્વાત્.**

કહેવામાં આવેલી વાતો પ્રમાણ તરીકે માનવા યોગ્ય નથી. જેમકે **"ત્યારે પ્રાતઃકાલ થતાં"** (ભાગ.પુરા.૧૦।૬૭।૧) વિગેરે ઉલ્લેખો. આવી રીતેજ પરમતના રૂપમાં કહેવાયેલી વાતો પણ **"દ્વૈપાયનનાં મુખથી કહેવાયેલું સાંભળવામાં આવે છે"** (ભાગ.પુરા.૬।૧૪।૮) ઈત્યાદિ વચનો. જેટલી વાતો પોતે ભાગવતકારે પોતાની સમાધિમાં અનુભવીને કહી તેને 'સમાધિભાષા' કહેવામાં આવે છે. આ ચારેય ગ્રન્થોની પરસ્પર *એકવાક્યતા* થકી મળતી માહીતિ જ પ્રામાણિક હોય છે આવો અભિપ્રાય જાણવો.

અવતરણિકા:

**નનુ ચતુર્ણા ક્વોપયોગ:, એકેનૈવ ચરિતાર્થત્વાત્ ચેત્ ઈતિ આશંકયા આહ —**

કારિકા:

**ઉત્તરં પૂર્વસન્દેહવારકં પરિકીર્તિતમ્।**
**અવિરુદ્ધં તુ યત્ત્વસ્ય પ્રમાણં તચ્ચ નાન્યથા॥**
**એતદ્ વિરુદ્ધં યત્ સર્વં ન તન્માનં કથઞ્ચન॥૮॥**

શ્લોકાન્વયાર્થ:

**યત્તુ:** જે કાંઈ, **અસ્ય:** આ પ્રમાણચતુષ્ટયથી, **અવિરુદ્ધં:** વિરુદ્ધ ન હોય, **તત્તુ:** તે તો, **પ્રમાણં:** પ્રમાણજ હોય છે, **ન ચ અન્યથા:** અને વિરુદ્ધ હોય તો નહીં. **યત્ એતદ્વિરુદ્ધં:** જે આનાથી વિરુદ્ધ છે, **તત્ સર્વં:** તે બધાં **કથઞ્ચન્:** કોઈ પણ રીતે, **ન માનં:** પ્રમાણ નથી ॥૮॥

ભાવાનુવાદ:

**આ ચાર ગ્રન્થો પૈકી પૂર્વ-પૂર્વ ગ્રન્થોમાં ઉભા થતાં સન્દેહોનું નિવારણ ઉત્તરોત્તર ગ્રન્થો વડે થાય છે॥**

**તેથી આ ચારેય ગ્રન્થોના પરસ્પર સમન્વિત અભિપ્રાયથી જે અવિરુદ્ધ હોય તેને જ પ્રમાણ તરીકે માન્ય કરવામાં આવે છે. જે વિરુદ્ધ હોય તેને નહીં॥**

**આ ચાર ગ્રન્થોથી વિરુદ્ધ કોઈ પણ વચન પ્રમાણ તરીકે માન્ય થઈ શકતું નથી॥૮॥**



પ્રકાશ:

**ઉત્તરમિતિ. ઉત્તરોત્તરં પૂર્વપૂર્વસ્ય સન્દેહવારકં પ્રકર્ષેણ કીર્તિતમ્. યથા "અપાણિપાદો જવનો ગ્રહીતા"ઈત્યત્ર કિં પ્રાકૃતપાણિપાદરહિતં બ્રહ્મ, આહોસ્વિત્સમાન્યનિષેધ ઈતિ સન્દેહે "સર્વત: પાણિપાદાન્તમ્" ઈત્યાદિ ગીતાવાક્યં નિર્ણાયકમ્. તથા ગીતાયાં "નિત્ય: સર્વગત: સ્થાણુ:" "મમૈવાંશો જીવલોકે"ઈત્યાદિષુ સન્દેહે સૂત્રૈર્નિર્ણય: ઉત્ક્રાન્તિગત્યાગતીનામ્"- ઈત્યાદિભિ:. તથા "જન્માદ્યસ્ય યત:"ઈતિ સન્દેહે "અન્વયવ્યતિરેકત:"ઈતિ ભાગવતેન નિર્ણય:. એતદવિરોધેનૈવ મન્વાદીનાં પ્રામાણ્યમ્ આહ અવિરુદ્ધમિતિ. વેદાદિના અવિરુદ્ધમેવ મન્વાદિકં પ્રમાણમ્. ક્વચિત્સમ્વાદ:, ક્વચિદ્વિરોધ ઈત્યુભયસમ્ભવે અપ્રમાણમેવેત્યાહ એતદ્વિરુદ્ધમિતિ ॥૮॥**

અનુવાદ:

અહિંયા એક શંકા થાય કે "ચાર ગ્રન્થોને પ્રમાણ તરીકે માન્ય રાખવાની આવશ્યકતા કેમ? શામાટે કોઈ એક જ ગ્રન્થના આધારે પોતાનો મત સમજાવવા નથી માંગતા?" આના સમાધાનરૂપે કહે છે :

ઉત્તરોત્તર અર્થાત્ ચારેય વેદો, શ્રીકૃષ્ણના વચનો, બ્રહ્મસૂત્ર અને ભાગવતની સમાધિભાષા, આમાં ક્રમશઃ એકની પાછળ આવતો બીજો ગ્રન્થ પોતાની પહેલા આવેલ ગ્રન્થમાં ઉભા થતાં સન્દેહોનો નિવારક હોવાના રૂપે સ્વીકારાયું કે કહેવાયું છે. જેમકે **"તે પરમેશ્વર, હાથ કે પગ વિના, દોડીને જેને પકડવું હોય તેને પકડી શકે છે"** (શ્વેતા.ઉપ.૩।૧૯) અહિંયા આ વચનમાં સન્દેહ થાય છે કે શું

બ્રહ્મ પ્રાકૃત હાથ-પગ વિનાનો છે અથવા તો કોઈ પણ પ્રકારનાં પ્રાકૃત કે અપ્રાકૃત કર-ચરણ વિનાનો છે? આવા સન્દેહોના નિરાકરણ માટે **"તેનાં કર-ચરણો વડે તે સર્વત્ર પોતનું કાર્ય સમ્પન્ન કરવા પ્રસરાયેલ છે"** (ભગ.ગીતા.૧૩।૧૩) આવા ભગવદ્ગીતાનાં વચનો નિર્ણાયક બની જાય છે. તેમજ ભગવદ્ગીતામાં પણ એક સ્થળ ઉપર જીવાત્માની બાબતમાં તે **"નિત્ય સર્વગત સ્થાણુ"** (ભગ.ગીતા.૨।૨૪) છે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જ્યારેકે બીજા સ્થળે **"જીવલોકમાં રહેલ જીવાત્માને મારો જ અંશ જાણવો જોઇએ"** (ભગ.ગીતા.૧૫।૭) આવું નિરૂપણ કરવામાં આવ્યું હોવાથી સન્દેહ થવો સ્વાભાવિક જ છે; પરન્તુ, બ્રહ્મસૂત્રોનાં **"જીવાત્મા અંશ છે કેમકે તે શરીરમાંથી બાહર નિકળી શકે છે આમ શરીરમાં તેનું આવાગમન નિરૂપિત થયેલ છે"** (બ્ર.સૂ.૨।૩।૧૯) આવા બ્રહ્મસૂત્રોને આધારે સન્દેહનું નિરાકરણ શક્ય છે જ. તેમજ **"આ જગતનાં જન્મ વિગેરે જેના કારણે થતાં હોય તેને બ્રહ્મ સમજવું જોઇએ"** (બ્ર.સૂ.૧।૧।૨) આ વચનમાં બ્રહ્મનું કર્તા રૂપી કારણ કે સમવાયી કારણ હોવું અભિપ્રેત છે? આવા સન્દેહનું નિરાકરણ **"આ જગતનાં જન્મ વિગેરે તેના બ્રહ્મની સાથે અન્વય-વ્યતિરેકનાં આધારે નિશ્ચિત થાય છે"** (ભાગ.પુરા.૧।૧।૧) આવા ભાગવતવચનને આધારે શક્ય છે. મનુસ્મૃતિ વિગેરે ગ્રન્થોનું પ્રામાણ્ય પણ આ ચારેય ગ્રન્થોની એકવાક્યતાને આધારે જ માન્ય કરવામાં આવ્યું છે. આ પોતાના દષ્ટિબિંદુની રજુઆત **આ ચાર ગ્રન્થોથી અવિરુદ્ધ** આ અંશ દ્વારા કરવામાં આવી છે. વેદ વિગેરે ગ્રન્થોથી અવિરુદ્ધ હોય તો જ મનુસ્મૃતિ વિગેરે ગ્રન્થોનું પ્રામાણ્ય માન્ય કરવામાં આવ્યું છે. હવે કોઈક ગ્રન્થ ક્યાંક આ ચાર પ્રમાણો સાથે સંવાદિતા દાખવે અને ક્યાંક વિસંવાદિતા કે વિરુદ્ધતા દાખવતા હોય તો તેમને અપ્રમાણ જ માનીને ચાલવું જોઇએ આ વાત કહેવા માટે **આ ચાર ગ્રન્થોથી વિરુદ્ધ** વિ. ખુલાસો આપવામાં આવ્યો છે.



**સ્વસિદ્ધાન્ત સરખી રીતે બુદ્ધિગત થઇ જાય ત્યાર બાદ અભિપ્રેત પ્રમાણવ્યવસ્થા :**

**અવતરણિકા :**

**એવં પૂર્ણજ્ઞાનોદયાવધિ યદાગ્રાહ્યં પ્રમાણત્વેન તન્નિરૂપ્ય તદનન્તરં યત્પ્રમાણં તદાહ—**

**કારિકા:**

**અથવા સર્વરૂપત્વાત્ નામલીલાવિભેદતઃ ।**
**વિરુદ્ધાંશપરિત્યાગાત્ પ્રમાણં સર્વમેવ હિ ॥૮॥**

**શ્લોકાન્વયાર્થઃ**

**અથવા :** અથવા, **સર્વરૂપત્વાત્ :** કેમકે બધાં રૂપો પરમાત્માએ ધારણ કરેલાં છે. તેથી, **નામલીલાવિભેદતઃ :** નામલીલામાં પણ વિભિન્નતા પ્રકટ થયેલી હોવાથી, **વિરુદ્ધાંશ :** વિરુદ્ધ જણાતા અંશો, **પરિત્યાગાત્ :** ભૂલીને, **સર્વમેવ :** બધાં જ વચનો, **પ્રમાણં હિ :** પ્રમાણ રૂપે માન્ય થઈ શકે છે ॥૮॥

**ભાવાનુવાદ :**

**અથવા બ્રહ્મમાંથી પ્રકટ થનારી સૃષ્ટિમાં બધાંજ નામ-રૂપ-કર્મોને ધારણ કરનાર પોતે બ્રહ્મ જ છે તેથી ॥**
**નામ-રૂપ-કર્મોમાં પરસ્પર વિરુદ્ધતયા ભાસિત થનાર અંશોમાં જો વિરોધ ઉપર ધ્યાન ન આપવામાં આવે તો બધા જ કે કોઈ પણ વચનને પ્રમાણ માની જ શકાય ॥૮॥**

**પ્રકાશ :**

**અથવાઇતિ. વાક્માત્રમેવ પ્રમાણમ્. અર્થસ્ય ભગવદ્રૂપત્વાત્. તદેવાહ સર્વરૂપત્વાદિતિ. રૂપલીલાવન્નામલીલાયા વિભેદાનાં વક્તવ્યત્વાન્નાનાવિધાનિ**

વાક્યાનિ પ્રવૃત્તાની. વિરુદ્ધવાક્યત્વેનૈવ પરસ્પરં ભાસમાનેષ્વવિરોધપ્રકારમ્ આહ વિરુદ્ધાંશપરિત્યાગાદિતિ. વિરુદ્ધાંશપરિત્યાગો દ્વેધા વક્તવ્ય:. ભગવત્સામર્થ્યેન અલૌકિકપ્રકારેણ, ભગવત: સર્વરૂપત્વેન વા. અતો યુક્ત એવાવિરોધ: ॥૯॥

અનુવાદ:

આમ સ્વસિદ્ધાન્તને સરખી રીતે સમજી શકાય તે માટે અભિપ્રેત પ્રમાણવ્યવસ્થાનું પ્રતિપાદન કર્યા પછી સ્વસિદ્ધાન્ત સરખી રીતે બુદ્ધિગત થવા બાદ જે પ્રમાણતયા અભિપ્રેત છે તેનું નિરૂપણ કરવામાં આવે છે :

અથવા પદના પ્રયોગ દ્વારા વાણીમાત્રને પ્રમાણ માની લેવામાં આવ્યું છે, કેમકે પ્રત્યેક શબ્દનો મૂલ અર્થ તો પોતે ભગવાન્ જ હોય છે. આ વાતને **બધાજ નામ-રૂપ-કર્મોને ધારણ કરનાર** આવી પદાવલીદ્વારા સ્પષ્ટ કરવામાં આવી રહ્યું છે. બ્રહ્મ સૃષ્ટિલીલામાં જેમ નાનાવિધ રૂપોને ધારણ કરતો હોય છે તેવી જ રીતે નાનાવિધ નામોને પણ લીલાર્થ ધારણ કરે છે, આ વિભેદ આગળ જતાં સમજાવવો અભીષ્ટ છે. તેથી આ મુજબ નાનાવિધ વાક્યોની પણ સાર્થકતા ઉપપન્ન થઇ શકે છે. આથી જે વચનોમાં પરસ્પર વિરોધાભાસ લાગતો હોય તે વિરોધાભાસના ઉપશમનો પ્રકાર **વિરોધ ઉપર ધ્યાન ન અપાતો હોય તો** આ અંશદ્વારા સમજાવવામાં આવ્યું. વિરોધાભાસનો ઉપશમ બે પ્રકારે થઇ શકે છે : ૧.અલૌકિકતાના વિચારે ભગવત્સામર્થ્યના આધારે ૨.અથવા ભગવાન્ જ સૃષ્ટિમાં પ્રકટ થનાર બધા જ નામ-રૂપ-કર્મોને ધારણ કરનાર છે અતઃ વિરોધાભાસી નામ-રૂપ-કર્મોમાં પણ અવિરોધ હોવું યુક્ત જ છે.

**આ પ્રતિપાદનમાં ઉભરતી શંકાઓનું સમાધાન :**

અવતરણિકા:

**ઉક્તમાનચતુષ્ટયવિરોધે મન્વાદિ સ્મૃતીનામ્ અપ્રામાણ્યમેવ ઇતિ ઉક્તં**



**તત્ ન યુક્તમ્, ''યદ્વૈ કિઞ્ચન મનુ: અવદત્ તદ્ભેષજમ્'' ઇતિ શ્રુતેર્મન્વાદીનામ્ ઉક્તમાનવિરોધેઽપિ પ્રામાણ્યસ્ય અવશ્યવાચ્યત્વાત્ ઇતિ અત: આહ—**

કારિકા:

**દ્વાપરાદૌ તુ ધર્મસ્ય દ્વિપરત્વાદ્ દ્વયં પ્રમા॥**
**વિરુદ્ધવચનાનાઞ્ચ નિર્ણયાનાં તથૈવ ચ॥૧૦॥**

શ્લોકાન્વયાર્થ:

**દ્વાપરાદૌ તુ** - દ્વાપરના આદિમાં તો, **ધર્મસ્ય** - ધર્મનાં, **દ્વિપરત્વાદ્** - શ્રુતિસંવાદી અને શ્રુતિઅસંવાદી બન્ને ધર્મો રૂપે કર્તવ્ય હોવાથી, (યથા - જેવી રીતે), **વિરુદ્ધવચનાનાં** - જે પરસ્પર વિરોધી વચનો હોય તેઓનું, **પ્રમા** - જ્ઞાન પણ, **દ્વયં** - બે રીતે, **ચ** - વળી, **તથૈવ** - તેવી જ રીતે, **નિર્ણયાનાં** - નિર્ણયોનું, **પ્રમા** - જ્ઞાન, **દ્વયં** - બે રીતે, (ભવતિ - થાય છે).

ભાવાનુવાદ:

**દ્વાપર યુગના આરંભકાળથી ધર્મ પોતે દ્વિપર બની ગયો હોવાને કારણે બન્ને પ્રકારની પ્રમાબુદ્ધિ પ્રકટ થવા લાગી છે॥**

**તેથી પરસ્પર વિરુદ્ધ વચનો અને તેમના વિરોધાભાસોનો પરિહાર કરનારા પ્રમાપક નિર્ણયો પણ દ્વિપર બની ગયા છે॥૧૦॥**

પ્રકાશ:

**દ્વાપરાદૌ તુઇતિ. ચોદનાવિષયત્વેન અવશ્યકર્તવ્યતાકત્વેન અભિમત: અર્થ: અત્ર ધર્મશબ્દેન ઉચ્યતે તસ્ય દ્વે શ્રુતિસ્મૃતી ઉભે અપિ પરે પ્રમાપિકે યસ્ય તાદશત્વાદ્વયં, શ્રુતિસ્તત્સંવાદિન્યસંવાદિની ચ મન્વાદિસ્મૃતિ: ચ એતદ્ દ્વયમપિ પ્રમા પ્રમાણમ્ ઇતિ અર્થ:. યદ્વા પૂર્વોક્ત ધર્મસ્ય ઉક્તરીત્યા દ્વિપરત્વાત્ શ્રુતિ: સંવાદિન્યસંવાદિન્યપિ સ્માર્તે ધર્મે કર્તવ્યતાજ્ઞાનં**

**પ્રમા ઇતિ અર્થ:. વિરુદ્ધયો: અવિરોધખ્યાપનાર્થં સામ્પ્રતં લૌકિકં દૃષ્ટાન્તમ્ આહ વિરુદ્ધવચનાનામ્ઇતિ. યથા સ્મૃતિવાક્યાનિ પરસ્પરં વિરુદ્ધાનિ સ્મૃતિવ્યાખ્યાનકારૈ: અવિરોધપ્રકારેણ નિર્ણીયન્તે, તથા નિર્ણયાનામ્ અપિ પરસ્પરવિરુદ્ધાનાં વૈષ્ણવસ્માર્ત આદિ ભેદેન અવિરોધ ઇત્યર્થ:॥૧૦॥**

**અનુવાદ:**

ઉક્ત પ્રમાણચતુષ્ટયીથી વિરુદ્ધ લાગતી હોવા છતાંય મનુસ્મૃતિ આદિ ગ્રન્થોને જે અપ્રામાણ્ય માની લેવામાં આવ્યું તે ઉચિત નથી, કેમકે **"જે કાંઇ મનુએ કહ્યું તે તો ઓષધિરૂપ જ છે"** (તૈત્તિ.સંહિ.૨।૨।૧૦।૨) આ શ્રુતિવચનના આધારે ઉક્ત પ્રમાણચતુષ્ટયીથી વિરુદ્ધ પણ મનુસ્મૃતિ જેવા ગ્રન્થો પ્રમાણ તો માનવા જ જોઇએ આ આક્ષેપનું સમાધાન આપવામાં આવે છે :

દ્વાપર યુગના આરંભકાળથી જ અહિંયા શાસ્ત્રોની આજ્ઞારૂપ હોવાને કારણે જે કર્તવ્ય આપણા માટે અનિવાર્ય હોય તેમને 'ધર્મ' કહેવું અહિંયા અભિપ્રેત છે. તેથી **'ધર્મ'** શબ્દદ્વારા કર્તવ્યની બાબતમાં ઉલ્લેખ થઇ રહ્યો છે. ત્યારથી ધર્મના નિર્ણયાર્થ **દ્વિપર** એટલે શ્રુતિ અને સ્મૃતિ બન્નેનાં આધારે ધર્મની બાબતમાં પ્રમા પ્રકટ થવા મંડી છે. તેથી **બન્ને પ્રકારે જ,** શ્રુતિ અને તેની સાથે સંવાદિની અથવા વિસંવાદિની પણ મનુસ્મૃતિ સદૃશ ગ્રન્થો પણ **પ્રમાપક** એટલે કે પ્રમાબુદ્ધિ પ્રકટ કરનારા બની ગયા છે. અથવા પૂર્વોક્ત ધર્મ પોતે જ કહેવામાં આવેલ પ્રકારે દ્વિપર બની ગયો હોવાથી શ્રુતિની સંવાદિની અને તેમજ વિસંવાદિની સ્મૃતિઓ પણ સ્માર્ત ધર્મોના કે કર્તવ્યોના અનુષ્ઠાનમાં **ધર્મપ્રમા** ના રૂપમાં માન્ય થયેલ છે. આમ વિરુદ્ધવચનોમાં વિરોધના ઉપશમનાર્થ લૌકિક દૃષ્ટાન્તદ્વારા ઉપપાદિત કરવામાં આવે છે **પરસ્પર વિરુદ્ધ વચનો** આ અંશદ્વારા. જેમ પોતે સ્મૃતિઓના વચનોમાં પરસ્પર વિરુદ્ધતા પ્રકટ થતી હોય ત્યારે સ્મૃતિઓના વ્યાખ્યાન કરનારા આવી જાતના જ વ્યાખ્યાન



રજુ કરે છે કે બન્ને વચનોમાં પ્રકટ થતો વિરોધ કથંચિત્ દૂર થઇ જાય, આ કારણે પરસ્પર વિરુદ્ધ નિર્ણયો પણ વૈષ્ણવોનાં કર્તવ્યનિર્ણયાર્થ અથવા સ્માર્તોના કર્તવ્યનિર્ણયાર્થ છે. આમ અધિકારિભેદે વિરોધોપશામક સમાધાન પ્રસ્તુત કરવામાં આવે છે.

**અવતરણિકા:**

**અત્ર પ્રમાણચતુષ્ટયે શ્રુતિ: સૂત્રાણિ એકા કોટિ: ગીતા ભાગવતં ચ અપરા સ્પષ્ટૈવ. તત્ર ઉભયત્ર પ્રમેયભેદાભાવે, દ્વયનિરૂપણાર્થં ભેદે વિરોધ ઇતિ કથમ્ એકવાક્યતા ઇતિ આશંક્ય દ્વયં સમર્થયિતુમ્ આહ—**

**કારિકા:**

**યજ્ઞરૂપો હરિ: પૂર્વકાંડે બ્રહ્મતનુ: પરે॥**
**અવતારી હરિ: કૃષ્ણ: શ્રીભાગવત ઈર્યતે॥૧૧॥**

**શ્લોકાન્વયાર્થ:**

**પૂર્વકાંડે** - પૂર્વકાંડમાં, **યજ્ઞરૂપો** - યજ્ઞરૂપ, **હરિ:** - હરિનું, **પરે** - ઉત્તરકાંડમાં, **બ્રહ્મતનુ:** - સાકાર બ્રહ્મનું, **શ્રીભાગવતે** - શ્રીભાગવતમાં, **કૃષ્ણ** - કૃષ્ણરૂપ અવતારી, **હરિ:** - હરિનું, **ઈર્યતે** - વર્ણન કરવામાં આવ્યું છે.

**ભાવાનુવાદ:**

**વેદોનાં પૂર્વકાણ્ડમાં શ્રીહરિનું યજ્ઞોના રૂપમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને પર કાણ્ડમાં શ્રીહરિનું બ્રહ્મરૂપે॥ ભૂતળપર વિવિધ અવતાર લેનાર શ્રીહરિ=શ્રીકૃષ્ણનું નિરૂપણ શ્રીભાગવતમાં કરવામાં આવ્યું છે॥૧૧॥**

**પ્રકાશ:**

**યજ્ઞરૂપ ઇતિ. "ય: સર્વજ્ઞ: સર્વશક્તિ:" ઇતિ શ્રુતેર્જ્ઞાનક્રિયોભયયુત:**

**સર્વેષામ્ અર્થ:. તત્ર ક્રિયાયાં પ્રવિષ્ટ: ક્રિયારૂપો યજ્ઞાત્મા પૂર્વકાંડાર્થ:. જ્ઞાને પ્રવિષ્ટો જ્ઞાનાત્મા બ્રહ્મરૂપ ઉત્તરકાંડર્થ:. તનુશબ્દ: સાકારબ્રહ્મપ્રતિપાદનાય. પરે ઉત્તરસ્મિન્ કાંડે. ક્રિયા જ્ઞાનં ચ દ્વયં પ્રકટીકૃત્ય યોઽવતીર્ણ: કૃષ્ણ: સ શ્રીભાગવતે વિશિષ્ટો નિરૂપ્યતે, અત: ખણ્ડશો નિરૂપણં વેદે, ભાગવતે તુ સમુદાયેન નિરૂપ્ય તસ્ય લીલા અનેકવિધા નિરૂપ્યન્ત ઈતિ એકાર્થત્વેઽપિ પૃથગ્વચનં યુક્તમ્ ઈતિ અર્થ:. ॥૧૧॥**

અનુવાદ:

અહિંયા પ્રસ્તુત પ્રમાણચતુષ્ટયીમાં આવતા શ્રુતિ અને સૂત્ર ની એક કોટિ બને છે. તેમજ ગીતા અને ભાગવત ની બીજી કોટિ પણ સ્પષ્ટ છે. આ બન્ને કોટિઓ વચ્ચે પ્રમેયનો કોઈ ભેદ ન હોવા છતાંય, બે રીતે પ્રમેયોનું નિરૂપણ સ્વીકારતાં કોઈ ના કોઈક રીતે ભેદ અને તન્મૂલક વિરોધ પણ ઉભો થઈ શકે છે અને તેમ થતાં એકવાક્યતા કેવી રીતે નભશે? આ શંકાના સમાધાનાર્થ બન્ને કોટિઓના સમર્થનાર્થ આગળનું વચન કહેવાયી રહ્યું છે :

યજ્ઞોના રૂપમાં કહેવાનો આશય આમ છે : **"જે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ છે"** આવા શ્રુતિવચનના આધારે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ આમ બન્ને શક્તિઓથી સમ્પન્ન શ્રીહરિ જ બધાંજ શ્રુતિવચનોનાં અર્થ કે પ્રમેય હોય છે. જ્યારે શ્રીહરિ ક્રિયામાં પ્રવિષ્ટ થાય ત્યારે ક્રિયારૂપ યજ્ઞાત્મક બનીને પૂર્વકાણ્ડના પ્રમેય-અર્થ બને છે. જ્ઞાનમાં પ્રવિષ્ટ થતાં જ્ઞાનાત્મક બની બ્રહ્મ હોવાના રૂપે ઉત્તરકાણ્ડના પ્રમેય-અર્થ બને છે. **'રૂપ'**શબ્દ સાકાર બ્રહ્મના પ્રતિપાદનાર્થ પ્રયુક્ત થયેલ છે. **પર** એટલે ઉત્તરકાણ્ડમાં. ક્રિયા અને જ્ઞાન બન્નેથી વિશિષ્ટ બનીને અવતીર્ણ થનાર શ્રીકૃષ્ણનું નિરૂપણ શ્રીભાગવતમાં થયેલું છે. તેથી વેદોમાં ક્રિયા અને જ્ઞાન નાં જુદા-જુદા ખણ્ડોમાં તે તત્ત્વનું નિરૂપણ મળે છે, જ્યારે કે ભાગવતમાં તો તે ક્રિયા-જ્ઞાનને એક સમુદાય



તરીકે ગણીને તે ક્રિયા-જ્ઞાનથી વિશિષ્ટ ભગવાન્ની અનેકવિધ લીલા નિરૂપિત કરવામાં આવી છે. તેથી આમ જોઈએ તો ચારેય ચારોનો અર્થ તો એકજ છે, તે છતાંય તેમનાં કાંઈક વિલક્ષણતા કે પૃથક્તા પણ વિવક્ષિત છે જ.

અવતરણિકા:

**વેદે પુરાણે ચ ક્વચિદ્ અન્યાર્થપ્રતિપાદનમ્ આશંક્ય તેષામ્ અંગત્વમ્ ઈતિ અભિપ્રાયેણ આહ -**

કારિકા:

**સૂર્યાદિરૂપધૃગ્ બ્રહ્મકાંડે જ્ઞાનાંગમ્ ઈર્યતે ॥**
**પુરાણેષુ અપિ સર્વેષુ તત્તદ્રૂપો હરિસ્ તથા ॥૧૨॥**

શ્લોકાન્વયાર્થ:

**બ્રહ્મકાંડે** - બ્રહ્મકાંડમાં ઉત્તરકાંડમાં, **સૂર્યાદિરૂપધૃગ** - સૂર્ય વગેરે રૂપ ધારણ કરનાર, **જ્ઞાનાંગ** - (બ્રહ્મના) જ્ઞાનનું અંગ, **ઈર્યતે** - કહેવાયો છે, **સર્વેષુ** - બધા, **પુરાણેષ્વપિ** - પુરાણોમાં પણ, **તત્તદ્રૂપો** - તે - તે રૂપવાળો, **તથા** - તેવો **હરિ:** - હરિ (છે.)

ભાવાનુવાદ:

**સૂર્ય વિગેરે અનેક રૂપોને ધારણ કરનાર બ્રહ્મના જ્ઞાનાર્થ ઉપયોગી અંગોનું બ્રહ્મકાણ્ડમાં બ્રહ્મજ્ઞાનનાં અંગતયા નિરૂપણ થયેલ છે॥**

**તેમજ બધા પુરાણોમાં પણ તત્તદ્રૂપ શ્રીહરિનું જ વર્ણન માનવું જોઈએ॥૧૨॥**

પ્રકાશ:

**સૂર્યાદિરૂપધૃગ્ ઈતિ. બ્રહ્મકાણ્ડે જ્ઞાનસિદ્ધ્યર્થમ્ ઉપાસના નિરૂપ્યન્તે.**

**તચ્ચિત્તશુદ્ધિદ્વારૈવ ઇતિ કેચિત્. ફલદાનદ્વારા માહાત્મ્યપ્રતિપાદનેન ભક્તિદ્વારા ઇતિ સિદ્ધાન્તઃ. તથા પુરાણોક્તાનાં દુર્ગાગણપતિપ્રભૃતીનાં વિશિષ્ટશેષત્વમ્ આવરણદેવતાત્વેન, તથાઽપિ ભિન્નાર્થત્વમ્ આશંક્ય તત્તદ્રૂપો હરિઃ તથા ઇતિ ઉક્તમ્. સાધનરૂપઃ ફલરૂપશ્ચ સ્વયમેવેતિ એકવાક્યતા ॥૧૨॥**

<u>અનુવાદ:</u>

કયાંક-કયાંક પોતે વેદોમાં અને પુરાણોમાં પણ બ્રહ્મથી જુદા વિષયોનું પ્રતિપાદન થયેલ જોવા મળે જ છે! આ શંકાનું નિવારણ આમ કરી લેવું કે અન્યતયા ભાસિત થતાં પદાર્થો, ક્રિયા જ્ઞાન અને ઉભયવિશિષ્ટ શ્રીહરિ ના સ્વરૂપનાં પ્રતિપાદનમાં ઉપયોગી અંગોનાં રૂપમાં પ્રતિપાદિત થયેલ છે, આવો અભિપ્રાય પ્રકટ કરવામાટે કહે છે :

સૂર્ય વિગેરે અનેક રૂપોને ધારણ કરનાર અર્થાત્ : **બ્રહ્મકાણ્ડમાં** બ્રહ્મજ્ઞાન સિદ્ધ કરવામાટે કેટલીક ઉપાસનાઓનું નિરૂપણ થયેલ છે. તે ઉપાસકના ચિત્તને શુદ્ધ કરવા માટે જ બ્રહ્મકાણ્ડમાં નિરૂપિત છે, આવું કેટલાક લોકોનું માનવું છે. આપણો સિદ્ધાન્ત તો બસ આ જ છે કે ફલદાનદ્વારા તે ઉપાસનાઓ બ્રહ્મના માહાત્મ્યનું પ્રતિપાદન કરીને બ્રહ્મની બાબતમાં સ્નેહરૂપા ભક્તિ કથંચિત્ પ્રકટ થઇ શકે તેવા પ્રયોજનવાળી છે. તેમજ પુરાણોમાં ઉપલબ્ધ થતાં અનેકવિધ દુર્ગા ગણપતિ પ્રભૃતિ દેવતાઓને પણ ક્રિયા-જ્ઞાનવિશિષ્ટ બ્રહ્મનાં શેષતયા આવરણદેવતાઓનાં રૂપમાં પ્રતિપાદિત કરવામાં આવ્યા છે. તો પણ કાંઈ ન કાંઈક આ બધા શાસ્ત્રોમાં ભિન્નાર્થકતા સ્વીકારવી જ પડશે આવી શંકાના નિવારણાર્થ કહે છે **તત્તદ્રૂપ શ્રીહરિનું જ વર્ણન** માનવું જોઈએ. તે પોતે સાધનરૂપ થાય છે અને તે પોતે જ ફલરૂપ પણ બની બધાને મળે છે. તેથી આ ચારેય ગ્રન્થોની એકવાક્યતાને હાનિ પહોંચતી નથી.

## પ્રમેય તરીકે જડજીવાત્મક જગત્નાં સ્વરૂપનું પ્રતિપાદન :

**અવતરણિકા :**

**એવં સ્વપ્રવૃત્તિમ્ ઉપપાદ્ય બાધકશાસ્ત્રાણાં નિવૃત્ત્યર્થં શાસ્ત્રમ્ આરભતે :**

**કારિકા :**

**પ્રપઞ્ચો ભગવત્કાર્યસ્ તદ્રૂપો માયયા અભવત્ ॥**
**તચ્છક્ત્યા અવિદ્યયાતુ અસ્ય જીવસંસાર ઉચ્યતે ॥૨૩॥**

**શ્લોકાન્વયાર્થ :**

**પ્રપઞ્ચો** = આ સૃષ્ટિ **ભગવત્કાર્યસ્** = ભગવાન્માંથી ઉત્પન્ન થયેલી છે. **તદ્રૂપે** = આ સૃષ્ટિના રૂપે (ભગવાન્) **માયયા** = પોતાની સર્વભવનસામર્થ્યરૂપા માયા વડે **અભવત્** = બન્યો છે. **તચ્છક્ત્યા** = તે ભગવાન્ની એક શક્તિ **અવિદ્યયાતુ** = 'અવિદ્યા' નામની પણ છે તેને કારણે **અસ્ય** = આ ભગવાન્ના (અંશરૂપ) **જીવસંસાર** = જીવને સંસાર થયો કહેવાય છે.

**ભાવાનુવાદ :**

**આ પ્રપઞ્ચ ભગવાન્નું કાર્ય છે અને પોતે ભગવાન્ પોતાની માયાને ઉપકરણ બનાવીને પ્રપઞ્ચરૂપ ધારણ કરે છે ॥**

**તેની રમણોપયોગી જે ઘણી બધી શક્તિઓ તે પૈકી એક અવિદ્યાશક્તિને કારણે પરન્તુ તે પ્રપઞ્ચને 'જીવસંસાર' કહેવાય છે ॥૨૩॥**

આમ સ્વમતનો ઉપદેશ કરવા માટેની પ્રવૃત્તિનો હેતુ સમજાવીને જે શાસ્ત્ર આ મતમાં બાધક બની શકતા હોય તેમનાં નિરાકરણ માટે સ્વશાસ્ત્રનો આરંભ કરે છે :



**પ્રકાશ :**

**પ્રપઞ્ચ ઇતિ, પ્રપઞ્ચમેવ 'મિથ્યા' ઇતિ ઉક્ત્વા શુદ્ધં ભજનં વારયન્તિ. તથા અન્યે જીવં વ્યાપકમ્ ઉક્ત્વા. અતઃ ઉભયનિરાકરણાર્થં જીવજડયોઃ સ્વરૂપમ્ ઉચ્યતે :**

**અયં પ્રપઞ્ચો ન પ્રાકૃતો, નાપિ પરમાણુજન્યો, નાપિ વિવર્તાત્મા, નાપિ અદૃષ્ટાદિદ્વારા જાતો, નાપિ અસતઃ સત્તારૂપઃ; કિન્તુ, ભગવત્કાર્યઃ પરમકાષ્ઠાપન્નવસ્તુકૃતિસાધ્યઃ. તાદૃશોઽપિ ભગવદ્રૂપઃ. અન્યથા અસતઃ સત્તા સ્યાત્. સાચ અગ્રે વૈનાશિકપ્રક્રિયાનિરાકરણે નિરાકરિષ્યતે. વૈદિકસ્તુ એતાવાનેવ સિદ્ધાન્તઃ.**

**ભગવન્માયાસ્વરૂપપ્રતિપાદનમ્ :**

**વૈષ્ણવાનુસારેણ કિઞ્ચિત્ સાધનમ્ અધિકમ્ આહ માયયા અભવદ્ ઇતિ, માયાહિ ભગવતઃ શક્તિઃ સર્વભવનસામર્થ્યરૂપા તત્રૈવ સ્થિતા. યથા પુરુષસ્ય કર્મકરણાદૌ સામર્થ્યમ્. તેન સ્વસામર્થ્યેન અન્યાનુપજીવનેન સ્વાત્મરૂપં પ્રપઞ્ચં કૃતવાન્ ઇતિ ફલિતમ્. અત્ર સંસારપ્રપઞ્ચયોઃ ભેદાજ્ઞાનાત્ કેચિન્ મુગ્ધાઃ ભવન્તિ. તન્મોહનિરાકરણાય ભેદં નિરૂપયતિ અવિદ્યયા ઇતિ. અવિદ્યાપિ તચ્છક્તિઃ. મુખ્યાસુ દ્વાદશશક્તિષુ ગણનાત્. "શ્રિયા પુષ્ટ્યા ગિરા..." (ભાગ.પુરા.૧૦।૩૬।૫૫) ઇતિ વાક્યાત્. એવં સતિ, "સવૈ નૈવ રેમે, તસ્માદ્ એકાકી ન રમતે, સ દ્વિતીયમ્ ઐચ્છત્, સ હ એતાવાન્ આસ" (બૃહ.ઉપ.૧।૪।૩) ઇતિ શ્રુતૌ રમણાર્થમેવ પ્રપઞ્ચરૂપેણ આવિર્ભાવોક્તેઃ વૈચિત્ર્યં વિના તદસમ્ભવો યતઃ, તસ્માદ્ હેતોઃ અસ્ય ભગવતઃ શક્ત્યા અવિદ્યયા જીવસ્ય સંસારઃ ઉચ્યતે, નતુ જાયતે, અભિમત્યાત્મકત્વાદ્, અસત્ત્વેન અસ્ય ગણનાત્. 'અજ્ઞાનં', 'ભ્રમો', 'અસદ્' ઇત્યાદિશબ્દાઃ અહં-મમ-ઇતિરૂપે સંસારએવ પ્રવર્તન્તે નતુ પ્રપઞ્ચે, ઇતિ અર્થઃ, તસ્ય બ્રહ્માત્મકત્વાત્.**

ઈદમ્ ઉક્તં ભવતિ : વસ્તુતસ્તુ ''સ વૈ નૈવ રેમે'' (બૃહ.ઉપ.૧।૪।૩) ઈત્યાદિશ્રુતિભ્યો રમણાર્થમેવ પ્રપઞ્ચરૂપેણ આવિર્ભાવાત્, તદન્તઃપાતિપુરુષરૂપેણ તત્કૃતસાધનરૂપેણ આવિર્ભૂય તત્ફલરૂપેણ ચ આવિર્ભવન્ ક્રીડતિ ભગવાન્. એવં સતિ ''અહમ્ એતત્કર્મકર્તા'', ''એતજ્જનિતં ફલં ચ મમ'', ''અહમ્ એતસ્ય ભોક્તા'' ઈત્યાદિજ્ઞાનાનિ સ્વસ્ય સ્વક્રિયાયાઃ તત્ફલસ્ય ચ અબ્રહ્મત્વેન જ્ઞાનાદ્ ભ્રમરૂપાણિ ઈતિ મન્તવ્યમ્. સચ અહંતામમતાત્મકો અવિદ્યયા ક્રિયતે. તત્ત્વજ્ઞાને સતિ ઉક્તરૂપત્વજ્ઞાનાત્ નિવર્તતે, નતુ પ્રપઞ્ચો બ્રહ્માત્મકત્વાત્. *નનુ પ્રપઞ્ચાત્મકસ્ય ઘટાદેઃ દણ્ડમુદ્ગરાત્મકેન તેન તિરોભાવવત્ તત્ત્વજ્ઞાનાત્મકેન તેન સંસારાત્મકસ્ય તસ્ય તિરોભાવઃ ઈત્યપિ સુવચમ્ અતો ન અવિદ્યાહેતુકત્વમ્ અસત્ત્વં વા સંસારસ્ય વાચ્યં, પ્રપઞ્ચમધ્યપાતિત્વેન બ્રહ્માત્મકત્વાત્. નચ *એવં સંસારસ્ય નિત્યતાપત્ત્યા મુક્ત્યુચ્છેદઃ* ઈતિ વાચ્યં, યત્કાલાવચ્છેદેન યસ્મિન્ પુરુષે સંસારરૂપેણ આવિર્ભાવઃ તદવચ્છેદેન સંસારિત્વં તસ્ય ઉચ્યતે. મુક્તિરૂપેણ આવિર્ભાવેતુ મુક્તત્વમ્ ઈતિ ઉપપત્તેઃ. યથા ઘટાદિષુ આમદશાયાં શ્યામરૂપેણ આવિર્ભાવે તથાત્વવ્યવહારઃ, પક્વે રક્તત્વવ્યવહારઃ તદ્રૂપેણ આવિર્ભાવાત્ તથા ઈતિ. નચ *અવિદ્યયા બન્ધઃ ઈતિ શ્રુત્યાદિપ્રસિદ્ધેઃ નૈવમ્* ઈતિ વાચ્યં, દણ્ડઘટાદિસમાનયોગક્ષેમત્વાત્ પ્રસિદ્ધેઃ. એવં શુદ્ધો બ્રહ્મવાદઃ સિદ્ધો ભવતિ સન્મતે. અન્યસ્ય અણોરપિ પ્રાપ્તૌ માયાપક્ષો ન કિં ભવેત્?*, ન ભવેત્, શ્રુતિતો હિ પ્રપઞ્ચસ્ય બ્રહ્મતા ઉચ્યતે. તસ્ય નિત્યત્વાદ્ આવિર્ભાવતિરોભાવૌ ઉચ્યેતે, તૌચ વિદ્યમાનસ્યૈવ વસ્તુનઃ સમ્ભવતો ન અસતઃ, સતશ્ચ ન અસત્ત્વમ્. તથાચ સંસારસ્ય અવિદ્યાહેતુકત્વમેવ શ્રુતિઃ વદતિ, ન પ્રપઞ્ચવદ્ બ્રહ્મરૂપતામ્. પ્રપઞ્ચરૂપેણ આવિર્ભાવમ્ ઉક્ત્વા યદ્ અવિદ્યયા સંસારમ્ આહ, વિદ્યયા તદભાવં ચ આહ, અતઃ પ્રપઞ્ચભિન્નત્વમ્ અવશ્યમ્ ઉરરીકાર્યમ્. તથા સતિ અસત્ત્વમેવ સમ્પદ્યતે સંસારસ્ય. યચ્ચ ઉક્તં ''દણ્ડ-મુદ્ગર-ઘટાદિસમાનયોગક્ષેમત્વમ્ અવિદ્યાવિદ્યા-કૃતબન્ધમોક્ષયોઃ'' ઈતિ, તત્રાપિ ઉચ્યતે : સ્યાદ્ એવમ્ *યદિ પ્રપઞ્ચમધ્યપાતિત્વં સ્યાત્ સંસારસ્ય* નચ એવં, કારણભેદાત્. નહિ યૌક્તિકમ્ ઈદં શાસ્ત્રે, કિન્તુ શ્રૌતમ્ ઈતિ આસ્તિકૈઃ તથૈવ મન્તવ્યમ્ ઈતિ.



**અનુવાદ:**

'પ્રપઞ્ચ' પદના પ્રયોગમાં અભિપ્રાય આમ છે કે એક બાજુ પ્રપઞ્ચને 'મિથ્યા' કહી કેટલાક લોકો શુદ્ધ ભજનની શક્યતાનું વારણ કરતા હોય છે. બીજી બાજુ બીજા કેટલાક ચિન્તકો જીવને 'વ્યાપક' કહી શુદ્ધ ભજનનું વારણ કરતા હોય છે. તેથી તે બન્ને મતોનું નિરસન કરવું અને જીવનું સાચું સ્વરૂપ સમજાવવું આવશ્યક લાગે છે :

> હકીકતમાં તો આ પ્રપઞ્ચ ન તો પ્રાકૃત છે, ન પરમાણુઓથી ઘડાયેલો, આ માયાનું વિવર્ત પણ નથી જ, પુણ્ય-પાપરૂપ અદૃષ્ટ વિગેરેના પ્રભાવવશ પ્રકટ થયેલ પણ નથી; અને ન તો કોઈ પણ જાતનાં અસત્માંથી સત્ના રૂપે જનિત. આ પ્રપઞ્ચ તો ભગવત્કાર્ય છે. એટલે કે તે પરમકાષ્ઠાપન્ન વસ્તુરૂપ બ્રહ્મની કૃતિદ્વારા સાધિત અને ભગવત્કૃતિ દ્વારા પ્રકટ થયેલ હોવા ઉપરાંત ભગવદ્રૂપ પણ છે જ. અન્યથા અસત્ પદાર્થનું સત્તામાં રૂપાન્તરણ સ્વીકારવું પડશે. અસત્માંથી સત્તાના રૂપમાં રૂપાન્તરણનું પ્રતિપાદન કરનારી વૈનાશિકી પ્રક્રિયાનું આગળ જઈને નિરાકરણ કરવામાં આવશે. વૈદિક સિદ્ધાન્ત તો બસ એટલો જ છે.

**ભગવાન્ની માયાના સ્વરૂપનું પ્રતિપાદન:**

વૈષ્ણવ મત મુજબ હજી કાંઈક અધિક પ્રક્રિયા પણ જણાવવા માટે **ભગવાન્ માયાને ઉપકરણ બનાવીને પ્રપઞ્ચરૂપ ધારણ કરતા હોય છે** આ વિધાનને આમ સમજી શકાય કે માયા તો ભગવાન્ની અને ભગવાન્માં જ અવસ્થિત સર્વભવનસામર્થ્યરૂપા શક્તિ છે. જેમ કોઈ પુરુષમાં કોઈક પ્રકારનાં કર્મને સમ્પન્ન કરવાનું સામર્થ્ય હોય છે. તેની જેમ. તેથી પોતાનું સામર્થ્ય એટલે બીજા કોઈના સહયોગ

લીધા વિના પોતે સ્વાત્મક જગત્ ભગવાને રચ્યું છે, આવું ફલિત થાય છે. અહિંયા આ ઉલ્લેખ કરવો જરૂરી છે કે સંસાર અને પ્રપઞ્ચ ની વચ્ચે રહેલ પ્રભેદને સરખી રીતે ન જાણી શકવાને કારણે, કેટલાક વિચારકોમાં મોહ ઉત્પન્ન થઈ જતો હોય છે. તેમના મોહનું વારણ પ્રપઞ્ચ અને સંસાર ની વચ્ચે તફાવત દેખાડવામાં આવે છે **ભગવાન્‌ની રમણોપયોગી જે ઘણી બધી શક્તિઓ તે પૈકી એક અવિદ્યાશક્તિને કારણે** આવા પદોના પ્રયોગદ્વારા. અવિદ્યા પણ ભગવાન્‌ની જ આત્મરમણોપયોગી અનેક શક્તિઓ પૈકી એક શક્તિ છે. કેમકે મુખ્ય બાર શક્તિઓમાં તેની પરિગણના કરવામાં આવી છે **"શ્રિયા પુષ્ટ્યા ગિરા...વિદ્યયા અવિદ્યયા"** ( ભાગ.પુરા.૧૦।૩૯-।૫૫ ) આ વચનમાં. આમ **"એકાકી તે રમણ ન્હોતો કરતો, તેથી કોઇ પણ એકાકી વ્યક્તિ રમણ નથી કરી શકતી, તેને પોતાના સિવાય બીજા કોઇની અપેક્ષા થઇ, અને તે પોતે આ બધું બની ગયો"** ( બૃહ.ઉપ.૧।૪।૩ ) આ શ્રુતિમાં બ્રહ્મનું પ્રપઞ્ચરૂપે આવિર્ભાવ રમણાર્થ સ્વીકારાયેલું છે; અને કેમકે વૈચિત્ર્ય વિના રમણ સમ્ભવતું ન હોવાથી **તેની** એટલે ભગવાન્‌ની **રમણૌપયિક અવિદ્યા શક્તિને કારણે પ્રપઞ્ચને 'જીવનો સંસાર' કહેવામાં આવે છે,** વસ્તુતઃ સંસાર પ્રપઞ્ચની માફક કાંઇ ઉત્પન્ન ઉત્પન્ન થતો નથી, તે તો કેવલ એક આન્તરિક મિથ્યા અભિમતિ કે ધારણા રૂપે જ પ્રકટ થતો હોય છે, બાહ્યાર્થરૂપે તે કદી વિદ્યમાન હોતો નથી. 'અજ્ઞાન', 'ભ્રમ' કે 'અસદ્' વિગેરે શબ્દો અહંતા-મમતા રૂપી સંસારની બાબતમાં જ સાર્થક હોય છે પ્રપઞ્ચની બાબતમાં નહીં; કેમકે પ્રપઞ્ચ તો બ્રહ્માત્મક જ હોય છે.

અહિંયા કહેવાનો આશય આમ છે : ખરેખર તો **"તે એકાકી રમણ ન્હોતો કરી શક્યો"** ( બૃહ.ઉપ.૧।૪।૩ ) જેવા શ્રુતિવચનોમાં રમણાર્થ જ બ્રહ્મનું પ્રપઞ્ચરૂપે આવિર્ભાવ થતું સ્વીકારવામાં આવ્યું છે. તેથી પ્રપઞ્ચમાં પ્રકટ થનાર પુરુષો અને તેમનાં સાધનોના રૂપે



આવિર્ભૂત થઇ તે-તે ફલોનાં રૂપે પણ આવિર્ભૂત થઇ ભગવાન્ ક્રીડા કરતા હોય છે. આથી "હું આ કર્મનો કર્તા છું", "આ કર્મ થકી ઉત્પન્ન થનારું ફલ મારું છે", "હું આ ફલનો ભોક્તા છું" વિગેરે જ્ઞાનોનાં પ્રકાર પોતાની બાબતમાં, પોતે કરેલ કર્મોની બાબતમાં, તે કર્મો થકી મળતા ફલની બાબતમાં પણ બ્રહ્મનુ ભાન ભુલાઇ જતું હોવાથી આવી બધી અભિમતિને ભ્રાન્તિના રૂપે વર્ણવાય છે. આ અહંતા-મમતાત્મક સંસાર અવિદ્યાને કારણે પ્રકટ થાય છે. બ્રહ્મનું તાત્ત્વિક જ્ઞાન થતાં આવી અહંતા-મમતા નિવૃત્ત પણ થઇ જતી હોય છે, પરન્તુ પ્રપઞ્ચ તો બ્રહ્માત્મક હોવાને કારણે નિવૃત્ત નથી જ થતો.

*અહિંયા એક એમ શંકા થઇ શકે કે પ્રાપઞ્ચિક વસ્તુઓ ઘડા વિગેરે દંડ કે મુદ્ગર વિગેરે સાધનોથી જેમ તિરોહિત થાય છે તેમજ સંસારનો પણ બ્રહ્મજ્ઞાનથી તિરોભાવ જ કેમ સ્વીકારાતો નથી! તેથી સંસારનું પણ અવિદ્યાહેતુક કે અસત્ હોવાનું માનવું જોઇએ નહીં, કેમકે તે પણ ઘડા વિગેરે વસ્તુઓની માફક પ્રપઞ્ચમધ્યપાતિ હોવાને કારણે બ્રહ્માત્મક જ છે. આવું સ્વીકારતાં, પરન્તુ, સંસારને પણ નિત્ય માનવો પડશે અને ત્યારે તો મુક્તિનો જ ઉચ્છેદ થઇ જશે! આવી શંકા પરન્તુ નિરર્થક થઇ રહી છે કેમકે જે કાલમાં જ્યાં જે પુરુષમાં બ્રહ્મનું સંસારના રૂપે આવિર્ભાવ થતો હોય તે કાલમાં તે પુરુષની ભીતર સંસારિતા હોઇ શકે, તેમજ બ્રહ્મના મુક્તિરૂપે આવિર્ભૂત થતાં જીવને મુક્ત પણ માની શકાય છે, આવી ઉપપત્તિ શા માટે રજુ ન કરી શકાય? માટીનો કાચો ઘડો કાળા રંગનો દેખાતો હોય છે પણ તેને જ પકાવવામાં આવતાં લાલ રંગનો બની જતો હોય છે. આવી રીતે જ જીવની બાબતમાં પણ કેમ વિચારી ન શકાય! અવિદ્યાને કારણે જીવ બદ્ધ થાય છે એમ શ્રુતિઓમાં પ્રસિદ્ધ હોવાથી કોઇ અનુપપત્તિ લાગતી હોય તો તે યુક્તિયુક્ત નથી કેમકે ઘડો અને તેને ભાંગનાર દંડા ની

માફક સંસાર અને તેને ભાંગનાર વિદ્યા ની બાબતમાં સમાન યોગક્ષેમ સ્વીકારવું જોઈએ. આથી એક લાભ એ થશે બ્રહ્મવાદ તેના વિશુદ્ધ રૂપમાં સ્વીકારી શકાશે. જો સંસારને લેશમાત્ર પણ માયિક માનવાં જતાં તો પ્રપઞ્ચને પણ માયિક માની લેવામાં આપત્તિ રજુ થઈ શકે નહીં *

આ શંકાનું સમાધાન પરન્તુ ધૈર્યપૂર્વક વિચારતાં આ સ્પષ્ટ થાય છે કે પ્રપઞ્ચને શ્રુતિપ્રમાણના આધારે બ્રહ્માત્મક માનવામાં આવી રહ્યું છે નહિકે યુક્તિના આધારે. બ્રહ્માત્મક હોવાને કારણે પ્રપઞ્ચનું નિત્ય હોવું અનિવાર્ય છે; અને તેથી જ તેનો ઉત્પત્તિ-નાશ ન માની આવિર્ભાવ-તિરોભાવ સ્વીકારવામાં આવ્યો છે. તે આવિર્ભાવ-તિરોભાવ તો જે વસ્તુ વિદ્યમાન હોય તેનો જ હોઈ શકે, સર્વથા અવિદ્યમાન કે અસત્ વસ્તુનો નહીં. સત્ ક્યારેય અસત્ બની શકતું નથી, તેમજ અસત્ સત્ બની શકતું નથી. તદ્ઉપરાંત સંસારની જ અવિદ્યાહેતુકતા શ્રુતિ પ્રતિપાદિત કરે છે, પ્રપઞ્ચની બ્રહ્મરૂપતાની માફક જ. તેથી પ્રપઞ્ચના રૂપે બ્રહ્મનો આવિર્ભાવ દેખાડીને અવિદ્યાને કારણે જે સંસાર નિરૂપિત થયો છે તે તેમજ વિદ્યાને કારણે સંસારની નિવૃત્તિ પણ. તેથી સંસારને પ્રપઞ્ચથી ભિન્ન માનવું જ પડશે. આમ સંસારની અસત્તા જ સિદ્ધ થાય છે. અહિંયા આ ઉલ્લેખ કરવો આવશ્યક છે કે દંડા કે મુદ્ગર થી ઘડા વિગેરેના વિનાશની માફક સંસારનો પણ અવિદ્યાથકી આવિર્ભાવ અને વિદ્યા થકી તિરોભાવ ની સમાન યોગક્ષેમતાની દલીલનું સમાધાન આમ થઈ શકે કે આવું ત્યારે સમ્ભવે જ્યારે સંસાર પ્રપઞ્ચની અંદર એટલે પ્રપઞ્ચમધ્યપાતી હોત! બન્નેનાં કારણો જુદા-જુદા હોવાથી સંસારની કથા પ્રપઞ્ચની માફક માની શકાતી નથી. આ વેદાન્ત કોઈ યૌક્તિક શાસ્ત્ર નથી આ તો શ્રૌત શાસ્ત્ર છે. તેથી આસ્તિકોએ તો જેવું શ્રુતિઆદિ શાસ્ત્રોમાં પ્રતિપાદન મળતું હોય તે મુજબ પોતાના મતની રજુઆત કરવી જોઈએ.



અવતરણિકા :

**સર્વત્ર પરિચ્છેદસ્ય પ્રયોજનમ્ આહ —**

કારિકા :

**અનન્તમૂર્તિ તદ્ બ્રહ્મ હિ અવિભક્તં વિભક્તિમત્॥૨૬॥**
**''બહુ સ્યાં પ્રજાયેય''ઇતિ વીક્ષા તસ્યહિ અભૂત્ સતી॥**

શ્લોકાન્વયાર્થ :

**તદ્ બ્રહ્મ** = તે એક બ્રહ્મ **અનન્તમૂર્તિ** = અનેક રૂપો ધારણ કરે છે. **(તદ્)** = તે નામ રૂપ કર્મોજ વિભક્ત હોવા છતાંય **અવિભક્તં** = સદેકરસ હોવાથી અવિભક્ત પણ હોય છે. **હિ** = કેમકે **તસ્ય** = તેને **''બહુસ્યાં પ્રજાયેય'' ઇતિ સતી વીક્ષા** = હું પોતે એક હોવા છતાંય અનેક રૂપો ધારણ કરૂં એવો સત્યસંકલ્પ કર્યો.

ભાવાનુવાદ :

**બ્રહ્મ જ પોતે અનન્ત (અસંખ્ય) મૂર્ત (પરિચ્છિન્ન) રૂપોને ધારણ કરીને અનન્ત વિભાગોમાં એક અવિભક્ત બની ગયો છે॥૨૬॥**

**તે બ્રહ્મને ''હું ઘણા બધા રૂપો ધારણ કરી અનેકવિધતા પ્રકટ કરૂં'' આવી સત્યકામના પોતાની બાબતમાં થઈ॥**

પ્રકાશ :

**અનન્તમૂર્તિ તદ્ બ્રહ્મ ઇતિ, 'અનન્ત'પદસ્ય ઇમમેવ અર્થં જ્ઞાપયિતું 'હિ'શબ્દઃ. તર્હિ ખણ્ડશઃ સ્યાદ્ ઇતિ આશંક્ય આહ અવિભક્તમ્ ઇતિ. અનન્તમૂર્તિષ્વપિ ન પરસ્પરં વિભેદઃ. કેવલમ્ ઇચ્છયા તાવન્માત્રપ્રકટનાર્થં વિભક્તિમત્. એતત્સ્વરૂપમ્ ઉક્ત્વા તતઃ સૃષ્ટિં વક્તું તદિચ્છાં કારણત્વેન આહ બહુ સ્યામ્ ઇતિ, અનેકત્વમ્ ઉચ્ચનીચત્વં ચ ભાવયામાસ. ભાવના તસ્ય સતી વિષયાવ્યભિચારિણી.**

**અનુવાદ:**

બ્રહ્મ દેશ-કાલ-સ્વરૂપતઃ અપરિચ્છિન્ન હોવા છતાંય લીલાર્થ પોતાની પરિચ્છિન્નતા પ્રકટ કરતો હોય છે. કેમકે :

બ્રહ્મમાં પ્રકટ થયેલ અનન્ત (અસંખ્ય) મૂર્ત (પરિચ્છિન્ન) રૂપો, અહિંયા, 'અનન્ત' પદનો અર્થ છે આવું દર્શાવવા **'જ'** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અપરિચ્છિન્નનું પરિચ્છિન્ન બનવું તેને ખંડિત નથી કરતું આ જતાડવા તેને **અવિભક્ત** કહેવાય છે. બ્રહ્મના આ **અસંખ્ય મૂર્ત રૂપો** માં પણ પરસ્પર આત્યન્તિક વિભેદ માનવાનો નથી. પોતાની લીલેચ્છાને કારણે જ તે એટલો જ માત્ર પ્રકટ થાય છે **વિભાગોમાં પ્રકટ થતો જાય છે** આવું સ્વરૂપ જતાડી તેના પછી સૃષ્ટિનાં નિરૂપણાર્થ તેની ઈચ્છાને કારણતયા કહેવાઈ રહ્યું છે હું **ઘણા બધા રૂપો ધારણ કરૂં** આ અંશદ્વારા. **અનેકવિધતા** નો અર્થ છે ઉચ્ચાવચતા પ્રકટ કરવી. તેની અનેક બની જવાની કામના **સત્યકામના** એટલે તે કામનાનાં વિષય પ્રકટ થયા વિના રહે નહીં.॥૨૬॥

**જીવના સ્વરૂપનું પ્રતિપાદન:**

**અવતરિણકા:**

**તતો યદ્ જાતં તદ્ આહ**

**કારિકા:**

**તદિચ્છામાત્રતસ્ તસ્માદ્ બ્રહ્મભૂતાંશચેતનાઃ॥૨૭॥**
**સૃષ્ટ્યાદૌ નિર્ગતાઃ સર્વે નિરાકારાસ્ તદિચ્છયા॥**
**વિસ્ફુલિંગાઇવ અગ્નેસ્તુ...............**

**શ્લોકાન્વયાર્થ:**

**તસ્માત્** = તેથી **તદિચ્છામાત્રત:** = તેની કેવલ ઈચ્છાને કારણે



**બ્રહ્મભૂતાંશચેતના:** = બ્રહ્માત્મકચિદંશો **સર્વે** = સહુ **સૃષ્ટ્યાદૌ** = સૃષ્ટિના આરંભમાં **નિર્ગતા:** = વ્યુચ્ચરિત થયા **તદિચ્છયા** = તેનીજ ઈચ્છાને કારણે **નિરાકારા** = આકાર રહિત (પણ) થયા. (જેમ) **અગ્નેસ્તુ** = અગ્નિથી **વિસ્ફુલિંગાઇવ** = તણખા ઝરે તેવી રીતે.

**ભાવાનુવાદ:**

**કેવળ તેની ઈચ્છાને કારણે જ તેમાંથી બ્રહ્માત્મિકા અસંખ્ય આંશિકી ચેતના પ્રકટ થયી॥૨૭॥**

**તે બધી ચેતનાઓ સૃષ્ટિના આરંભમાં બ્રહ્મમાંથી બહાર નીકળી અને પોતે બ્રહ્મની ઈચ્છાને અનુરૂપ આકારરહિત બની ગયી॥**

**અગ્નિમાંથી તણખલાની માફક...**

**પ્રકાશ:**

**તદિચ્છામાત્રતઃ** ઈતિ, **તસ્માદેવ બ્રહ્મભૂતાઃ** નતુ યોગબલેન **આવિર્ભૂતાઃ. અંશાઃ** સાકારાઃ **સૂક્ષ્મપરિચ્છેદાઃ. ચેતનાઃ ચિત્પ્રધાનાઃ. સર્વે અસંખ્યાતાઃ. સૃષ્ટ્યાદૌ પ્રથમસૃષ્ટૌ.** તતઃ સાકારાઃ ભગવદ્રૂપાઅપિ **ઉચ્ચનીચભાવેચ્છયા નિર્ગતાઈતિ નિરાકારાઃ** જાતાઃ. નિર્ગમને દષ્ટાન્તમ્ **આહ વિસ્ફુલિંગાઇવ અગ્નેઃ ઈતિ. "યથા અગ્નેઃ ક્ષુદ્રાઃ વિસ્ફુલિંગાઃ વ્યુચ્ચરન્તિ"** (બૃહ.ઉપ.૨।૧।૨૦) **ઈતિ શ્રુતિઃ.**

**અનુવાદ:**

તેના પછી જે થાય છે તે હવે નિરૂપિત કરવામાં આવે છે :

કેવળ તેની ઈચ્છાને કારણે જ કહ્યું, નહિકે યોગબળથી, તેથી તે ચેતનાઓ **બ્રહ્માત્મિકા** આવિર્ભૂત થયી. **આંશિકી** કહેવા

પાછળ એ મુદ્દો છે કે તેમને સાકાર તેમજ સૂક્ષ્મ પરિમાણવાળી માનવામાં આવેલ છે. **ચેતના** એટલે ચૈતન્યની તેમનામાં પ્રધાનતા જાણવી. **બધી** નો અર્થ અપરિગણિત હોવું છે. **સૃષ્ટિના આરંભમાં** એટલે પ્રથમ સૃષ્ટિમાં. તેના પછી તે ચેતનાઓ સાકાર ભગવદ્રૂપા હોવા છતાંય ઉચ્ચ-નીચનાં પ્રભેદો સાથે, **નીકળી** તેથી **આકારરહિત બની ગયી. બહાર નીકળવાનું ઉદાહરણ આપવા અગ્નિમાંથી તણખલાની માફક** કહ્યું. આ બાબતમાં **"જેમકે અગ્નિમાંથી ક્ષુદ્ર તણખાં ઝરતા હોય છે"** (બૃહ.ઉપ.૨।૧।૨૦) આ શ્રુતિ જ પ્રમાણ છે.

**સદંશરૂપ જડનાં સ્વરૂપનું પ્રતિપાદન :**

**કારિકા :**

**..............................સદંશેન જડાઅપિ॥૨૮॥**

**શ્લોકાન્વયાર્થ :**

**જડાઅપિ** = જડરૂપ ભૌતિક પદાર્થો પણ **સદંશેન** = સચ્ચિદાનન્દરૂપ સદંશથી (પ્રકટ્યા)

**ભાવાનુવાદ :**

**..................સદંશમાંથી જડસૃષ્ટિ પણ પ્રકટ થયી॥૨૮॥**

**પ્રકાશ :**

**એવં જીવોદ્ગમમ્ ઉક્ત્વા જડોદ્ગમમ્ આહ સદંશેન ઇતિ, સત્પ્રાધાન્યેન.**

**અનુવાદ :**

આમ જીવોના ઉદ્ગમનો પ્રકાર જણાવી હવે જડના ઉદ્ગમનો પ્રકાર જણાવવો છે **સદંશરૂપ** અર્થાત્ સદંશની પ્રધાનતા રાખીને.



**આનન્દાંશરૂપ અન્તર્યામીનાં સ્વરૂપનું પ્રતિપાદન :**

**કારિકા :**

**આનન્દાંશસ્વરૂપેણ સર્વાન્તર્યામિરૂપિણઃ॥**

**શ્લોકાન્વયાર્થ :**

**આનન્દાંશસ્વરૂપેણ** = તે સચ્ચિદાનન્દ બ્રહ્મના આનન્દાંશમાંથી **સર્વાન્તર્યામિરૂપિણઃ** = સહુ જડ-જીવોના અન્તર્યામી ભગવદ્રૂપોનું (પ્રાકટ્ય થયું)

**ભાવાનુવાદ :**

**સચ્ચિદાનન્દના આનન્દાંશમાંથી બધાની ભીતર રહેનાર અન્તર્યામી રૂપ પ્રકટ થયા॥**

**પ્રકાશ :**

**અન્તર્યામ્યુદ્ગમમ્ આહ આનન્દાંશસ્વરૂપેણ ઇતિ. યથા જીવાનાં નાનાત્વં તથા અન્તર્યામિણામપિ. એકસ્મિન્ હૃદયે હંસરૂપેણ ઉભયપ્રવેશાત્. ભેદસ્તુ જીવેઽપિ નાસ્તીતિ ન કાપિ અનુપપત્તિઃ.**

**અનુવાદ :**

અન્તર્યામીના ઉદ્ગમનો પ્રકાર બતાવે છે **સચ્ચિદાનન્દના આનન્દાંશમાંથી** આ અંશદ્વારા. જેમ જીવાત્મા નાના(અનેક) હોય છે તેમ જ અન્તર્યામિઓ પણ. એક જ હૃદયમાં બે હંસોનાં રૂપમાં બન્ને જ પ્રવેશ કરતા હોવાથી. બ્રહ્મની સાથે તો જીવાત્માઓનો પણ તાત્ત્વિક વિભેદ હોતો નથી તો આનન્દાંશરૂપ અન્તર્યામિઓનાં બ્રહ્મથી વિભિન્ન હોવાની કથા જ અપ્રાસંગિક હોવાથી અનુપપત્તિની કોઈ બાબત રહી જતી નથી.॥૨૮॥

ઉપર જણાવેલ ત્રૈવિધ્ય પ્રકટ થવાનો પ્રકાર:

અવતરણિકા:

**ત્રૈવિધ્યે હેતુમ્ આહ:**

કારિકા:

**સચ્ચિદાનન્દરૂપેષુ પૂર્વયોઃ અન્યલીનતા ॥૨૯॥**
**અતએવ નિરાકારૌ પૂર્વૌ આનન્દલોપતઃ ॥**

શ્લોકાન્વયાર્થ:

**સચ્ચિદાનન્દરૂપેષુ** = આ સદંશ ચિદંશ અને આનન્દાંશ થી પ્રકટ થયેલાં રૂપોમાં **પૂર્વયો:** = પહેલાં કહેલા સદંશો અને ચિદંશોમાં **અન્યલીનતા** = પાછળથી પ્રકટ થનાર એટલે સદંશોમાં ચિદંશ અને ચિદંશોમાં આનંદાંશ લીન થયેલું રહે છે એટલે પ્રકટ નહીં **અતએવ** = તેથીજ **પૂર્વૌ** = સદંશો અને ચિદંશો **આનન્દલોપત:** = આનન્દાંશના લોપને કારણે **નિરાકારૌ** = આનન્દાકારથી રહિત થઇ જાય છે.

ભાવાનુવાદ:

**સચ્ચિદાનન્દ રૂપી બ્રહ્મમાંથી પ્રકટ થનારા ત્રિવિધ અંશોમાં સદંશમાં ચિદાનન્દાંશ અને ચિદંશમાં આનન્દાંશ લીન કે તિરોહિત થતાં હોય છે; જ્યારે કે આનન્દાંશમાં કેવળ પરિચ્છિન્નતા જ પ્રકટ થતી હોય છે॥૨૯॥**

**તેથી આનન્દના લોપને કારણે સદંશ અને ચિદંશ આકારથી રહિત બની જતાં હોય છે॥**

પ્રકાશ:

**સચ્ચિદાનન્દરૂપેષુ ઇતિ, સતિ ચિદાનન્દધર્મયોઃ તિરોભાવઃ. ચિતિ આનન્દસ્ય. આનન્દાંશતિરોભાવસ્યાપિ જ્ઞાપકમાહ અતએવ નિરાકારૌ ઇતિ. ભગવદાકારઃ ચતુર્ભુજત્વાદિઃ 'આકાર'શબ્દેન ઉચ્યતે. લોપઃ તિરોભાવઃ.**



અનુવાદ:

ઉક્ત ત્રૈવિધ્યનાં પ્રાકટ્યમાં હેતુભૂત પ્રક્રિયા આવી હોય છે :

**સચ્ચિદાનન્દ રૂપી** . સદંશમાં ચિદાનન્દધર્મોનો તિરોભાવ. ચિદંશમાં આનન્દનો. આનન્દાંશના તિરોહિત થઇ જવાના જ્ઞાપક ચિહ્નો દેખાડે છે **તેથી સદંશ અને ચિદંશ આકારથી રહિત બની જતાં હોય છે.** ભગવાન્‌ના દિવ્ય ચતુર્ભુજ જેવા આકાર અહિંયા 'આકાર' શબ્દદ્વારા વિવક્ષિત છે. **લોપ** એટલે કે તિરોભાવ.

અવતરણિકા:

**એવં સ્વરૂપે વૈજાત્યમ્ ઉક્ત્વા નામતોઽપિ વૈજાત્યમ્ આહ:**

કારિકા:

**જડો જીવો અન્તરાત્મા ઇતિ વ્યવહારસ્ ત્રિધા મતઃ ॥૩૦॥**

શ્લોકાન્વયાર્થ:

**જડો જીવો અન્તરાત્મા** = જડસૃષ્ટિ જીવસૃષ્ટિ અને તેમના અન્તર્યામિરૂપ અન્તરાત્મા **ઇતિ** = આવા **ત્રિધા** = ત્રણ પ્રકારનો **વ્યવહાર** = સૃષ્ટિમાં ભેદવ્યવહાર **મત:** = માનવામાં આવે છે.

ભાવાનુવાદ:

**સૃષ્ટિલીલામાં આ ત્રિવિધ અંશોમાં જડ જીવ અને અન્તરાત્મા આવા ત્રણ પ્રકારનાં વ્યવહાર શક્ય બની જતાં હોય છે॥૩૦॥**

પ્રકાશ:

**જડઃ ઇતિ, સર્વસ્યાપિ ભગવત્ત્વે 'જડા'દિપદપ્રયોગો વ્યવહારઃ.**

અનુવાદ:

આમ આ બધાં સ્વરૂપો જેમ પરસ્પર વિજાતીય પ્રકટ થાય

છે તેમજ નામો પણ તેમનાં જુદા-જુદા હોય છે, તે નિરૂપણ કરે છે :

**જડ** કહેવાનું કારણ આ કે અહીં જે કાંઇ પ્રકટ થયું તે બધું ભગવાન્ જ હોય તો 'જડ' વિગેરે જુદાં-જુદાં પદોનાં પ્રયોગો કેવળ **વ્યવહાર** પૂરતાં જ સિદ્ધ થશે.

**સૃષ્ટિમાં ચિદંશ રૂપી જીવાત્માની સાથે સંસારના ઉત્પન્ન થવાનો પ્રકાર :**

**અવતરણિકા :**

**એવં ત્રૈવિધ્યમ્ ઉપપાદ્ય ચિદંશાનાં જીવાનાં સંસારપ્રકારમ્ આહ** —

કારિકા :

**વિદ્યાઽવિદ્યે હરેઃ શક્તી માયયૈવ વિનિર્મિતે ।।**
**તે જીવસ્યૈવ ન અન્યસ્ય દુઃખિત્વં ચાપિ અનીશતા ।।૩૧।।**

**શ્લોકાન્વયાર્થ :**

**વિદ્યાઽવિદ્યે** = વિદ્યા અને અવિદ્યા (**યે** = જે) **માયયૈવ** = સર્વભવનસામર્થ્યરૂપી માયાથી **શક્તી** = ભગવાન્થી જુદી બે શક્તિઓ **વિનિર્મિતે** = પ્રકટ થયેલ છે. **તે** = તે બન્ને શક્તિઓ **જીવસ્યૈવ** = જીવ ઉપરજ (અસરકારક થતી હોય છે) **ન અન્યસ્ય** = અન્ય જે જડ કે અન્તર્યામી અંશોપર (અસરકારક થતી નથી. તેથીજ) **દુઃખિત્વં** = દુઃખભાગી **ચ** = અને **અનીશતા** = અસમર્થતા **અપિ** = પણ (તે જીવમાં થાય છે.)

ભાવાનુવાદ :

**શ્રીહરિની સર્વભવનસામર્થ્યરૂપા માયાદ્વારા વિનિર્મિત વિદ્યા અને અવિદ્યા શ્રીહરિની શક્તિઓ છે ।।**

**તે ચિદંશ રૂપી જીવાત્માઓની સાથે જોડાય છે, સદંશ રૂપી જડ કે આનન્દાંશ રૂપી અન્તર્યામી ની સાથે નહીં. તેથી જીવાત્મા જ દુઃખી અને અનીશ્વર બને છે ।।૩૧।।**



**પ્રકાશ :**

**વિદ્યાઽવિદ્યે** ઇતિ, મોક્ષોઽપિ એકઃ સર્ગઃ ઇતિ વિદ્યાયાઅપિ નિરૂપણમ્. આત્મનઃ સ્વરૂપલાભો વિદ્યયા, દેહલાભો અવિદ્યયા ઇતિ. ઉભયોઃ જીવધર્મત્વં વ્યાવર્તયતિ હરેઃ **શક્તી** ઇતિ. **તેન ભગવદિચ્છયૈવ તયોઃ આવિર્ભાવતિરોભાવયોઃ** હેતુત્વમ્ ઇતિ ઉક્તમ્. **અનયોઃ માયાધીનત્વમ્** આહ **માયયૈવ વિનિર્મિતે** ઇતિ. **તેન "મામેવ યે પ્રપદ્યન્તે"** (ભગ.ગીતા.૭।૧૪) ઇતિ **વાક્યાદ્ ભક્તૌ સત્યામ્ અવિદ્યાદિ નિવર્તતે વિદ્યાપિ. અન્યથા નિત્યમુક્તતા ન સ્યાત્.** તે ઉભે **જીવરૂપસ્યૈવ અંશસ્ય ભવતો ન અન્યસ્ય,** જડાંશસ્ય **અન્તર્યામિણો** વા, **જીવસ્યૈવ** દુઃખિતત્વમ્ **અનીશત્વં ચ.**

અનુવાદ :

આવા ત્રૈવિધ્યનું ઉપપાદન ચિદંશ રૂપી જીવોમાં પ્રકટ થનાર સંસારની ઉત્પત્તિનો પ્રકાર વર્ણવીને દેખાડવામાં આવે છે :---------------

**વિદ્યા અને અવિદ્યા** આ બન્ને શક્તિઓ જે દેખાડી તે બાબતમાં આ જાણી લેવું જરૂરી છે કે મુક્તાત્માઓની સૃષ્ટિ પણ તે પરમાત્માએ પોતાનામાંથી સૃષ્ટ સર્ગનો જ એક પ્રકાર છે. તેથી વિદ્યાશક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જીવાત્માઓને તેઓના પોતાનાં સ્વરૂપમાં અવસ્થિત થવાનો લાભ વિદ્યાદ્વારા મળતો હોય છે કે દેહનો લાભ અવિદ્યાદ્વારા. તો પછી બન્નેનો જીવનાં બે ધર્મોના રૂપે ઉલ્લેખ શામાટે નથી કરાવાતો! આવી આશંકાનાં નિવારણમાટે વિદ્યા અને અવિદ્યા ને **શ્રીહરિની શક્તિ** તરીકે બિરદાવેલ છે. તેથી ભગવદિચ્છા જ તેમનાં આવિર્ભાવ અને તિરોભાવ નો હેતુ બને છે. આ બન્ને વિદ્યા અને અવિદ્યા શક્તિઓ માયાને આધીન

હોય છે, તેવું નિરૂપણ કરવામાં આવે છે કે આ **માયાદ્વારા વિનિર્મિત** શક્તિઓ છે. તેથી ભગવાને કહ્યું છે **"જે કોઈ જીવ મારી શરણે આવે તે જ મારી માયાને તરી શકે છે"** (ભગ.ગીતા.૭।૧૪). તેથી ભક્તિ સિદ્ધ થતાં અવિદ્યા વિગેરે બાધા નિવૃત્ત થઈ જતી હોય છે; અને, વિદ્યા પણ. જો આમ ન માનવામાં આવે તો કેટલાક જીવાત્માઓનું નિત્યમુક્ત હોવું ઉપપન્ન નહીં થાય. આ વિદ્યા અને અવિદ્યા ચિદંશ રૂપી જીવાત્માઓ સાથે જ જોડાય છે **બીજાઓ સાથે નહીં** સદંશ રૂપી જડ કે આનન્દાંશ રૂપી અન્તર્યામી ની સાથે નહીં. તેથી **જીવાત્મા જ** દુઃખી અને અનીશ્વર બની જતો હોય છે.

**અવતરણિકા :**

**અવિદ્યાયાઃ પઞ્ચ પર્વાણિ આહ :**

**કારિકા :**

**[૧] સ્વરૂપાજ્ઞાનમ્ એકં હિ પર્વ [૨-૩-૪] દેહેન્દ્રિયાસવઃ ।।**
**[૫] અન્તઃકરણમ્ એષાં હિ ચતુર્ધા અધ્યાસ ઉચ્યતે ।।૩૨।।**
**પઞ્ચપર્વાતુ અવિદ્યા ઈયં યદ્બદ્ધો યાતિ સંસૃતિમ્ ।।**

**શ્લોકાન્વયાર્થ :**

**એકં હિ સ્વરૂપાજ્ઞાનં પર્વ** = એક પોતાનાં સ્વરૂપનું અજ્ઞાન થવું તે અવિદ્યાનું પર્વ છે **દેહેન્દ્રિયાસવઃ અન્તઃકરણમ્** = (બીજાં વિપરીતજ્ઞાનનાં) દેહાધ્યાસ ઈન્દ્રિયાધ્યાસ પ્રાણાધ્યાસ અને અન્તઃકરણાધ્યાસ **એષાં** = એમના **ચતુર્ધા** = ચાર પ્રકારનાં પર્વોને **અધ્યાસ** = વિપરીતજ્ઞાન **ઉચ્યતે** = કહેવામાં આવે છે. **ઈયં તુ** = આ તો **પઞ્ચપર્વા** = પાંચ પર્વોવાળી **અવિદ્યા** = 'અવિદ્યા' નામની ભગવાન્‌ની જે શક્તિ **યદ્બદ્ધો** = જેનાથી બંધાઈને જીવાત્મા **સંસૃતિં** = અહંતા - મમતાત્મક જન્મમરણનાં સંસારચક્રમાં **યાતિ** = પડે છે.



**ભાવાનુવાદ :**

**[૧] અવિદ્યાનો પ્રથમ પર્વ અજ્ઞાનાત્મક એટલે કે સ્વરૂપાજ્ઞાન અને અન્યથાજ્ઞાનાત્મક હોય છે, [૨] દેહાધ્યાસ [૩] ઈન્દ્રિયાધ્યાસ [૪] પ્રાણાધ્યાસ આમ બીજો અને ત્રીજો અને ચોથો પર્વ જાણવો ।।**
**પાંચમો પર્વ [૫] અન્તઃકરણાધ્યાસનો છે, આમ સરવાળે બધા મળીને ચાર જાતનાં અધ્યાસ કહેવાય છે ।।૩૨।।**
**આમ અવિદ્યાનાં આ પાંચેય પર્વોમાં બંધાયેલો જીવ સંસૃતિ (સંસાર) થી ઘેરાઈ જતો હોય છે ।।**

**પ્રકાશ :**

**સ્વરૂપાજ્ઞાનમ્ ઈતિ, અન્તઃકરણાધ્યાસઃ પ્રાણાધ્યાસ ઈન્દ્રિયાધ્યાસો દેહાધ્યાસઃ સ્વરૂપવિસ્મરણં ચ ઈતિ પંચ પર્વાણિ. યસ્યાં સમ્પૂર્ણાયાં જાતાયામ્ અન્યધર્મૈઃ બદ્ધો જન્મમરણે પ્રાપ્નોતિ ઈતિ અર્થઃ.**

**અનુવાદ :**

હવે અવિદ્યાનાં પાંચ પર્વોનું નિરૂપણ કરવામાં આવે છે :

**સ્વરૂપાજ્ઞાન** વિગેરે, અન્તઃકરણાધ્યાસ પ્રાણાધ્યાસ ઈન્દ્રિયાધ્યાસ દેહાધ્યાસ સ્વરૂપવિસ્મરણ આમ અવિદ્યાનાં પાંચ પર્વો. જે પૂરેપૂરા પ્રકટ થતાં જ બીજા પણ કેટલાક ધર્મોથી બંધાયેલ જન્મ-મરણનાં ચક્રમાં ફસાઈ જતો હોય છે, એવો આશય જાણવો.

**ચિદંશરૂપ જીવાત્માની સંસારનિવૃત્તિના પ્રકાર :**

**અવતરણિકા :**

**અવિદ્યાં નિરૂપ્ય વિદ્યાં નિરૂપયતિ :**

**કારિકા :**

**વિદ્યયા અવિદ્યાનાશેતુ જીવો મુક્તો ભવિષ્યતિ ।।૩૩।।**

**દેહેન્દ્રિયાસવઃ સર્વે નિરધ્યસ્તાઃ ભવન્તિ હિ ॥**
**તથાપિ ન પ્રલીયન્તે જીવન્મુક્તગતાઃ સ્ફુટમ્ ॥૩૪॥**

શ્લોકાન્વયાર્થ :

**વિદ્યયા** = વિદ્યાથી **અવિદ્યાનાશે** = અવિદ્યા તિરોહિત થતાં **જીવો** = જીવાત્મા **મુક્તો** = મુક્ત **ભવિષ્યતિ** = બની જશે. (ત્યારે) **દેહેન્દ્રિયાસવઃ સર્વે** = દેહાધ્યાસ ઈન્દ્રિયાધ્યાસ પ્રાણાધ્યાસ અન્તઃકરણાધ્યાસ આમ બધાંજ વિપરીતજ્ઞાન પણ મટી જતાં હોય છે. **તથાપિ** = તો પણ (તેને કારણે) **ન પ્રલીયન્તે** = દેહ ઈન્દ્રિય પ્રાણ કે અન્તઃકરણ નો લય થઈ જતો નથી. (કેમકે) **જીવન્મુક્તગતાઃ** = જીવન્મુક્તિ મેળવનારાઓને પણ દેહાદિ વિદ્યમાન તો હોયજ છે. **સ્ફુટમ્** = તેમ સ્ફુટ અનુભવાય પણ છે.

ભાવાનુવાદ :

**વિદ્યાદ્વારા અવિદ્યાનો નાશ થતાં જીવ મુક્ત થઈ જાય છે ॥૩૩॥**

**અવિદ્યા નષ્ટ થયા પછી દેહ ઈન્દ્રિય પ્રાણ અને અન્તઃકરણ નષ્ટ થતાં નથી પરન્તુ જીવચેતનામાં આમની બાબતમાં અધ્યાસ નિવૃત્ત થઈ જાય છે ॥**

**નિરધ્યસ્ત દેહ વિગેરેનો, છતાંય, લય થતો નથી કેમકે જીવન્મુક્ત આત્માઓની સંગાથે તેઓ સ્ફુટતયા જોડાયેલા તો દેખાય જ છે ॥૩૪॥**

પ્રકાશ :

**વિદ્યયા ઈતિ, નિદ્રાવદ્ અવિદ્યાપગમે ન જીવસ્ય જન્મમરણે. તદા તસ્મિન્ જન્મનિ ગૃહીતાનાં દેહાદીનાં વિલયાભાવમ્ આહ દેહેન્દ્રિયાસવઃ ઈતિ. અધ્યાસએવ ગચ્છતિ, ન સ્વરૂપમ્. પ્રપઞ્ચમધ્યપાતાત્. અધ્યાસાભાવે સ્થિતિઃ ન સ્યાદ્ ઈતિ આશંક્ય આહ તથાપિ ન પ્રલીયન્તે ઈતિ,**



**સ્વબુદ્ધ્યા લીનવત્ પ્રતિભાનેઽપિ ન સર્વેષાં બુદ્ધ્યા તથા પ્રતિભાનમ્.**

અનુવાદ :

અવિદ્યાના નિરૂપણ પછી હવે વિદ્યાનું નિરૂપણ કરવામાં આવે છે :

**વિદ્યાદ્વારા** ઈત્યાદિ. કહેવાનો અભિપ્રાય આમ છે કે અવિદ્યાનો નિદ્રાની માફક અપગમ થતાં જીવને જન્મ-મરણનું ચક્ર અનુભવાતું નથી. અવિદ્યાના નિવૃત્ત થવા ઉપરાંત તે જન્મમાં જે દેહ આદિ મળેલાં હોય તેમનો વિલય થતો નથી આમ **દેહ ઈન્દ્રિય પ્રાણ અને અન્તઃકરણ** આ અંશથકી પ્રતિપાદિત થાય છે. આ દેહ વિગેરે સાથે જોડાયેલા અધ્યાસ જ ફક્ત નિવૃત્ત થાય છે, નહિકે સ્વરૂપતઃ દેહ વિગેરે, દેહ વિગેરે સ્વરૂપતઃ તો બાહ્ય પ્રપઞ્ચનાં પદાર્થો છે અધ્યાસકલ્પિત આન્તરિક પદાર્થ નહીં. જીવચેતનાની સાથે અધ્યાસ વગર આ ટકી નહીં શકે આ આશંકાના નિવારણાર્થે કહે છે **નિરધ્યસ્ત દેહ વિગેરેનો, છતાંય, લય થતો નથી.** વિદ્યાવાન્ પુરુષની પોતાની બુદ્ધિમાં દેહ વિગેરે જાણે લય થઈ ગયા હોય એવું ભાન થતું હોવા છતાંય તેને જોનારા અન્ય સહુની બુદ્ધિમાં તો દેહ વિગેરેનું લીન ન થયા હોય તેવું જ ભાન થતું હોય છે.

.............

અવતરણિકા :

* **નનુ જીવબ્રહ્મણોઃ ઐક્યાન્યથાનુપપત્ત્યા "તત્ ત્વમ્ અસિ"** (છાન્દો.ઉપ.૬।૭।૭) **ઈત્યાદિવાક્યાનુરોધેન બિમ્બપ્રતિબિમ્બયોઃ ઐક્યં યુક્તમ્ ઈતિ તથાત્વં કલ્પ્યતે!* ઈતિ આશંકાં તિરસ્કુર્વન્ "તત્ ત્વમ્ અસિ" ઈતિ વાક્યં ન મહાવાક્યમ્ ઈતિ આહ :**

કારિકા :

**"તત્ ત્વમ્ અસિ"આદિવાક્યસ્ય શોધિતસ્યાપિ યુક્તિતઃ ॥**

**ન વિદ્યાજનને શક્તિર્ અન્યાર્થં તચ્ચ કીર્તિતમ્॥૬૧॥**

**શ્લોકાન્વયાર્થ :**

**"તત્ ત્વમ્ અસિ" આદિવાક્યસ્ય** = "તે તું છે" તેવા જીવાત્માના સાચા સ્વરૂપનો ઉપદેશ કરતા વચનોના તાત્પર્યનું **યુક્તિત:** = મનન વડે **શોધિતસ્યાપિ** = શોધનનું ચિન્તન કરવા છતાંય (સ્વરૂપાજ્ઞાનની નિવર્તિકા) **વિદ્યાજનને** = વિદ્યાને પ્રકટ કરવાનું **શક્તિ: ન** = સામર્થ્ય નથી. **તચ્ચ** = તે તો **અન્યાર્થં** = બીજા કોઈ પ્રયોજનથી **કીર્તિતમ્** = કહેવાયેલું છે.

**ભાવાનુવાદ :**

**"તે તું પોતે છે" વિ. વચનોનું કેટલી પણ યુક્તિઓ સાથે મનન કરવામાં આવે તો પણ॥**
**કેવળ આવા વચનોને આધારે વિદ્યા પ્રકટ થઈ શકતી નથી કેમકે આ વચનો કોઈક જુદાજ પ્રયોજનવશ ઉપદેશાયેલા છે॥૬૧॥**

**પ્રકાશ :**

**તત્ ત્વમ્ અસિ ઈતિ, ઈદં વાક્યં શ્વેતકેતૂપાખ્યાને વર્તતે. તત્ર ઉપક્રમે "અપિ વા તમ્ આદેશમ્ અપ્રાક્ષો યેન અશ્રુતં શ્રુતં ભવતિ"** (છાન્દો.ઉપ.૬।૧।૨-૩) **ઈત્યાદિના એકવિજ્ઞાનેન સર્વવિજ્ઞાનં પ્રતિજ્ઞાતમ્. તદ્ એકમેવ ચેત્ સર્વં તદા ઉપપદ્યતે. યથા સુવર્ણખણ્ડાઃ સુવર્ણકાર્યં ચ સર્વં સુવર્ણમિતિ સુવર્ણજ્ઞાને તજ્જ્ઞાનં ભવતિ. તદર્થં "સદેવ, સૌમ્ય!,..."** (છાન્દો.ઉપ.૬।૨।૧) **ઈત્યારભ્ય નિરૂપિતમ્ "ઐતદાત્મ્યમ્ ઈદં સર્વમ્"** (છાન્દો.ઉપ.૬।૭।૭) **ઈતિ જડસ્ય સર્વસ્યાપિ તદાત્મકત્વમ્ ઉક્તં, જડગતદોષાઃ ચ તત્ર પરિહૃતાઃ "તત્ સત્યમ્" ઈતિ. પૂર્વોત્તરયોઃ જડજીવયોઃ સદાત્મકત્વે મધ્યે હેતુમ્ આહ "સ આત્મા" ઈતિ. એવં જડસ્ય તદાત્મકત્વમ્ ઉક્ત્વા જીવસ્યાપિ આહ "તત્ ત્વમ્ અસિ"** ઈતિ.



ઉપદેશશ્ચ અયમ્, "આવૃત્તિર્ અસકૃદ્ ઉપદેશાદ્" (બ્ર.સૂ.૪।૧।૧) **ઈતિ બ્રહ્મસૂત્રાત્. અતઃ સમ્પૂર્ણં મહાવાક્યમ્ ઉપદેશઃ. તત્ર યથા "ઐતદાત્મ્યમ્" ઈત્યત્ર ન ભાગત્યાગલક્ષણા સદંશે તથા ઉત્તરત્રાપિ ચિદંશે અવગન્તવ્યમ્. નાપિ શ્વેતકેતુઃ અવતારઃ, પૂર્વં સ્તબ્ધત્વાદિદોષકીર્તનાત્, વિરોધાત્ ચ. અતો બ્રહ્મવાક્યત્વાત્ તદેકદેશઃ તત્ ત્વમ્ અસિ ઈતિ જીવબ્રહ્મણોઃ ઐક્યં ન બોધયતિ. વાક્યભેદપ્રસંગાદ્ ઉપક્રમવિરોધાત્ ચ. કેચિદ્ અષ્ટપદાનિ મહાવાક્યમ્ ઈતિ આહુઃ તદપિ તથા. "અતત્ત્વમ્ અસિ" ઈતિ છેદસ્તુ ન વૈદિકાનાં સમ્મતઃ. અતો ન અસ્ય વિદ્યાજનને શક્તિઃ, અન્યાર્થકીર્તનાત્.**

**અનુવાદ :**

*અહિંયા એક શંકા સંભવે કે જીવ અને બ્રહ્મ ની વચ્ચે એકત્વ સ્વીકાર્યા વિના તો છુટકો જ નથી તેથી **"તે તું પોતે છે"** (છાન્દો.ઉપ.૬।૭।૭) આવા શ્રુતિવચનોનાં અનુરોધવશ જીવ-બ્રહ્મની વચ્ચે બિમ્બ-પ્રતિબિમ્બ જેવો સંબન્ધ માનીને બન્નેને એક જ માની લેવું યુક્ત લાગે છે!* આના નિરાકરણ માટે **"તે તું પોતે છે"** આ વાક્યને મહાવાક્ય માની શકાતું નથી, તે હવે નિરૂપણ કરે છે :

તે તું પોતે છે આ વચન શ્વેતકેતુના ઉપાખ્યાનમાં મળે છે. અહિંયા ઉપક્રમમાં આ પ્રશ્ન ઉપસ્થાપિત કરવામાં આવ્યો છે કે **"શ્વેતકેતુ કોઈક એવો ઉપદેશ સાંભળી કે મેળવી શક્યો છે કે નહિ જે એકને સાંભળવા કે જાણવા થી ન સાંભળેલું કે ન જાણેલું પણ બધું જાણી લઈ શકાય"** (છાન્દો.ઉપ.૬।૧।૨-૩) આવા પ્રતિપાદનદ્વારા એકનાં વિજ્ઞાનથી સર્વવિજ્ઞાન શક્ય માનવામાં આવ્યું છે. આવું, પણ, શક્ય તો ત્યારે જ થાય કે જ્યારે કોઈ એક જ તત્ત્વ બધા રૂપે પ્રકટ થતું હોય. જેમ સુવર્ણનાં અનઘડ ખણ્ડો અને સુવર્ણથી ઘડાયેલ વિવિધ આભરણ રૂપી કાર્ય બધા સુવર્ણરૂપ જ હોય છે તેથી સુવર્ણને જાણી લેતાં તેઓને પણ જાણી શકાય

છે. આ માટે **"આ પહેલાં પણ સત્ જ હતું ..."** (છાન્દો.ઉપ.૬।૨।૧) આમ પહેલાં કહેવાયું પછી **"આ બધું જ એતદાત્મક છે"** (છાન્દો.ઉપ.૬।૭।૭) આમ કહીને સમગ્ર જડ પદાર્થોનું તદાત્મક હોવું કહેવાયું છે, એટલે જડ પદાર્થગત દોષોનો પણ પરિહાર સૂચિત થઈ ગયો. તેનાં પછી **"આ સત્ય છે"** આમ કહેવામાં આવ્યું. પૂર્વોત્તર જડજીવોનાં સદાત્મક હોવાનાં નિરૂપણની વચ્ચે હેતુ પણ કહેલો જ છે **"કેમકે બધાની ભીતર આત્મા તો તે જ છે"** આ વચનાંશમાં. આમ જડ પદાર્થોની બાબતમાં તદાત્મક હોવાના વિધાન કર્યા બાદ જીવની બાબતમાં પણ તે જ વિધાન કરવા **"તે તું પોતે છે"** કહેવામાં આવે છે. આ તો ઉપદેશ છે આનું આવર્તન તો **"આવૃત્તિ અનેક વખતે ઉપદેશ આપવામાં આવેલ હોવાથી"** (બ્ર.સૂ.૪।૧।૧) કરવું શ્રુતિને અભિપ્રેત છે આમ આ બ્રહ્મસૂત્રમાં કહેવાયું હોવાથી. તેથી સમ્પૂર્ણ મહાવાક્યનો ઉપદેશ માનવો જોઈએ નહિકે ફક્ત "તે તું પોતે છે" આટલા જ વાક્યાંશનો. અહિંયા જેમ **"એતદાત્મક... "** શબ્દના પ્રયોગમાં જેમ સદંશની બાબતમાં ભાગત્યાગલક્ષણાની પ્રક્રિયા સ્વીકારવામાં આવી નથી, તેમજ ચિદંશની બાબતમાં પણ માનવી જોઈએ નહીં. શ્વેતકેતુ કોઈ ભગવાન્નો અવતાર તો ન્હોતો કે તે "તે તું પોતે છે" કહેવું સુસંગત માની શકાય, આરંભમાં શ્વેતકેતુને ઘમંડી તરીકે વર્ણવાયેલો હોવાથી. પૂર્વાપર સંદર્ભોની સંગતિનો વિચાર કરતાં પણ વિસંગતિ લાગે છે. તેથી પ્રસ્તુત વિધાન બ્રહ્મનું પ્રતિપાદન કરનારું વાક્ય હોવાથી બ્રહ્મના એકદેશરૂપ જીવની બાબતમાં **તે તું પોતે છે** આવો અભિપ્રાય પ્રકટ કરવામાં આવ્યો છે નહિકે જીવ-બ્રહ્મની આત્યન્તિકી એકતાને અનુલક્ષીને, કેમકે તેવી એકતાના પ્રતિપાદનાર્થ માનવા જતાં પ્રસ્તુત વાક્યની આન્તરિક એકતા ખણ્ડિત થશે અને ઉપક્રાન્ત પ્રતિપાદનથી પણ વિરુદ્ધ જનારી વાત લાગે છે. કેટલાક લોકો મહાવાક્યને આઠ પદોથી ઘટિત માને છે તે પણ અનુચિત જ છે. તેમજ પ્રસ્તુત વાક્યમાં "તે તું નથી" આવો અર્થ (સંસ્કૃતભાષાનાં સંધિનિયમનો બહાનું કાઢીને "શ્વેતકેતોऽ(=અ)તત્



ત્વમ્ અસિ") આવો સંધિવિચ્છેદ તો વૈદિકોમાં પ્રચલિત પદપાઠથી વિસંવાદી હોવાથી માન્ય થઈ શકતો નથી. તેથી આ વચનમાં વિદ્યા પ્રકટ કરવાની શક્તિ માની શકાતી નથી, અન્યાર્થક હોવાને કારણે જ.

**અવતરણિકા:**

**તદેવ આહ:**

**કારિકા:**

**બ્રહ્મણઃ સર્વરૂપત્વમ્ અવયુજ્ય નિરૂપિતમ્ ।।**
**અલૌકિકં તત્ પ્રમેયં ન યુક્ત્યા પ્રતિપદ્યતે ।।૬૨।।**

**શ્લોકાન્વયાર્થ:**

**બ્રહ્મણ:** = બ્રહ્મનું **સર્વરૂપત્વં** = જડ - જીવ વિગેરે સર્વરૂપ હોવું **અવયુજ્ય** = તેને તોડી - મરોડીને **નિરૂપિતં** = નિરૂપણ કરવામાં આવ્યું છે. **તત્ પ્રમેયં** = તે બ્રહ્મરૂપી પ્રમેય **અલૌકિકં** = લૌકિક પ્રમાણોથી અગમ્ય હોવાથી **યુક્ત્યા** = તે લૌકિક પ્રમાણો ઉપર અવલંબિત થતી યુક્તિ કે તર્કો થી **ન પ્રતિપદ્યતે** = જાણી શકાતું નથી.

**ભાવાનુવાદ:**

**બ્રહ્મ સર્વરૂપ છે પરન્તુ તેની સર્વરૂપતાને ખણ્ડિત કરી ફક્ત જીવરૂપતા દર્શાવવામાં આવે છે ।।**

**બ્રહ્મ કાંઇક લૌકિક પ્રમેય તો નથી જેનું સ્વરૂપ લૌકિકયુક્તિના આધારે નિર્ધારિત કરી શકાય ।।૬૨।।**

**પ્રકાશ:**

**બ્રહ્મણઃ સર્વરૂપત્વમ્ ઇતિ, અવયુજ્ય જડજીવૌ પૃથક્કૃત્ય. "સર્વં બ્રહ્મ" ઇતિ વક્તું જીવસ્ય બ્રહ્મતા નિરૂપિતા. *નનુ અસ્તુ વાક્યભેદઃ! તથા સતિ એતાવન્માત્રં જીવસ્ય બ્રહ્મતાં બોધયતિ. તચ્ચ સાક્ષાદ્ અનુપપન્નં સદ્ ભાગત્યાગલક્ષણયા અખણ્ડમેવ વાક્યાર્થં બોધયતિ* ઇતિ ચેત્, સાધુ**

बुद्धिमतां बकबन्धप्रयासो वृत्तः. ઉપદેશફલમ્ આયુષ્મતાં કિં વૃત્તમ્ ઇતિ અનુસન્ધેયમ્. બ્રહ્મભાવેન અધિકધર્માભાવાદ્, દેહાદિભેદબોધનેનાપિ દોષનિરાકરણસમ્ભવાત્ ચ. તતો વ્યર્થઃ પ્રકરણભેદમપિ અંગીકૃત્ય મહાવાક્યત્વેન ઉપદેશપ્રયાસઃ. તર્હિ શ્રુતિઃ કથમ્ ઉપદિશતિ ઇતિ ચેત્ તત્ર આહ અલૌકિકં તત્ પ્રમેયમ્ ઇતિ, લૌકિકં હિ લોકયુક્ત્યા અવગમ્યતે બ્રહ્મતુ વૈદિકમ્. વેદપ્રતિપાદિતાર્થબોધો ન શબ્દસાધારણવિદ્યયા ભવતિ.

**અનુવાદ:**

અગ્રિમ કારિકામાં આ નિરૂપણ જ થઈ રહ્યું છે:

બ્રહ્મ સર્વરૂપ છે ઈત્યાદિ. **ખણ્ડિત કરી** અર્થાત્ જડ અને જીવ નાં વિભાજનદ્વારા. વસ્તુતઃ તો "જે કાંઈ છે તે બધું બ્રહ્મ છે" આમ કહેવામાટે જીવનું બ્રહ્મરૂપ હોવું નિરૂપિત કરવામાં આવ્યું છે. *જો શંકા ઉભી થાય કે વાક્યભેદ થઈ જતો હોય તો પણ તેમાં આપત્તિ શી! કેમકે આમ કરતાં પણ શ્રુતિએ સ્વીકારેલ જ જીવનું બ્રહ્મ હોવું સિદ્ધ થશે. હવે જીવનું બ્રહ્મરૂપ હોવું સાક્ષાત્ તો ઉપપન્ન થાય નહિં, તેથી ભાગત્યાગલક્ષણાદ્વારા જ વાક્યને બ્રહ્મના અખણ્ડ ઐક્યનું પ્રતિપાદક માનવું યોગ્ય લેખાશે* આવી શંકા રજુ કરવી, કિન્તુ ઉચિત નથી, કેમકે આટલું લાંબું ચક્કર મારીને પણ અન્તે આવા ઉપદેશનું ફળ કયું તે તો દેખાડવું જ પડશે. જીવનું બ્રહ્મ હોવાનું કહેવા છતાંય શોધવાનું રહ્યું કે જીવાત્માની જાણકારીની બહાર હોય એવું તે કેવું રહસ્ય અહિંયા અધિક ઉપદિષ્ટ થયું, જેને જીવાત્મા પોતે આવા ઉપદેશ મળવાની પહેલા પણ જાણતો ન હોય! જો એમ કહેવામાં આવે કે અધ્યસ્ત દેહ વિગેરેથી અતિરિક્ત હોવાનો બોધ અહિંયા જીવાત્માને વિશિષ્ટ રીતે મળતો હોય છે. તો શું આવો બોધ મળતાં દેહ વિગેરેમાંથી જીવાત્માનો અધ્યાસ ભાંગી જવાથી તેથી છુટકારો મળી જાય છે? તે જો મળતો ન હોય તો નાહક પ્રકરણભેદ (એટલે મૂલ પ્રકરણ તો ૧.બ્રહ્મના જ્ઞાનથી બ્રહ્માત્મક નિખિલ કાર્યપ્રપંચને જાણી શકાય છે તે અને ૨. ફક્ત



જીવાત્માને તે બ્રહ્મ છે તેવા ઉપદેશનો) નો દોષ શામાટે ઉભો કરવો જોઈએ? **"તે તું પોતે છે"** ફક્ત આટલા જ વાક્યાંશને મહાવાક્ય માનીને ઉપદેશ આપવાનો યુક્તિસંગત નથી લાગતો. પૂછી શકાય કે તો પછી પોતે શ્રુતિમાં આવું વચન કેમ આવ્યું? તેનો ખુલાસો આમ આપે છે કે **તે બ્રહ્મ તો અલૌકિક પ્રમેય** છે. એટલે કે કોઈક લૌકિક પદાર્થની બાબતમાં લોકયુક્તિના આધારે નિર્ણય કરવું ઉચિત હોઈ શકે પરન્તુ લોકમાં જાણી ન શકાય એવો બ્રહ્મ તો વૈદિક પ્રમેય જ છે. વેદમાં પ્રતિપાદિત અર્થનો બોધ લૌકિક શબ્દોની માફક વૈદિક શબ્દોમાં પણ પરાણે સ્વીકારવાથી બ્રહ્મવિદ્યા શક્ય નહીં રહી જાય.

...........

**અવતરણિકા:**

**કિન્તુ અન્યત્ સાધનમ્ અસ્તિ ઇતિ આહ:**

**કારિકા:**

**તપસા વેદયુક્ત્યા ચ પ્રસાદાત્ પરમાત્મનઃ ।।**
**વિદ્યાં પ્રાપ્નોતિ ઉરુક્લેશઃ ક્વચિત્ સત્યયુગે પુમાન્ ।।૬૩।।**

**શ્લોકાન્વયાર્થ:**

**તપસા** = તપશ્ચર્યાદ્વારા **વેદયુક્ત્યા** = વૈદૈકગમ્ય વિષયની બાબતમાં વૈદિક ઉપપત્તિથી **ચ** = અને **પરમાત્મનઃ** = પરમાત્માનાં **પ્રસાદાત્** = અનુગ્રહથી **ક્વચિત્ સત્યયુગે** = સત્યયુગમાં ક્યારેક **ઉરુક્લેશઃ** = ઘણા ક્લેશો ઉપરાંત **પુમાન્** = મોક્ષપુરુષાર્થી **વિદ્યાં** = સ્વરૂપાજ્ઞાનને નિવૃત્ત કરનારી વિદ્યા **પ્રાપ્નોતિ** = મેળવી શકે છે.

**ભાવાનુવાદ:**

**[૧] તપદ્વારા, [૨] વેદવચનાનુસારિણી યુક્તિદ્વારા, [૩] પરમાત્માના પ્રસાદ વડે ।।**

**આવા અનેકવિધ આનુષ્ઠાનિક ક્લેશો સાથે વ્યક્તિ**
**[4]સત્-યુગમાં [5]ક્યાંક વિદ્યાલાભ કરી શકતો હતો ॥૬૩॥**

પ્રકાશ :

**તપસા ઇતિ, તપઃ પૂર્વાંગમ્. વેદયુક્તિઃ સહકારિણી. ભગવત્પ્રસાદો મુખ્યં કારણમ્. ક્વચિદ્ દેશવિશેષે. સત્યયુગે કાલે. પઞ્ચાંગસમ્પત્તૌ વાક્યાર્થબોધો ભવતિ અન્યથા "કં બ્રહ્મ ખં બ્રહ્મ"** (છાન્દો.ઉપ.૪।૧૦।૪) **ઇતિ ઉપાખ્યાને કથમ્ ઉપદેશમાત્રેણૈવ બોધઃ. કથમ્ ઇદાનીન્તનાનાં ન બોધઃ ?**

અનુવાદ :

સાધન, કિન્તુ, અન્ય જ કાંઇક હોય છે આ હવે કહેવું અભીષ્ટ છે :

[1]તપદ્વારા જે આમ કહેવાયું તે વિદ્યાલાભમાં તપ પ્રથમ અંગ હોવાને કારણે. [2]વેદવચનો મુજબ વિચારવામાં આવતી યુક્તિ કે ઉપપત્તિ સહકારિણી બનતી હોય છે. [3]ભગવાન્‌નો પ્રસાદ કે અનુગ્રહ તો પ્રમુખ કારણ હોય જ છે. [4]**કહીં** એટલે બધે ઠેકાણે નહિં પ્રત્યુત પુણ્યક્ષેત્રમાં ક્યાંક. [5]**સત્-યુગમાં** કહેવાનો મુદ્દો વિદ્યાલાભને અનુકૂળ કાળમાં સિદ્ધ થવાનો છે. આમ આટલાં પાંચ અંગો સમ્પન્ન થતાં શ્રુતિવાક્યોના વાસ્તવિક અભિપ્રેત અર્થનો બોધ થાય છે. નહિં તો **"ક બ્રહ્મ છે, ખ બ્રહ્મ છે"** ( .ઉપ. । । ) આ વચનમાં વર્ણિત ઉપાખ્યાનમાં ફક્ત ઉપદેશ સાંભળવા માત્રથી બ્રહ્મબોધ પ્રકટી ગયો એવું જે વર્ણવાયેલું છે તે ઉપપન્ન નહીં થાય. કેમકે કેવળ વાક્યાર્થનું સંદેહરહિત પરિજ્ઞાન તો આધુનિકોને પણ થતો હોય છે. એથી પરન્તુ બ્રહ્મનું પ્રતિભાન તો થઈ જતું નથી !

અવતરણિકા :

**ઇદાનીન્તનાનામપિ બોધઃ ઇતિ ચેત્, તત્ર આહ :**



કારિકા :

**સર્વજ્ઞત્વં ચ તસ્ય ઇષ્ટં લિંગં તેજોऽપિ અલૌકિકમ્ ॥**
**તત્પ્રાપ્તાવપિ નો મુક્તિર્ જાગ્રત્સ્વપ્નવદ્ ઉદ્ભવઃ ॥**
**અવિદ્યા-વિદ્યયોસ્ તસ્માદ્ ભજનં સર્વથા મતમ્ ॥૬૪॥**

શ્લોકાન્વયાર્થ :

**તસ્ય** = તેને કે જેને વિદ્યાલાભ થઈ હોય તો **લિંગં** = ઓળખી શકવાની નિશાની **સર્વજ્ઞત્વં** = બ્રહ્મોપાદાનક બધી વસ્તુઓનું જ્ઞાન **ઇષ્ટં** = અપેક્ષિત હોય છે. (તસ્ય = તે બ્રહ્મજ્ઞાની) **તેજોऽપિ** = તેજસ્વિતા પણ **અલૌકિકં** = દિવ્ય હોય છે. **તત્પ્રાપ્તાવપિ** = તે બધું પ્રાપ્ત હોવાથી જ ફક્ત **નો મુક્તિ** = મુક્ત થઈ જવાતું નથી. **જાગ્રત્સ્વપ્નવત્ ઉદ્ભવ** = વિદ્યા અને અવિદ્યા જાગરણ અને નિદ્રા ની માફક એકબીજાની આવતી રહેતી હોય છે. **તસ્માત્** = તેથી **અવિદ્યા - વિદ્યયો:** = કોઈ અવિદ્યાગ્રસ્ત હોય કે વિદ્યાસમ્પન્ન હોય **ભજનં** = ભગવાનનું ભજન કરવું તો **સર્વથા** = બન્ને અવસ્થામાં **મતં** = અભિમત છે.

ભાવાનુવાદ :

**ખરેખર જો કોઈ બ્રહ્મજ્ઞાની બની શક્યો હોય તો તેની હકીકતને ઓળખવી હોય તો બ્રહ્મજ્ઞાની હોવાનો દાવો કરનાર સર્વજ્ઞ છે કે નહીં? આ એક જ પ્રશ્નનો ઉત્તર શોધતાં થઈ શકે છે. એવા બ્રહ્મજ્ઞાનીના મુખનું આભામણ્ડળ પણ અલૌકિક જ ઝલકતું હશે ॥**

**તે બ્રહ્મજ્ઞાનના લાભ ઉપરાંત પણ મુક્તિલાભ નિશ્ચિત તો નથી જ. કેમકે વિદ્યાદ્વારા જેવી રીતે અવિદ્યાનું ઉપમર્દન થઈ શકે તેવી રીતે અવિદ્યાદ્વારા વિદ્યાનું પણ ઉપમર્દન શક્ય હોય છે, સ્વપ્ન અને જાગરણ નાં પરસ્પરોપમર્દનકારી ચક્રની માફક ॥**

**તેથી અવિદ્યા કે વિદ્યા બન્નેમાંથી કોઈ પણ એકથી સમ્પન્ન અધિકારીના માટે ભગવદ્-ભજન તો શ્રેયસ્કર**

જ હોય છે ॥૬૪॥

**પ્રકાશ :**

**સર્વજ્ઞત્વઞ્ચ ઇતિ, સ્વાર્થં સર્વજ્ઞત્વં લિંગમ્. પરાર્થમ્ અલૌકિકં તેજઃ ઇતિ. *નનુ તથાપિ વાક્યાર્થજ્ઞાનએવ ઐશ્વરપ્રસાદાદેઃ ભક્તેઃ ચ ઉપયોગઃ ઉક્તઃ* ઇતિ ચેત્, તત્ર આહ તત્પ્રાપ્તાવપિ નો મુક્તિઃ ઇતિ, ઉપનિષદ્ભિઃ મહાવાક્યાર્થવિદ્યાપ્રાપ્તાવપિ બ્રહ્મભાવઃ સાયુજ્યં વા ન તસ્ય. દષ્ટાન્તેન તથાભાવસ્ય કાલપરિચ્છેદાત્. યથા જાગરણસ્વપ્નૌ પરસ્પરોપમર્દનેન આવિર્ભવતઃ તિરોભવતઃ ચ, તથૈવ વિદ્યાઽવિદ્યે. અતો વિદ્યોપમર્દનેન અવિદ્યા પુનઃ આવિર્ભવિષ્યતીતિ વ્યર્થએવ પ્રયાસઃ. તસ્માત્ સ્વતન્ત્રભક્ત્યર્થં સાયુજ્યાર્થં ચ સર્વથા ભજનં મતમ્.**

**અનુવાદ :**

જો કોઇક આધુનિકોનાં ઉદાહરણમાં પણ બ્રહ્મનું પ્રતિભાન સંભવ માનતા હોય તો તેમના માટે આગળની વાત કહેવાઇ રહી છે :

સર્વજ્ઞ હોવું તેના પોતાનામાટે બ્રહ્મજ્ઞતાની વાસ્તવિકતા ચકાસવાની કસોટી છે. બીજાઓમાટે અલૌકિક તેજસ્વિતા કસોટી બનતી હોય છે. *અહિંયા એક આશંકા ઉદ્ભવે કે પરમેશ્વરની કૃપા વિગેરે અથવા ભક્તિની પણ વાક્યાર્થબોધ પ્રકટ કરવામાં સાધનતા કે ઉપયોગીતા માનેલી જ છે તેનું શું?* આનું સમાધાન કહે છે **બ્રહ્મજ્ઞાનના લાભ ઉપરાંત પણ મુક્તિલાભ નિશ્ચિત તો નથી જ** અહિંયા કહેવાનો આશય આમ છે : ઉપનિષદોનાં મહાવાક્યાર્થની વિદ્યા પ્રાપ્ત થઇ જાય તો પણ બ્રહ્મભાવ અથવા સાયુજ્ય લાભ નિશ્ચિત તો નથી જ. કાલવિશેષમાં એકબીજાનાં ઉપમર્દનકારી જાગરણ અને સ્વપ્ન ની માફક ઘટિત થનારી બીના હોવાથી બ્રહ્મવિદ્યા અને અવિદ્યા પણ આવિર્ભાવ-તિરોભાવના ચક્રમાંથી બહાર ન નીકળે તેમ સંભવી શકે, દષ્ટાન્તના આધારે. તેથી વિદ્યાના ઉપમર્દનદ્વારા અવિદ્યાના પુનઃ આવિર્ભૂત થઇ જવાનાં ભયની સંભાવનાનાં નિરાકરણ વિના આ



પ્રયાસ વ્યર્થ લાગે છે. તેથી સ્વતન્ત્રભક્તિ કે સાયુજ્ય માટે ભજનમાં પ્રવૃત્ત થવું સર્વથા ઉચિત છે.

**બ્રહ્મનાં સ્વરૂપનું પ્રતિપાદન :**

**અવતરણિકા :**

**એવં જીવપ્રકરણં સમાપ્ય બ્રહ્મપ્રકરણમ્ આહ :**

**કારિકા :**

**સચ્ચિદાનન્દરૂપન્તુ બ્રહ્મ વ્યાપકમ્ અવ્યયમ્ ॥**
**સર્વશક્તિ સ્વતન્ત્રં ચ સર્વજ્ઞં ગુણવર્જિતમ્ ॥૬૫॥**

**શ્લોકાન્વયાર્થ :**

**સચ્ચિદાનન્દરૂપન્તુ** = જે સત્તા ચેતના અને આનંદ ત્રણેય રૂપ હોય તે જ 'બ્રહ્મ' કહેવાય. (તે બ્રહ્મ) **વ્યાપકમ્ અવ્યયં** = દેશ કાલ સ્વરૂપ ના પરિચ્છેદથી રહિત હોય છે. (તે) **સર્વશક્તિ** = કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું શક્તિઓથી સમ્પન્ન છે. (તેથીજ) **સ્વતન્ત્ર** = કોઇને આધિન નથી. **સર્વજ્ઞં** = પ્રકટ કે અપ્રકટ બધાં નામરૂપકર્મોને જાણનાર છે. **ગુણવર્જિતં** = પ્રકૃતિના સાત્ત્વિક વિગેરે ગુણોથી પર છે.

**ભાવાનુવાદ :**

**બ્રહ્મ તો સચ્ચિદાનન્દરૂપ વ્યાપક અવ્યય છે ॥**
**તે બધી જાતની શક્તિઓથી પરિપૂર્ણ સ્વતન્ત્ર સર્વજ્ઞ અને ગુણો વિગેરેથી વર્જિત પણ છે ॥૬૫॥**

**પ્રકાશ :**

**સચ્ચિદાનન્દરૂપમ્ ઇતિ, 'બ્રહ્મ' ઇતિ ધર્મિનિર્દેશઃ પરબ્રહ્મવાચકઃ. 'બ્રહ્મ' પદાર્થમ્ આહ વ્યાપકમ્ ઇતિ ગુણોપસંહારન્યાયેન. ''અવિનાશી**

**વા અરે અયમ્ આત્મા અનુચ્છિત્તિધર્મા''** (બૃહ.ઉપ.૪।૫।૧૪) **ઇતિ શ્રુતેઃ તદ્ અવ્યયમ્. ''યઃ સર્વજ્ઞઃ સર્વશક્તિઃ''** ( ) **ઇતિ શ્રુતેઃ સર્વશક્તિ. નિર્ધર્મકત્વે સર્વેષામ્ અનુપાસ્યો અપ્રાપ્યો અફલઃ ચ સ્યાદ્ અતએવ સ્વતન્ત્રો યોહિ નિરવધિ-જ્ઞાનક્રિયા-શક્તિયુક્તઃ સ સ્વતન્ત્રો ભવતિ. ચકારાત્, ''સર્વસ્ય વશી સર્વસ્ય ઈશાન''** (બૃહ.ઉપ.૪।૪।૨૨) **ઇતિ શ્રુતેઃ સર્વં વશે સમાનયતિ. ગુણવર્જિતં પ્રાકૃતગુણરહિતમ્. એવં ષડ્ધર્મા નિરૂપિતાઃ.**

અનુવાદ:

આમ જીવપ્રકરણની સમાપ્તિ બાદ હવે બ્રહ્મપ્રકરણનું નિરૂપણ કરવું છે:

**સચ્ચિદાનન્દરૂપ** ઈત્યાદિ. **'બ્રહ્મ'** આ પદ પરબ્રહ્મનું વાચક તથા ધર્મીનો નિર્દેશ કરનારું પદ છે. 'બ્રહ્મ' પદનો અર્થ દેખાડે છે **વ્યાપક** એટલે બધી જાતનાં ગુણોનો ઉપસંહાર તેમાં કરી શકાય. **''અરે! તેનો ક્યારે પણ ઉચ્છેદ થતો નથી આ તો અવિનાશી આત્મા છે''** (બૃહ.ઉપ.૪।૫।૧૪) આ શ્રુતિ મુજબ તે **અવ્યય** છે. **''જે સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન્ છે''** ( ) આ શ્રુતિનાં આધારે તે **બધી જાતની શક્તિઓથી પરિપૂર્ણ** હોય છે. જો તે બ્રહ્મ હકીકતમાં સર્વથા નિર્ધર્મક હોત તો કોઈના પણ માટે ઉપાસ્ય **નહીં** રહી જાય પ્રત્યુત તેની ઉપાસના પણ નિષ્ફળ જ સિદ્ધ થશે. તેથી તેને **સ્વતન્ત્ર** પણ માનવું પડે છે. જે અપાર જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ થી ભરેલો હોય તે જ સ્વતન્ત્ર હોઈ શકે. **વિગેરે** પદદ્વારા **''તે બધાને પોતાનાં વશમાં રાખનારો બધાનો ઈશ્વર પણ હોય છે''** (બૃહ.ઉપ.૪।૪।૨૨) આ શ્રુતિના આધારે બધાને પોતાનાં વશમાં રાખે છે. **ગુણો વિગેરેથી વર્જિત** એટલે પ્રાકૃત ગુણોથી રહિત હોય છે. આમ તેનાં છ ધર્મોનું નિરૂપણ પૂર્ણ થયું.

અવતરણિકા:

**તત્ર વ્યાપકત્વં નામ દેશાદ્યપરિચ્છિન્નત્વમ્. તદ્ વસ્તુપરિચ્છેદે ન ઉપપદ્યત ઇતિ ત્રિતયપરિચ્છેદાભાવાય આહ :**



કારિકા:

[૪૫]**સજાતીય-વિજાતીય-સ્વગત-દ્વૈતવર્જિતમ્॥**

શ્લોકાન્વયાર્થ:

**સજાતીય** = સજાતીય **વિજાતીય** = વિજાતીય **સ્વગત** = સ્વગત **દ્વૈત** = દ્વૈત **વર્જિતમ્** = વર્જિત (હોય છે.)

ભાવાનુવાદ:

**તે બ્રહ્મ સજાતીય દ્વૈત, વિજાતીય દ્વૈત અને સ્વગત દ્વૈત થી વર્જિત હોય છે॥**

પ્રકાશ:

**સજાતીય** ઇતિ, **સજાતીયાઃ** જીવાઃ, **વિજાતીયાઃ** જડાઃ, **સ્વગતાઃ** અન્તર્યામિણઃ, ત્રિષ્વપિ ભગવાન્ અનુસ્યૂતઃ ત્રિરૂપઃ ચ ભવતીતિ તૈઃ નિરૂપિતં **દ્વૈતં** ભેદઃ તદ્**વર્જિતમ્.** અત્ર બુદ્ધિઃ અવતારેષ્વિવ કર્તવ્યા.

અનુવાદ:

અહિંયા વ્યાપક હોવાની વાત દેશતઃ કાલતઃ અને વસ્તુસ્વરૂપતઃ અપરિચ્છિન્ન હોવાનાં આશયથી કહેવામાં આવી છે. તે જો વસ્તુ પોતે પરિચ્છિન્ન હોય તો ઉપપન્ન ન થાય તેથી તે વસ્તુનું સ્વરૂપ ત્રણેય પ્રકારનાં દ્વૈત કે પરિચ્છેદ થી વર્જિત હોવું આવશ્યક છે :

**સજાતીય** ઈત્યાદિ. બધા જ જીવો બ્રહ્મનાં **સજાતીય** હોય છે. જડ બધી વસ્તુઓ બ્રહ્મથી **વિજાતીય** હોય છે. વ્યષ્ટિ અન્તર્યામી બધાં જ બ્રહ્મનાં **સ્વગત** દ્વૈત નું ઉદાહરણ હોય છે. આ પોતાનાં ત્રણેય રૂપોમાં ભગવાન્ અનુસ્યૂત અને ત્રિરૂપ હોવાને કારણે આ ત્રણેય સાથે **દ્વૈત** એટલે કે ભેદથી ભગવાન્ **વર્જિત** છે. જેમ ભગવાન્નાં અવતારોમાં ભગવદ્બુદ્ધિ રાખવી જરૂરી હોય છે તેમ જ આ ત્રણેય રૂપોમાં પણ.

**અવતરણિકા :**

**એવં ભગવત્ત્વમ્ ઉપપાદ્ય તન્ત્રોક્તાન્ ગુણાન્ આહ :**

**કારિકા :**

**સત્યાદિગુણસાહસ્રૈઃ યુક્તમ્ ઔત્પત્તિકૈઃ સદા ॥૬૬॥**

**શ્લોકાન્વયાર્થ :**

**ઔત્પત્તિકૈ:** = સાહજિક **સત્યાદિગુણસાહસ્રૈ:** = સત્ય વિગેરે અસંખ્ય ગુણોથી તે **સદા યુક્તં** = સદા યુક્ત છે.

**ભાવાનુવાદ :**

**સત્ય વિગેરે સહસ્રો સ્વાભાવિક ગુણોથી ભગવાન્ સદા યુક્ત હોય છે॥૬૬॥**

**પ્રકાશ :**

**સત્યાદિગુણસાહસ્રૈઃ ઇતિ. "સત્યં શૌચં દયા ક્ષાન્તિઃ" ઇત્યાદિશ્લોકે સત્યાદયો ગુણાઃ નિરૂપિતાઃ. તે ચ ઔત્પત્તિકાઃ. સદા સૃષ્ટિપ્રલયાદાવપિ.**

**અનુવાદ :**

આમ જે કાંઇ છે તે ભગવદ્રૂપ છે આવું ઉપપાદન કરીને વૈષ્ણવ તન્ત્રોમાં પ્રતિપાદિત ભગવાન્નાં ગુણોનું પણ નિરૂપણ હવે કરવામાં આવે છે :

**સત્ય વિગેરે સહસ્રો** ઇત્યાદિ. **"સત્ય શૌચ દયા ક્ષાન્તિ"** ઇત્યાદિ શ્લોકમાં જે સત્ય આદિ ગુણ નિરૂપિત થયાં છે. આ બધા જ ગુણો ભગવાન્માં **સ્વાભાવિક** રૂપે વિદ્યમાન રહે છે. **સદા** એટલે સૃષ્ટિકાલથી માંડી પ્રલયકાલમાં પણ.

**અવતરણિકા :**

**પુનઃ શ્રુત્યુક્તાન્ ગુણાન્ ઉપસંહરતિ પૂર્વોક્તાનાં વૈદિકત્વાય :**



**કારિકા :**

**સર્વાધારં વશ્યમાયમ્ આનન્દાકારમ્ ઉત્તમમ્ ॥**
**પ્રાપઞ્ચિકપદાર્થાનાં સર્વેષાં તદ્ વિલક્ષણમ્ ॥૬૭॥**

**શ્લોકાન્વયાર્થ :**

**સર્વાધારં** = સહુનો આધારરૂપ છે. **વશ્યમાયમ્** = માયા તેના વશમાં રહે છે **આનંદાકારં** = તે આનંદમાત્ર કરપાદ મુખોદરાદિ રૂપ છે. (તેથીજ) **ઉત્તમં** = ઉત્તમ છે. **સર્વેષાં પ્રાપંચિક પદાર્થાનાં** = સહુ પ્રાપંચિક પદાર્થોથી **તદ્** = તે **વિલક્ષણં** = વિલક્ષણ અનોખો છે.

**ભાવાનુવાદ :**

**બ્રહ્મ નામ-રૂપ-કર્માત્મક વસ્તુમાત્રનો આધાર હોય છે, માયા તેને આધીન હોય છે, તે પોતે આનન્દાકાર અને ઉત્તમ હોય છે॥**

**સાથોસાથ પ્રાપઞ્ચિક બધા જ પદાર્થોથી તે વિલક્ષણ પણ હોય છે॥૬૭॥**

**પ્રકાશ :**

**સર્વાધારમ્ ઇતિ, "સેતુઃ વિધરણમ્"** (દ્રષ્ટ.છાન્દો.ઉપ.૮।૪।૧) **ઇતિ શ્રુતેઃ. ગીતાયાં માયાસમ્બન્ધસ્ય ઉક્તત્વાદ્ માયાધીનો ભવેદ્ ઇતિ આશંક્ય આહ વશ્યમાયમ્ ઇતિ. સાકારતામ્ આહ આનન્દાકારમ્ ઇતિ. ઉત્તમમ્, અક્ષરાદપિ. યદ્યપિ કારણધર્માએવ કાર્યે ભવન્તિ, તથાપિ કાર્યગતત્વેન અન્યથા પ્રતીતિઃ તદ્વ્યાવૃત્ત્યર્થમ્ આહ પ્રાપઞ્ચિકપદાર્થાનામ્ ઇતિ.**

**અનુવાદ :**

શ્રુતિમાં પ્રતિપાદિત ગુણોને બ્રહ્મમાં ઉપસંહૃત કરવાથી પહેલા જણાવેલ ગુણો પણ વૈદિક સિદ્ધ થશે :

બ્રહ્મ... વસ્તુમાત્રનો આધાર હોય છે આ વાત **"સેતુઃ વિધરણમ્"** (દ્રષ્ટ.છાન્દો.ઉપ.૮।૪।૧) આ શ્રુતિના આધારે સમજી શકાય. ગીતામાં ભગવાન્‌નો માયાની સાથે પણ સમ્બન્ધ દેખાડવામાં આવ્યો છે તેને કારણે ભગવાન્‌ને કોઇક માયાધીન ન માની બેસે એટલે કહે છે **માયા તેને આધીન હોય છે.** બ્રહ્મ પોતે સાકાર પણ હોય છે આ સમજાવવા માટે કહે છે **તે પોતે આનન્દાકાર છે. ઉત્તમ** એટલે અક્ષરબ્રહ્મથી પણ. જોકે કારણનાં જ ધર્મો કાર્યમાં અનુગત થતાં હોવા છતાંય કાર્યગત હોવાને કારણે તે ધર્મોની પ્રતીતિ અન્યથા થતી હોય છે. તે સિવાય અન્યથાપ્રતીતિ વડે અવભાસિત ગુણોનાં નિષેધાર્થ કહે છે **પ્રાપઞ્ચિક બધા જ પદાર્થોથી...** ઇત્યાદિ.

**અવતરણિકા :**

**એવં સ્વરૂપાત્મકધર્માન્ ઉક્ત્વા કાર્યમ્ આહ :**

**કારિકા :**

**જગતઃ સમવાયિ સ્યાત્ તદેવ ચ નિમિત્તકમ્॥**
**કદાચિદ્ રમતે સ્વસ્મિન્ પ્રપઞ્ચેઽપિ ક્વચિત્ સુખમ્॥૬૮॥**

**શ્લોકાન્વયાર્થ :**

**જગતઃ** = જગત્‌નો **સમવાયિ** = એટલે જગત્ તેનામાંથી પ્રકટ થાય છે. **ચ** = અને **તદેવ** = તે જ **નિમિત્તકં** = નિમિત્ત કારણ પણ બનતું હોય છે. **કદાચિત્** = ક્યારેક તે **સ્વસ્મિન્ રમતે** = આત્મરમણ કરતું હોય છે તો **ક્વચિત્** = ક્યાંક તે **પ્રપઞ્ચેઽપિ** = પ્રપંચમાં પણ **સુખં** = સુખેન (રમતે = રમણ કરતું હોય છે.)

**ભાવાનુવાદ :**

**તે બ્રહ્મ જગત્‌નું સમવાયી કારણ પણ બને છે અને નિમિત્ત આદિ કારણ પણ॥**
**ક્યારેક તે ભગવાન્ પોતાનાં જ સુખમાં રમણ કરતો હોય તો ક્યારેક પ્રપઞ્ચમાં પણ॥૬૮॥**

**પ્રકાશ :**

**જગતઃ સમવાયિ સ્યાદ્ ઈતિ, સર્વસ્યાપિ જગતઃ કાર્યરૂપસ્ય ચ બ્રહ્મૈવ સમવાયિકારણમ્. એતસ્મિન્નેવ ઓતપ્રોતં ગાર્ગીબ્રાહ્મણે પ્રસિદ્ધમ્. તદેવ નિમિત્તકારણમ્. ચકારાત્ કર્તૃ ચ. તસ્ય પ્રપઞ્ચનિર્માણે હેતુમ્ આહ કદાચિદ્ રમતે ઈતિ, યદા સ્વસ્મિન્ રમતે તદા પ્રપઞ્ચમ્ ઉપસંહરતિ. યદા પ્રપઞ્ચે રમતે તદા પ્રપઞ્ચં વિસ્તારયતિ. પ્રપઞ્ચભાવો ભગવત્યેવ લીનઃ પ્રકટીભવતિ ઈતિ અર્થઃ.**

**અનુવાદ :**

આમ સ્વરૂપાત્મક ધર્મોના નિરૂપણ કર્યા બાદ કાર્યરૂપ ધર્મોનું પ્રતિપાદન અભિલષિત છે :

**તે બ્રહ્મ જગત્નું સમવાયી કારણ બને છે** ઈત્યાદિ. નિખિલ **જગત્** જે કાર્યાત્મના પ્રકટ થયું છે તેનું બ્રહ્મ જ સમવાયી કારણ બનતું હોય છે. તેથી તે આ જગત્માં ઓતપ્રોત રહેતું હોય છે આવું ગાર્ગીબ્રાહ્મણમાં પ્રસિદ્ધ છે. તે નિમિત્ત કારણ પણ પોતે જ બને છે. **આદિ** પદનાં પ્રયોગને કારણે તેને જગત્નો કર્તા પણ જાણવો જોઈએ. તે પ્રપંચનું નિર્માણ શા માટે કરે છે તેને હેતુ જતાડવા કહે છે **ક્યારેક... રમણ કરતો હોય છે,** જ્યારે તે **પોતાનાં જ સુખમાં રમણ કરતો હોય છે** ત્યારે પ્રપઞ્ચનો ઉપસંહાર કરી દેતો હોય છે. જ્યારે તે **પ્રપઞ્ચમાં** રમણ કરવા માંગે ત્યારે પ્રપઞ્ચનો પોતાની ભીતર નામ-રૂપ-કર્માત્મના વિસ્તાર કરતો હોય છે. પ્રપઞ્ચ પોતાની સમગ્રતામાં ભગવાન્ની ભીતર લીન રહેલો છે અને પ્રકટ પણ થતો રહે છે આવો અભિપ્રાય છે.

**અવતરણિકા :**

**કાર્યાદિભાવઃ કશ્ચિદ્ અન્યઃ ઈતિ આશંક્ય બ્રહ્મસ્વરૂપમ્ આહ :**

**કારિકા :**

**યત્ર યેન યતો યસ્ય યસ્મૈ યદ્ યદ્ યથા યદા ।।**



**સ્યાદ્ ઈદં ભગવાન્ સાક્ષાત્ પ્રધાનપુરુષેશ્વરઃ ।।૬૯।।**

**શ્લોકાન્વયાર્થ :**

**યત્ર** = જ્યાં **યેન** = જેના વડે **યતો** = જ્યાંથી **યસ્મૈ** = જેને માટે **યદ્** = જેને **યદ્** = જે **યથા** = જે પ્રકારે **યયા** = જ્યાં **ઈદં** = આ દેખાતું થઈ રહયું છે **પ્રધાન - પુરુષેશ્વર** = જડ પ્રકૃતિ, જીવાત્મારૂપ પુરુષ અને તેના અન્તર્યામી ઈશ્વર (તે) **સાક્ષાત્** = કોઈ પણ વ્યવધાન વિના **ભગવાન્** = આ ભગવાન્ **સ્યાત્** = થતાં હોય છે.

**ભાવાનુવાદ :**

**જ્યાં, જેનાથકી, જેનાથી, જેનું, જે તે પ્રયોજનવશ,**
**જેના માટે, જે કાંઈ, જેવી રીતે, જ્યારે થાય છે ।।**
**તે પ્રકૃતિ હોય કે પુરુષ હોય કે પરમેશ્વર હોય જે**
**કાંઈ છે તે બધું પોતે ભગવાન્ જ સાક્ષાત્ બનતા**
**હોય છે ।।૬૯।।**

**પ્રકાશ :**

**યત્ર યેન ઈતિ, સર્વવિભક્તીનાં પ્રકારસ્ય ચ ભગવાનેવ અર્થઃ. પ્રકૃતિપુરુષૌ કાલઃ ચ સએવ.**

**અનુવાદ :**

કાર્ય વિગેરે સ્વરૂપ કોઈક બીજા પ્રકારના થતાં હશે આવી શંકાના સમાધાનાર્થે બ્રહ્મનું સ્વરૂપ સમજાવે છે :

**જ્યાં,** જેનાથકી ઈત્યાદિ. બધી વિભક્તિઓનાં પ્રકારનાં અર્થ પોતે ભગવાન્ જ બને છે. પ્રકૃતિ પુરુષ અને કાલ પણ તે પોતે જ બને છે.

**અવતરણિકા :**

**એવં પૂર્વસ્થિતિમ્ ઉક્ત્વા પશ્ચાત્ સ્થિતિમ્ આહ :**

કારિકા :

> યઃ સર્વત્રૈવ સંતિષ્ઠન્ અન્તરઃ સંસ્પૃશેદ્ ન તત્॥
> શરીરં તં ન વેદ ઈત્થં યો અનુવિશ્ય પ્રકાશતે॥
> સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ તત્॥૭૦॥

શ્લોકાન્વયાર્થ :

**યઃ** = જે **સર્વત્ર** = ઘટઘટમાં **અન્તરઃ** = અંદર **સંતિષ્ઠન્** = સંસ્થિત થઈને **તત્** = તેને **સંસ્પૃશેદ્ ન** = સ્પર્શતો નથી. **શરીરં** = કોઈ પણ શરીર **તં** = તેને **ઈત્થં** = પોતાની ભીતર રહેલા તત્ત્વ તરીકે **ન વેદ** = જાણી શકતું નથી. **યો** = જે તેમાં **અનુવિશ્ય** = પ્રવેશ કરીને **પ્રકાશતે** = પ્રકાશમાન થાય છે. **સર્વવાદાનવસરં** = આપણી મતિથી કલ્પિત કોઈ પણ વાદ ત્યાં સાવસર નથી છતાંય **તત્** = તે **નાનાવાદાનુરોધિ** = નાના વાદો મુજબ પોતાને પ્રકટ કરી શકે છે.

ભાવાનુવાદ :

**જે સર્વત્ર બધાની ભીતર અને બહાર અવસ્થિત રહેવા છતાંય કોઈ પણ વસ્તુને સ્પર્શતા નથી॥**

**ભીતર બિરાજવાને કારણે એનાં શરીર જેવાં પણ તેનું ભીતર અવસ્થિત હોવું જાણી નથી શકતાં કે શરીરની ભીતર અનુપ્રવિષ્ટ થઈને આવી રીતે કોણ પ્રકાશિત થાય છે॥**

**કોઈ પણ વાદનાં ચોખટાની ભીતર તેનું ચિત્ર સમાતું નથી અને જેટલાં પણ વાદો છે તે બધાં વાદોનાં ચોખટામાં જે કાંઈ ચિત્રો મઢેલા હોય તે બધાં જ તે એકમાત્ર બ્રહ્મનાં જ ચિત્રો છે॥૭૦॥**

પ્રકાશ :

યઃ સર્વત્રૈવ ઈતિ, સર્વેષ્વેવ પદાર્થેષુ કાર્યેષુ સ્વયં તિષ્ઠન્ તાનિ



અન્તરયતિ સ્વમધ્યે સ્થાપયતિ ઈતિ અર્થઃ. તથા સ્વયમ્ આધારાધેયભાવં પ્રાપ્નુવન્નપિ તન્ન સ્પૃશતિ. તર્હિ અજ્ઞાનેન તથા ભવતીતિ ચેત્, ન ઈતિ આહ શરીરમ્ ઈતિ, તત્ સર્વમેવ શરીરત્વેન મન્યતે. તસ્ય ચ જ્ઞાપકં ભવતિ સર્વં, તથાપિ ન સ્પૃશતિ. તર્હિ શરીરમેવ ભગવન્તમ્ આનન્દનિધિત્વાત્ સ્પૃશેદ્ ઈતિ ચેત્ તત્ર આહ શરીરં કર્તૃ ન બ્રહ્મ વેદ ઈતિ. ઈત્થમ્ અમુના પ્રકારેણ યો અનુવિશ્ય પ્રકાશતે. ''યઃ પૃથિવ્યાં તિષ્ઠન્'' (બૃહ.ઉપ.૩।૭।૩) ઈત્યાદિશ્રુતેઃ. શ્રુત્યાદિભેદેષુ નાનાપ્રકારેણ પ્રતિપાદિતત્વાદ્ અન્યોન્યવિરોધાદ્ ન કિઞ્ચિત્ પ્રમાણં બ્રહ્મણિ ભવિષ્યતિ ઈતિ આશંક્ય આહ સર્વવાદાનવસરમ્ ઈતિ, વસ્તુતઃ શ્રુતૌ નાનાવાક્યાનામ્ એકવાક્યતા નિરૂપિતા. સર્વભવનસામર્થ્યેન, વિરુદ્ધધર્માશ્રયત્વાત્. નૈવંવાદિનાં વાક્યાનિ તત્તદંશવાક્યપરાણિ ભવિતુમ્ અર્હન્તિ તેષાં તથાહૃદયાભાવાત્. અતઃ સર્વે વાદાઃ સ્વભ્રાન્તિપરિકલ્પિતત્વેન વસ્તુસ્પર્શાભાવાદ્ અનવસરપરાહતાએવ. અસ્તુ વાદિનાં હૃદયં યથા તથા, વાક્યાનાં સરસ્વતીરૂપત્વાત્ કથં ન એકવાક્યતા ઈતિ આશંક્ય આહ નાનાવાદાનુરોધિ તદ્ ઈતિ. એકૈકો વાદો બ્રહ્મણઃ એકૈકધર્મપ્રતિપાદકૈકૈકવાક્યશેષઈતિ ભગવાન્ તાન્ સર્વાનેવ અનુસરતિ.

અનુવાદ :

આમ સૃષ્ટિથી પૂર્વકાલિક સ્થિતિના નિરૂપણ બાદ હવે સૃષ્ટિ પ્રકટ થયા પછી સ્થિતિનું નિરૂપણ કરવું છે :

**જે સર્વત્ર** ઈત્યાદિ. બધા પદાર્થો કે કાર્યો ની ભીતર અવસ્થિત રહીને બ્રહ્મ તેમને પોતાની **ભીતર** પણ સમાવીને રાખે છે, આ જાણી લેવું જોઈએ. આમ બધાનો આધાર પણ અને આધેય બનીને પણ તે પોતે બધાથી અસ્પૃષ્ટ જ રહે છે. *ત્યારે તો તે અજ્ઞાનવશ જ બધાની ભીતર-બહાર હશે! *આવી કુશંકા કરવી નહિં. તેથી કહે છે **શરીરની ભીતર** ઈત્યાદિ. વસ્તુમાત્ર તેના માટે શરીરની માફક હોય છે. કેમકે બધાંજ શરીરો તેનું જ સાક્ષ્ય પુરાવે છે. છતાંય તે બધાંથી અસ્પૃષ્ટ જ રેહતો હોય છે. તો *ભગવાનનું

આનન્દનિધિ રૂપ શરીર તો તેમને સ્પર્શી શકતું હશે કે નહિં?*, આ પ્રશ્નના સમાધાનાર્થે કહે છે **શરીર** બ્રહ્મને **જાણી શકે** તેવી ક્રિયાનો કર્તા બની શક્તો નથી. **આવી રીતે** એટલે આમ પોતાની ભીતર **જે અનુપ્રવિષ્ટ થઇને પ્રકાશિત થતો હોય છે, આનું નિરૂપણ "જે પૃથ્વીની ભીતર રહી"** (બૃહ.ઉપ.૩।૭।૩) વિગેરે શ્રુતિવચનોમાં થયું છે. *વિભિન્ન શ્રુતિવચનોમાં નાના પ્રકારે પ્રતિપાદન મળતું હોવાથી અન્યોન્યવિરુદ્ધ વચનોમાં બ્રહ્મનાં પ્રતિપાદક કોઇ પણ વચનનું પ્રમાણ હોવું સિદ્ધ નહીં થાય* આવી શંકાના નિરાકરણાર્થે **કોઇ પણ વાદનાં ચોખટાની ભીતર** ઇત્યાદિ વિધાન કરવામાં આવ્યું છે. હકીકતમાં તો શ્રુતિઓનો અભિપ્રાય તો નાનાવિધ વાક્યોની બ્રહ્મની બાબતમાં એકવાક્યતા નિરૂપિત કરવામાં છે કેમકે બ્રહ્મમાં સર્વભવનસામર્થ્ય છે અને સાથોસાથ તે વિરુદ્ધધર્માશ્રય પણ છે જ. જે આમ નિરૂપણ કરવા નથી માંગતા તે વાદિઓનાં વાક્યો બ્રહ્મનાં તત્તદ્ અંશોનાં પ્રતિપાદક વાક્યોનાં સીમિત અભિપ્રાયનાં દ્યોતક માની લેવા જોઇએ. કેમકે વચનોનો વક્તાઓનાં હૃદયોમાં શ્રૌત અભિપ્રાય હોતો નથી. તેથી બધાં વાદો વક્તાઓની ભ્રાન્તિને આધારે પરિકલ્પિત હોય છે, તે કારણસર વાચ્યીભૂત અર્થને તેઓ સ્પર્શી ન શકવાને કારણે અનવસરપરાહત જ થઇ જાય છે. *વાદિઓનાં હૃદયોમાં જે કાંઇ ભાવો હોય, તેમનાં વચનો તો સરસ્વતીરૂપ હોવાને કારણે શામાટે એકવાક્યતા પ્રકટ નહીં કરતા હોય?* આવી શંકાના નિવારણાર્થ કહે છે **જેટલાં પણ વાદો છે તે બધાં વાદોનાં ચોખટામાં જે કાંઇ ચિત્રો** ઇત્યાદિ. એક-એક વાદ બ્રહ્મનાં એક-એક ધર્મનો પ્રતિપાદક વાક્યશેષરૂપ હોય છે અને ભગવાન્ તે બધાં વાદોને અનુરૂપ પોતાનું સ્વરૂપ પ્રકટ કરી શકે છે.

<u>અવતરણિકા</u>:

**તત્ર, બ્રહ્મણિ વિરુદ્ધધર્માઃ સન્તીતિ જ્ઞાપનાર્થમ્ આહ:**



<u>કારિકા</u>:

**અનન્તમૂર્તિ તદ્ બ્રહ્મ કૂટસ્થં ચલમેવ ચ।।**
**વિરુદ્ધસર્વધર્માણામ્ આશ્રયં યુક્ત્યગોચરમ્।।૭૧।।**

<u>શ્લોકાન્વયાર્થ</u>:

**તદ્** = તે **બ્રહ્મ** = પરમતત્ત્વ **અનન્તમૂર્તિ** = અસંખ્યરૂપો ધારણ કરીને મૂર્તિમાન થાય છે. (તે) **કૂટસ્થ** = અચલ છે **ચ** = અને **ચલમેવ** = ચલ પણ બને છે. **વિરુદ્ધસર્વધર્માણાં** = બધાંજ પરસ્પર વિરોધી ગુણધર્મોનો **આશ્રયં** = અવિરોધી આશ્રય (હોવાથી) **યુક્ત્યગોચરં** = યુક્તિવાદોના ઊહાપોહથી અગમ્ય છે.

<u>ભાવાનુવાદ</u>:

**તે એક બ્રહ્મની મૂર્તિઓ અનન્ત હોય છે, તે કૂટસ્થ પણ અને ચલ પણ છે જ।।**
**તે બધી જાતનાં વિરુદ્ધ ધર્મોનો એક આવો અવિરુદ્ધ આશ્રય હોય છે કે જે યુક્તિથી ગોચર થઇ શકતું નથી।।૭૧।।**

<u>પ્રકાશ</u>:

**અનન્તમૂર્તિ ઇતિ, અનન્તાઃ મૂર્તયો યસ્ય. બ્રહ્મ એકં વ્યાપકં ચ. તેન અનેકત્વમ્ એકત્વં ચ નિરૂપિતમ્. એવં ગુણવિરોધમ્ ઉક્ત્વા ક્રિયાવિરોધમ્ આહ કૂટસ્થં ચલમેવ ચ ઇતિ. એવકારઃ સગુણાદિભેદવિજ્ઞાપનાર્થઃ. ચકારો અનુક્તવિરુદ્ધધર્મસંગ્રહાર્થઃ. વાક્યેષ્વિવ અત્રાપિ વિરોધમ્ આશંક્ય સમાધાનાર્થં સ્પષ્ટમ્ આહ વિરુદ્ધસર્વધર્માણામ્ ઇતિ. બ્રહ્મૈવ હિ સર્વાધારમ્. યથા ભૂમિઃ સહજવિરુદ્ધાનામપિ મૂષકાદિજીવાનાં, કારણગતધર્મઃ પૃથિવ્યાં ભાસતે, વિશેષેણ લૌકિકયુક્તિઃ અત્ર ન અસ્તિ, તદગમ્યત્વાદ્ ઇતિ આહ યુક્ત્યગોચરમ્ ઇતિ.**

<u>અનુવાદ</u>:

બ્રહ્મમાં અનેક વિરુદ્ધ ધર્મો હોય છે આ હવે દેખાડવા માંગે છે:

**મૂર્તિઓ અનન્ત હોય છે** ઈત્યાદિ. જેની મૂર્તિઓ અનન્ત હોય છે તે **બ્રહ્મ** એક અને વ્યાપક પણ હોય છે. એટલે કે બ્રહ્મ અનેક પણ હોય છે અને એક પણ, આવું નિરૂપણ કરવામાં આવ્યું. આમ બ્રહ્મની ભીતર વિવિધ ગુણોનો વિરોધ દેખાડીને હવે વિવિધ ક્રિયાઓનો વિરોધ પણ દેખાડે છે તે **કૂટસ્થ પણ હોય છે અને ચલ પણ. છે જ** પદનો પ્રયોગ સગુણ આદિ ભેદને વિજ્ઞાપનાર્થ છે. **પણ** અહિંયા જે કહેવામાં નથી આવ્યું તેવા પણ વિરુદ્ધ ધર્મોનાં સંગ્રહ કરવામાટે પ્રયુક્ત થયો છે. વાક્યોની માફક અહિંયા પણ વિરોધની શંકા થતી હોય તો તેનાં સમાધાનાર્થ કહે છે **તે બધાં વિરુદ્ધ ધર્મોનો** એક આશ્રય હોય છે. બ્રહ્મ જ બધાનો આધારરૂપ છે, જેમ ભૂમિ પરસ્પર સહજ વિરુદ્ધ મૂષક વિગેરે અનેક પ્રાણિઓનો આધાર હોય છે, બ્રહ્મરૂપી કારણનાં જ ધર્મ પૃથ્વીમાં પણ ભાસિત થતાં હોય છે. આ બાબતમાં કોઈ પણ જાતની લૌકિક યુક્તિની અપેક્ષા અહિંયા રાખવી નહીં, યુક્તિઓથી બ્રહ્મ અગમ્ય હોવાને કારણે, આ હવે દેખાડવા માંગે છે **યુક્તિથી ગોચર થઈ શકતું નથી.**

અવતરણિકા :

***નનુ અવતારેષુ ભગવત્ત્વશ્રુતેઃ લૌકિકપ્રમાણવિષયત્વવત્ લૌકિકયુક્તિ-વિષયત્વમપિ કુતો ન?* ઈતિ આશંક્ય આહ :**

કારિકા :

**આવિર્ભાવતિરોભાવૈઃ મોહનં બહુરૂપતઃ ॥**
**ઈન્દ્રિયાણાન્તુ સામર્થ્યાદ્ અદશ્યં, સ્વેચ્છયાતુ તત્॥૭૨॥**

શ્લોકાન્વયાર્થ :

**તત્**=તે **આવિર્ભાવતિરોભાવૈઃ**=કોઈક રૂપે આવિર્ભૂત તો કોઈક રૂપે તિરોહિત થઈ જવાની શક્તિઓને કારણે **બહુરૂપતઃ**=ઘણાં બધાં રૂપો પ્રકટ કરી શકતો હોવાથી **મોહનં**=સહુને મોહ પમાડનારું છે. **ઈન્દ્રિયાણાં તુ**=આપણી ઈન્દ્રિયોની **સામર્થ્યાત્**=સામર્થ્યથી એને **અદશ્યં**=જાણી શકાતું નથી. **સ્વેચ્છયા તુ**=એ પોતે જો ઈચ્છે તો ઈન્દ્રિયગમ્ય પણ બની શકે છે.



ભાવાનુવાદ :

**તે ભગવત્સ્વરૂપ અનેક રૂપોમાં પોતાનાં આવિર્ભાવ અને તિરોભાવ દેખાડી જોનારાઓમાં જેમ મોહ ઉત્પન્ન કરનારો હોય છે તેમ જ॥**

**ઈન્દ્રિયોનાં સામર્થ્યના વિચારે અદશ્ય હોવા છતાંય સ્વેચ્છયા તો લૌકિક ઈન્દ્રિયોથી પણ ગમ્ય બનતો હોય છે॥૭૨॥**

પ્રકાશ :

**આવિર્ભાવતિરોભાવૈઃ ઈતિ, આવિર્ભાવો અવતારો મત્સ્યાદિરૂપેણ પ્રાકટ્યમ્. તિરોભાવો અવતારસમાપ્તિઃ. તે ચ બહુપ્રકારાઃ સ્થાવરેભ્યો જંગમેભ્યઃ સ્વતોઽપિ ભવન્તિ. તે સર્વે પ્રકારાઃ મોહકાએવ, નટવદ્ બહુરૂપત્વાત્. અન્યથા લૌકિકયુક્તેઃ લંઘનં ન સ્યાત્. નહિ મત્સ્યો અહ્ના યોજનશતં વર્ધતે. નાપિ ક્ષણેન પર્વતાકારો ભવતિ વરાહઃ. અતો લૌકિકબુદ્ધિવિષયત્વં નટઈવ ધ્વાન્તમ્. સ્વતો ન લૌકિકયુક્તિગોચરત્વમ્ ઈતિ અર્થઃ. તથાપિ કૃષ્ણાદયઃ સર્વૈઃ દષ્ટાઅપિ તેષુ કથં લૌકિકપ્રમાણાવિષયત્વં? તત્ર આહ ઈન્દ્રિયાણાન્તુ સામર્થ્યાદ્ ઈતિ, ચક્ષુઃ ન સ્વસામર્થ્યેન ભગવન્તં વિષયીકરોતિ કિન્તુ ભગવદિચ્છયૈવ "માં સર્વે પશ્યન્તુ!" ઈત્યેતદ્રૂપયા તદ્ દશ્યમ્.**

અનુવાદ :

*અહિંયા એક શંકા ઉભરે કે લોકમાં અવતીર્ણ ભગવત્સ્વરૂપ

પણ અવતારકાલમાં તો લૌકિક ચક્ષુ વિગેરે પ્રમાણોનું વિષય બનતું જ હતું તેથી ભગવાન્‌ના અવતીર્ણ સ્વરૂપોની તો લૌકિક યુક્તિગમ્યતા પણ અવતારપ્રતિપાદિકા શ્રુતિઓને આધારે કેમ નહીં સિદ્ધ થાય!* આના નિરાકરણાર્થે કહે છે:

**આવિર્ભાવ અને તિરોભાવ** ઈત્યાદિ, **આવિર્ભાવ** એટલે મત્સ્ય આદિ રૂપે પ્રકટ થનારા અવતારો. **તિરોભાવ** એટલે પોતાનાં અવતીર્ણ સ્વરૂપની લૌકિક ઈન્દ્રિયગમ્યતાનો ઉપસંહાર. આ ભગવદવતાર અનેક પ્રકારે થાય, ક્યારે સ્થાવર વસ્તુઓમાં તો ક્યારેક જંગમ તત્ત્વોમાંથી, ક્યારેક સ્વતઃ પણ, પ્રકટ થતો હોય છે. આ બધાં પ્રકારો મોહક હોય છે, એક નટ જેમ અનેક રૂપો ધારણ કરી સામે આવીને જોનારાઓને મોહ પમાડતો હોય તેમજ. નહિં તો અવતારકાલીન લીલાઓમાં લૌકિક યુક્તિઓનું ઉલ્લંઘન કરનારા ચરિત્ર ગુણધર્મ કે સ્વરૂપ પ્રકટ ન થયા હોત. આ લોકમાં કયું એવું મત્સ્ય હોઈ શકે જે એક દિવસમાં સો યોજન (લગભગ ૧૨૦૦ કિલોમીટર) વિકસી શકે! ન કોઈ વરાહ એક ક્ષણમાં પર્વતાકાર બની શકે છે! તેથી ભગવદવતારોને લૌકિક બુદ્ધિનું વિષય થતું માનવામાં નટોનાં નાટકીય આહાર્ય રૂપોને વાસ્તવિક સ્વરૂપ માની લેવાની ધાંધલ જેવી ગણવી જોઈએ. તેથી ભગવાન્‌નાં અવતીર્ણ રૂપો પણ લૌકિક યુક્તિઓ વડે સ્વતો ગોચર થઈ શકતા નથી આ આશય છે. તે છતાંય શ્રીકૃષ્ણ વિગેરેને બધાએ જોયા જ હતાં તેથી તેમને લૌકિક પ્રમાણોનાં અવિષય કેમ માની શકાય? આનો ખુલાસો આપે છે **ઈન્દ્રિયોનાં સામર્થ્યના** ઈત્યાદિ, આપણાં નયનો પોતાનાં સામર્થ્યદ્વારા ભગવાન્‌ને જોઈ શકતા નથી પરન્તુ ''બધા મને જુએ!'' આવી ભગવદિચ્છાને કારણે જ બધાં તેમને જોઈ શકે છે.

.........



**અવતરણિકા:**

*નનુ બ્રહ્મવાદેઽપિ ''વાચારમ્ભણ...''(છાન્દો.ઉપ.૬।૧।૪)વાક્યાનુરોધાદ્ વિકલ્પાનામ્ અસત્યત્વમ્ અંગીકર્તવ્યમ્!* ઈતિ આશંક્ય આહ:**

**કારિકા:**

**અખણ્ડાદ્વૈતભાનેતુ સર્વં બ્રહ્મૈવ ન અન્યથા॥**
**જ્ઞાનાદ્ વિકલ્પબુદ્ધિસ્તુ બાધ્યતે ન સ્વરૂપતઃ॥૯૧॥**

**શ્લોકાન્વયાર્થ:**

**અખણ્ડાદ્વૈતભાનેતુ** = જો એના અખંડઅદ્વૈતનું ભાન થાય તો જ **સર્વં** = જે કાંઈ છે તે બધું **બ્રહ્મૈવ** = બ્રહ્મજ છે. **અન્યથા** = નહિતો **ન** = નહિં. **જ્ઞાનાદ્** = તે અખણ્ડાદ્વૈતનું જ્ઞાન થતાં જુદા-જુદા નામ-રૂપ-જાતિ વિગેરેના **વિકલ્પબુદ્ધિસ્તુ** = વિકલ્પોનું અવગાહન કરનારી બુદ્ધિ બાધિત થઈ જતી હોય છે. **ન સ્વરૂપતઃ** = તે વિકલ્પો પોતે બાધિત થઈ જતા નથી.

**ભાવાનુવાદ:**

**બ્રહ્મના અખણ્ડાદ્વૈતનું ભાન થતાં તો બધું બ્રહ્મ જ છે અન્ય કાંઈ પણ નહીં॥**

**તે બ્રહ્માદ્વૈતનું ભાન નામ-રૂપ-કર્મથી ઘડાયેલ વિકલ્પોનું બાધક નથી બનતું; બલ્કે, અબ્રહ્માત્મક વિકલ્પોમાં સંડોવાયેલી આપણી બુદ્ધિનું જ બાધક બનતો હોય છે॥૯૧॥**

**પ્રકાશ:**

**અખણ્ડાદ્વૈતભાનેતુ** ઈતિ, **દ્વેધા હિ વેદાન્તાનાં બોધનપ્રકારઃ : ''પ્રજાયેય...''** (તૈત્તિ.ઉપ.૨।૬) **ઈતિ વાક્યાનુરોધાદ્ ઉચ્ચનીચત્વં ભગવાનેવ**

**પ્રાપ્તઃ ઇતિ વિકલ્પબુદ્ધાવપિ બ્રહ્માવગતિઃ ન વિરુદ્ધ્યતે. ક્વચિત્ પુનઃ વિકારાઃ વાચૈવ આરબ્ધા ઇતિ કાર્યાંશમ્ અનાદૃત્ય વસ્તુસ્વરૂપવિચારેણ આવિર્ભાવતિરોભાવૌ પૃથક્કૃત્ય સન્માત્રં જગદ્ ઇતિ બોધયન્તિ. તત્ર પ્રથમપક્ષે સન્દેહએવ નાસ્તિ. દ્વિતીયપક્ષેઽપિ ન દૂષણમ્ ઇતિ 'તુ'શબ્દઃ. યદા અખણ્ડાદ્વૈતભાનં સુવર્ણગ્રાહકવત્ તત્ત્વેનૈવ સર્વં ગૃહ્ણાતિ તદા અવાન્તરવિકલ્પવિષયિણી બુદ્ધિઃ 'ઘટઃ'-'પટઃ'ઇતિ સા બાધ્યતે, સર્વત્ર બ્રહ્મૈવેતિ, નતુ સ્વરૂપતોઽપિ ઘટાદિપદાર્થોઽપિ ધર્મી બાધ્યતે ઇતિ અર્થઃ.**

અનુવાદ:

*બ્રહ્મવાદમાં પણ **"વિકાર' તો વાણીનો વ્યાપાર છે... "** (છાન્દો.ઉપ.૬।૧।૪) આવા શ્રુતિવચનનાં આધારે નામ-રૂપ-કર્મોનાં વિકલ્પોને તો અસત્ય જ માનવા જોઇએ!* આ શંકાના સમાધાનાર્થે કહે છે:

**બ્રહ્મના અખણ્ડાદ્વૈતનું ભાન** ઇત્યાદિ. વેદાન્તદ્વારા બ્રહ્મબોધન બે પ્રકારે થતો હોય છે : **"હું એક અનેક રીતે પ્રકટ થાઉં..."** (તૈત્તિ.ઉપ.૨।૬) આ શ્રુતિવચનનાં આધારે બધાં જ ઉચ્ચાવચ રૂપોમાં ભગવાન્ જ પોતે પ્રકટ થયેલા છે તેથી ભગવાને ધારણ કરેલાં વિવિધ નામ-રૂપ-કર્મોનું અવગાહન કરનારી બુદ્ધિ બ્રહ્મના સાક્ષાત્કારી જ્ઞાનથી વિરુદ્ધ જઇ શકતી નથી. ઉપાદાન કારણમાં પ્રકટ થનારાં વિવિધ નામ-રૂપ-કર્મોનાં વિકલ્પોને કારણરૂપ ન માની કારણથી પૃથક્ વિકાર માનીએ તો તે કેવળ વાણીનો વિલાસ જ હોય છે તેથી કાર્યાંશ ઉપર ધ્યાન આપ્યા વિના વસ્તુસ્વરૂપનાં વિચારે આવિર્ભાવ-તિરોભાવોને પૃથક્ કરીને જગત્‌ને સન્માત્ર માનવું તે બ્રહ્મબોધનનો બીજો પ્રકાર છે. આ બન્ને પક્ષો પૈકી પ્રથમ પક્ષમાં તો કોઇ પણ જાતનાં સન્દેહને અવકાશ જ નથી. બીજા પક્ષમાં પણ કોઇ દૂષણ સામે આવતું નથી આ દેખાડવા **'તો'** પદનો પ્રયોગ કર્યો



છે. બ્રહ્મનાં અખણ્ડાદ્વૈતનું જ્યારે ભાન થાય ત્યારે સુવર્ણના ગ્રાહકની માફક સુવર્ણનિર્મિત સકલ આભૂષણો પણ સુવર્ણ જ લાગતાં હોય છે. ત્યારે સુવર્ણનિર્મિત કડા કુંડળ કે કંઠી વિગેરે નામ-રૂપ-કર્મોનાં અવાન્તર વિકલ્પોમાં સંડોવાયેલી બુદ્ધિ 'આ ઘડો છે'-'આ કપડું છે' તે બાધિત થઇ જતી હોય છે, સર્વત્ર એક અખણ્ડ બ્રહ્મના વિદ્યમાન હોવાની બુદ્ધિને કારણે. તેથી કાંઇ ઘડો કે કપડું જેવા ધર્મી પદાર્થોનું સ્વરૂપ બાધિત થઇ જતું નથી.

અવતરણિકા:

***નનુ ઘટપટયોઃ અદ્વૈતં ન ઉપપદ્યતે ઇતિ પ્રત્યક્ષાનુરોધાદ્ દ્વૈતમ્ અંગીકર્તવ્યમ્!* ઇતિ આશંક્ય આહ:**

કારિકા:

**ભિન્નત્વં નૈવ યુજ્યેત બ્રહ્મોપાદાનતઃ ક્વચિત્॥**
**વાચારમ્ભણમાત્રત્વાદ્ ભેદઃ કેન ઉપજાયતે॥૯૨॥**

શ્લોકાન્વયાર્થ:

(કેમકે) **ભિન્નત્વં** = વિકલ્પોને કારણે ભાસિત થતાં ભેદો **બ્રહ્મોપાદાનતઃ** = બધાનું ઉપાદાન બ્રહ્મજ હોવાને કારણે **ક્વચિત્** = ક્યાંય પણ **નૈવ યુજ્યેત** = યુક્તિયુક્ત જ નથી. **ભેદઃ** = આત્યન્તિક કે તત્ત્વઘટિત ભેદ તો **કેન** = શા કારણે **ઉપજાયતે** = પ્રકટ થઇ શકે **વાચારમ્ભણમાત્રત્વાદ્** = (અન્તે તો એકજ તત્ત્વનાં અનેક નામરૂપકર્માત્મક ભેદો હોવાથી) બધો ભેદ વાચિક વ્યવહાર પૂરતો જ છે.

ભાવાનુવાદ:

**બન્ને જ એક બ્રહ્મ રૂપી ઉપાદાન-કારણમાંથી**
**સમાનરૂપેણ પ્રકટ થયેલ હોવાને કારણે ભિન્ન થઇ શકતા**

**નથી ॥**

**ઉપાદાન-ઉપાદેયનો ભેદ તો તાત્ત્વિક ન હોઈ વાચિક વિવક્ષાવશ થતો હોવાને કારણે બન્ને વચ્ચે ભેદ કેમ હોઈ શકે ? ॥૯૨॥**

<u>પ્રકાશ :</u>

**ભિન્નત્વમ્ ઈતિ, કટકકુણ્ડલયોઃ ભેદો ન સર્વથા ભવતિ. ઉપાદાનસ્ય એકત્વાત્, ધર્મરૂપત્વે એકસ્યૈવ ઉભયં ધર્મઃ. તયોશ્ચ ઉપાદાનાભેદાદ્ ભેદો ન યુક્તિસહઃ. પ્રત્યક્ષન્તુ અભેદેઽપિ ભેદં ગૃહ્ણાતિ. દ્વિચન્દ્રવત્, મહતાન્તુ પ્રત્યક્ષં તદપિ ન ગૃહ્ણાતિ. અતઃ પ્રમાણાનુરોધાદ્ વાચારમ્ભણમાત્રત્વં પદાર્થાનામ્ અવગત્ય સર્વત્ર બ્રહ્મભાવાવગતૌ કેન ભેદ ઉપજાયતે ઈતિ અર્થઃ. તસ્માદ્ ભેદાનુરોધેનાપિ બ્રહ્મવાદો ન નિરાકર્તવ્યઃ ઈતિ ભાવઃ.**

<u>અનુવાદ :</u>

*અલબત્ત પ્રત્યક્ષને આધારે જો વાત કહેવાતી હોય તો ઘડા કે કાપડ ની એક હોવાની વાત ઉપપન્ન થઈ શકતી નથી. તેથી બન્ને વચ્ચે દ્વૈત અંગીકાર કરવું જોઈએ !* આ શંકાનું સમાધાન કરવા કહે છે :

**ભિન્ન થઈ શકતા નથી** આ કહેવામાં અભિપ્રાય આમ છે કે સમાનરૂપે સુવર્ણથી નિર્મિત કડા કે કુણ્ડળ ની વચ્ચે તાત્ત્વિક ભેદ તો થઈ શકે નહિં, ઉપાદાન કારણના એક હોવાને કારણે. તેમને સુવર્ણનાં બે જુદા-જુદા ધર્મ કે આકૃતિ ના રૂપે નિરખતાં એક તત્ત્વનાં બે જુદા-જુદા ધર્મો સિદ્ધ થાય છે. તે બન્નેનું પોતાનાં સમાન ઉપાદાન કારણની સાથે ભેદ ન હોવાને કારણે. તેથી પરસ્પર પણ ભેદ માનવું યુક્તિયુક્ત નથી. પ્રત્યક્ષમાં બન્નેનું ભિન્ન દેખાવવું તો ચન્દ્રમાનું એક હોવા છતાંય બે દેખાવવા જેવા પ્રત્યક્ષની માફક



સમજવું જોઈએ. બ્રહ્મજ્ઞાનિઓને થતાં પ્રત્યક્ષમાં તેવો ભેદ ભાસિત થતો નથી. તેથી પ્રમાણોનો વિચાર કરતાં વાચિક ભેદ કે વિવક્ષાવશ પ્રકટ થયેલ ભેદ છે આવું જાણી લેવું જોઈએ. સર્વત્ર એકમેવાદ્વિતીય બ્રહ્મ જ અવસ્થિત હોય તો ભેદને સ્થાન ક્યાંથી મળી શકે ? તેથી ભેદને આધારે પણ બ્રહ્મવાદનું નિરાકરણ કરવું જોઈએ નહીં આવો ભાવ છે.

<u>અવતરણિકા :</u>

**એવં માયાવાદં નિરાકૃત્ય સાંખ્યનિરાકરણાર્થમ્ આહ :**

<u>કારિકા :</u>

**સાંખ્યો બહુવિધઃ પ્રોક્તઃ તત્ર એકઃ સત્પ્રમાણકઃ ॥**
**અષ્ટાવિંશતિતત્ત્વાનાં સ્વરૂપં યત્ર વૈ હરિઃ ॥૯૩॥**

<u>શ્લોકાન્વયાર્થ :</u>

**સાંખ્યો** = સાંખ્યશાસ્ત્રનાં **બહુવિધઃ** = ઘણાં બધાં પ્રકારો **પ્રોક્તઃ** = કહેવામાં આવ્યા છે. **તત્ર** = તે અનેક પ્રકારો પૈકી **એકઃ** = એક પ્રકાર **સત્પ્રમાણકઃ** = વેદાદિ શાસ્ત્રોથી પ્રમાણિત પણ છે.

<u>ભાવાનુવાદ :</u>

**સાંખ્યમત અનેક રૂપોમાં નિરૂપિત થયો છે તેમાંનો એક રૂપ સાચો ને પ્રામાણિક છે ॥**

**જે સાંખ્યમતની પ્રક્રિયામાં શ્રીહરિ જ અઠાવીસ તત્ત્વોનાં રૂપે પ્રકટ થયાનું પ્રતિપાદન કરવામાં આવે છે ॥૯૩॥**

<u>પ્રકાશ :</u>

**સાંખ્યો બહુવિધ ઈતિ, બ્રહ્મવાદએવ પ્રથમસૃષ્ટાનાં પદાર્થાનાં સાંખ્યયોગાત્ સાંખ્યમ્ ઈતિ યદ્ મતં તદ્ બ્રહ્મવાદએવ પ્રવિશતિ. સ્વતન્ત્રતયા**

**યાનિ મતાનિ તાનિ અપ્રામાણિકાનિ તત્ર એકં સ્થાપયતિ તત્રૈક ઈતિ, સતાં પ્રમાણસિદ્ધઃ. તસ્ય સ્વરૂપમ્ આહ અષ્ટાવિંશતિ ઈતિ.**

અનુવાદ :

આમ માયાવાદના નિરાકરણ બાદ હવે સાંખ્યમતનું નિરાકરણ કરવા માટે અગ્રિમ પ્રતિપાદન છે :

સાંખ્યમત અનેક રૂપોમાં ઈત્યાદિ, બ્રહ્મવાદમાં સ્વીકારવામાં આવેલ પ્રથમ સૃષ્ટ તત્ત્વોનો સાંખ્યમત મુજબ સંખ્યાઓ કરતાં જે પ્રકારનો સાંખ્યમત પ્રકટ થાય છે તે તો બ્રહ્મવાદનું જ અવાન્તર સ્વરૂપ છે. બ્રહ્મવાદી પ્રક્રિયાથી જુદી રીતે સ્વતન્ત્રતયા જે પ્રકાર સાંખ્યમતનો દર્શાવવામાં આવ્યો છે તેમને તો અપ્રામાણિક જ સમજવું જોઈએ. તેમાંની એક પ્રક્રિયાને સ્થાપિત કરવા કહે છે **તેમાંનો એક** એટલે સત્પુરુષોને માન્ય પ્રમાણશાસ્ત્રનાં આધારે સિદ્ધ છે. તેનું સ્વરૂપ સમજાવે છે **અઠાવીસ** ઈત્યાદિ.

.........

**(સ્વમત મુજબ સાધન અને ફળ ની વ્યવસ્થા)**

અવતરણિકા :

**એવં પરમતં નિરાકૃત્ય સ્વમતે યથા ભજનં તથા સંકલીકૃત્ય આહ :**

કારિકા :

**એવં ''સર્વં તતઃ'', ''સર્વં સ'' ઈતિ જ્ઞાનયોગતઃ ॥**
**યઃ સેવતે હરિં પ્રેમ્ણા શ્રવણાદિભિર્ ઉત્તમઃ ॥૧૦૧॥**
**પ્રેમાભાવે મધ્યમઃ સ્યાદ્ જ્ઞાનાભાવે તથા આદિમઃ ॥**
**ઉભયોરપિ અભાવેતુ પાપનાશઃ તતો ભવેત્ ॥૧૦૨॥**



શ્લોકાન્વયાર્થ :

**એવં** = આવી રીતે **''સર્વં તતઃ''** = બધું તેનાથી પ્રકટ થયેલું છે. **''સર્વં સ''** = તે પોતેજ સર્વરૂપે પ્રકટ થયો છે **ઈતિ** = એવા **જ્ઞાનયોગતઃ** = જ્ઞાનયોગપૂર્વક **યઃ** = જે **હરિં** = હરિની **શ્રવણાદિભિઃ** = શ્રવણ કીર્તન સ્મરણ પાદસેવન અર્ચન વંદન દાસ્ય સખ્ય આત્મનિવેદન એવી નવધાભક્તિ **પ્રેમ્ણા** = પ્રેમ સાથે **સેવતે** = પોતાની ભગવત્સેવામાં વણી શકતો હોય **ઉત્તમઃ** = તેને ઉત્તમકક્ષાનો સમજવો. **પ્રેમાભાવે** = પ્રેમભાવ વિના તેમજ **તથાજ્ઞાનાભાવે** = જણાવેલ જ્ઞાન વિના જે હરિની સેવા કરતો હોય **મધ્યમઃ** = તે મધ્યમકક્ષાનો **સ્યાદ્** હોય છે **ઉભયોરપિ અભાવે તુ** = ન જ્ઞાન કે ન પ્રેમ છતાંય સેવા કરતો હોય તો ભક્તિ નહિં પરંતુ **તતઃ પાપનાશઃ** = જેનાથી પાપનાશ થતો હોય તેવું કર્મ **ભવેત્** = છે.

ભાવાનુવાદ :

**આમ ''બધું તેનાથી જ પ્રકટ થયેલ છે'', ''તે જ આ બધું બન્યો છે'' આવા જ્ઞાનની સાથે ॥**
**જે શ્રીહરિનું ભજન શ્રવણ-કીર્તન આદિ પ્રકારો સાથે પ્રેમપૂર્વક કરતો હોય છે તેને ઉત્તમ સમજવો ॥૧૦૧॥**
**પ્રેમ વિના અથવા જ્ઞાન વિના કરવામાં આવતું ભજન મધ્યમ પ્રકારનું હોય છે. તેમજ પ્રાથમિક પ્રકારનું જો ॥**
**જ્ઞાન અને પ્રેમ બન્ને વિના કેવલ ક્રિયારૂપે ભજન કરવામાં આવતું હોય ત્યારે જાણવું. આવું ભજન ફક્ત પાપનાશક હોય છે ॥૧૦૨॥**

પ્રકાશ :

**એવં સર્વમ્ ઈતિ, એવં સર્વં નિશ્ચિત્ય સર્વં ભગવતએવ, સએવ ચ સર્વમ્ ઈતિ વૈદિકગૌણમુખ્યજ્ઞાનયુક્તઃ, પ્રેમ્ણા શ્રવણાદિપ્રકારેણ યો**

**ભજતે સ ભક્તિમાર્ગે ઉત્તમઃ. શાસ્ત્રાર્થજ્ઞાનાભાવેઽપિ પ્રેમ્ણા ભજને મધ્યમઃ. પ્રેમાભાવે મધ્યમઃ ઇતિ વા. જ્ઞાનાભાવે તથા મધ્યમ ઇતિ અર્થઃ. આદિમો વા. ઉભયોઃ અભાવે શ્રવણાદીનાં પાપનાશકત્વં, ધર્મત્વં વા, નતુ ભક્તિમાર્ગઃ ઇતિ**

અનુવાદ :

આમ પરમતનાં નિરસન બાદ નિજમતમાં ભજન જે પ્રકારે માન્ય કરવું જોઇએ તેનું સંકલન હવે કરે છે :

આમ ''બધું તેનાથી જ...'' ઇત્યાદિ. આમ બધું ભગવાન્ થકી જ પ્રકટ થયેલું અને ભગવદ્રૂપ જ છે, આવા વૈદિક જ્ઞાનનાં ગૌણ અને મુખ્ય પ્રકારો છે, આથી સમ્પન્ન થઇને, શ્રવણ-કીર્તન-સ્મરણ-પાદસેવન-અર્ચન-વન્દન-દાસ્ય-સખ્ય-આત્મનિવેદન નાં પ્રકારોને પ્રેમપૂર્વક નભાવતાં જે ભજન કરતો હોય તે ભક્તિમાર્ગમાં ઉત્તમાધિકારી હોય છે. શાસ્ત્રીય જ્ઞાનનાં અભાવમાં પણ પ્રેમપૂર્વક ભજન કરનારને મધ્યમાધિકારી માનવો. અથવા **પ્રેમ વિના કે જ્ઞાન વિના કરવામાં આવતું ભજન પણ મધ્યમ અથવા આદિમ કોટિનું માનવું જોઇએ. બેઉ પ્રેમ અને જ્ઞાન વિના કરાતું ભજન** શ્રવણ-કીર્તન-સ્મરણ આદિ પાપનાશક હોય છે, અથવા તેમને ધર્મરૂપ માનવું જોઇએ, ભક્તિમાર્ગીય નહીં આવો આશય છે.

કારિકા :

**(૭૦)તપોવૈરાગ્યયોગેતુ જ્ઞાનં તસ્ય ફલિષ્યતિ ॥**
**(૭૧)યોગયોગે તથા પ્રેમ સ્તુતિમાત્રં તતો અન્યથા ॥૧૦૩॥**

શ્લોકાન્વયાર્થ :

**તપોવૈરાગ્યયોગેતુ** = જો ભગવદ્ ભજન સાથે તપ અને વૈરાગ્ય પણ જોડાય **જ્ઞાનં** = બધું બ્રહ્માત્મક છે તેવું જ્ઞાન **તસ્ય** = તેને **ફલિષ્યતિ** = ફલિત થશે **તથા** = અને જો ભગવદ્ભજન સાથે **યોગયોગે** = યોગ પ્રણાલીને જોડવામાં આવતી હોય તો **પ્રેમ** = ભગવાન્ પ્રેમભાવમાં તે ફલિત થઈ શકે **તતો અન્યથા** = આમાનાં કોઈ પણ અંગોના સહકાર વિના કરવામાં આવતુ ભગવદ્ભજન **સ્તુતિમાત્રં** = વિહિત કર્મ નથી એટલા અંશમાં પ્રશંસનીય હોય છે.

ભાવાનુવાદ :

**શ્રવણ વિગેરે જ્યારે તપ અને વૈરાગ્ય ની સાથે કરવામાં આવતાં હોય ત્યારે તો જ્ઞાનરૂપ ફળ આપનારા બને છે॥**

**યોગની સાથે શ્રવણ વિગેરેનું અનુષ્ઠાન કરનારને ભગવત્પ્રેમ ફળરૂપે મળે છે. આ બધાંથી રહિત શ્રવણ વિગેરેની તો ફકત સ્તુતિ કરવામાં આવી છે॥૧૦૩॥**

પ્રકાશ :

તપોવૈરાગ્યસહિતં ચેત્ શ્રવણાદિકં ભવેદ્ અન્યતરસહિતં વા, તદા જન્માન્તરે જ્ઞાનં ભવિષ્યતિ ઇતિ જ્ઞાતવ્યમ્. ''બહૂનાં જન્મનામ્ અન્તે'' (ભગ.ગીતા.૭।૧૯) ઇતિ વાક્યાત્. **યોગસહિતભજને પ્રેમ. પ્રથમસ્ય મધ્યમત્વં, મધ્યમસ્ય ઉત્તમત્વમ્ ઇતિ ક્રમઃ. માર્ગાંગાભાવે** કેવલશ્રવણાદીનાં યત્ પરમપુરુષાર્થસાધકત્વં નિરૂપ્યતે તદ્ ભગવત્સ્તોત્રનિરૂપણમ્. ''ધન્યો અહમ્'' ઇત્યાદિવત્. **પ્રમેયબલેન** તેષાં સિદ્ધિઃ ભવતિ ચેદ્ ભવતુ, ન અન્યથા ઇતિ અર્થઃ.

અનુવાદ :

**તપ અને વૈરાગ્ય** ની સાથે કરવામાં આવતું હોય તો શ્રવણ વિગેરે કે એમાંથી કોઇ અન્યતમ પણ જન્માન્તરમાં જ્ઞાનરૂપ ફળ

પ્રદાન કરતા હોય છે, **"ઘણાં બધાં જન્મારાઓ પછી"** (ભગ.ગીતા.૭।૧૯) આ ભગવદ્દવાક્યને આધારે. યોગમાર્ગીય પ્રક્રિયાની સાથે કરવામાં આવતું ભગવદ્દભજન પ્રેમરૂપ ફળ પ્રદાન કરનારું થાય છે. પ્રથમ કલ્પને મધ્યમ માનવું જોઈએ. દ્વિતીયને ઉત્તમ, આવો ક્રમ અભિલષિત છે. કોઈ પણ માર્ગને અન્તર્ગત ન હોય તે રીતે કરવામાં આવતાં શ્રવણ આદિની પરમ પુરુષાર્થનાં સાધકતયા જે સ્તુતિ શાસ્ત્રોમાં પ્રતિપાદિત થઈ છે તે તો હકીકતમાં ભગવાન્‌ની સ્તુતિ છે નહિંકે આ શ્રવણ આદિ સાધનોની, "હું તો ધન્ય છું!" ઈત્યાદિ વચનો જેવી. અલબત્ તે જો પ્રમેયબળને આધારે થતાં હોય તો કોઈ માર્ગનાં અંગ બન્યા વિના પણ સફળ થઈ શકે છે અન્યથા નહી, આ આશય છે.

**(શાસ્ત્રાર્થ પ્રકરણનો ઉપસંહાર)**

**અવતરણિકા:**

**એવં શાસ્ત્રાર્થમ્ ઉક્ત્વા ઉપસંહરતિ:**

**કારિકા:**

**અર્થોऽયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈઃ**
**રામાયણૈઃ સહિતભારતપઞ્ચરાત્રૈઃ ॥**
**અન્યૈઃ ચ શાસ્ત્રવચનૈઃ સહ તત્ત્વસૂત્રૈઃ**
**નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ॥૧૦૪॥**

**શ્લોકાન્વયાર્થ:**

**નિખિલૈરપિ** = બધા જ **વેદવાક્યૈ:** = વેદના વચનોને આધારે **અયમેવ** = આજ **અર્થો** = અર્થ **નિર્ણીયતે** = નિર્ધારિત થાય છે. **રામાયણૈ:** = રામાયણોથી તેમજ **સહિતભારતપઞ્ચરાત્રૈ:** = મહાભારત



અને પઞ્ચરાત્ર આગમોને આધારે પણ **તત્ત્વસૂત્રૈ: સહ** = બ્રહ્મસૂત્રોની સાથે **અન્યૈ: ચ** = અન્ય પણ **શાસ્ત્રવચનૈ:** = શાસ્ત્રોના વચનોના આધારે **સદૈવ** = સદા સર્વદા (જ્યાં-ત્યાં મળતાં) હરિનાં વચનોને આધારે પણ હૃદયપૂર્વક આ જ નિર્ધારિત થાય છે.

**ભાવાનુવાદ:**

**બધાં જ વેદોનાં વચનોનો સાર આ જ છે.**
**મહાભારત તથા પઞ્ચરાત્ર ની સાથે રામાયણો**
**મુજબ પણ આ જ અર્થ છે॥**
**તત્ત્વસૂત્રો અને અન્યાન્ય શાસ્ત્રવચનો મુજબ પણ**
**આ જ અર્થ છે.**
**શ્રીહરિ પોતાનાં હૃદયથી પણ આવો જ નિર્ણય**
**સદા પ્રકટ કરતા રહ્યા છે॥૧૦૪॥**

**પ્રકાશ:**

**અર્થો અયમેવ ઈતિ, સર્વેષાં પ્રમાણાનામ્ અત્ર એકવાક્યતા. અન્યેષુ વાક્યાભાસાએવ. રામાયણાનાં બહુત્વં, સર્વકલ્પેષ્વપિ એવમેવ પ્રતિપાદયન્તિ ઈતિ જ્ઞાપનાર્થમ્. ભારતપઞ્ચરાત્રયો રામાયણશેષત્વં ચરિત્રપ્રતિપાદકત્વાવિશેષાત્. અન્યાનિ શાસ્ત્રાણિ પુરાણરૂપાણિ. તચ્છેષત્વં વા ભારતાદેઃ. તત્ત્વસૂત્રાણિ ચતુર્લક્ષણી મીમાંસા. તૈઃ સર્વૈરપિ જ્ઞાનં પ્રેમસહિતં કર્તવ્યમ્ ઈતિ નિર્ણીયતે. અન્યથા ચતુર્દશવિદ્યાનાં સરસ્વતીરૂપત્વાદ્ એકનિષ્ઠતા ન સ્યાત્. તત્રાપિ સહૃદયં, ભાવોऽપિ તસ્યા એકત્રૈવેતિ. અયમ્ અર્થઃ સરસ્વતીભર્ત્રૈવ જ્ઞાયતે** ઈતિ હરિણા ઈતિ ઉક્તમ્. કદાચિદ્ અન્યથા કેચિદ્ વક્ષ્યન્તિ ઈતિ તન્નિરાકરણાર્થં **સદા** ઈતિ.

**અનુવાદ:**

આમ હવે શાસ્ત્રાર્થ-પ્રકરણના નિરૂપણ બાદ હવે ઉપસંહાર

કરે છે :

આ જ અર્થ છે એટલે બધાં જ પ્રમાણોની આ વિષયમાં એકવાક્યતા છે. તેથી બીજા કોઈ અર્થમાં એમની વિવક્ષા સ્વીકારતાં તે વાક્યાભાસ જ સિદ્ધ થતાં હોય છે. **રામાયણોનાં** પણ અનેક પ્રકારો છે, બધા કલ્પોમાં આવી રીતે જ તેમાં પ્રતિપાદિત થયેલું માનવું જોઈએ આ જતાડવા બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ભારત અને પઞ્ચરાત્ર પણ રામાયણ નાં અંગો છે, ભગવચ્ચરિત્રનું પ્રતિપાદન બધામાં સમાનરૂપે અભીષ્ટ હોવાથી. **અન્ય શાસ્ત્રો** પુરાણ રૂપ સમજવા. ભારત આદિને આ પુરાણોનાં અંગ પણ માની શકાય. **તત્ત્વસૂત્ર** મહર્ષિ વેદવ્યાસ દ્વારા રચિત સૂત્ર એટલે ચાર અધ્યાયોમાં કરાયેલી બ્રહ્મમીમાંસા. આ બધાંના આધારે બ્રહ્મજ્ઞાન ભગવત્પ્રેમની સહિત હોવું આવશ્યક માનવામાં આવ્યું છે. જો એમ ન હોય તો ચૌદ પ્રકારની વિદ્યા સરસ્વતીરૂપ હોવા છતાંય એકનિષ્ઠ નહીં થઈ શકે. સાથોસાથ **હૃદયથી** એટલે સરસ્વતીનો આશય પણ કોઈક એક તત્ત્વનાં પ્રતિપાદનમાં જ રહેલો છે, આ આશય તો જે સરસ્વતીનો ભર્તા હોય તે જ જાણી શકે, તેથી અહિંયા **શ્રીહરિ** કહ્યું. ક્યારેક કોઈક વાત ક્યાંક શાસ્ત્રોમાં જુદી રીતે પણ કહેવાણી હોય તો! આવી શંકાને સમાધાનાર્થે કહે છે **સદા.**

# ॥ તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત ॥

## ॥ સંક્ષિપ્ત સર્વનિર્ણયપ્રકરણ ॥

# ॥ સર્વનિર્ણયપ્રકરણ ॥

( શાસ્ત્રાર્થપ્રકરણમાં કહેવાયેલ વિષયની વિવેચનાપરક )

શાસ્થાર્થપ્રકરણમાં કહેવાયેલ પ્રમેયોનું વિવેચન :

અવતરણિકા :

**એવં પ્રમાણં નિરૂપ્ય તત્સન્દેહં નિરાકૃત્ય પ્રમેયં નિરૂપયતિ**

કારિકા :

**પ્રમેયં હરિરેવ એકઃ સગુણો નિર્ગુણઃ ચ સઃ ॥**
**ગુણાઃ કાર્યં તથા ધર્મઃ ક્રિયોત્પત્ત્યાદયઃ ચ સઃ ॥૮૪॥**

શ્લોકાન્વયાર્થ :

**એકઃ** એકમાત્ર **હરિઃ** પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીહરિ **એવ** જ **પ્રમેયં** આ દર્શનસિદ્ધાન્ત પ્રમાણે મૂલતત્ત્વ (છે). **સ** તે પોતે **સગુણો** અનન્ત દિવ્ય ગુણોવાલા **નિર્ગુણઃ** અસત્ જડ કે દુઃખરૂપ ગુણોથી રહિત **ચ** પણ (છે). સઃ તે **ચ** પોતે **ગુણાઃ** ગુણરૂપ **કાર્યં** કાર્યરૂપ **તથા** તેમજ **ધર્મઃ** સામાન્ય તથા વિશેષ સ્વરૂપ વિ. **ઉત્પત્ત્યાદયઃ** ઉત્પત્તિ સ્થિતિ વૃદ્ધિ ઉપચય અપચય વિનાશ વિ.**ક્રિયા** ક્રિયારૂપ (પણ તે જ છે).

ભાવાનુવાદ :

**સિદ્ધાન્ત મુજબ પ્રમેય તો ફકત શ્રીહરિ જ એકમાત્ર છે તે પોતે સગુણ પણ છે અને નિર્ગુણ પણ તે જ છે ॥**

**ગુણ કાર્ય અને ધર્મ ક્રિયા ઉત્પત્તિ વિગેરે પણ જે**



**કાંઇ છે, તે, તે જ છે ॥૮૪॥**

પ્રકાશ :

**પ્રમેયમ્ ઇતિ, યથા શબ્દએવ પ્રમાણં તત્રાપિ વેદાદિભાવાપન્નં; તથા, હરિરેવ પ્રમેયં સર્વભાવાપન્નમ્ ઇતિ. સર્વમેવ ગણયતિ સગુણઃ ઇત્યાદિના. ક્રિયા, ઉત્પત્ત્યાદયઃ ચ સ હરિરેવ.**

અનુવાદ :

આમ પ્રમાણનાં નિરૂપણ અને તેમાં થતાં સન્દેહોના નિરાકરણ બાદ હવે પ્રમેયનું નિરૂપણ કરે છે : **પ્રમેય,** જેમ શબ્દને જ કેવલ પ્રમાણ માનવામાં આવ્યું; અને તેમાં પણ વેદ વિગેરે શાસ્ત્રોનાં રૂપે પ્રકટ થયેલ શબ્દોને જ, તેમ જ ફકત શ્રીહરિ, જે બધાં નામ-રૂપ-કર્મોનાં રૂપે પોતે પ્રકટ થયા છે, તેમને જ પ્રમેય તરીકે જાણવું જોઇએ. શ્રીહરિ કયા-કયા રૂપોમાં પ્રકટ થાય છે તે ગણાવવા માટે કહે છે **સગુણ** ઇત્યાદિ. ક્રિયા, ઉત્પત્તિ વિગેરે બધું તે જ શ્રીહરિ બને છે.

એકમેવ અદ્વિતીય પ્રમેયનો બોધ સરખી રીતે થઇ શકે તે માટે તેની ત્રિવિધતાનું ઉપપાદન :

અવતરણિકા :

**એવમ્ ઉક્તે સમ્યગ્ જ્ઞાનં ન ભવતિ ઇતિ વિશેષં વક્તુમ્ આહ :**

કારિકા :

**બુદ્ધિસૌકર્યસિદ્ધ્યર્થં ત્રિરૂપેણ ઉપવર્ણ્યતે ॥**
**કારણેન ચ કાર્યેણ સ્વરૂપેણ વિશેષતઃ ॥૮૫॥**

શ્લોકાન્વયાર્થ :

**બુદ્ધિ-સૌકર્ય-સિદ્ધ્યર્થં** બુદ્ધિ સહેલાઇથી સમજી શકે તેનામાંટે **વિશેષતઃ** વિશેષ એટલે કે પ્રમુખ રૂપે **ત્રિરૂપેણ** ત્રણ પ્રકારે

**ઉપવર્ણ્યતે** : નિરૂપણ કરાવામાં આવે છે : **કારણેન** ૧.કારણરૂપે **કાર્યેણ** ૨.કાર્યરૂપે **ચ** અને **સ્વરૂપેણ** ૩.કાર્ય-કારણરૂપ ધારણ કરનાર સ્વરૂપરૂપે.

**ભાવાનુવાદ :**

**તે તત્ત્વ સરખી રીતે બુદ્ધિગત થઈ શકે તે માટે તેનાં ત્રણ રૂપોનું નિરૂપણ કરવામાં આવે છે ।।**
**વિશેષતઃ [૧]કારણરૂપે [૨]કાર્યરૂપે અને [૩]સ્વરૂપરૂપે પણ ।।૮૫।।**

**પ્રકાશ :**

**બુદ્ધિ** ઇતિ, **યથા બુદ્ધિઃ સર્વં પ્રમેયજાતં ક્રોડીકરોતિ તદર્થં ત્રિરૂપેણ ઉપવર્ણ્યતે. તદૈવ તરતમભાવો ભવતિ.**

**અનુવાદ :**

આ સરખી રીતે સમજી શકવું અઘરું હોવાથી કાંઇક વિશેષતા કહેવા માંગે છે : **બુદ્ધિ...**, સમગ્ર પ્રમેય જેવી રીતે બુદ્ધિગત થઈ શકે તે માટે તેનું ત્રણ રૂપોમાં વર્ણન કરવામાં આવે છે. કેમકે ત્રણ રૂપોમાં વર્ણન કરીએ તો જ તરતમભાવ ઉપપન્ન થઈ શકે.

## પ્રમેયની પ્રાથમિક કોટિ તે કારણકોટિ :

**કારિકા :**

**અષ્ટાવિંશતિભેદાસ્તુ કારણે તત્ત્વભેદતઃ ।।**
**ભગવત્-ત્વં યતસ્ તેષાં તસ્માત્ તત્ત્વાનિ તાનિ તુ ।।૮૬।।**

**શ્લોકાન્વયાર્થ :**

**કારણે** પ્રમેયની કારણકોટિમાં **અષ્ટાવિંશતિભેદાઃ તુ** અઠાવીસ



પ્રભેદો તો **તત્ત્વભેદતઃ** તત્ત્વોની વિવિધતાને કારણે (છે). **યતઃ** કેમકે **તેષાં** તે અઠ્ઠાવીસે અઠાવીસ તત્ત્વો **ભગવત્-ત્વં** પોતે ભગવાને ધારણ કરેલાં તેટલાં રૂપો **તસ્માત્** હોવાથી **તાનિ** તે બધાં **તુ** તો **તત્ત્વાનિ** તત્ત્વરૂપે માન્ય કરાયેલાં છે.

**ભાવાનુવાદ :**

**[૧]કારણકોટિમાં, તત્ત્વભેદને કારણે, અઠાવીસ પ્રભેદ થતાં હોય છે ।।**
**ભગવાને કારણ બનવા ધરેલ રૂપ હોવાનાં અર્થમાં આમને 'તત્ત્વ' કહેવામાં આવે છે ।।૮૬।।**

**પ્રકાશ :**

**પ્રથમે અષ્ટાવિંશતિભેદાઃ.** તેષાઞ્ચ કારણત્વં 'તત્ત્વ'પદવાચ્યત્વં ચ **સમર્થયતિ ભગવત્-ત્વમ્ ઇતિ.**

**અનુવાદ :**

પ્રથમ કોટિમાં અઠાવીસ પ્રભેદ થાય છે. તે તત્ત્વોનું કારણ હોવું અને 'તત્ત્વ'પદ દ્વારા વાચ્ય હોવું, તેનું સમર્થન **ભગવાન્ તે રૂપે પ્રકટ થયેલ છે તે** હેતુનાં આધારે કરવામાં આવ્યું છે.

**કારિકા :**

**અણ્ડસૃષ્ટેઃ પૂર્વભાવાત્ કારણત્વં નચ અન્યથા ।।**
**કારણત્વં ન ચૈવ અસ્તિ ચિદાનન્દાંશયોઃ સ્વતઃ ।।૮૭।।**

**શ્લોકાન્વયાર્થ :**

**અણ્ડસૃષ્ટેઃ** બ્રહ્માણ્ડનાં સર્જનથી **પૂર્વભાવાત્** પહેલા સ્થિત હોવાને કારણે **કારણત્વં** કારણકોટિરૂપ (છે) **અન્યથા** બીજા કોઇ

રૂપે **નચ** નહિં. **ચિદાનન્દાંશયોઃ** સત્-ચિત્-આનન્દરૂપ બ્રહ્મનાં ચિદંશ કે આનન્દાંશ **સ્વતઃ** પોતે પોતાનાં રૂપોમાં **ચ** તો **કારણત્વં** કારણરૂપ **નૈવ** નથી જ **અસ્તિ** હોઈ શકતા.

ભાવાનુવાદ:

**બ્રહ્માણ્ડનાં પ્રાદુર્ભાવ થવાના પહેલાં વિદ્યમાન હોવાને કારણે જ આમનું 'કારણ' હોવું કહેવામાં આવ્યું, બીજા કોઈ હેતુથી નહિં।।**

**સચ્ચિદાનન્દ બ્રહ્મનાં ચિદંશ અને આનન્દાંશ સ્વયં તો કારણ બનતા નથી।।૮૭।।**

પ્રકાશ:

**સચ્ચિદાનન્દભેદેષુ સદ્ભેદાએવ એતે, ચિદાનન્દયોઃ કારણત્વાભાવાત્. એકસ્ય ફલત્વમ્, અપરસ્ય સ્વરૂપત્વમ્ ઈતિ આહ કારણત્વં નચૈવ અસ્તિ ઈતિ.**

અનુવાદ:

સચ્ચિદાનન્દ બ્રહ્મનાં સદંશ ચિદંશ અને આનન્દાંશ ને અન્તર્ગત આમને સદંશનાં અવાન્તર પ્રભેદ સમજવા જોઈએ, કેમકે ચિદંશ અને આનન્દાંશ નું સ્વતઃ કારણ હોવું ઉપપન્ન થતું નથી. આનન્દાંશ સ્વતઃ તો ફળરૂપ હોય છે અને ચિદંશ સ્વતઃ કેવલ સ્વરૂપમાત્ર થઈ શકે આ વાત સમજાવવા માટે કહે છે **સ્વતઃ તો કારણ બનતા નથી** આ હેતુદ્વારા.

કાર્યરૂપી બીજી કોટિમાં આવનારા અસંખ્ય હોવાને કારણે તે પ્રમેયોની ગણના શક્ય નથી:

કારિકા:

**આનન્ત્યમેવ ભેદાનાં તયોઃ કાર્યે તથૈવ ચ।।**



**અતઃ તેષાન્તુ યે ભેદાઃ ન ઉક્તાઃ તે હિ વિશેષતઃ।।૮૮।।**

શ્લોકાન્વયાર્થ:

**તયોઃ** તે ચિદંશ અને આનન્દાંશ નાં **તથૈવ** તેમજ **કાર્યે** કાર્યકોટિનાં **ચ** પણ **ભેદાનામ્** પ્રભેદો **આનન્ત્યમેવ** અનન્ત જ હોય છે. **અતઃ** તેથી **તેષાન્તુ** તેમનાં **યે** જે **ભેદાઃ** પ્રભેદો **તે** હિતે તો **વિશેષતઃ** વિશેષરૂપે=નોખી રીતે **ન ઉક્તાઃ** નથી કહેવામાં આવ્યા.

ભાવાનુવાદ:

**[२] ચિદંશો અને આનન્દાંશો ની માફક કાર્યકોટિનાં અન્તર્ગત જે આવતાં હોય તે પણ અસંખ્ય હોય છે।।**

**તેથી તેમનાં ભેદોપભેદોનું વિશેષતઃ નિરૂપણ કરવામાં આવ્યું નથી।।૮૮।।**

પ્રકાશ:

**તયોઃ ભેદાઃ અનન્તાઃ તેન વિશેષતો ન વક્તવ્યાઃ ઈતિ ભાવઃ. કાર્યેઽપિ ભેદાનામ્ આનન્ત્યં, ઘટાદૌ તથા દર્શનાત્. નનુ સ્વસ્ય અસામર્થ્યાદ્ એતદ્ ઉચ્યતે ન ઈતિ આહ. અતઃ તેષામ્ ઈતિ. અતએવ ભાગવતાદૌ તેષાં સંખ્યા ન ઉક્તા.**

અનુવાદ:

**તેમનાં** અવાન્તર પ્રભેદ અસંખ્ય હોવાથી વિશેષતઃ તેમનું નિરૂપણ આવશ્યક નથી. **કાર્યનાં** અન્તર્ગત પણ **અવાન્તર પ્રભેદ અસંખ્ય હોય છે** ઘડા વિગેરેની બાબતમાં પણ. આ તથ્યની ચકાસણી થઈ શકે છે. હવે એવી શંકા થાય કે *કાર્યનાં અવાન્તર પ્રભેદોનું નિરૂપણ કર શકવાની સામર્થ્યના અભાવે કદાચ આમ ઉપેક્ષા કરવામાં તો નથી આવી રહી?* તેનાં નિરાકરણાર્થે કહે છે **તેથી નથી** ઈત્યાદિ, એટલા માટે ભાગવત પુરાણ વિગેરેમાં પણ કાર્યકોટિનાં ભેદોપભેદો

દરસાવેલા નથી.

**પ્રમેયની ત્રીજી કોટિ તે સ્વરૂપકોટિ :**

અવતરણિકા :

**તત્ત્વસહભાવાત્ ચિદાનન્દયોઃ સ્વરૂપભૂતયોરપિ પ્રથમપક્ષએવ નિવેશનમ્ ઉક્ત્વા તૃતીયભેદાન્ આહ :**

કારિકા :

**[૩] સ્વરૂપેતુ ત્રયો ભેદાઃ ક્રિયાજ્ઞાનવિભેદતઃ ॥**
**વિશિષ્ટેન સ્વરૂપેણ ક્રિયાજ્ઞાનવતો હરેઃ ॥૮૯॥**

શ્લોકાન્વયાર્થ :

**ક્રિયાજ્ઞાનવિભેદતઃ** ૧.ક્રિયાશક્તિ અને ૨.જ્ઞાનશક્તિ નાં ભેદોથી અને વિશિષ્ટેન ૩.વિશિષ્ટ=ક્રિયાજ્ઞાનશક્તિસહિત સ્વરૂપેણ સ્વરૂપને કારણે ક્રિયાજ્ઞાનવતો ક્રિયા અને જ્ઞાન શક્તિઓવાલા હરેઃ શ્રીહરિનાં સ્વરૂપેતુ સ્વરૂપમાં ત્રયો ત્રણ ભેદાઃ પ્રભેદો (હોય છે).

ભાવાનુવાદ :

**[૩] સ્વરૂપકોટિમાં ત્રણ અવાન્તર પ્રભેદ—૧.ક્રિયા અને ૨.જ્ઞાન ના વિભેદને કારણે ॥**
**અને ૩.ક્રિયા-જ્ઞાન ઉભયવિશિષ્ટ શ્રીહરિને—કારણે થાય છે ॥૮૯॥**

પ્રકાશ :

**સ્વરૂપેતુ ઇતિ, ક્રિયારૂપે ધર્મે પ્રવિષ્ટો ધર્મી યજ્ઞઃ એકઃ. તથા જ્ઞાનરૂપે ધર્મે પ્રવિષ્ટો ધર્મી બ્રહ્મ દ્વિતીયઃ. જ્ઞાનક્રિયોભયયુતઃ કૃષ્ણઃ**



**તૃતીયઃ—ઇતિ ત્રયો ભેદાઃ. યતઃ ક્રિયાજ્ઞાનવાન્ હરિઃ.**

અનુવાદ :

સ્વરૂપભૂત હોવા છતાંય તત્ત્વોની સાથે સાહચર્યને કારણે ચિદંશ અને આનન્દાંશ નો પ્રથમ પક્ષમાં જ અન્તર્ભાવ સ્વીકારી ત્રીજા ભેદનું નિરૂપણ હવે વિવક્ષિત છે : **સ્વરૂપ...** ઇત્યાદિ, ક્રિયા રૂપી ધર્મમાં પ્રવિષ્ટ ધર્મી રૂપી યજ્ઞ તે એક. તેમજ જ્ઞાન રૂપી ધર્મમાં પ્રવિષ્ટ ધર્મી રૂપી બ્રહ્મ તે બીજું. જ્ઞાનક્રિયા ઉભયયુક્ત શ્રીકૃષ્ણ તે ત્રીજા—આમ ત્રણ પ્રભેદ થાય છે. કેમકે શ્રીહરિ ક્રિયા અને જ્ઞાન ઉભયવિધ શક્તિઓ વડે સમ્પન્ન હોય છે.

..............

**કારણકોટિની ભીતર ગણાતાં તત્ત્વોને ઉદ્દેશીને પુનઃ નિરૂપણ :**

અવતરણિકા :

**તત્ત્વાનિ ગણયતિ :**

કારિકા :

**સત્ત્વં રજસ્ તમસ્ ચૈવ પુરુષઃ પ્રકૃતિર્ મહાન્ ॥**
**અહંકારઃ પઞ્ચમાત્રાઃ શબ્દસ્પર્શાકૃતીરસઃ ॥૯૪॥**
**ગન્ધો ભૂતાનિ પઞ્ચૈવ ખં વાયુઃ જ્યોતિર્ અપ્ ક્ષિતિઃ ॥**
**ક્રિયામયાનિ ઇન્દ્રિયાણિ વાગ્-દોર્-મેણ્ઢ્રા-અંઘ્રિ-પાયવઃ ॥**
**શ્રોત્રં ત્વગ્-ઘ્રાણ-દગ્-જિહ્વા-મનઃ ષડ્ ઇતિ ભેદતઃ ॥૯૫॥**

શ્લોકાન્વયાર્થ :

**સત્ત્વં રજસ્ તમસ્ ચ** એવસચ્ચિદાનન્દ બ્રહ્મનાં સદંશમાંથી

પ્રકટ ફક્ત સત્ત્વગુણ, ચિદંશમાંથી પ્રકટ ફક્ત્ રજોગુણ અને આનન્દાંશમાંથી પ્રકટ થનાર ફક્ત તમોગુણ પણ. **પુરુષઃ** બધા જીવાત્મચૈતન્યોની સમષ્ટિ **પ્રકૃતિર્** તે ગુણોનાં પરસ્પર સમાનુપાતમાં થયેલ મિશ્રણની સામ્યાવસ્થા અને બધા જડરૂપોની સમષ્ટિ **મહાન્** ચિત્ત **અહંકારઃ** જીવચૈતન્યમાં આત્મસ્ફુરણનું ઉપકરણ. **પઞ્ચમાત્રાઃ : શબ્દ સ્પર્શ આકૃતિઃ રસઃ ગન્ધો**જ્ઞાનેન્દ્રિયોથી ગૃહીત થતાં વિષયોનાં પાંચ ગુણો. **ભૂતાનિ પઞ્ચૈવ : ખં વાયુઃ જ્યોતિર્ અપ્ ક્ષિતિઃ**જ્ઞાનેન્દ્રિયોથી ગ્રાહ્ય ગુણોનાં આધાર કે ધર્મી રૂપે અનુભવાતાં વિષયો. **ક્રિયામયાનિ ઈન્દ્રિયાણિ : વાગ્-દોઃ-મેણ્ઢ્ર-અઙ્ઘ્રિ-પાયવઃ**વાણી હાથ ચરણ મલમૂત્રાદિના વિસર્જન માટેની પાંચ કર્મેન્દ્રિયો. **શ્રોત્રં ત્વગ્-ઘ્રાણ-દગ્-જિહ્વા-મનઃ**કાન ત્વચા નાક નયન રસના અને મન **ષડ્** છહ **ઈતિ** જ્ઞાનેન્દ્રિયોનાં **ભેદતઃ**ભેદે.

ભાવાનુવાદ:

**સત્ત્વગુણ રજોગુણ અને તમોગુણ તેમજ પુરુષ પ્રકૃતિ**
**અને મહત્ તત્ત્વ ॥**
**અહંકાર, તદુપરાંત શબ્દ સ્પર્શ રૂપાકૃતિ રસ ॥૯૪॥**
**ગન્ધ રૂપી પાંચ તન્માત્રાઓ આકાશ વાયુ તેજ જળ અને પૃથિવી પાંચ મહાભૂતો ॥**
**વાણી હસ્ત જનનેન્દ્રિય પગ પાયુ રૂપી પાંચ કર્મેન્દ્રિયો ॥**
**શ્રવણ ત્વચા નાસિકા જિહ્વા નયન અને મન આમ છહ જ્ઞાનેન્દ્રિયો નાં ભેદે ॥૯૫॥**

પ્રકાશ:

**તત્ત્વાનિ ગણયતિ સત્ત્વમ્ ઈત્યાદિના મનઃ ષડ્ ઈત્યન્તેન. મનસઃ ક્રિયામયત્વં જ્ઞાનમયત્વં ચ આહ ભેદતઃ ઈતિ. મનસા સહ ક્રિયાયાં ષડ્ ઈતિ.**

અનુવાદ:

તત્ત્વોની ગણતરી સમજાવે છે : **સત્ત્વ** થી શરુ કરીને **છઠા**



**મન** સુધીની. મન જેમ કર્મેન્દ્રિય તરીકે કાર્ય કરે છે તેમજ જ્ઞાનેન્દ્રિય તરીકે પણ. તેથી કહ્યું **ભેદે.** મનની સાથે ક્રિયામાં (પણ) છ થતાં હોય છે.

અવતરણિકા:

**દેવતાવર્ગેણ અધિકસંખ્યામ્ આશંક્ય પરિહરતિ:**

કારિકા:

**આધ્યાત્મિકસ્તુ યઃ પ્રોક્તઃ સો અસાવેવ આધિદૈવિકઃ ॥**
**અતો હિ દેવતાવર્ગઃ ઈન્દ્રિયેભ્યો ન ભિદ્યતે ॥૯૬॥**

શ્લોકાન્વયાર્થ:

**યસ્તુ** જે તત્ત્વને **આધ્યાત્મિકઃ** આધ્યાત્મિક **પ્રોક્તઃ** કહેવાણું છે **સો** તે **અસૌ** આ **એવ** જ **આધિદૈવિકઃ** કોઈક દેવતાનાં રૂપે (પણ કહેવાય છે). **અતોહિ** તેથી **દેવતાવર્ગઃ** દેવતાઓનો વર્ગ **ઈન્દ્રિયેભ્યો** ઈન્દ્રિયોથી **ભિદ્યતે** ભિન્ન નોખોન નથી.

ભાવાનુવાદ:

**જેને 'આધ્યાત્મિક' કહેવામાં આવે છે તે જ આધિદૈવિક પણ છે ॥**
**તેથી જ તો દેવતાઓનો વર્ગને ઈન્દ્રિયોથી નોખો ન માનવો ॥૯૬॥**

પ્રકાશ:

**આધ્યાત્મિકસ્તુ ઈતિ.**

અનુવાદ:

**દેવતાઓનો વર્ગ નોખો હોય તો સંખ્યા આના કરતાં વધી જશે**

**આવી આશંકાના સમાધાનમાટે કહે છે:** આધ્યાત્મિક વિ.

<u>**અવતરણિકા:**</u>

**માયા ભિન્ના ઇતિ આશંક્ય આહ:**

<u>**કારિકા:**</u>

**માયાતુ ગુણરૂપા હિ કાલસ્તુ ભગવાન્ પરઃ ॥**
**સૂત્રં મહાન્ તથા પ્રાણો બુદ્ધિઃ ચ અહમભેદતઃ ॥૯૭॥**

<u>**શ્લોકાન્વયાર્થ:**</u>

**માયાતુ** જેને માટે 'માયા' શબ્દ નોખો વપરાય છે તેને તો **ગુણરૂપા** સત્ત્વરજસ્તમોગુણાત્મિકા પ્રકૃતિ સમજવી **હિ** યોગ્ય છે. **કાલઃ** સમય **તુ** તો **પરઃ** પરમ **ભગવાન્** ભગવચ્ચેષ્ટારૂપ હોવાથી ભગવાન્માં જ અન્તિર્નિહિત છે. **સૂત્રં** પ્રકૃતિમાંથી ક્રિયાશક્તિરૂપે 'સૂત્ર'નામક તત્ત્વ પ્રકટ થયું તે **મહાન્** 'ચિત્ત'નામક તત્ત્વમાં અન્તર્ગણિત હોવાથી નોખો નથી. **તથા** તેમજ **પ્રાણો** પ્રાણની બાબતમાં જાણી લેવું. **બુદ્ધિઃ** સંશય નિશ્ચય ભ્રાન્તિ સ્મૃતિ અને સ્વપ્ન રૂપે જે બુદ્ધિવૃત્તિઓ અહંકારવિશિષ્ટ ચેતનામાં જણાતી હોય છે તે **ચ** તો **અહમભેદતઃ**અહંકારની ગણતરીમાં ભેગી માની લેવી.

<u>**ભાવાનુવાદ:**</u>

**માયા તો ગુણરૂપા છે કાલ તો તેઓથી પર પોતે ભગવાન્ છે ॥**
**સૂત્ર મહત્ તેમજ પ્રાણ, બુદ્ધિને પણ અહંકારથી નોખી નથી ગણી ॥૯૭॥**

<u>**પ્રકાશ:**</u>

**માયાતુ ઇતિ. કાલસ્તુ ભગવતિ અન્તર્ભૂતઃ. સૂત્રન્તુ મહત્ તત્ત્વમેવ તથા પ્રાણો. બુદ્ધિઃ ચ અહંકારએવ. તસ્માદ્ અષ્ટાવિંશતિસંખ્યકાન્યેવ.**



<u>**અનુવાદ:**</u>

તો માયા તો માનવી પડશે કે નહિં સમાધાન આપે છે : માયા તો વિ. **કાલનો તો** ભગવાન્માં સમાવેશ ગણી લેવો. **સૂત્ર તો** મહત્ તત્ત્વ જ છે, **તેમજ પ્રાણ (પણ). બુદ્ધિને** અહંકાર તરીકે જ ગણી લેવી. તેથી તત્ત્વો તો અઠાવીસ જ સ્વીકારાયેલા છે.

<u>**કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ અને પુરુષ ના રૂપભેદે પરમાત્માનાં અનેકવિધ સ્વરૂપના નિરૂપણમાં અક્ષરરૂપનું ઉપપાદન:**</u>

<u>**અવતરણિકા:**</u>

**અક્ષરકર્મસ્વાભાવાન્ નિરૂપયન્ પ્રથમમ્ અક્ષરમ્ આહ:**

<u>**કારિકા:**</u>

**પ્રકૃતિઃ પુરુષઃ ચ ઉભૌ પરમાત્મા અભવત્ પુરા ॥**
**યદ્રૂપં સમધિષ્ઠાય તદ્ અક્ષરમ્ ઉદીર્યતે ॥૯૮॥**

<u>**શ્લોકાન્વયાર્થ:**</u>

**ઉભૌ** બેઉ **પ્રકૃતિઃ** જડ તત્ત્વોની ઉપાદાનરૂપા સમષ્ટિ **ચ** અને **પુરુષઃ** જીવચેતનાઓની અંશિરૂપા સમષ્ટિ **પુરા** સહૂથી પહેલા **પરમાત્મા યદ્રૂપં** જે રૂપને **સમધિષ્ઠાય** ધારણ કરીને **અભવદ્** બને છે **તદ્** તેને **'અક્ષરમ્'** 'અક્ષરબ્રહ્મ' **ઉદીર્યતે** કહેવામાં આવે છે.

<u>**ભાવાનુવાદ:**</u>

**પ્રકૃતિ અને પુરુષ બન્ને રૂપો ધારણ કરવા પરમાત્મા ॥**
**જે રૂપ ગ્રહણ તેને 'અક્ષરબ્રહ્મ' કહેવાય ॥૯૮॥**

<u>**પ્રકાશ:**</u>

**પ્રકૃતિઃ પુરુષઃ ચ ઇતિ, ભગવાન્ યદા યેન રૂપેણ કાર્યં કર્તુમ્**

**ઇચ્છતિ તદ્રૂપમેવ વ્યાપારયતિ. તત્ર ''જ્ઞાનેન મોક્ષો દેયઃ'' ઇતિ યદા વિચારયતિ તદા અક્ષરમેવ બ્રહ્મસ્વરૂપં પુરુષોત્તમસ્ય આધારભાગઃ ચરણસ્થાનીયઃ. તમ્ આદૌ ચતુર્મૂર્તીકરોતિ : ૧.અક્ષરરૂપં, ૨.બ્રહ્મ(?કર્મ!)-રૂપં, ૩.કાલરૂપં ૪.સ્વભાવરૂપં ચ. તત્ર યસ્ય રૂપસ્ય દ્વૈરૂપ્યં ભવતિ, પ્રકૃતિપુરુષભેદેન, તદ્ અક્ષરમ્.**

અનુવાદ:

અક્ષરબ્રહ્મ કર્મ અને સ્વાભાવ નું નિરૂપણ કરવામાટે પહેલાં અક્ષરબ્રહ્મની બાબતમાં કહે છે:

**પ્રકૃતિ અને પુરુષ** એટલે, ભગવાન્ જ્યારે જે રૂપે જે કાર્ય કરવા માગે તે રૂપને સક્રિય કરતાં હોય છે. જેમકે ''જ્ઞાનથી જો મોક્ષ પ્રદાન કરવું છે'' આવું વિચારે તો અક્ષરબ્રહ્મ સ્વરૂપે જે પુરુષોત્તમનો આધારસ્થાનીય છે તેમજ ચરણસ્થાનીય પણ, તેને ભગવાન્ શરુઆતમાં ચાર રૂપે પ્રકટ કરે : ૧.અક્ષરરૂપે, ૨.કર્મરૂપે, ૩.કાલરૂપે અને ૪.સ્વભાવરૂપે. તે પૈકી પ્રકૃતિ અને પુરુષ રૂપી જે અવાન્તર બે રૂપો જેવી રીતે લીધાં તેને 'અક્ષરબ્રહ્મ' કહેવામાં આવે છે.

અવતરણિકા:

**નનુ પુરુષોત્તમસ્વરૂપાત્ તત્ર કો વિશેષઃ? ઇતિ ચેત્ તત્ર આહ:**

કારિકા:

**આનન્દાંશતિરોભાવઃ સત્ત્વમાત્રેણ તત્ર હિ।।**
**મુખ્યજીવસ્ તતઃ પ્રોક્તઃ સૃષ્ટીચ્છાવશગો હરિઃ ।।૯૯।।**

શ્લોકાન્વયાર્થ:

**તત્રહિ** ત્યાં અક્ષરબ્રહ્મ(પોતે પુરુષ બનવાનાં રૂપ)માં **સત્ત્વમાત્રેણ** કારણ રૂપે પ્રકટ અનુભવી શકાય એવા સત્ત્વગુણરૂપ પાસાની પ્રમુખતાને



કારણે **આનન્દાંશતિરોભાવઃ** આનન્દાંશનું તિરોધાન (થતાં) **સૃષ્ટીચ્છાવ-શગો** સૃષ્ટિરૂપે પ્રકટ થવાની ઇચ્છા રાખનારા **હરિઃ** પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીહરિ **મુખ્યજીવસ્** જગત્માં પ્રમુખતમ જીવાત્મા રૂપે **તતઃ** તેથી **પ્રોક્તઃ**કહેવાય છે.

ભાવાનુવાદ:

**પોતાની સત્તાને પ્રમુખ બનાવવાને કારણે આનન્દાંશનો તિરોભાવ જેવો લાગતો હોય છે।।**
**તેથી સૃષ્ટિની ઇચ્છાને કારણે શ્રીહરિ પોતે અક્ષરબ્રહ્મરૂપે મુખ્ય જીવ જેવા કહેવાય છે।।૯૯।।**

પ્રકાશ:

**આનન્દાંશતિરોભાવઃ ઇતિ, ''અગ્રે અહમ્ એવં ભવિષ્યામિ'' ઇતિ ઇચ્છામાત્રેણ અન્તઃસમુત્થિતસત્ત્વેન આનન્દાંશઃ તિરોહિતઇવ ભવતિ. તેન સૃષ્ટીચ્છયા વ્યાપૃતો ભગવાન્ 'મુખ્યજીવ'શબ્દવાચ્યોઽપિ ભવતિ. અતએવ ઔડુલોમિમતે જીવાનાં ચિદ્રૂપાણાં ચિદ્રૂપે સ્વયોગ્યે બ્રહ્મણિ પ્રવેશઃ.**

અનુવાદ:

અહિં એક શંકા થાય કે પુરુષોત્તમનાં સ્વરૂપથી અક્ષરબ્રહ્મમાં શો તફાવત? તેનું સમાધાન આપે છે : **આનન્દાંશનો તિરોભાવ** એટલે, ''હવે મારે આમ સૃષ્ટિરૂપે પ્રકટ થવું છે'' આવી ઇચ્છાને કારણે પોતાની ભીતર રહેલ સત્ત્વ કે સત્તા ના પ્રબળ થઇ જવાથી આનન્દાંશ તિરોહિતજેવો થઇ જાય છે. તેથી સૃષ્ટિની ઇચ્છાવાળા પોતે ભગવાન્ને માટે 'મુખ્યજીવ' શબ્દ પ્રયોજાયેલ છે. તેથી જ ઔડુલોમિ ઋષિના મતે ચિદંશરૂપો જીવોનો પોતાનાં સ્વરૂપને અનુરૂપ ચિદ્રૂપ બ્રહ્મમાં પ્રવેશ થાય છે.

અવતરણિકા:

***નનુ આનન્દાંશતિરોભાવે જીવત્વમેવ સ્યાદ્ યથા મહદાદીનામ્!***

ઇતિ આશંક્ય આહ :

કારિકા :

**ઇચ્છામાત્રાત્ તિરોભાવઃ તસ્ય અયમ્ ઉપચર્યતે ॥**
**'બ્રહ્મ'–'કૂટસ્થા''ઽવ્યક્તા'દિશબ્દૈઃ વાચ્યો નિરન્તરમ્ ॥૧૦૦॥**

શ્લોકાન્વયાર્થ :

**તસ્ય** તે શ્રીહરિની **ઇચ્છામાત્રાદ્** ફક્ત સૃષ્ટિરૂપે પ્રકટ થઇ જવાની ઇચ્છાને કારણે **અયં** આ **તિરોભાવઃ** આનન્દાંશનો તિરોભાવ **ઉપચર્યતે** કહેવા પૂરતું જ કહેવામાં આવે છે (અન્યથા તો)**'બ્રહ્મ' 'કૂટસ્થા' 'અવ્યક્તા' આદિશબ્દૈઃ** 'બ્રહ્મ' 'કૂટસ્થ' 'અવ્યક્ત' વિ. શબ્દોદ્વારા **નિરન્તરં** મૂલરૂપથી કોઇ પણ જાતનાં અન્તર વિના તે **વાચ્યઃ**નિરૂપણીય હોય છે.

ભાવાનુવાદ :

**માત્ર ઇચ્છાને કારણે આનન્દનો જાણે તિરોભાવ ન થયી ગયો હોય, તેમ કહેવા પુરતું કહેવામાં આવે છે ॥**
**'બ્રહ્મ'–'કૂટસ્થ''અવ્યક્ત' આદિશબ્દોનો પ્રયોગ તેનાં માટે કરવામાં આવે છે અન્યથા તે પુરુષોત્તમથી અળગો નથી હોતો ॥૧૦૦॥**

પ્રકાશ :

**ઇચ્છામાત્રાદ્ ઇતિ, ઇચ્છાયાં પ્રવિષ્ટાયાં કાર્યવ્યાપૃત્યા તિરોભાવઇવ ઉચ્યતે. વસ્તુતસ્તુ આનન્દમયએવ. અતએવ પુરુષો અવતારો ભવિષ્યતિ. ઇચ્છારૂપાયાઃ પ્રકૃતેઃ ભિન્નત્વે વાચકૈરપિ તસ્ય ન જીવત્વમ્ ઇતિ અભિપ્રાયેણ આહ બ્રહ્મ ઇતિ. 'આદિ'શબ્દેન 'અસત્'-'તમઃ'શબ્દાદયો ગૃહ્યન્તે. તથાપિ ન પુરુષોત્તમાદ્ ભિન્નતયા અવસ્થિતઃ કિન્તુ નિરન્તરએવ.**

અનુવાદ :

*અહિં આશંકા થાય કે આનન્દાંશનો જો તિરોભાવ થતો હોય તો અક્ષરબ્રહ્મને જીવ જ કેમ નથી સ્વીકારી લેવાતું? કેમકે મહત્ તત્ત્વને પણ તો આનન્દાંશના તિરોધાનને કારણે જીવનાં જા સ્વરૂપઘટક તરીકે સ્વીકારી લેવામાં આવ્યું છે!* આવી આશંકાના નિરાકરણમાટે કહે છે : માત્ર ઇચ્છા એટલે, ઇચ્છા ભીતર જાગી એટલે પોતે ઇચ્છા જ ઘનીભૂત થયેલી હોવાથી સૃષ્ટિકાર્યમાં જોડાયેલ બ્રહ્મમાં જાણે આનન્દાંશનો તિરોભાવ ન થઇ ગયો હોય, તેમ વર્ણવામાં આવે છે. હકીકતમાં તે તો આનન્દમય જ હોય છે. તેથી જ પુરુષનો અવતાર થતો હોય છે. તેની ઇચ્છા પ્રકૃતિથી ભિન્ન હોવા છતાંય તેનેમાટે પ્રયોગમાં આવતાં પદોનાં પ્રયોગને આધારે પણ તેનું જીવ હોવું માન્ય કરી શકાતું નથી તેથી કહે છે **બ્રહ્મ** વિગેરે. **'આદિ'**શબ્દનો પ્રયોગ કર્યો તેથી 'અસત્' કે 'તમઃ' જેવા શબ્દો લઇ લેવા. કોઇ પણ રીતે તે પુરુષોત્તમથી ભિન્ન રીતે અવસ્થિત નથી થતો બલ્કે કોઇ પણ અન્તર વિના અવસ્થિત હોય છે.



અવતરણિકા :

**તસ્યૈવ કારણત્વં જ્ઞાપયિતું તત્રૈવ કાર્યસ્થિતિમ્ આહ :**

કારિકા :

**સર્વાવરણયુક્તાનિ તસ્મિન્ અણ્ડાનિ કોટિશઃ ॥**
**મૂલાવિચ્છેદરૂપેણ તદાધારતયા સ્થિતઃ ॥૧૦૧॥**

શ્લોકાન્વયાર્થ :

**તસ્મિન્** તે(અક્ષરબ્રહ્મ)માં **કોટિશઃ** અનન્તકોટિ **સર્વાવરણયુક્તાનિ** સર્વવિધ પ્રાકૃત વિકારોનાં આવરણો સાથે **અણ્ડાનિ.** બ્રહ્માણ્ડો (અવસ્થિત હોય છે). **મૂલાવિચ્છેદરૂપેણ** મૂલ પરબ્રહ્મથી છૂટા પડ્યા વિના તે **તદાધારતયા** પરબ્રહ્મનાં આધારરૂપે **સ્થિતઃ**અવસ્થિત રહેતો હોય છે.

ભાવાનુવાદ :

**સદંશથી ઉદ્‌ભવેલ પ્રાકૃત વિકારો ચિદંશથી ઉદ્‌ભવેલ જીવાત્માઓ અને આનન્દાંશથી ઉદ્‌ભવેલ અન્તર્યામી વિગેરે બધાં આવરણરૂપ તત્ત્વોવાળા કરોડો બ્રહ્‌માંડો તે અક્ષરબ્રહ્‌મમાં ॥**

**મૂળ પરબ્રહ્‌મમાંથી છૂટા ન પડ્યો તેવામાં અવસ્થિત હોય છે અને તે અક્ષરબ્રહ્‌મ પરબ્રહ્‌મનાં પણ આધારરૂપે અવસ્થિત હોય છે ॥૧૦૧॥**

પ્રકાશ :

**સર્વાવરણયુક્તાનિ ઇતિ, "તદ્ આહુઃ અક્ષરં બ્રહ્મ"** (ભાગ.પુરા.૩।૧૧।૪૧) **ઇતિ વાક્યાત્. એતસ્ય અક્ષરસ્ય પુરુષોત્તમે અભેદેન યથા નિવેશઃ તથા પ્રકારાઃ ઉચ્યન્તે. તદ્ આહ મૂલાવિચ્છેદ... ઇતિ, મૂલેન પુરુષોત્તમેન સહ, અવિચ્છિન્નતયા તિષ્ઠતિ, નતુ કાર્યત્વેન ઇતિ આહ તદાધારતયા ઇતિ. એષા સ્થિતિઃ સર્વદા.**

અનુવાદ :

બ્રહ્‌મ આ રૂપે સૃષ્ટિનું કારણ બનતું હોવાથી સૃષ્ટિરૂપ કાર્ય તેમાં અવસ્થિત છે તેમ દેખાડે છે : ઘણાં બધા આવરણોવાળા એટલે, **"તેને અક્ષરબ્રહ્‌મ કહે છે"** (ભાગ.પુરા.૩।૧૧।૪૧) આ વાક્યનાં આધારે. આ અક્ષરનો પુરુષોત્તમ સાથે નિવેશ ભેદઘટિત નથી તે દેખાડવા આવે છે : **મૂળથી છૂટા ન પડી ગયા હોય...** શબ્દોદ્વારા, મૂળ એટલે પુરુષોત્તમની સાથે અક્ષરબ્રહ્‌મ અવિચ્છિન્ન હોય છે, કેમકે તેને પુરુષોત્તમનાં કાર્યરૂપે ન માનવો તેથી કહે છે **તેના આધાર રૂપે** એટલે કે આ સ્થિતિ તો સદા-સર્વદા રહે છે.

અવતરણિકા :

**કદાચિત્ પુનઃ પુરુષોત્તમઃ ચેદ્ આવિર્ભવતિ તદા અક્ષરમપિ બહુધા ભવતિ ઇતિ આહ :**



કારિકા :

**પ્રભુત્વેન હરેઃ સ્ફૂર્તૌ લોકત્વેન તદુદ્‌ભવઃ ॥**
**અન્તર્યામ્યવતારાદિરૂપે પાદત્વમ્ અસ્ય હિ ॥૧૦૨॥**

શ્લોકાન્વયાર્થ :

**હરેઃ** શ્રીહરિ (જ્યારે) **પ્રભુત્વેન** સૃષ્ટિનાં નાથ કે પ્રભુ તરીકે **સ્ફૂર્તૌ** સ્ફુરિત થતાં હોય ત્યારે **તદુદ્‌ભવઃ** તે અક્ષરબ્રહ્‌મનો ઉદ્‌ભવ **લોકત્વેન.** દિવ્યલોક રૂપે થાય છે. **અન્તર્યામ્યવતારાદિરૂપે** આ લોકમાં જ્યારે શ્રીહરિ અન્તર્યામી કે અવતાર રૂપે પ્રકટ થતાં હોય **અસ્ય** આ અક્ષરબ્રહ્‌મ **હિ** જ **પાદત્વમ્** અન્તર્યામી કે અવતીર્ણ રૂપોનાં ચરણારવિન્દ તરીકે (અનુભવાય છે).

ભાવાનુવાદ :

**જ્યારે પ્રભુનાં રૂપે હરિ કોઇકે સ્ફુરિત થવા માગતા હોય ત્યારે અક્ષરબ્રહ્‌મ લોકના રૂપે પ્રકટ થઇ જતો હોય છે ॥**

**અન્તર્યામી કે અવતાર વિગેરે રૂપોમાં તેઓનાં ચરણ રૂપે પ્રકટ થતો હોય છે ॥૧૦૨॥**

પ્રકાશ :

**પ્રભુત્વેન ઇતિ, પ્રભુઃ વૈકુણ્ઠવાસી લોકો વૈકુણ્ઠો, જીવજડાકારેણ પ્રાદુર્ભવતિ ઇતિ અર્થઃ. અતએવ વૈકુણ્ઠવાસિનો મુક્તાઃ. તતોઽપિ પુરુષોત્તમો મહાન્. અતએવ "અભેદશ્ચ અસ્મદાદીનામ્"** (              ) **ઇતિ વાક્યં સંગચ્છતે. અન્તરુપાસનાયામ્ અન્તર્યામિરૂપેણ પ્રકટો ભવતિ. તદા સદ્યોમુક્તૌ જ્ઞાનિનઃ તચ્ચરણારવિન્દમેવ પ્રવિશન્તીતિ અક્ષરસ્ય પાદત્વમ્. તથા અવતારેઽપિ "ચૈદ્યે ચ સાત્ત્વતપતેઃ ચરણં પ્રવિષ્ટે"** (ભાગ.પુરા. ૧૦।૭૨।૮) **ઇતિ. 'આદિ'શબ્દેન અધિદૈવાદિરૂપેષ્વપિ.**

અનુવાદ :

ક્યારેક પુરુષોત્તમનાં આવિર્ભાવ વખતે અક્ષરબ્રહ્‌મ પણ ઘણી

બધી રીતે તેની સાથે પ્રકટ થતો હોય છે : પ્રભુનાં રૂપે એટલે, **પ્રભુ** વૈકુણ્ઠવાસી **લોક** વૈકુંઠ, ત્યાં અક્ષરબ્રહ્મ જીવ કે જડો ના આકારે પ્રાદુર્ભૂત થતો હોય છે. તેથી જ વૈકુણ્ઠવાસિઓને મુક્ત માનવામાં આવે છે. તે અક્ષરબ્રહ્મ કરતાં પણ પુરુષોત્તમ મહાન્ હોય છે. તેથી જ **''અમારો કે મુક્તજીવો નો જે હરિસાથે અભેદ કહેવામાં આવે છે તે મોહક વચનો છે''** (જુઓ : શ્રીમધ્વા.કૃત ભાર.તાત્પ.નિ.) આવા વિધાનોની સંગતિ મળી રહે છે. જેઓ પોતાની બ્રહ્મની ઉપાસના કરવા માગતા હોય તેમની ભીતર આ અક્ષરબ્રહ્મ અન્તર્યામીના રૂપે પ્રકટ થતો હોય છે. ત્યારે જ્ઞાનિઓની સદ્યોમુક્તિ થતી હોવાથી તેઓ ભગવચ્ચરણારવિન્દ જ પામે છે તેથી અક્ષરબ્રહ્મને પુરુષોત્તમના ચરણરૂપે પણ સ્વીકારવામાં આવે છે. તેમ જ ભગવાન્‌ના અવતારો લેવાના સમયે પણ **''ત્યારે શિશુપાલ સાત્ત્વતપતિ શ્રીકૃષ્ણના ચરણમાં પ્રવિષ્ટ થયી ગયો''** (ભાગ.પુરા.૧૦।૭૨-૧૮) એવા વચનો મળે છે. **'વિગેરે'** શબ્દને કારણે બીજા પણ અધિદૈવોના રૂપોની બાબતમાં આમ જ જાણી લેવું.

..............

**અક્ષરબ્રહ્મનાં રૂપાન્તર એવા કાલનું નિરૂપણ:**

અવતરણિકા:

તસ્યૈવ રૂપાન્તરં કાલઃ ઈતિ આહ :

કારિકા:

**રૂપાન્તરન્તુ તસ્યૈવ સર્વસામર્થ્યસંયુતમ્॥૧૦૪॥**
**ચિદાનન્દતિરોભાવઃ તદનુદ્ગમએવ ચ॥**
**ઈષત્ સત્ત્વાંશપ્રાકટ્યં બહિર્ અન્તસ્તુ સર્વતઃ॥૧૦૫॥**
**ચિદાનન્દાવપિ તથા સ કાલઃ સકલોદ્ભવઃ॥**
**ક્રિયાશક્તિપ્રધાનત્વાત્ નિત્યગઃ સકલાશ્રયઃ॥૧૦૬॥**
**વિકૃતાવેવ તચ્છક્તિઃ સર્વોત્પત્ત્યન્તભાવનઃ॥**



**ઐશ્વર્યં ભગવદ્દત્તં તત્રૈવ પ્રતિતિષ્ઠતિ॥૧૦૭॥**

શ્લોકાન્વયાર્થ:

**તસ્ય** તે શ્રીહરિનું **એવ** જ **સર્વસામર્થ્યસંયુતં** બધાં જ પ્રકારોનાં સામર્થ્યોવાલું **રૂપાન્તરન્તુ** એક વિશેષ રૂપ **ચિદાનન્દતિરોભાવઃ** જેમાં ચિદંશ અને આનન્દાંશ નો તિરોભાવ જણાતું હોય **ચ** અને **તદનુદ્ગમઃ એવ** આનન્દાંશનો ઉદ્ગમ જ ન હોય (અને) **બહિર્** બહાર **સત્ત્વાંશપ્રાકટ્યં** સદંશમૂલક સત્ત્વાંશનું પ્રાકટ્ય પણ **ઈષત્** અલ્પપ્રમાણમાં હોય જોકે, **અન્તસ્તુ** ભીતર (તો)**સર્વતઃ** બધી રીતે **ચિદાનન્દાવપિ** ચિદંશ અને આનન્દાંશ પણ હોય છે **તથા** તેવો **સઃ કાલઃ** તે કાલ **સકલોદ્ભવઃ** સકલ પદાર્થોનો ઉદ્ભવ રૂપ **ક્રિયાશક્તિપ્રધાનત્વાત્** ક્રિયાશક્તિની પ્રધાનતાને કારણે પ્રકટ કરતો હોવાથી **નિત્યગઃ** સર્વદા ગતિશીલ હોય છે **સકલાશ્રયઃ** વસ્તુમાત્રનો આશ્રય (પણ હોય છે). **તત્-શક્તિઃ** તેની શક્તિ **વિકૃતૌ એવ** પ્રકૃતિનાં વિકારરૂપે પ્રકટ થયેલ પદાર્થો ઉપર લાગુ થતી હોય છે **સર્વોત્પત્ત્યન્તભાવનઃ.** વસ્તુમાત્રની ઉત્પત્તિ અને નાશ કરનારો હોય છે. **ભગવદ્દત્તમ્** પોતે ભગવાને આપેલું આવું તેનું **ઐશ્વર્યં** ઐશ્વર્ય=સામર્થ્ય **તત્ર એવ** તે કાલમાં જ **પ્રતિતિષ્ઠતિ** રહેતુ હોય છે.

ભાવાનુવાદ:

**તે જ અક્ષરબ્રહ્મનું સર્વવિધ સામર્થ્યવાળું રૂપાન્તર કાલ હોય છે॥૧૦૪॥**

**તેમાં ચિદંશ અને આનન્દાંશ નો તિરોભાવ એટલે કે અનુદ્ગમ જ હોય છે॥**

**બહાર સદંશનું થોડુંક જ પ્રાકટ્ય પણ ભીતર તો સદંશ પૂરેપૂરો હોય છે ॥૧૦૫॥**

**તેમજ ચિદંશ અને આનન્દાંશ ની બાબતમાં પણ જાણી લેવું તે કાલથી સકલ પદાર્થોનો ઉદ્ભવ થાય છે॥**

**ક્રિયાશક્તિની જેમાં પ્રધાનતા હોય તેવો કાલ નિત્ય ગમનશીલ હોવાથી દરેકે દરેક કાર્યપદાર્થોનો આશ્રય હોય છે॥૧૦૬॥**

**પ્રકૃતિના વિકારરૂપ કાર્ય પદાર્થો ઉપર તે કાલ શક્તિશાળી હોય છે અને તેથી દરેક પદાર્થોની ઉત્પત્તિ અને અન્ત નું કારણ બનતો હોય છે॥**

**ભગવાને પ્રદાન કરેલ આવું ઐશ્વર્ય ત્યાં વિદ્યમાન હોય છે॥૧૦૭॥**

પ્રકાશ :

**રૂપાન્તરમ્ ઇતિ. તસ્ય રૂપાન્તરત્વે હેતુમ્ આહ સર્વસામર્થ્યસંયુતમ્ ઇતિ, સર્વાકારેણ ભવનાતિરિક્તં યાવત્ કિઞ્ચિત્ સામર્થ્યં માયાયાઃ વિશેષઃ તત્સંયુતમ્. તેન અસ્ય સર્વાધિકારિત્વં નિરૂપિતમ્. તસ્ય સ્વરૂપમ્ આહ ચિદાનન્દતિરોભાવઃ ઇતિ, સચ્ચિદાનન્દરૂપેષુ દ્વયોસ્તુ સ્વેચ્છયા તિરોભાવઃ. ઉપાસનાયામ્ અન્યથાકરણાભાવાય આનન્દાંશસ્ય સર્વથા અનુદ્ગમઃ. સજાતીયત્વેન જીવસંકોચાભાવાય ચિદંશસ્યાપિ અનુદ્ગમઃ. જડાદપિ વૈલક્ષણ્યમ્ આહ ઈષત્ સત્ત્વાંશપ્રાકટ્યમ્ ઇતિ, વ્યવહારે સર્વાનુભવસમ્ભવેઽપિ સર્વાપ્રત્યક્ષત્વાત્. તર્હિ આકાશતુલ્યતા સ્યાદ્ ઇતિ આશંક્ય આહ અન્તસ્તુ સર્વતઃ ઇતિ, સ બહિર્મુખાણાં બહિર્વ્યવહારે પૂર્વોક્તપ્રકારએવ. જ્ઞાનિનાન્તુ સચ્ચિદાનન્દરૂપો ભગવાનપિ કાદાચિત્ તદ્રૂપો ભવતીતિ. અતઃ સચ્ચિદાનન્દરૂપો અન્તઃપ્રકટઃ. તસ્ય પ્રયોજનમ્ આહ સકલોદ્ભવઃ ઇતિ, સકલસ્ય ઉદ્ભવો યસ્માત્. તસ્ય પરમાર્થદર્શને કાર્યસિદ્ધિઃ ન ભવિષ્યતીતિ ભગવાન્ તં ક્રિયાશક્તિપ્રધાનમેવ કૃતવાન્. અતઃ સકલોદ્ભવહેતુઃ. નિત્યગઃ ચલનૈકસ્વભાવઃ. તથા સતિ સર્વનિયામકત્વં ન ભવિષ્યતીતિ વિશેષમ્ આહ સકલાશ્રયઃ સર્વં જગત્ સ્વસ્મિન્ સ્થાપયિત્વા નિરન્તરં ગચ્છતિ. અતએવ નિત્યપ્રલયસિદ્ધિઃ. કૃષ્ણસ્ય ઇદં સામર્થ્યમ્. તચ્ચ પુરુષોત્તમોઽક્ષરાતિરિક્તએવ ઇતિ આહ વિકૃતાવેવ ઇતિ, વિકૃતૌ કિં કરોતિ ઇતિ આકાંક્ષાયામ્ આહ સર્વોત્પત્ત્યન્તભાવનઃ ઇતિ. કેચિદ્ અસ્યૈવ ઈશ્વરત્વમ્ આહુઃ, કેચિદ્**



**અન્તર્યામિણઃ, તત્ર અસ્ય ઈશ્વરત્વે હેતુમ્ આહ ઐશ્વર્યં ભગવદ્દત્તમ્ ઇતિ, મુખ્યો અયમ્ અધિકારી તેન સર્વાપેક્ષયા ભગવત્સેવકેષુ અયમ્ અન્તરંગઃ...**

અનુવાદ :

તે અક્ષરબ્રહ્મનું એક રૂપાન્તર કાલ છે તે જણાવે છે : **રૂપાન્તર** પદ જે વાપરવામાં આવ્યું તેનો હેતુ જણાવે છે **સર્વવિધ સામર્થ્યવાળું** કહીને, જગત્ના બધાં જ નામરૂપોને ધારણ કરી શકવાના સામર્થ્યરૂપા માયા સિવાયના બાકી બધા સામર્થ્ય કાલમાં રહેલા છે. તેથી આને સર્વાધિકારી તરીકે નિરૂપિત કરવામાં આવે છે. તે કાલનું સ્વરૂપ સમજાવવા કહે છે **તેમાં ચિદંશ તિરોભાવ અને આનન્દાંશ નો અનુદ્ગમ જ હોય છે** , સત્ ચિત્ અને આનન્દ રૂપો પૈકી બેનાં સ્વેચ્છયા તિરોભાવ થઈ જાય છે. કાલની ઉપાસના કરનારાઓને તે આનન્દ પ્રદાન કરે તેથી આનન્દાંશનો સર્વથા અનુદ્ગમ થઈ જતો હોય છે. જીવ અને કાલ બન્ને એકજાતીય હોય તો જીવોને સંકોચ અનુભવાય જ તેથી ચિદંશનો પણ અનુદ્ગમ થઈ જતો હોય છે. જડ કરતા પણ વિલક્ષણતા દેખાડવા કહે છે **બહાર સદંશનું થોડુંક જ પ્રાકટ્ય** વ્યવહારમાં જોઈ શકાય કે કાલનો અનુભવ દરેકને થતો હોવા છતાંય કાલ કોઈને પણ આંખે દેખાતો નથી. આકાશ પદાર્થ પણ આવો જ હોવાથી કાલ પણ આકાશ જેવો કાંઈક પદાર્થ સિદ્ધ ન થાય તેથી કહે છે **પણ ભીતર તો સદંશ પૂરેપૂરો...**, જેઓ બહિર્મુખો હોય તેઓનાં બાહ્ય વ્યવહારમાં તે કાલ ઉપર જણાવેલ માફક જ હોય છે પરન્તુ જેઓ બ્રહ્મજ્ઞાની હોય તેઓને તો સચ્ચિદાનન્દરૂપ ભગવાન્ પોતે જ ક્યારેક કાલરૂપે અનુભવાતા હોય છે. તેથી સચ્ચિદાનન્દ રૂપતા અન્તઃપ્રકટ હોય છે. તે કાલરૂપે શામાટે ભગવાન્ પ્રકટ થાય છે તેનું પ્રયોજન સમજાવવા માગે છે **સકલ પદાર્થોનો ઉદ્ભવ થાય છે** , સકલ પદાર્થોનો ઉદ્ભવ જેનાથી થતો હોય તે કાલ. તે કાલનાં પારમાર્થિક સ્વરૂપનાં દર્શને કાર્યસિદ્ધિ ન થતી હોવાથી ભગવાને તેની ભીતર ક્રિયાશક્તિને

પ્રધાન બનાવી છે. તેથી તે સકલ પદાર્થોનાં ઉદ્‌ભવનો હેતુ બનતો હોય છે. **નિત્ય ગમનશીલ હોવાથી** સતત ચાલતા રહેવું તે કાલનો સ્વભાવ હોય છે. જો આમ હોય તો પછી તે કાલ બધાનો નિયામક નહિ બની શકે તેથી તેની વિશેષતા જણાવે છે **દરેકે દરેક કાર્યપદાર્થોનો આશ્રય** સમગ્ર જગત્‌ને પોતાની ભીતર સમાવિષ્ટ કરીને તે નિરન્તર ગતિશીલ હોય છે. તેથી જ તો નિત્યપ્રલય પણ સિદ્ધ થઈ જતો હોય છે. આવું શ્રીકૃષ્ણનું અનેરું સામર્થ્ય છે. આ પુરુષોત્તમથી અને અક્ષરબ્રહ્મ થી નોખો જ છે **પ્રકૃતિના વિકારરૂપ કાર્ય પદાર્થો ઉપર તે કાલ શક્તિશાળી હોય** છે. પ્રકૃતિનાં વિકારરૂપ કાર્યોમાં તે શું કરે છે તે જણાવે છે **દરેક પદાર્થોની ઉત્પત્તિ અને અન્ત નું કારણ** બને છે. કેટલાક વિચારકો આ કાલને ઈશ્વર તરીકે માન્ય રાખતા હોય છે, તો વળી બીજા કેટલાક અન્તર્યામીને, તે બાબતમાં કાલને ઈશ્વર તરીકે સ્વીકારવામાં હેતુ જણાવે છે **ભગવાને પ્રદાન કરેલ આવું ઐશ્વર્ય ત્યાં વિદ્યમાન હોય** છે, આ કાલ ભગવાને નીમેલ પ્રમુખ અધિકારી હોવાથી ભગવાન્‌નાં બીજા કોઈ પણ સેવકો કરતાં વધુ અન્તરંગ હોય છે...

...............

**અક્ષરબ્રહ્મનાં રૂપાન્તર કર્મનું નિરૂપણ:**

**અવતરણિકા:**

**એવં કાલં નિરૂપ્ય કર્મ નિરૂપયતિ :**

**કારિકા:**

**વિધિષેધપ્રકારેણ યઃ ક્રિયાશક્તિઃ ઉદ્‌ગતઃ॥**
**તત્ કર્મ પ્રકટં તાવદ્ યાવત્ ફલસમાપનમ્॥૧૧૦॥**
**તદ્ એકં ભગવદ્રૂપં સાધારણ્યેન સર્વગમ્॥**
**અગ્રપશ્ચાદ્‌ભાવભેદાદ્ દ્વિધા પ્રકટમ્ ઉચ્યતે॥૧૧૧॥**
**સૃષ્ટૌ સાધારણં તદ્ધિ સ્વાંશેન પ્રકટં યથા॥**



**કાલવત્ સકલં રૂપમ્ અંગં તદ્વશગં તથા॥૧૧૨॥**

**શ્લોકાન્વયાર્થ:**

**વિધિષેધપ્રકારેણ** શાસ્ત્રીય આજ્ઞા અને શાસ્ત્રોક્ત નિષેધ નાં પ્રકારે **યઃ** જે **ક્રિયાશક્તિઃ** ક્રિયાશક્તિ **ઉદ્‌ગતઃ** પ્રકટ થતી હોય **તત્** તેને **'કર્મ'** 'કર્મ' (કહેવાય). **તાવત્** (તે) ત્યાંસુધી **પ્રકટં** પ્રવર્તમાન રહે **યાવત્** જ્યાં સુધી **ફલસમાપનં** તેનું પરિણામ કે ફળ પ્રકટ ન કરે. **તદ્** તે (પણ) **ભગવદ્રૂપં** ભગવાને લીધેલું રૂપ (છે જે) **સાધારણ્યેન** સાધારણતયા **સર્વગમ્** સર્વ કર્મકર્તાઓમાં **એકં** એક જ હોય છે. (પરન્તુ) **અગ્ર-પશ્ચાદ્-ભાવ-ભેદાદ્** ક્યારેક આગળ તો ક્યારેક પાછળ (આમ) **દ્વિધા** બે પ્રકારે **પ્રકટમ્** પ્રકટ થતું **ઉચ્યતે** કહેવાય છે. **સૃષ્ટૌ** સૃષ્ટિમાં **તદ્** તે **સાધારણં** સર્વસાધારણ હોય છે હિ કેમકે **સ્વાંશેન** પોતાનાં અંશથી (તે) **પ્રકટં** પ્રકટ થતું હોય છે **યથા** જેમકે **કાલવત્** કાલની માફક **સકલં** સકલ **રૂપમ્** રૂપ હોવા છતાંય **તદ્વશગમ્** પોતાને આધીન એવા **અંગં** અપેક્ષિત અંશોમાં જ (પ્રકટ થતું હોય) **તથા** તેવી રીતે (જ).

**ભાવાનુવાદ:**

**શાસ્ત્રીય વિધાન કે નિષેધ મુજબ જે ક્રિયાશક્તિ ઉદ્‌ભવે છે॥**

**તેને કર્મ સમજવું તે જ્યાં સુધી કર્મનું ફળ કર્તાને ન મળે ત્યાં સુધી જ વિદ્યમાન રહેતી હોય છે॥૧૧૦॥**

**તેથી તે પણ ભગવાન્‌નું સહુની ભીતર રહેલ સર્વસાધારણ એક વિશેષ રૂપ હોય છે॥**

**આગળ કે પાછળ સમ્પન્ન થયેલ કર્મના રૂપે તે બે પ્રકારે પ્રકટ થતું હોય છે॥૧૧૧॥**

**પોતાનાં તે-તે આંશિક રૂપોએ સૃષ્ટિમાં પ્રકટ થયેલ તે કર્મ સર્વસાધારણ હોય છે॥**

**બ્રહ્મનાં સત્ ચિત્ કે આનન્દાંશ ની બાબતમાં કર્મ પણ કાલ મુજબ હોય છે અને જેઓ કાલને આધીન હોય તેમનાં ઉપર આ કર્મ નિયામક બનીને કામ કરતો હોય છે॥૧૧૨॥**

પ્રકાશ :

**વિધિષેધપ્રકારેણ ઈતિ, ''રૂપાન્તરન્તુ તસ્યૈવ'' ઈતિ અનુવર્તતે. યથા કાલો રૂપમ્ અક્ષરસ્ય તથા કર્માપિ પરમ્ એતાવાન્ વિશેષઃ : કાલઃ સ્વતએવ પ્રકટો અયન્તુ પુરુષૈઃ વિધિષેધપ્રકારેણ પ્રકટીક્રિયતે. અતઃ કાલાપેક્ષયા લોકાનાં હિતાહિતપ્રદાને વિશિષ્યતે. અયઞ્ચ ક્રિયારૂપો ધર્મિણો ધર્મે પ્રવેશાત્ કાલવદ્ ન સ નિત્યપ્રકટઃ કિન્તુ ફલદાનપર્યન્તમેવ ઈતિ આહ યાવત્ફલસમાપનમ્ ઈતિ. તસ્ય પ્રતિપુરુષં ભેદો ભવિષ્યતિ ઈતિ આશંક્ય આહ તદ્ એકં ભગવદ્રૂપમ્ ઈતિ, વ્યાપકં તદ્રૂપં તથાપિ યેન યાવદ્રૂપં વિધિષેધપ્રકારેણ વા પ્રકટીક્રિયતે તસ્ય તાવત્ ફલં દત્વા તદંશેન તિરોભવતીતિ સાધારણ્યેનાપિ સર્વસમ્ભવાદ્ ન પ્રતિકર્મવ્યવસ્થા ઈતિ અર્થઃ. તર્હિ એકઃ કથં યુગપત્ સુખદુઃખે પ્રયચ્છતિ ઈતિ આશંક્ય આહ અગ્રપશ્ચાદ્ભાવભેદાદ્ ઈતિ. તસ્ય એકત્વે પ્રમાણમ્ આહ સૃષ્ટૌ સાધારણમ્ ઈતિ, ''કાલં કર્મ સ્વભાવં ચ...'' (ભાગ.પુરા.૨।૫।૨૧) ઈતિ વાક્યાત્ સૃષ્ટિકાલે યાદશં રૂપં તેન પરિચ્છેદ્યં સએવ અંશઃ પ્રકટઃ. અસ્યાપિ ચિદાનન્દતિરોભાવાદિઃ કાલવદેવ ઈતિ આહ કાલવદ્ ઈતિ. વિશેષમ્ આહ તદ્વશગમ્ ઈતિ, યત્ર યઃ કાલવશે ભવતિ તમેવ વ્યાપ્નોતિ નતુ અન્યમ્ ઈતિ અર્થઃ.**

અનુવાદ :

એમ કાલનાં નિરૂપણ બાદ હવે કર્મનું નિરૂપણ કરે છે : શાસ્ત્રીય વિધાન કે નિષેધ મુજબ જે ક્રિયાશક્તિ ઉદ્ભવે , ''બ્રહ્મનું રૂપાન્તર હોવાનું'' અહિંયા પણ લાગુ થતું હોય છે. કર્મ પણ કાલની માફક અક્ષરબ્રહ્મનું જ એક વિશેષ રૂપ હોય છે તે છતાંય આટલો તફાવત જાણી લેવો જોઈએ કે : કાલ પોતેજ પ્રકટ થતો હોય છે જ્યારેકે કર્મ તો પુરુષ પોતે જે વિહિત કે નિષિદ્ધ આચરણ કરતો હોય



તેને કારણે પ્રકટ થતું હોય છે. તેથી કર્મ લોકોનાં હિત કે અહિત સમ્પાદન કરવામાં કાલ કરતાં નોખી રીતે વર્તતું હોય છે. આ કર્મ ક્રિયારૂપ હોવાથી ધર્મીની ભીતર ધર્મરૂપે સમાવિષ્ટ રહેલ હોવાથી કાલની માફક નિત્ય પ્રકટ રહેતું નથી કિન્તુ કર્મકર્તાને તેનાં કરેલ કર્મનું ફળ પ્રદાન ન થાય ત્યાં સુધી જ પ્રકટ રહેતો હોય છે તે જણાવે છે **તે જ્યાં સુધી કર્મનું ફળ કર્તાને ન મળે ત્યાં સુધી જ વિદ્યમાન રહેતી હોય** દ્વારા. ત્યારે તો દરેકેદરેક વ્યક્તિમાં કર્મશક્તિ નોખી-નોખી હશે એવી આશંકાને દૂર કરવા કહે છે **તે પણ ભગવાનનું સહુની ભીતર રહેલ સર્વસાધારણ એક વિશેષ રૂપ હોય છે,** હકીકતમાં તો તે વ્યાપક રૂપ હોય છે પણ દરેક વ્યક્તિ પોત-પોતાની વિહિત કે નિષેધ ક્રિયાઓ દ્વારા તે-તે પ્રમાણમાં પ્રકટ કરતી હોય છે. તેથી તે-તે વ્યક્તિને તેના તેને સમ્પન્ન કરેલ ક્રિયાના ફળ આપીને તે અંશમાં તિરોહિત થઈ જનારી ભગવાનની સર્વસાધારણ શક્તિ હોય છે. તેથી સાધારણ હોવા છતાંય બધી જાતના ફળ આપવા સંભવ હોવાથી પ્રતિવ્યક્તિ ભિન્ન-ભિન્ન કર્મશક્તિ વિચારવી આવશ્યક નથી. તો એક જ એકી સાથે સુખ પણ અને દુઃખ પણ કેવી રીતે આપી શકે તેનાં માટે કહે છે **આગળ કે પાછળ સમ્પન્ન થયેલ કર્મના રૂપે તે બે પ્રકારે પ્રકટ થતું હોય છે** ઈતિ. તે એક છે તે બાબતનું પ્રમાણ જણાવે છે **પોતાનાં તે-તે આંશિક રૂપોએ સૃષ્ટિમાં પ્રકટ થયેલ તે કર્મ સર્વસાધારણ હોય છે** ઈતિ, **''કાલં કર્મ સ્વભાવં ચ...''** (ભાગ.પુરા.૨।૫।૨૧) આ ભાગવતનાં વાક્ય પ્રમાણે સૃષ્ટિકાલમાં જેટલા રૂપની સીમાની ભીતર તે કર્મશક્તિ પ્રકટ થતી હોય છે તેટલો તેનો અંશ પ્રકટ થાય છે. ભગવાનની આ કર્મશક્તિની ભીતર પણ ચિદંશ કે આનન્દાંશ નાં તિરોભાવ કાલની જેમ જ સમજી લેવા તે જણાવે છે **કાલ મુજબ હોય છે** દ્વારા. તે પછી આની વિશેષતા વર્ણવવા કહે છે **જેઓ કાલને આધીન હોય...કર્મ નિયામક**વિગેરે, જ્યાં જે કાલને આધીન થયો કે તેનાં ઉપર કર્મબન્ધન લાગુ થઈ જતાં હોય છે

બીજાઓ ઉપર નહિ.

**અક્ષરબ્રહ્મનાં રૂપાન્તરસ્ય એવા સ્વભાવનું નિરૂપણ :**

**અવતરણિકા :**

**એવં કર્મ નિરૂપ્ય સ્વભાવં નિરૂપયતિ :**

**કારિકા :**

**ઈચ્છામાત્રપ્રકટનં સર્વથા તત્ તિરોહિતમ્ ।।**
**સર્વવસ્ત્વાશ્રિતં પશ્ચાત્ સ્વભાવો અયં હરેઃ તનુઃ ।।૧૧૩।।**
**વસ્તૂદ્ગમતિરોભાવૈઃ તથા સત્ત્વાદિભિઃ પુનઃ ।।**
**પરિણામસ્તુ તત્કાર્યં સર્વાનુભવસાક્ષિકમ્ ।।૧૧૪।।**
**સામાન્યતો વિશેષેણ ન પ્રકાશઃ કદાચન ।।**
**એવં કાલસ્ તથા કર્મ સ્વભાવો હરિરેવ સઃ ।।૧૧૫।।**
**અતસ્ તદુદ્ગમઃ શાસ્ત્રે ન કદાચિદ્ ઉદાહૃતઃ ।।**
**સર્વસાધારણત્વેન ન તત્ તત્ત્વં તદેવ તત્ ।।૧૧૬।।**

**શ્લોકાન્વયાર્થ :**

**તત્** તે શ્રીહરિ **સર્વથા** સર્વથા **ઈચ્છામાત્રપ્રકટનં** પોતાની ફક્ત ઈચ્છાને જ પ્રકટ કરવા માંગતા હોય તો **તત્** તે **તિરોહિતં** અપ્રકટ રહીને **સર્વવસ્ત્વાશ્રિતં** બધી વસ્તુઓની **પશ્ચાત્** પાછળ **સ્વભાવો** સ્વભાવ (રૂપે અવસ્થિત થાય છે). **અયં** આ **હરેઃ** શ્રીહરિનું **તનુઃ** સ્વરૂપ **વસ્તૂદ્ગમતિરોભાવૈઃ** વસ્તુમાત્રનાં ઉદ્ગમ અને તિરોધાન રૂપે **તથા** તેમજ **પુનઃ** ઉપરાંત **સત્ત્વાદિભિઃ** સત્ત્વરજસ્તમો ગુણરૂપે **અયં** (પ્રકટ થનાર) આ **સ્વભાવો** 'સ્વભાવ'નામક નિયમ **હરેઃ** શ્રીહરિનું **તનુઃ** સ્વરૂપ છે. **તત્કાર્યં** આનું કાર્ય **સામાન્યતઃ** સામાન્ય રીતે **પરિણામસ્તુ** વિવિધ પરિણામો **સર્વાનુભવસાક્ષિકં** બધાને અનુભવાતાં હોય છે **વિશેષેણ** વિશેષતયા **પ્રકાશો** અનુભૂતિગોચર **કદાચન** ક્યારે પણ **ન** થતું નથી. **એવં** આમ **કાલસ્** કાલ **તથા** તેમજ **કર્મ** કર્મ **સ્વભાવો** સ્વભાવ **સઃ** તે (પોતે) **હરિરેવ** શ્રીહરિ જ રૂપ જ છે **અતસ્** તેથી **સર્વસાધારણત્વેન** સર્વ વસ્તુઓમાં સાધારણ રીતે કાર્ય કરતા હોવાથી **શાસ્ત્રે** ભાગવતમાં



**તદુદ્ગમઃ** આમનાં પ્રકટ થવાનું નિરૂપણ **કદાચિદ્** ક્યાંય પણ **ન** નથી **ઉદાહૃતઃ** કહેવાયું **તત્** તેથી **તત્ત્વં** 'તત્ત્વ' **ન** ન માનીને **તદ્** તે સાક્ષાત્ ભગવાન્ રૂપે **એવ** જ **તત્** આ બધા છે.

**ભાવાનુવાદ :**

**સૃષ્ટિકર્તાની સૃજ્યમાન પદાર્થોની બાબતમાં જે ઈચ્છા તે મુજબ તેઓનું ઘડતર સિવાય બીજા કોઈ પણ રૂપે સ્વભાવ પ્રકટ થતો નથી ।।**

**સૃષ્ટિના પ્રકટેલ દરેક પદાર્થોને પાછળ રાખીને તેમનામાં આશ્રિત થતો આ સ્વભાવ શ્રીહરિનો એક વિશિષ્ટ સ્વરૂપ હોય છે ।।૧૧૩।।**

**કોઈ પણ વસ્તુમાં જે પ્રકૃતિનાં ત્રણ સાત્ત્વિક રાજસ કે તામસ ગુણો હોય તેને કારણે થતાં ઉદ્ગમ કે તિરોભાવ થકી ।।**

**બધાને પોતાનાં અનુભવે દેખાતા પરિણામને પ્રકટ કરવો તે સ્વભાવને કારણે હોય છે ।।૧૧૪।।**

**આ સ્વભાવનું સામાન્ય સ્વરૂપ છે અન્યથા વિશેષ કોઈ સ્વરૂપ સ્વભાવનું પ્રકાશિત થતું નથી ।।**

**એમ કાલ તેમજ કર્મ અને સ્વભાવ રૂપે પોતે શ્રીહરિ જ પ્રકટ થતાં હોય છે ।।૧૧૫।।**

**આ કારણે સ્વભાવનો ઉદ્ગમ શાસ્ત્રમાં વર્ણવાયો નથી ।।**

**આમ આ ત્રણેય સૃષ્ટિનાં દરેક પદાર્થોમાં અન્વિત થયેલ હોવાથી સૃષ્ટિનાં તત્ત્વો ન હોઈ સૃષ્ટિરૂપ ધારણ કરનાર પોતે ભગવાન્ જુદાં-જુદાં પાસા છે ।।૧૧૬।।**

**પ્રકાશ :**

**ઈચ્છામાત્ર... ઈતિ, ભગવદિચ્છારૂપેણ પ્રકટો ભવતિ, ન સચ્ચિદાનન્દરૂપેણ. તસ્ય સ્વરૂપં વ્યવહારોપયોગિ આહ સર્વવસ્ત્વાશ્રિતમ્**

ઈતિ, તદ્રૂપં જગદાધારં સ્વાંશભેદેન તત્ર તિષ્ઠતીતિ તત્રાપિ લીનો, નાપિ વસ્તુનઃ પશ્ચાદ્ભાગે તિષ્ઠતિ કિન્તુ પશ્ચાદ્ભાગે સર્વં સ્થાપયિત્વા સ્વયમેવ પ્રકટો ભવતિ. યથા સ્વભાવદુષ્ટાનાં જ્ઞાનાદિકં તિરસ્કૃત્ય સ્વરૂપેણ પ્રકટઃ. તદ્ આહ પશ્ચાદ્ ઈતિ, એતસ્ય કાર્યવત્ સ્વરૂપં મા ભવતુ ઈતિ આહ હરેઃ તનુઃ ઈતિ. અસ્ય આવિર્ભાવતિરોભાવયોઃ ઉપપત્તિમ્ આહ વસ્તૂદ્ગમ... ઈતિ, અસ્ય ઉદ્ગમતિરોભાવયોઃ વસ્તુ નિયામકં, તથા, સત્ત્વાદિગુણાઃ જ્ઞાનં કર્મ ચ. અતો બહુધા ઉદ્ગમઃ. તસ્ય દ્રવ્યાવિર્ભાવેણાપિ આવિર્ભાવઃ. વિરોધિગુણપ્રાદુર્ભાવે પૂર્વસ્વભાવો નિવર્તતે અન્યઃ ચ ઉદેતિ. તથા મન્ત્રશાસ્ત્રાદિભિરપિ. અતો બહુધા ઉદ્ગમતિરોભાવૌ. તસ્ય સદ્ભાવે અર્થાપત્તિં પ્રમાણયતિ પરિણામસ્તુ ઈતિ, સ્વભાવસ્ય પરિણામએવ કાર્યમ્. અતઃ સ્વભાવઃ સર્વદા અનુમાનગમ્યો ન કદાચિદપિ પ્રત્યક્ષઃ ઈતિ આહ સામાન્યતઃ ઈતિ. ઉપસંહરતિ એવમ્ ઈતિ. તત્ત્વાધિક્યપરિહારાય આહ હરિરેવ સઃ ઈતિ, સ કાલાદિઃ હરિરેવ. તત્ર ઉપપત્તિમ્ આહ અતઃ તદુદ્ગમઃ ઈતિ. શાસ્ત્રે ભાગવતે. તથાપિ કારણત્વાત્ તત્ત્વતા ભવિષ્યતિ ઈતિ આશંક્ય આહ સર્વસાધારણત્વેન ઈતિ, યથા ભગવાન્ સર્વસાધારણત્વાદ્ ન તત્ત્વકોટૌ પ્રવિશતિ તથા કાલાદિરપિ, ભગવત્ત્વેનૈવ ઉપપત્તૌ ન પૃથક્ત્વમ્.

અનુવાદ:

આમ કર્મનાં નિરૂપણ બાદ હવે સ્વભાવનું નિરૂપણ કરે છે : સૃષ્ટિકર્તાની સૃજ્યમાન પદાર્થોની બાબતમાં જે ઈચ્છા વિગેરેથી, સ્વભાવ ભગવદિચ્છા રૂપે પ્રકટ થાય છે નહિ કે સચ્ચિદાનન્દરૂપે. તે સ્વભાવનું વ્યવહારોપયોગી સ્વરૂપ સમજાવે છે **સૃષ્ટિના પ્રકટેલ દરેક પદાર્થોમાં આશ્રિત થતો** વિ. આવા રૂપે જગત્નો આધાર બનીને ભગવાન્ પોતાનાં અંશભેદે જગત્માં સંતાયેલા અવસ્થિત થઈ જતાં હોય છે, તેમ છતાંય સ્વભાવનાં રૂપે ભગવાન્ જાગતિક વસ્તુઓની પાછળ નથી સંતાઈ જતા બલ્કે જાગતિક વસ્તુઓનાં મૌલિક સ્વરૂપને પોતે પ્રકટાવેલ સ્વભાવની પાછળ સંતાડી દેતાં હોય છે. જેમકે



જેઓ સ્વભાવે દુષ્ટ હોય તેઓનું સાચું જ્ઞાન વિ. તેમનાં દુષ્ટ સ્વભાવથી ઢંકાઈ જતું હોય છે. તે જ વાત કહે છે **પાછળ રાખીને** શબ્દોદ્વારા, આ સ્વભાવને કાર્ય પદાર્થની માફક ન સમજી લેવું તે જણાવે છે **શ્રીહરિનું એક વિશિષ્ટ સ્વરૂપ** શબ્દોદ્વારા. સ્વભાવનાં આવિર્ભાવ-તિરોભાવ થતાં હોય છે તેનું ઉપપાદન કરે છે **વસ્તુમાં જે પ્રકૃતિનાં ત્રણ સાત્ત્વિક રાજસ કે તામસ ગુણો હોય તેને કારણે થતાં ઉદ્ગમ કે તિરોભાવ** વિ. વસ્તુનાં સ્વભાવનાં ઉદ્ગમ કે તિરોભાવ ની બાબતમાં નિયામક પોતે વસ્તુ જ હોય છે, જેમકે, સત્ત્વાદિ ગુણો જ્ઞાન અને કર્મ પણ વસ્તુઓનાં ઉદ્ગમ કે તિરોભાવ માટે નિયામક બનતા હોય છે. આ કારણે સ્વભાવનો ઉદ્ગમ ઘણી બધી રીતે થતો હોય છે. તેથી જે દ્રવ્ય આવિર્ભૂત થાય તેની સાથે તેનો સ્વભાવ પણ આવિર્ભૂત થઈ જતો હોય છે. વળી ક્યારેક વિરોધી ગુણો પ્રકટ થતાં પૂર્વસિદ્ધ સ્વભાવ નિવૃત્ત પણ થઈ જતો હોય છે ગુણો મુજબ પ્રકટ થયેલ અન્ય સ્વભાવના ઉદ્ગમની જેમ. તેમજ મન્ત્ર કે શાસ્ત્રીય વિધિવિધાનોં મુજબ પણ સ્વભાવ બદલાતો હોય છે. તેથી સ્વભાવનાં ઉદ્ગમ કે તિરોભાવ ઘણી બધી રીતે થતાં હોય છે. આ બાબતમાં અર્થાપત્તિરૂપ પ્રમાણ દર્શાવે છે **પરિણામ તો** વિ.શબ્દો દ્વારા. સ્વભાવનું કાર્ય તો પરિણામ જ હોય છે. તેથી સામાન્ય રીતે સ્વભાવનો ક્યારેય પ્રત્યક્ષાનુભવ થતો નથી ફક્ત અનુમાન કરી શકાય. સ્વભાવનિરૂપણના ઉપસંહારરૂપે કહે છે **આવી રીતે કાલ કર્મ અને સ્વભાવ** વિ.શબ્દોથી. આનો અભિપ્રાય તત્ત્વસંખ્યા ૨૮ કરતાં વધી નથી જતી કેમકે તે જણાવે છે **આ કાલ કર્મ સ્વભાવ પોતે શ્રીહરિરૂપ જ છે** આની ઉપપત્તિ સમજાવવા કહે છે **તેથી આમનો ઉદ્ગમ શાસ્ત્રમાં** એટલે કે ભાગવતમાં. તો પણ સૃષ્ટિનાં કારણરૂપ હોવાને કારણે આ સહૂને નોખા તત્ત્વ કેમ નથી માનતા? આ શંકાનું સમાધાન આપે છે **સર્વસાધારણ હોવાને કારણે** શબ્દોથી. જેમ ભગવાન્ પોતે સૃષ્ટિમાં પ્રકટ સહૂ

તત્ત્વોમાં સમવસ્થિત સર્વસમાન હોય છે તેમજ કાલ કર્મ અને સ્વભાવ પણ સર્વસાધારણ હોવાને કારણે તેમની નોખી તત્ત્વકોટિ માનવામાં આવતી નથી. તેમને સાક્ષાદ્ ભગવાન્ તરીકે સ્વીકારી લેવું વધુ યોગ્ય છે.

**કાર્યકોટિમાં અવાન્તર પ્રકારોનાં પ્રભેદો વ્યષ્ટિ અને સમષ્ટિ :**

અવતરણિકા :

**એવં કારણં નિરૂપ્ય કાર્યજ્ઞાનાર્થં તસ્ય અવાન્તરભેદાન્ આહ :**

કારિકા :

**આનન્ત્યેઽપિ હિ કાર્યાણાં ગણભેદો દ્વિધા મતઃ ॥**
**સમષ્ટિ-વ્યષ્ટિ-ભેદેન કેવલે જડજીવતા ॥૧૧૮॥**

શ્લોકાન્વયાર્થ :

**આનન્ત્યેહિ** જોકે અસંખ્ય જ હોય છે **અપિ** છતાં પણ **કાર્યાણાં** કાર્યકોટિનાં **ગણભેદો** વર્ગોનાં પ્રભેદો **દ્વિધા** બે પ્રકારે **મતઃ** માનવામાં આવ્યા છે : **સમષ્ટિ** સમુદાય (અને)**વ્યષ્ટિ** વ્યક્તિ (નાં) **ભેદેન** પ્રભેદે **કેવલે** આમ વ્યષ્ટિ/સમષ્ટિ નાં ભેદે ન વિચારીએ તો તે **જડજીવતા** તો સમુદાય હોય કે વ્યક્તિ તે હોય છે કાં તો જડનો અથવા તો જીવનો.

ભાવાનુવાદ :

**જોકે કાર્યોનાં પ્રકાર અનન્ત હોવાને કારણે તેમની ગણના શક્ય નથી છતાંય તેમનાં બે પ્રભેદ ગણી શકાય ॥**

**એક કાર્યસમષ્ટિ અને બીજા વ્યષ્ટિરૂપ કાર્ય આ કેવળ જડ અને જીવ ની બાબતમાં હોય છે ॥૧૧૮॥**

પ્રકાશ :

**આનન્ત્યેઽપિ ઇતિ, યદ્યપિ ઘટપટાદિપ્રકારેણ જ્ઞાનમ્ અશક્યં તથાપિ**

**સર્વં કાર્યં રાશિદ્વયાત્મકં : ૧.સમષ્ટિરૂપં ૨.વ્યષ્ટિરૂપં ચ. તચ્ચ જડજીવાત્મકં ન આનન્દાંશઃ તત્ર પ્રવિશતિ. અતઃ કેવલપ્રકારેણ વિચારે ક્રિયમાણે જડો જીવઃ ચ ભવતિ, નતુ તતો અતિરિક્તં કિઞ્ચિત્.**

**અનુવાદ :**

એમ કારણકોટિનાં નિરૂપણ પછી હવે કાર્યકોટીનાં જ્ઞાન માટે તેનાં અવાન્તર પ્રભેદો કહેવાય છે : **જોકે... અનન્ત હોવાને** વિગેરે, જોકે ઘટ કે પટ વિ. પ્રકારોને જોવા જતાં કાર્યોનું જ્ઞાન અશક્ય છે તો પણ જેટલાં પણ કાર્યો હોય તેમનું બે વર્ગોમાં પૃથક્કરણ શક્ય હોય છે : ૧.સમષ્ટિરૂપ અને ૨.વ્યષ્ટિરૂપ. આ બન્ને પ્રભેદો જડજીવાત્મક અંશોની બાબતમાં જ સંભવે, આનન્દાંશની બાબતમાં નહિ. તેથી કહ્યું **કેવલ** . કેવળ કાર્ય હોવાને પ્રકારે વિભાજન કરવા જઈએ તો **જડ અને જીવ** ની બાબતમાં કલ્પી શકાય, તે સિવાય બીજા કોઈની બાબતમાં નહીં.

**કાર્યકોટિમાં સાત્ત્વિકાદિ ત્રણ ગુણો આધિદૈવિકાદિ ત્રણ આમ બીજો પ્રભેદ કલ્પી શકાય છે :**

**અવતરણિકા :**

**કાર્યે ત્રૈવિધ્યં નિરૂપયિતુમ્ આહ :**

**કારિકા :**

**સર્વેષાં ત્રિગુણત્વાદ્ હિ ત્રયો ભેદાઃ પૃથક્સ્મતાઃ ॥**
**આધિદૈવિકમ્-અધ્યાત્મમ્-અધિભૂતમ્ ઈતિ સ્મૃતાઃ ॥૧૧૯॥**

**શ્લોકાન્વયાર્થ :**

**ત્રિગુણત્વાદ્** સત્ત્વગુણ રજોગુણ અને તમોગુણ રૂપી ત્રણ ગુણોથી ઘડાયેલાં હોવાને કારણે **સર્વેષાં** સહૂ વસ્તુઓનાં **હિ** હકીકતમાં **ત્રયો**



ત્રણ **ભેદાઃ** પ્રભેદો **પૃથક્સ્મતાઃ** જુદા-જુદા માનવામાં આવ્યા છે તે : **આધિદૈવિકમ્** દૈવિકસ્વરૂપ **અધ્યાત્મમ્** આત્મિકસ્વરૂપ **અધિભૂતમ્** ભૌતિકસ્વરૂપ **ઈતિ** આવી રીતે **સ્મૃતાઃ** કહેવાયેલાં છે.

**ભાવાનુવાદ :**

**પ્રકૃતિનાં પરિણામરૂપે પ્રકટેલ સમગ્ર જગત્ ત્રિગુણાત્મક હોય છે તેથી સહૂનાં ત્રણ પ્રભેદ પાડી શકાય॥**
**૧.આધિદૈવિક ૨.આધ્યાત્મિક અને ૩.આધિભૌતિક॥૧૧૯॥**

**પ્રકાશ :**

**સર્વેષામ્** ઈતિ, **ગુણાનામપિ ત્રૈવિધ્યે હેતુઃ અગ્રે વક્તવ્યઃ. ભેદાન્ આહ આધિદૈવિકમ્** ઈતિ, **અધિષ્ઠાતા સ્વતન્ત્રો 'દેવઃ' ઈતિ, ઉચ્યતે, અભિમન્તા 'આત્મા'; અનયોઃ મધ્યે અભિસમ્ભવતિ સો 'અધિભૂતઃ'.**

**અનુવાદ :**

કાર્યકોટિ ત્રણ પ્રકારની હોય છે તે જણાવે છે :

**સમગ્ર** વિગેરે, પ્રકૃતિ શામાટે ત્રિગુણાત્મિકા છે તેનો હેતુ આગળ દેખાડવામાં આવશે. ભેદો હમણાં સમજાવે છે ૧.આધિદૈવિક, એટલે જેને સ્વતન્ત્ર અધિષ્ઠાતા 'દેવ' કહેવામાં આવે છે, જે અભિમાની હોય તેને 'આત્મા' કહેવાય; આ બન્નેની વચ્ચે જેનો ઉદ્દ્ભવ થતો હોય તેને 'આધિભૌતિક'.

**અવતરણિકા :**

**ત્રયાણામ્ અભેદાય આહ :**

**કારિકા :**

**સચ્ચિદાનન્દરૂપેણ દેહજીવેશરૂપિણઃ ॥**

**વ્યષ્ટિઃ સમષ્ટિઃ પુરુષો જીવભેદાસ્ ત્રયો મતાઃ॥૧૨૦॥**

શ્લોકાન્વયાર્થ :

**સચ્ચિદાનન્દરૂપેણ** સદંશરૂપે ચિદંશરૂપે અને આનન્દાંશરૂપે **દેહજીવેશરૂપિણઃ** દેહ જીવ અને ઈશ્વર રૂપી જે **વ્યષ્ટિઃ** વ્યક્તિરૂપ અને **સમષ્ટિઃ** સમુદાયરૂપ **પુરુષો** પુરુષો **જીવભેદાસ્** જીવોનાં પ્રભેદો **ત્રયો** ત્રણ **મતાઃ** માનવામાં આવે છે.

ભાવાનુવાદ:

**સત્ ચિત્ અને આનન્દ નાં રૂપે દેહ જીવ અને ઈશ રૂપી॥**
**વ્યષ્ટિ અને સમષ્ટિ પુરુષરૂપે જીવભેદ માન્ય હોય છે॥૧૨૦॥**

પ્રકાશ :

**સચ્ચિદાનન્દરૂપેણ ઇતિ, સદ્ અધિભૂતમ્, ચિદ્ અધ્યાત્મમ્, આનન્દો અધિદૈવમ્ ઇતિ. ઉદાહરણમ્ આહ દેહજીવેશરૂપિણઃ ઇતિ. દેહો અધિભૂતં, જીવો અધ્યાત્મા, ઈશો અન્તર્યામી અધિદૈવઃ, એવં સ્વરૂપભેદમ્ ઉપપાદ્ય સમુદાયેન પ્રવૃત્તૌ કુત્ર કસ્ય પ્રાધાન્યમ્ ઇતિ આકાંક્ષાયામ્ આહ વ્યષ્ટિઃ ઇતિ. યદ્યપિ એતે ત્રયોઽપિ પુરુષાવતારાઃ તથાપિ દેહાભિમાનિનઃ ઇતિ જીવભેદાઃ ઉચ્યન્તે.**

અનુવાદ :

ત્રણેમાં અભેદ વર્ણવે છે :

**સચ્ચિદાનન્દનાં રૂપે, સત્** આધિભૌતિક, **ચિત્** આધ્યાત્મિક, **આનન્દ** આધિદૈવિક. ઉદાહરણ આપવા કહે છે **દેહ જીવ અને ઈશ રૂપી.** દેહ આધિભૌતિક, **જીવો** આધ્યાત્મિક, **ઈશ** અન્તર્યામી આધિદૈવિક હોય છે, એમ સ્વરૂપભેદનું ઉપપાદન કરીને સમુદાય રૂપે પ્રવૃત્તિ ક્યાં અને કોની પ્રધાનતા છે આવી આકાંક્ષાને પૂર્ણ કરવા



કહે છે **વ્યષ્ટિ.** જોકે આ ત્રણેય પુરુષોનાં અવતારો છે તો પણ દેહાભિમાની હોવાથી જીવોનાં પ્રભેદ તરીકે વર્ણવાયા છે.

**મૂલતત્ત્વ જે બ્રહ્મ તેનાં જ અન્તર્યામી અક્ષરબ્રહ્મ શ્રીકૃષ્ણઃ એવા રૂપભેદો સાથોસાથ આમનાં પણ ઉપભેદો નું પણ નિરૂપણ :**

અવતરણિકા :

**તત્રૈવ વિદ્યમાનોઽપિ અનભિમાનિત્વાદ્ બ્રહ્મેતિ એકત્રૈવ ત્રિપ્રકારેણ વર્તતે ઇતિ પ્રકારાન્** ગણયતિ :

કારિકા :

**[1]અન્તર્યામી અક્ષરં કૃષ્ણો બ્રહ્મભેદાસ્, [2]તથા પરે॥**
**સ્વભાવ-કર્મ-કાલાઃ ચ, [3]રુદ્રો બ્રહ્મા હરિસ્ તથા॥૧૨૧॥**

શ્લોકાન્વયાર્થ :

[1]**અન્તર્યામી** જે સહૂને ભીતર રહીને નિયામક બનતું હોય **અક્ષરં** જે સહૂનું ઉપાદાનકારણ અને સમગ્રતા હોય **કૃષ્ણો** ક્ષરાતીત અક્ષરોત્તમ પુરુષોત્તમ **બ્રહ્મભેદાસ્** આટલા પ્રકારભેદ=પાસાઓ બ્રહ્મનાં હોય છે. [2]તથાતેમજ **પરે** અક્ષરબ્રહ્મનાં **સ્વભાવ** પ્રકટ થયેલ પદાર્થોને તેમનાં જાળવનારો નિયમ **કર્મ** વિહિત/નિષિદ્ધ પ્રકારે પ્રકટ થતી ક્રિયાઓની પડતી અસરનો નિયમ **કાલાઃ** વસ્તુમાત્રની ઉત્પત્તિ-વિનાશનો નિયમ **ચ** અને [3]**રુદ્રો** કાલનો અન્તર્નિયામક અધિદેવ **બ્રહ્મા** ઉત્પત્તિકર્મનો અન્તર્નિયામક અધિદેવ **હરિસ્** સ્વભાવ/સ્થિતિનો અન્તર્નિયામક અધિદેવ **તથા** તેમજ.

ભાવાનુવાદ :

**[1]શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મ અન્તર્યામી આમ બ્રહ્મ ત્રણ પ્રકારે વિદ્યમાન હોય છે, [2]તદુપરાંત॥**

**કર્મ સ્વભાવ અને કાલ પણ, [3]બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર હોવાનાં પણ તેનાં ત્રણ પ્રકારો હોય છે॥૧૨૧॥**

**પ્રકાશ :**

**અન્તર્યામી અક્ષરં કૃષ્ણઃ ઈતિ. યથા સારથી રથી તદન્તઃસ્થિતઃ ચ; તથા, અન્તર્યામી અક્ષરં કૃષ્ણઃ. એવં સતિ પુરુષોત્તમત્વેન સર્વત્ર દર્શનં ભવતિ. પરં બ્રહ્મૈવ ત્રિપ્રકારેણ વર્તતે ઈતિ ત્રયો ભેદાઃ. ત્રયાણાં પ્રત્યેકં બહૂન ભેદાન્ આહ સ્વભાવ ઈતિ, અક્ષરસ્ય સ્વભાવકર્મકાલાઃ ભેદાઃ, રુદ્રાદયઃ કૃષ્ણસ્ય. અન્તર્યામિણઃ સર્વત્ર ભિન્નતયૈવ સ્થિતત્વાત્ ન ભેદાન્ આહ.**

**અનુવાદ :**

ક્યાંક વિદ્યમાન હોવા છતાંય તે વિશેષ અંશમાં જો અભિમાનથી રહિત હોય તે બ્રહ્મરૂપે સ્વીકારવામાં આવતું હોવાથી બ્રહ્મ પોતે એક હોવા છતાંય ત્રણ પ્રકારે વિદ્યમાન હોય છે તેથી તેનાં તેવા પ્રકારોની ગણના કરવામાં આવે છે :

શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મ અન્તર્યામી ને સારથી રથી અને તેની ભીતર વિદ્યમાન તરીકે સમજવા જોઈએ. એમ જોવા જતાં પુરુષોત્તમ તરીકે બધા ઠેકાણે તેને જોઈ શકાય છે. પોતે પરં બ્રહ્મ જ ત્રણ પ્રકારે વિદ્યમાન હોય છે તેથી તેનાં પ્રભેદો કહ્યા. આ ત્રણ પ્રકારવાળા બ્રહ્મનાં પણ વળી અનેક પેટા પ્રકારો હોય છે તે જણાવે છે સ્વભાવ વિગરે, અક્ષરબ્રહ્મનાં કર્મ સ્વભાવ અને કાલ આમ ત્રણ પ્રકાર હોય છે, શ્રીકૃષ્ણનાં બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર એવા ત્રણ પ્રકારો હોય છે. અન્તર્યામી તો દરેક જીવાત્માઓની ભીતર નોખા-નોખા રહેતા હોવાથી તેમનાં પ્રકારો ગણી શકાતાં નથી.

**જીવાત્મા અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ ની જુદી-જુદી શક્તિઓનાં પણ પ્રભેદ સમજી લેવા જોઈએ :**



**અવતરણિકા :**

ત્રયાણાં શક્તિભેદાન્ આહ :

**કારિકા :**

**અવિદ્યા પ્રકૃતિર્ માયા નિદ્રા ચિન્તા ઈન્દ્રજાલતા॥**
**મહત્તત્ત્વં બ્રહ્મરૂપમ્ અસ્મત્ ચિત્તં તથૈવ॥૧૨૨॥**

**શ્લોકાન્વયાર્થ :**

**અવિદ્યા** ભગવાન્ ૧૨ પ્રમુખ શક્તિઓ પૈકી એક શક્તિ **પ્રકૃતિર્** જડજગત્નું અક્ષરબ્રહ્મમાંથી પ્રકટ થયેલું ઉપાદાનકારણ **માયા** સર્વભવનસામર્થ્ય કે યોગમાયા **નિદ્રા** સુષુપ્તિ **ચિન્તા** માનસિક અશાન્તિ **ઈન્દ્રજાલતા** દષ્ટિભ્રમ **મહત્તત્ત્વં** શુદ્ધ સત્ત્વાતમક ચિત્ત **બ્રહ્મરૂપમ્** બ્રહ્મ જેને અધિષ્ઠાન બનાવીને લોકમાં પોતાનું રૂપ કરે**અસ્મત્ ચિત્તં** વ્યષ્ટિજીવાત્માનું ચિત્ત **તથા** તેમ **એવ**જ (સમજી લેવા).

**ભાવાનુવાદ :**

**અવિદ્યા પ્રકૃતિ માયા નિદ્રા ચિન્તા ઈન્દ્રજાલ॥**
**મહત્ તત્ત્વ બ્રહ્મનું રૂપ અને આપણું ચિત્ત પણ॥૧૨૨॥**

**પ્રકાશ :**

**અવિદ્યા ઈતિ, અવિદ્યા જીવસ્ય, પ્રકૃતિઃ અક્ષરસ્ય, માયા કૃષ્ણસ્ય. ઉપલક્ષણવિધયા અવિદ્યાયાઃ ભેદાન્ આહ નિદ્રા ઈતિ. એવં પ્રકૃતિપુરુષપર્યન્તમ્ ઉપરિ સ્થિતાનાં ભેદાન્ ઉક્ત્વા મહદાદીનામ્ આહ મહત્તત્ત્વમ્ ઈત્યાદિના. મહત્તત્ત્વમ્ આધિદૈવિકસ્થાનીયં, દ્વિતીયં બ્રહ્મશરીરં, તૃતીયમ્ અસ્મદાદીનાં ચિત્તમ્. અનેન "અન્યે / ઈતરેષાં ચ અનુપલબ્ધેઃ" (બ્ર.સૂ.૨।૧।૨) ઈતિ ભગવત્સિદ્ધાન્તે દોષઃ પરિહૃતઃ.**

**અનુવાદ :**

ત્રણેયની જુદી-જુદી શક્તિઓ આ મુજબ હોય છે :

**અવિદ્યા** એટલે, (ભગવાન્‌ની ૧૨ શકિતઓ પૈકી પણ જગતમાં જે) જીવની જે શક્તિરૂપે કામ કરવા લાગે, પ્રકૃતિ અક્ષરબ્રહ્મની શક્તિ તરીકે કામ કરતી હોય છે, સર્વભવનસામર્થ્યરૂપા માયા તો પોતે કૃષ્ણની શક્તિ તરીકે કામ કરતી હોય છે. આમ બીજી પણ અનેક શકિતઓનાં નમૂનારૂપે અમુક શક્તિઓ ગણાવવામાં આવી રહી છે **નિદ્રા** વિગેરે. આમ પ્રકૃતિ કે પુરુષ સુધીની વિવિધ શક્તિઓને ગણાવીને તેઓની ઉપર રહેલ પ્રભેદોનાં વર્ણન પછી મહદ્ વિગેરે તત્ત્વોનું નિરૂપણ કરવા કહે છે **મહત્ તત્ત્વ** વિગેરે દ્વારા. મહત્ તત્ત્વ આધિદૈવિક સ્થાનીય સમજવું, તેનો બીજો પ્રકાર બ્રહ્મનાં શરીર હોવાનું હોય છે, ત્રીજો પ્રકાર આપણાં ચિત્તરૂપે પણ તે મહત્ તત્ત્વ કામ કરતું હોય છે. આથી 'આ સિવાય બીજા કોઈ પદાર્થો ઉપલબ્ધ થતાં નથી' આવા દોષનો ભગવત્સિદ્ધાન્તમાં પરિહાર દેખાડવામાં આવ્યો.

.............

**અવતરણિકા:**

**મહત્તત્ત્વરૂપાવાન્તરભૂતાયાઃ બુદ્ધેઃ નિરૂપણમ્:**

**કારિકા:**

**બુદ્ધેઃ વૃત્તિઃ=સ્થિતિર્ નામ ગુણતઃ સા ત્રિધા મતા।।**
**અતો જાગરણાદીનિ જીવસ્ તદ્વશગો યતઃ।।૧૩૭।।**

**શ્લોકાન્વયાર્થ:**

**બુદ્ધેઃ** બુદ્ધિની **વૃત્તિઃ**=ક્રિયાકલાપો **સ્થિતિર્** અવસ્થાની **નામ** સંજ્ઞા (છે). **સા** તે **ગુણતઃ** સત્ત્વરજસ્તમોગુણોને કારણે **ત્રિધા** ત્રણ સ્વરૂપ ધારણ કરતી **મતા** માનવામાં આવે છે. **અતો** તેને કારણે **જાગરણાદીનિ** જાગરણ સ્વપ્ન અને નિદ્રા વિ. જીવ અનુભવતો



હોય છે **યતઃ** કેમકે **જીવસ્** જીવાત્મા **તદ્વશગો** અવિદ્યાનાં વશમાં હોય છે.

**ભાવાનુવાદ:**

**બુદ્ધિ વૃત્તિઃ=અવસ્થા એટલે પ્રાકૃત સાત્ત્વિક વિ. ગુણોને કારણે તે ત્રણ પ્રકારની હોય છે।।**

**તેથી જ જીવાત્મા બુદ્ધિને આધીન હોવાથી જાગરણ તંદ્રા નિદ્રા વિ. અવસ્થા અનુભવે છે।।૧૩૭।।**

**પ્રકાશ:**

**બુદ્ધિવૃત્તિઃ જન્યતે, ઈત્યત્ર, વૃત્તિઃ બુદ્ધેઃ પદાર્થાન્તરં ન ભવતિ કિન્તુ સ્થિતિરેવ સત્ત્વાદિભિઃ. અતએવ ભ્રમાદીનામપિ સંગ્રહઃ. યદિ ઈન્દ્રિયૈઃ જન્યા ન સ્યાદ્ ઘટે ક્વાપિ તદા ભ્રમો ન સ્યાત્. જીવસ્ય ચ ગુણતો અવસ્થાત્રયં ભિન્નહેતુકં સ્યાત્. અતો ગુણવશાદ્ યથા બુદ્ધિઃ ભવતિ તથૈવ મન્તવ્યમ્ ઈતિ. અતએવ જીવસ્યાપિ ન સ્વાતન્ત્ર્યં, ગુણાધીનત્વાત્.**

**અનુવાદ:**

મહત્તત્ત્વની રૂપાન્તર એવી બુદ્ધિનું નિરૂપણ : બુદ્ધિની અવસ્થાઓ જનમતી હોય છે, અહિયાં, **વૃત્તિને બુદ્ધિ** કરતા જુદા પદાર્થ રૂપે જોવાની આવશ્યકતા નથી પરન્તુ પ્રાકૃત સત્ત્વાદિ ગુણોને કારણે બુદ્ધિની જુદી-જુદી ફકત **અવસ્થાઓ** સમજવી. આ કારણે બીજી પણ બુદ્ધિની અવસ્થાઓ ભ્રાન્તિ વિ. નો સંગ્રહ કરી લેવામાં આવ્યો છે. કેમકે જો ઘટ વિ. વિષયોની બાબતમાં થતાં ભ્રાન્તિજ્ઞાનમાં ઈન્દ્રિયોનો ફાળો ન હોય તો ઘટમાં ભ્રાન્તિજ્ઞાન ઉદ્‌ભવી જ ન શકે અને તેવાં સંજોગોમાં તો તે પ્રાકૃત ગુણોને કારણે થતાં ભ્રાન્તિ વિ. જ્ઞાનો જીવાત્માની ત્રણ જુદી અવસ્થા લેખાશે. આથી ગુણોને કારણે જેવી

બુદ્ધિની અવસ્થા ઉદ્દ્ભવે તે મુજબ માનવું આવશ્યક છે. તેથી ગુણાધીન બુદ્ધિને આધીન હોવાથી જ જીવાત્માઓનું સ્વાતન્ત્ર્ય પણ હોતું નથી.

અવતરણિકા :

**અનુક્તસમુચ્ચયાર્થમ્ આહ :**

કારિકા :

**મનોધર્માઃ ચ યે ચ અન્યે ભગવત્સંગવર્જિતાઃ ॥**
**ઉત્પદ્યન્તે વિલીયન્તે ઘટાદિરિવ ન અન્યથા ॥૧૩૯॥**

શ્લોકાન્વયાર્થ :

**ચ યે** તદુપરાંત જે **અન્યે** બીજાં **મનોધર્માઃ** મનોધર્મો **ભગવત્સંગવર્જિતાઃ** ભગવાન્નાં સંબંધ વિના પ્રકટ થતાં હોય (તે) **ચ** પણ **ઉત્પદ્યન્તે** ઉત્પત્તિશીલ **વિલીયન્તે** વિનાશશીલ **ઘટાદિરિવ** ઘડા વિગેરે વસ્તુઓની માફક હોય છે **ન** નહીં કે **અન્યથા** બીજા કોઈ પ્રકારે.

ભાવાનુવાદ :

**ભગવત્સંગ સિવાયનાં અન્ય પણ આવા મનોધર્મો ॥**
**ઉત્પત્તિ-વિનાશશાળી, ઘટ વિ. જેવા, હોય છે ॥૧૩૯॥**

પ્રકાશ :

**મનોધર્માઃ ઇતિ, ભગવદ્ધર્માઃ મનોધર્માઃ ચ તુલ્યાઃ ભવન્તિ, નતુ એકવિધાઃ. નિત્યા ભગવદ્રૂપાઃ ભગવદ્ધર્માઃ—અનિત્યાઃ કાર્યરૂપાઃ મનોધર્માઃ-ઇતિ. અનેન "સો અકામયત"** (તૈત્તિ.ઉપ.૨૧૬) **ઇત્યત્ર**



**દોષઃ પરિહૃતઃ.**

અનુવાદ :

જેમની કશું અહિં કહેવામાં નથી આવ્યું તેવા પદાર્થોની બાબતમાં આવો સિદ્ધાન્ત જણાવવા માટે કહે છે :

**મનોધર્મા** એટલે, ભગવદ્ધર્મો અને મનોધર્મો એકસરખા લાગતાં હોય છે પણ હકીકતમાં એકસરખા હોતા નથી. ભગવદ્રૂપ ધર્મો નિત્ય હોય છે—કાર્યરૂપ મનોધર્મો અનિત્ય હોય છે-એમ સમજવું. આથી **"તે પરમેશ્વરે કામના કરી"** (તૈત્તિ.ઉપ.૨૧૬) જેવા વચનોમાં વર્ણવેલ કામના જીવની કામનાઓ જેવી ન સમજી લેવી.

**બ્રહ્મમાં સ્વરૂપકોટિ તેમજ કાર્યકારણોની કોટિઓમાં પણ બધાંનાં જ તત્ત્વતઃ નિત્ય હોવા છતાંય સૃષ્ટિમાં આવિર્ભાવતિરોભાવ શક્તિઓદ્વારા ઉદ્દ્ભવ અને અનુદ્દ્ભવ થતાં હોય છે :**

અવતરણિકા :

**એવં સર્વેષાં તુલ્યતામ્ ઉપપાદ્ય ઘટાદીનામપિ બ્રહ્મત્વાદ્ નિત્યતા ઇતિ વક્તું યુક્તિમ્ આહ :**

કારિકા :

**આવિર્ભાવતિરોભાવૌ શક્તી વૈ મુરવૈરિણઃ ॥**
**ભક્ત્યાતુ આદ્યો દ્વિતીયસ્તુ તદભાવાદ્ હરૌ સદા ॥૧૪૦॥**

શ્લોકાન્વયાર્થ :

**આવિર્ભાવતિરોભાવૌ** વસ્તુનો પ્રાદુર્ભાવ કે તિરોધાન (તે તો)**શક્તી વૈ** શક્તિઓ જ છે **મુરવૈરિણઃ** ભગવાન્ની. **ભક્ત્યાતુ** ભક્તિને કારણે **આદ્યો** આવિર્ભાવ **દ્વિતીયસ્તુ તદભાવાદ્** ભક્તિ ન હોય તો ભગવાન્નો તિરોભાવ (અનુભવાતા હોય છે). **હરૌ** પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીહરિમાં (આવી આવિર્ભાવ-તિરોભાવશક્તિઓ) **સદા**હમેશાં (રહે છે).

ભાવાનુવાદ:

**આવિર્ભાવ અને તિરોભાવ આ તો બન્ને મુરવૈરિ ભગવાન્‌ની શક્તિઓ છે॥**

**ભગવાન્‌નો આવિર્ભાવ ભક્તિ વડે થાય છે અને ભક્તિના અભાવમાં સદા તિરોભાવ થઈ જતો હોય છે॥૧૪૦॥**

પ્રકાશ:

**આવિર્ભાવતિરોભાવૌ ઇતિ, 'આવિઃ'=પ્રકટં ભાવયતિ ઇતિ આવિર્ભાવઃ. આવિર્ભવનં વા ધર્મઃ. તથા તિરોભવનમ્. એતે ભગવતઃ શક્તી અનન્તશક્તિત્વાદ્ ભગવતઃ. અન્યથા બીજાદિપરિણામાનાં દેહાદિભાવે કો હેતુઃ સ્યાદ્. તસ્માદ્ ભગવચ્છક્તિરેવ કારણત્વેન વક્તવ્યા ધર્માદ્ ધર્મિસિદ્ધૌ કારણં ભવતિ. [ અત્ર ઇદં પ્રતિભાતિ : દ્વિતીયપક્ષે આવિર્ભવનરૂપાદ્ ધર્માદેવ ઘટાદેઃ આવિર્ભાવરૂપધર્મસિદ્ધૌ સત્યામ્ આવિર્ભાવરૂપધર્મએવ કારણમ્. નનુ અસ્ય ધર્મરૂપત્વાદ્ ધર્મ્યાશ્રયો વાચ્યઃ. તથા સતિ ઘટાદેરપિ પૂર્વસત્ત્વાત્ આવિર્ભાવતિરોભાવયોરપિ ભગવચ્છક્તિત્વેન નિત્યત્વાત્ સદૈવ આવિર્ભાવતિ-રોભાવાપત્તેઃ ન એવં પક્ષઃ સાધીયાન્ તત્ર આહ અન્યથા ઇતિ, ઇચ્છાશક્તિસહકારેણ અનુપપત્તિપરિહારઃ. સ્વમતે ઉક્તન્યાયેન સર્વેષાં હરિરૂપત્વાદ્ અદ્વૈતશ્રુતિઃ અત્ર સાધિકા. : ( ઇતિ શ્રીમત્પ્રભુચરણાનાં પ્રક્ષેપઃ ) ] અન્યથા ઉત્પત્તિપક્ષેઽપિ દોષઃ તુલ્યઃ : 'ઉત્પત્તિઃ' નામ કશ્ચન ધર્મઃ. સ કસ્મિન્ ધર્મિણિ ભવેદ્? ઇતિ અનવસ્થા ચ સ્યાત્. કાલસમ્બન્ધોઽપિ ધર્મઃ. અતો યઃ કશ્ચિદ્ નિરુચ્યતાં, સો અવશ્યં ધર્મએવ ભવતીતિ ધર્મી પૂર્વસિદ્ધો વક્તવ્યઃ. ઘટો ભવતીતિ કર્તરિ પ્રયોગઃ ચ અનુપપન્નઃ સ્યાત્. " 'ભૂ'=સત્તાયામ્" ( ધા.પા.૧૧ ) ઇતિ ધાત્વર્થઃ ચ અસંગતઃ સ્યાત્. "અનુત્પન્નો ઘટો—નષ્ટો ઘટઃ" ઇતિ વ્યવહારઃ ચ અસંગતઃ સ્યાત્. અતો ધર્મી સદાતનો વક્તવ્યઃ. સ ભગવાનેવ ભવતિ, ન અન્યઃ ઇતિ. અદ્વૈતશ્રુતેશ્ચ ધર્મિણાં ભગવત્ત્વમ્ અંગીકર્તવ્યમ્. તદનુ ધર્માણામપિ તેનૈવ ન્યાયેન ભગવત્ત્વં સેત્સ્યતિ. અતો ભ્રાન્તાનાં બાલાનાં વિચારસામર્થ્યાભાવાદ્ શબ્દાર્થૌ ઉલ્લંઘ્ય ઉત્પત્ત્યાદિનિરૂપણં ન દૂષયામઃ. મુરવૈરિણઃ ઇતિ, મુરો**



**દૈત્યઃ પાપાત્મકઃ તન્નિવર્તનાર્થમ્ આવિર્ભાવો ભગવતઃ. તથા સર્વત્ર સર્વવસ્તુસ્વરૂપેણ તદનુદ્ગમે પ્રાપ્તદોષપરિહારાર્થં તદુદ્ગમઃ ઇતિ સૂચિતમ્. દુઃખન્તુ નિર્વૃત્યભાવઃ ઇતિ તિરોભાવફલત્વાદ્ ન વ્યભિચારઃ. એવં સતિ સર્વસાધનવૈયર્થ્યમ્ આશંક્ય શક્તિદ્વયસ્ય તદધીનત્વં વક્તુમ્ આદિતઃ આરભ્ય નિરૂપયતિ. ભક્ત્યાતુ આદ્યઃ ઇતિ, ભક્ત્યૈવ ભગવાન્ આવિર્ભવતિ. તચ્ચ યસ્ય ભક્ત્યા આવિર્ભાવઃ સા ભક્તિઃ યાદશી દેશકાલયુક્તા તત્તિરોભાવે તિરોભવતિ, નતુ અવતારેષ્વપિ અન્યઃ પ્રકારઃ ઇતિ અર્થઃ.**

અનુવાદ:

આમ દરેક પદાર્થની પરસ્પર તુલ્યતાનાં ઉપપાદન પછી ઘટવિગેરે પણ બ્રહ્મ હોવાને કારણે નિત્ય હોવા જોઈએ એ માટે યુક્તિ આપે છે :

**આવિર્ભાવ અને તિરોભાવ** એટલે 'આવિઃ'=પ્રકટ જેથી કાંઈક થતું હોય તે **આવિર્ભાવ. અથવા પ્રકટ થવું તેવા ધર્મને પણ 'આવિર્ભાવ' કહી શકાય. તેમજ તિરોભવન.** આ બન્ને ભગવાન્‌ની **શક્તિઓ** કેમકે ભગવાન્‌માં અનન્ત શક્તિઓ રહેલી હોય છે. નહિ તો અન્નનાં દાણાઓ શરીર કેવી રીતે બની શકે? તેથી ભગવાન્‌ની શક્તિ કારણ તરીકે સ્વીકારવી જોઈએ ધર્મોને કારણે ધર્મી સિદ્ધ થઈ જતો હોય છે. [ આ બાબતમાં જણાય છે : બીજો જે કલ્પ રજુ કરવામાં આવ્યો તેમાં ઘટ વિ. નાં આવિર્ભવન રૂપ ધર્મને કારણે આવિર્ભાવરૂપ ધર્મ સિદ્ધ કરવામાં આવિર્ભાવરૂપ ધર્મને જ કારણ માની લેવું જોઈએ. જો શંકા કરવામાં આવે કે આ આવિર્ભવન રૂપ ધર્મ કયા ધર્મીમાં આશ્રિત થઈને પોતે પ્રકટ થતો હોય તો ઘટ વિ. ને પણ પૂર્વસિદ્ધ માનવું જરૂરી થઈ જશે. તેથી આવિર્ભાવ-તિરોભાવને પણ ભગવાન્‌ની શક્તિ માનવું આવશ્યક છે નિત્ય હોવાને કારણે તેથી આવિર્ભાવ અને તિરોભાવ બન્ને જ નિત્ય સ્વીકારવા પડશે. તેથી આ રજુઆત સરખી જણાતી નથી. આ બાબતમાં ખુલાસો કરતા કહે છે **અન્યથા** એટલે,

ભગવાન્ની ઈચ્છાશક્તિનાં સહકાર વિના અનુપપત્તિનો પરિહાર થઈ શકતો નથી. આપણાં મતમાં આવી રીતે બધું જ હરિરૂપ હોવાને કારણે બ્રહ્મનાં અદ્વૈતનું પ્રતિપાદન કરનારી શ્રુતિ આ રજુઆતમાં સાધક બની જતી હોય છે. : (આટલો ઉમેરો શ્રીમત્પ્રભુચરણે અહિંયા કરેલ છે)] આમ જો ન સ્વીકારવામાં આવે તો કાર્ય આવિર્ભાવને ઠેકાણે ઉત્પત્તિ ની પ્રક્રિયા સ્વીકારનારાઓનાં મતમાં પણ આ દોષ તો સમાનરીતે આડો આવશે. કેમકે 'ઉત્પત્તિ' કહેતાં આ ધર્મ પણ કોઈ ના કોઈ ધર્મીમાં જ પ્રકટ થઈ શકે છે. નહિ તો અનવસ્થા જ સિદ્ધ થશે. જો કાલ સાથે ઉત્પન્ન થનાર વસ્તુના સંબંધ રૂપે ઉત્પત્તિને લેવામાં આવે તો તે પણ ધર્મરૂપ હોઈ કોઈક ધર્મીની સત્તાની અપેક્ષા રાખશે જ. તેથી કોઈ પણ રીતે નિર્વચન આપીએ તે ધર્મરૂપ તો હશે જ તેથી ફરીથી એને પૂર્વસિદ્ધ ધર્મીની અપેક્ષા તો રહેવાની જ. નહિ તો ઉત્પન્ન થવાની ક્રિયાના કર્તા તરીકે 'ઘટ ઉત્પન્ન થઈ રહ્યો છે' આમ બોલી જ નહીં શકાય. **"'ભૂ'=સત્તાયામ્"** (ધા.પા.૧૧) આ ક્રિયાપદનો અર્થ પણ અસંગત થઈ જશે. "ઘટ ઉત્પન્ન નથી થયો—ઘટ નષ્ટ થઈ ગયો" આમ પણ બોલી નહીં શકાય. તેથી કોઈક ધર્મીને સદાતન માનવો પડશે અને ભગવાન્ સિવાય બીજો કોણ હોઈ શકે? આમ કરતાં અદ્વૈતનું પ્રતિપાદન કરનારી શ્રુતિ પણ તે ધર્મીનું ભગવાન્ હોવું સિદ્ધ કરશે જ. તેને આધારે ધર્મોનું પણ તે જ ન્યાયે ભગવાન્ હોવું સિદ્ધ થઈ જશે. તેથી જેઓ ભ્રાન્ત બાલકો જેવા ચિન્તકો છે તેઓ વિચારસામર્થ્ય ન હોવાને કારણે જ શબ્દ અને અર્થ બન્ને ની મર્યાદા ઓળંગીને જે ઉત્પત્તિ વિ.નું નિરૂપણ કરે છે તેનું ખંડન આવશ્યક નથી લાગતું. **મુરવૈરિ** એટલે, મુર દૈત્ય પાપાત્મક છે તેનાં નિરાકરણ માટે જેમ ભગવાન્નો આવિર્ભાવ થયો તેમ સર્વત્ર સર્વવસ્તુઓનાં રૂપે સ્વરૂપે તે વસ્તુઓનાં અનુદ્ગમની બાબતમાં દેખાતા દોષોનાં પરિહારમાટે ભગવાન્નો ઉદ્ગમ સ્વીકારવો જોઈએ. દુઃખ તો નિર્વૃતિનો અભાવ હોવાથી તિરોભાવનાં ફલરૂપે થતો હોય છે તર્કદોષ આવતો નથી.



આમ જો માનવામાં આવે તો કોઈ પણ વસ્તુને પ્રકટ કરનાર સાધનોની અપેક્ષા જ ન રહેવી જોઈએ આવી આશંકાના સમાધાનાર્થે આવિર્ભાવ-તિરોભાવ શક્તિઓ ભગવાન્ને આધીન હોય છે તેમ જણાવે છે **આવિર્ભાવ ભક્તિ વડે** વિ., ભક્તિને કારણે જ ભગવાન્ આવિર્ભૂત થાય છે. તે આવિર્ભાવ જેની ભક્તિને કારણે થાય તે ભક્તિ જેવી દેશ-કાલ વિ. થી યુક્ત હોય તેનાં તિરોભાવમાં ભગવાન્ પણ તિરોભૂત થઈ જતાં હોય છે, અવતારકાલમાં આથી જુદો કોઈ પ્રકાર નથી.

**અવતરણિકા :**

**અન્યેષુ આહ :**

**કારિકા :**

**સર્વાકારસ્વરૂપેણ ભવિષ્યામિ ઈતિ યા હરેઃ ।।**
**વીક્ષા યથા યતો યેન તથા પ્રાદુર્ભવતિ અજઃ ।।૧૪૧।।**
**મૃદાદિ ભગવદ્રૂપં ઘટાદ્યાકારસંયુતમ્ ।।**
**મૂલેચ્છાતસ્ તથા તસ્મિન્ પ્રાદુર્ભાવો હરેઃ તદા ।।**
**તિરોભાવસ્ તથૈવ સ્યાદ્ રૂપાન્તરવિભેદતઃ ।।૧૪૨।।**

**શ્લોકાન્વયાર્થ :**

**સર્વાકારસ્વરૂપેણ** અનેકવિધ બધા જ સ્વરૂપે **ભવિષ્યામિ** હું પ્રકટ થાંઉ **ઈતિ** આવો **યા** જે **હરેઃ** **વીક્ષા** ભગવત્સંકલ્પ **યથા** જેમ **યતો** જ્યાંથી **યેન** જેના વડે **તથા** તેમ (તે) **પ્રાદુર્ભવતિ** પ્રાદુર્ભૂત થનારો **અજઃ** અજન્મા ભગવાન્ (જ હોય છે). **મૃદાદિ** માટી વિગેરે (જે) **ભગવદ્રૂપં** ભગવાને ધારણ કરેલાં રૂપો **ઘટાદ્યાકારસંયુતં** ઘડા વિગેરે આકારોમાં ફરીથી પ્રકટ થઈ જતાં હોય છે. **મૂલેચ્છાતસ્** મૂલ ભગવદિચ્છાને કારણે **તથા** તેમજ **તસ્મિન્** તે કારણભૂત વસ્તુમાં **પ્રાદુર્ભાવો** કાર્યભૂત વસ્તુનો પ્રાદુર્ભાવ થતો હોય છે **હરેઃ** ભગવાન્ શ્રીહરિનો **તદા** ત્યાં (થતો હોય છે). **તિરોભાવસ્** તિરોભાવ **તથૈવ**

પણ તેમજ **સ્યાદ્** થતો હોય છે **રૂપાન્તરવિભેદતઃ** જુદા-જુદા રૂપોમાં.

ભાવાનુવાદ:

**અન્ય વસ્તુઓનાં પ્રાકટ્યમાં અન્ય પ્રકાર હોય છે:**

**શ્રીહરિની "હું ઘણાં બધાં આકાર ધારણ કરું" એવી ઈચ્છાને કારણે જેવી રીતે જેમાંથી જે કારણે પ્રકટ થવાની ઈચ્છા હોય તે મુજબ અજ ભગવાન્ પ્રકટ થઈ જતાં હોય છે॥૧૪૧॥**

**ભગવાને ધારણ કરેલ માટી વિ.નાં રૂપમાંથી ઘડા વિ. આકારો પ્રકટ થાય છે॥**

**મૂલ ઈચ્છાને કારણે ત્યાં તેવી રીતે શ્રીહરિનો ત્યારે પ્રાદુર્ભાવ થતો હોય છે॥**

**રૂપાન્તરના પ્રભેદે તિરોભાવ પણ તેમજ થતો હોય છે॥૧૪૨॥**

પ્રકાશ:

**સર્વાકારસ્વરૂપેણ** ઈતિ. તત્તદાકારસ્વરૂપેણ ઘટપટાદ્યાકારેણ યસ્મિન્ દેશે યેન પ્રકારેણ યેન સાધનેન યથા આવિર્ભાવિચ્છા તથા સર્વં સમ્પાદ્ય આવિર્ભવતિ ઈતિ અર્થઃ. તત્ર નિદર્શનમ્ આહ **મૃદાદિ** ઈતિ, મૃદિ ઘટાદયો યાવન્તો ભવિષ્યન્તિ તે સર્વે કારણત્વેન વર્તન્તે ઈતિ અંગીકર્તવ્યમ્. અન્યથા, તતઃ પ્રાદુર્ભાવો ન ઉપપદ્યેત. તતઃ સામર્થ્યં ભગવત્ત્વેન સંગચ્છતે. અતો મૃદાદિકં ભગવદ્રૂપમેવ. ઘટાદિકાર્યં ચ તત્રૈવ લીનં તિષ્ઠતિ. તદપિ ભગવદ્રૂપં પ્રપઞ્ચસ્થાનીયમ્. તતઃ કિમ્ અતઃ આહ **મૂલેચ્છાતઃ** ઈતિ, પુરુષોત્તમેચ્છાતઃ. તથા તથૈવ આનુપૂર્વ્યા કાર્યરૂપહરેરેવ પ્રાદુર્ભાવઃ ઈતિ અર્થઃ. યથા નટઃ સહસ્રાણિ રૂપાણિ ગૃહ્ણાતિ ક્રમશઃ તથા અત્રાપિ કટકમુકુટાદયઃ. એવમ્ આવિર્ભાવં નિરૂપ્ય તિરોભાવં નિરૂપયતિ **તિરોભાવઃ** ઈતિ, 'તિરોભવિષ્યામિ' ઈતિ યા ઈચ્છા યથા યેન તથા તત્ર તિરોભવતિ, પરં તત્ર રૂપાન્તરાવિર્ભાવાવશ્યકત્વમ્. ઈયાનેવ ભગવતઃ સકાશાત્ પ્રપઞ્ચે વિશેષઃ. તત્ર તિરોભાવેન રૂપાન્તરાવિર્ભાવઃ. દાહશોષાદાવપિ રૂપાન્તરમિતિ મતમ્. અથવા સર્વથા ભગવતા તુલ્યતા. વક્ષ્યતિ ચ અગ્રે "અખણ્ડં કૃષ્ણવત્ સર્વમ્" ઈતિ.



અનુવાદ:

**શ્રીહરિની "હું ઘણાં બધાં આકાર ધારણ કરું"** વિ., તે-તે આકારસ્વરૂપે એટલે ઘટાકારે કે પટાકારે વિ. જે દેશમાં જેવી રીતે જે સાધનથી જેવા પ્રકારે આવિર્ભૂત થવાની ઈચ્છા તે મુજબ બધું સમ્પાદિત કરીને આવિર્ભાવ થતો હોય છે. તેનો દાખલો છે **માટી વિ.નાં** અહિં, માટીમાંથી ઘટ વિ. જે કાંઈ પ્રકટ થતાં હોય તેમની પોતાનાં કાર્યરૂપે પ્રકટ થવાથી પૂર્વ કારણમાં કારણરૂપે મોજૂદગી સ્વીકારવી જોઈએ. નહિતો, તેમાંથી પ્રાદુર્ભાવ ઉપપન્ન જ નહિં થાય. ત્યારે તેવું સામર્થ્ય તેમને ભગવદ્રૂપ માનવાથી સંગત થઈ જતો હોય છે. તેથી માટી વિ.ને ભગવદ્રૂપ માનવા જોઈએ. ઘડા વિ. કાર્યો ત્યાં પહેલા લીન હોય છે. આવું પ્રપંચસ્થાનીય રૂપ ભગવાનનું હોય છે. તેથી અન્તર શું પડે તે જણાવે છે **મૂલ ઈચ્છાને કારણે** વિ, એટલે પુરુષોત્તમની ઈચ્છાને કારણે. તે મુજબ તેવા ક્રમનાં બંધારણને અનુસરીને કાર્યરૂપી હરિનો જ પ્રાદુર્ભાવ થતો હોય છે. જેવી રીતે નટ હજારો રૂપ ક્રમશઃ ધારણ કરી શકતો હોય છે તેમ અહિંયા શ્રીહરિએ લીધેલ કડા કે મુકુટ વિ. રૂપોની બાબતમાં પણ જાણી લેવું જોઈએ. આમ આવિર્ભાવનું નિરૂપણ કરીને તિરોભાવનું નિરૂપણ કરે છે **રૂપાન્તરના પ્રભેદે તિરોભાવ** વિ., 'તિરોભૂત થઈ જવું' એવી જે ઈચ્છા જેવી રીતે જે સાધનથી તેવી રીતે તે સાધનથી ત્યાં ત્યારે તિરોભૂત થઈ જતાં હોય છે, પરંતુ જગત્માં એક રૂપે તિરોહિત થતાં બીજો રૂપ અવશ્ય પ્રકટ થઈ જતો હોય છે. ભગવાન્ની સરખામણીમાં જાગતિક રૂપોમાં આટલું અન્તર છે. પ્રપંચમાં એક રૂપનાં તિરોભાવથી બીજા રૂપનો આવિર્ભાવ થઈ જતો હોય છે. કોઈક વસ્તુનું બળી જવું કે શોષાઈ જવું પણ રૂપાન્તરનાં પ્રકારો છે. અથવા દૃષ્ટિભેદે ભગવાન્ની સાથે સર્વથા તુલ્યતા કહી-માની શકાય.

તેથી આગળ જઇને કહેવાનું જ છે "બધું અખંડિત રૂપે શ્રીકૃષ્ણ જ છે".

**કાર્યકોટિમાં છ પ્રકારનાં ભાવવિકાર રૂપો વૃદ્ધિ વિ.નાં સ્વરૂપનું પ્રતિપાદન :**

**અવતરણિકા :**

**વૃદ્ધ્યાદીનાં સ્વરૂપમ્ આહ :**

**કારિકા :**

**વૃદ્ધિર્ વિપરિણામઃ ચ તથા અપક્ષયએવ ચ ।।**
**પૂર્વરૂપતિરોભાવો દ્વિતીયસ્ય આદિમઃ તથા ।।૧૪૩।।**
**ઉભૌ એકીકૃતૌ લોકે વૃદ્ધ્યાદિભિર્ ઉદીરિતૌ ।।**
**પરિમાણાધિક્યતઃ ચ વૈજાત્યાદ્ ન્યૂનભાવતઃ ।।૧૪૪।।**
**મનશ્ચ અન્નમયં વેદે તદ્ અસ્માકમ્ અથાપિ વા ।।**
**પોષિતત્વાત્ તદન્નેન તદ્રૂપેણ ઉપવર્ણ્યતે ।।૧૪૫।।**

**શ્લોકાન્વયાર્થ :**

**વૃદ્ધિર્** સજાતીય વસ્તુ-આવિર્ભાવરૂપ પ્રવાહનો અધિક પરિમાણ **ચ** અને વિપરિણામઃ વિજાતીય વસ્તુપ્રવાહનાં રૂપે આવિર્ભાવ **તથા** તેમજ **અપક્ષયએવ** સજાતીય વસ્તુતિરોભાવરૂપ પ્રવાહની ન્યૂનતા **ચ** આ બધાં જ **પૂર્વરૂપતિરોભાવો** કારણતયા અભિમત રૂપનો તિરોભાવ **દ્વિતીયસ્ય** કાર્યતયા અભિમત રૂપનો **આદિમઃ** આવિર્ભાવ **તથા** તેમજ **ઉભૌ** બન્નેનો **એકીકૃતૌ** એકીકૃત રૂપ **લોકે** લોકમાં **વૃદ્ધ્યાદિભિર્** વૃદ્ધિ વિપરિણામ અને અપક્ષય **ઉદીરિતૌ** રૂપે કહેવાય છે. (એટલે)**પરિમાણાધિક્યતઃ** અધિક પરિમાણ **વૈજાત્યાદ્** વિજાતીય પરિણામ **ચ** અને **ન્યૂનભાવતઃ** ન્યૂન પરિમાણ (નો વિચાર કરતાં આ ત્રણેય નોખી કોઇ વાત નથી લાગતાં). **વેદે** વેદમાં **મનઃ ચ** મન પણ **અન્નમયં** અન્નાત્મક (વર્ણવાયું છે) **તદ્** તે (વાત) **અસ્માકમ્** આપણાં



મનની બાબતમાં છે. **અથ અપિ વા** અથવા તો તદુપરાંત **તદ્** તે મન **અન્નેન** અન્નથી **પોષિતત્વાત્** પોષિત હોવાને કારણે **તદ્રૂપેણ** અન્નાત્મક રૂપે **ઉપવર્ણ્યતે**વર્ણન થયેલું જાણવું.

**ભાવાનુવાદ :**

**વૃદ્ધિ વિપરિણામ તેમજ અપક્ષય પણ ।।**
**પૂર્વરૂપનો તિરોભાવ અને બીજા રૂપનો આવિર્ભાવ ।।૧૪૩।।**
**આમ બેઉને ભેગા કરીને લોકમાં વૃદ્ધિ વિ. કહેવાતાં હોય છે ।।**
**પરિણામ સજાતીયતા/વિજાતીયતા અને પરિમાણની અધિકતા/ન્યૂનતા ।।૧૪૪।।**
**વેદમાં મનને 'અન્નમય' કહેવામાં આવ્યું છે તે આપણું મન. તેમજ ।।**
**અન્નથી પોષિત હોવાને કારણે મનને અન્નમય પદાર્થ તરીકે વર્ણવાતું હોય છે ।।૧૪૫।।**

**પ્રકાશ :**

**વૃદ્ધિઃ ઇતિ દ્વાભ્યામ્, વૃદ્ધૌ અગ્રિમરૂપં પરિમાણતો અધિકમ્. અપક્ષયે ન્યૂનમ્. વિપરિણામે વિજાતીયમ્ ઇતિ વિશેષઃ. એવં કાર્યરૂપં નિરૂપ્ય વેદવિરોધપરિહારાર્થમ્ આહ મનશ્ચ અન્નમયમ્ ઇતિ, "અન્નમયં હિ સૌમ્ય ! મનઃ, આપોમયઃ પ્રાણઃ, તેજોમયી વાગ્"** ( છાન્દો.ઉપ.૬ાપા૪ ) **ઇતિ શ્રુતેઃ. અત્રચ અહંકારકાર્યત્વેન મનો નિરૂપિતમ્. તત્ર સિદ્ધાન્તદ્વયં વેદનિરૂપણપ્રકારાદ્ અવગમ્યતે. તદ્ આહ તદ્ અસ્માકમ્ ઇતિ. અથવા પઞ્ચદશોપવાસાઃ કારિતેતિ અન્નેન પોષણમેવ અભિપ્રેતમ્.**

**અનુવાદ :**

વૃદ્ધિ વિ.નું સ્વરૂપ જણાવે છે : **વૃદ્ધિ** વિ. બે કારિકાઓમાં, વૃદ્ધિમાં આગળનું રૂપ પરિમાણમાં અધિક બની જતું હોય છે તેમજ

અપક્ષયમાં ન્યૂન. વિપરિણામ તે કારણવિજાતીય કાર્યનો આવિર્ભાવ. એમ કાર્યરૂપનું નિરૂપણ કરીને વેદમાં જેમ પ્રતિપાદન કરવામાં આવ્યું તેનાં કરતા આ પ્રકાર વિરુદ્ધ નથી તે દર્શાવવા કહે છે **મનને અન્નમય** વિ., **"મન અન્નમય હોય છે, પ્રાણ જલમય હોય છે અને વાણી તેજોમય હોય છે"** (છાન્દો.ઉપ.૬ા૫ા૪) આમ શ્રુતિમાં કહેવાયું છે. જ્યારેકે અહિં અહંકારનાં કાર્યરૂપે મન પ્રતિપાદિત કરવામાં આવી રહ્યું છે. તે આ વેદોક્ત પ્રતિપાદન સાથે વિરોધાભાસ નથી પણ બે રીતની રજુઆત છે. તે જણાવે છે **તે આપણું** કહીને. અથવા પંદર ઉપવાસ કરવાનાં ઉપદેશને કારણે અન્નથી મળતું પોષણ જ અભિપ્રેત છે.

<u>પ્રમેયનાં પ્રતિપાદનનાં ઉપસંહારરૂપે :</u>

<u>અવતરણિકા :</u>

**એવં સર્વત્ર પ્રકારભેદે સમાધાનમ્ અતિદિશતિ :**

<u>કારિકા :</u>

**એવં સૃષ્ટિપ્રભેદેષુ કલ્પેષુ ચ તથૈવ ચ ।।**
**પ્રકારભેદાઃ દોષાય ન ભવન્તિ તદિચ્છયા ।।૧૪૬।।**

<u>શ્લોકાન્વયાર્થ :</u>

**એવં** આમ **સૃષ્ટિપ્રભેદેષુ** સૃષ્ટિની ઉત્પત્તિની બાબતમાં જુદી-જુદી રીતે મળતાં **કલ્પેષુ** પ્રકારોનાં નિરૂપણમાં **ચ** અને **તથૈવ** તેમજ **પ્રકારભેદાઃ** સ્વરૂપવર્ણનનાં ભેદો **ચ** પણ **દોષાય** દોષરૂપ **ન ભવન્તિ** થતાં નથી **તદિચ્છયા** તેવી ભગવદિચ્છાને કારણે.

<u>ભાવાનુવાદ :</u>

**એમ સૃષ્ટિનાં વિવિધ પ્રભેદો અને તેમજ કલ્પો ।।**



**ને આધારે કોઇ પણ એક પદાર્થ કે ઘટના નાં ભગવાન્ની તેવી ઇચ્છાને કારણે અનેક પ્રકારો શક્ય હોવાથી આ રજુઆતમાં દોષ કોઇ દેખાતો નથી ।।૧૪૬।।**

<u>પ્રકાશ :</u>

**એવમ્ ઇતિ, અનેકધા ભગવાન્ કાર્યં કરોતીતિ સૃષ્ટિભેદાનામ્ ઉક્તત્વાત્ તથા વા સમાધાનમ્.**

<u>અનુવાદ :</u>

આમ દરેક બાબતમાં પ્રકારભેદને આધારે સમાધાન કરી શકાતો હોવાનો અતિદેશ : **એમ** વિ., ભગવાન્ કોઇ પણ કાર્ય અનેક પ્રકારે સમ્પન્ન કરતા હોવાથી સૃષ્ટિભેદો વર્ણવાયા છે તેથી પણ અલ્પબુદ્ધિવશ સ્ફુરિત થતા દોષોનું સમાધાન શક્ય છે જ.

<u>વેદ વિ. શાસ્ત્રોમાં પ્રતિપાદિત ઉપર જણાવેલ પ્રમેયનાં સ્વરૂપની બાબતમાં પ્રત્યક્ષ વિ. પ્રમાણોને કારણે ઉભા થતાં વિરોધાભાસનાં પરિહારનો પ્રકાર :</u>

<u>અવતરણિકા :</u>

**એવં પ્રમેયં નિરૂપ્ય પ્રત્યક્ષબાધનિરાકરણાર્થં લૌકિકપ્રત્યક્ષાદેઃ અપ્રમાણત્વમ્ આહ :**

<u>કારિકા :</u>

**ઇન્દ્રિયાણાં પ્રમાણત્વં સત્ત્વયોગાદ્ ન ચ અન્યથા ।।**
**સત્ત્વસ્ય તારતમ્યેન યાથાર્થ્યં વસ્તુનઃ સ્ફુરેત્ ।।**
**અતઃ પ્રમાણગણના લોકેષુ ન વિચાર્યતે ।।૧૪૭।।**

<u>શ્લોકાન્વયાર્થ :</u>

**ઇન્દ્રિયાણાં** ઇન્દ્રિયોનું **પ્રમાણત્વં** પ્રમાણ હોવું **સત્ત્વયોગાદ્**

તેમનાં સાત્ત્વિક અવસ્થા હોય તો જ છે **નચ** નહીં કે **અન્યથા** બીજી કોઈ રીતે **સત્ત્વસ્ય** સત્ત્વગુણ (પણ) **તારતમ્યેન** તરતમભાવે એટલે કે એક જ પ્રમાણમાં હોતું નથી તેથી (ઇન્દ્રિયોમાં અનુભવાતી **વસ્તુનઃ** વસ્તુઓની **યાથાર્થ્ય** યથાર્થતા (પણ તે મુજબ) **સ્ફુરેત્** સ્ફુરિત થતી હોય છે **અતઃ** તેથી **લોકેષુ** લોકમાં **પ્રમાણગણના** પ્રમાણોની ગણના **ન** નથી **વિચાર્યતે** વિચારાતી.

ભાવાનુવાદ:

**સત્ત્વગુણનાં સહયોગ વિના ઇન્દ્રિયો પોતે પ્રમાણિક જ્ઞાનોપકરણ બની નથી શકતી॥**

**સત્ત્વગુણનાં તારતમ્ય મુજબ વસ્તુઓની યાથાર્થતા સ્ફુરિત થતી હોય છે॥**

**તેથી લોકમાં કેટલા પ્રમાણો હોય છે તેની ગણના કરવામાં આવી નથી॥૧૪૭॥**

પ્રકાશ:

**ઇન્દ્રિયાણામ્** ઇતિ, **સત્ત્વસહિતા બુદ્ધિઃ પ્રમાણમ્. સત્ત્વપ્રવૃદ્ધૌ અન્તઃકરણં પ્રમિતિં જનયતિ. "સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનમ્"** (ભગ.ગીતા.૧૪-૧૭) ઇતિ. **અન્યથા સત્ત્વલયે સૈવ સામગ્રી ભ્રમં જનયતિ. અતો અન્વયવ્યતિરેકાભ્યાં સત્ત્વમેવ પ્રમાણમ્. તત્કાર્યમેવ પ્રામાણિકમ્. રજસ્તુ વ્યાવહારિકમ્. તમસ્તુ અપ્રમાણમેવ. અતો અન્યમિશ્રણે તારતમ્યેન વસ્તુયાથાત્મ્યસ્ફુરણમ્. અતો લોકે ચક્ષુષઃ કદાચિત્ પ્રામાણ્યં કદાચિદ્ ન ઇતિ વ્યવસ્થાભાવાત્ લોકેન પ્રમાણગણના નૈયાયિકાદિભિરિવ ન અસ્માભિઃ કૃતા.**

અનુવાદ:

એમ પ્રમેયનું નિરૂપણ કરવામાં આવ્યું પ્રત્યક્ષ દ્વારા થતાં બાધનું નિરાકરણ માટે લૌકિક પ્રત્યક્ષ વિ.ની અપ્રમાણતા દરસાવી રહ્યા



છે : **ઇન્દ્રિયો** વિ., બુદ્ધિમાં સત્ત્વગુણનાં ઉદ્રેક કે સહયોગ ને કારણે જ પ્રામાણિક જ્ઞાન ઉત્પન્ન થતું હોય છે. સાત્ત્વિક ગુણની વૃદ્ધિ થાય તો જ અન્તઃકરણ પ્રામાણિક જ્ઞાન પ્રકટ કરી શકે **"સાત્ત્વિક ગુણને કારણે જ્ઞાન પ્રકટ થાય છે"** (ભગ.ગીતા.૧૪।૧૭) આમ કહેવાયું છે. કેમકે જો સાત્ત્વિક ગુણનો બુદ્ધિમાં ઘટાડો થાત નહિ તો સાત્ત્વિક ગુણનો લય થઈ જાય તો પ્રામાણિક જ્ઞાનનાં ઉપકરણો જ અપ્રામાણિક ભ્રાન્તિજ્ઞાન પ્રકટ કરતાં થઈ જાય છે. તેથી જ્ઞાનજનક ઉપકરણોને સાત્ત્વિક ગુણનો સહયોગ મળે તો પ્રામાણિક જ્ઞાન અન્વિત થાય અને ન મળે તો પ્રામાણિક જ્ઞાનનો વ્યતિરેક એટલે અશક્યતા ને કારણે સત્ત્વગુણને જ પ્રમાણ માનવામાં આવે છે. અને તેનાં પરિણામે થતું જ્ઞાન પ્રામાણિક હોય છે. રજોગુણનાં પરિણામે પ્રકટ થતું વ્યાવહારિક એટલે વ્યવહાર પૂરતુ પ્રામાણિક હોય છે. તમોગુણને કારણે પ્રકટ થતું જ્ઞાન અપ્રામાણિક જ હોય છે. તેથી સત્ત્વગુણ સાથે રજોગુણ કે તમોગુણ નાં મિશ્રણને કારણે પ્રકટ થતા જ્ઞાનમાં વસ્તુ જેવી હોય તેનાં કરતા તારતમ્ય પ્રકટ થઈ જતું હોય છે. તેથી લોકમાં નેત્રો ક્યારેક સાચી તો ક્યારેક ખોટી પણ માહિતી આપતાં હોવાથી કોઇક નિશ્ચિત વ્યવસ્થા જળવાતી ન હોવાથી નૈયાયિકોની જેમ લૌકિક પ્રમાણોની ગણનાની આ રજુઆતમાં દરકાર નથી.

અવતરણિકા:

**વ્યવહારાર્થં કર્તવ્યા ઇતિ ચેત્ ન ઇતિ આહ :**

કારિકા:

**વ્યવહારઃ સન્નિપાતો ગુણાનાં સ ચ લૌકિકઃ॥**
**શાસ્ત્રસિદ્ધઃ પૂર્વસિદ્ધઃ પ્રાણિમાત્રસ્ય સર્વતઃ॥૧૪૮॥**
**તસ્ય ત્રિવિધરૂપત્વાદ્ નામમાત્રેણ સા પ્રમા॥**
**તસ્માદ્ વેદાદિરેવ અત્ર પ્રમાણં તચ્ચ કીર્તિતમ્॥૧૪૯॥**

**શ્લોકાન્વયાર્થ :**

**વ્યવહારઃ** લોકવ્યવહાર **ગુણાનાં** સાત્ત્વિક રાજસ અને તામસ ગુણોની **સન્નિપાતો** ભેળસેળ હોય છે. **સ** તે **ચ** પણ **લૌકિકઃ** લૌકિક હોવાને કારણે **પ્રાણિમાત્રસ્ય** પ્રાણિમાત્રને **શાસ્ત્રસિદ્ધેઃ** વસ્તુઓના શાસ્ત્રીય સ્વરૂપ સમજાય તેનાં **પૂર્વસિદ્ધઃ** પેહલાં અનુભવાતો હોય છે **સર્વતઃ** બધી રીતે **તસ્ય** તે લોકવ્યવહાર **ત્રિવિધરૂપત્વાદ્** ત્રિગુણાત્મક હોવાથી **સા** તે લૌકિક અનુભૂતિ **નામમાત્રેણ** નામ લેવા પૂરતી જ **પ્રમા** પ્રામાણિક હોય છે. **તસ્માદ્** તેથી **વેદાદિરેવ** વેદ વિ. શાસ્ત્રો જ **અત્ર** આ સિદ્ધાન્તમાં **પ્રમાણં** પ્રામાણિક માનવામાં આવ્યા છે **તચ્ચ** અને તેવું **કીર્તિતમ્** કહેવાયેલું છે.

**ભાવાનુવાદ :**

**પ્રકૃતિનાં સાત્ત્વિક રાજસ અને તામસ ગુણોનાં સન્નિપાતને કારણે નભતો વ્યવહાર તો લૌકિક છે॥**

**શાસ્ત્રને કારણે વસ્તુ કે કર્મ નાં સાચા સ્વરૂપ જાણાય તેનાં પહેલા વસ્તુ કે કર્મ ની બાબતમાં નભતો વ્યવહાર તો લોકસિદ્ધ હોઈ મનુષ્ય સિવાયનાં પણ પ્રાણિમાત્રને અવગત હોય જ છે; એમાં કહેવા જેવું કશું હોતું નથી॥૧૪૮॥**

**તે ત્રિગુણાત્મક હોવાથી તેમનું પ્રામાણિક હોવું કહેવા પૂરતું જ છે॥**

**તેથી લોકસિદ્ધ વસ્તુ કે ક્રિયા ઓની બાબતમાં બ્રહ્મવાદી દૃષ્ટિકોણ મુજબ સાચું સ્વરૂપ તો વેદ વિ. શાસ્ત્રોને આધારે જ સ્ફુટ થતું હોવાથી તે શાસ્ત્રોને જ પ્રમાણ તરીકે આલેખવામાં આવ્યા છે॥૧૪૯॥**

**પ્રકાશ :**

**વ્યવહારઃ સન્નિપાતઃ ઈતિ, નહિ સન્નિપાતકાર્યં પ્રામાણિકમ્. તર્હિ શાસ્ત્રીયમપિ સન્નિપાતકાર્યં ભવિષ્યતિ ઈતિ આશંક્ય આહ સચ લૌકિકઃ ઈતિ, ઔષધાદ્ જાયમાનો ભાવો ન સન્નિપાતકાર્યમ્. અતઃ**



**શાસ્ત્રસિદ્ધેઃ પૂર્વસિદ્ધએવ સન્નિપાતઃ. લૌકિકત્વં જ્ઞાપયતિ પ્રાણિમાત્રસ્ય સર્વતઃ ઈતિ, સર્વપ્રાણિસાધારણો ભાવો વ્યવહારો લૌકિકએવ. તત્રાપિ સદ્-અસદ્ભેદાઃ સન્તિ ઈતિ આહ તસ્ય ત્રિવિધરૂપત્વાદ્ ઈતિ. ઉપસંહરતિ તસ્માદ્ ઈતિ. વેદસ્યૈવ, વેદાદેરેવ પ્રામાણ્યાત્, તદનુસારેણૈવ પ્રમેયસ્ય નિરૂપિતત્વાદ્ લૌકિકવિરોધાભાવાત્ ચ સર્વં સુસ્થમ્.**

**અનુવાદ :**

છતાંય વ્યવહાર નભાવવા કરવી તો જોઈએ આમ કોઈ આગ્રહ કરે તો તેનો જવાબ આમ છે : ગુણોનાં સન્નિપાતને કારણે નભતો વ્યવહાર વિ., સન્નિપાતને કારણે પ્રકટ થતાં પ્રભાવ કે દશ્ય ને પ્રામાણિક ન માની શકાય. ત્યારે તો શાસ્ત્રનું જ્ઞાન પણ લોકવ્યવહારમાં ગુણસંનિપાતમૂલક એટલે કે જ્ઞાનની જે લોકસિદ્ધ પ્રક્રિયા છે તેનાથી પ્રકટ થતું હોવાથી અપ્રામાણિક સિદ્ધ થશે આ શંકાનુ સમાધાન કરે છે **વ્યવહાર તો લૌકિક છે** આમ કહીને, ઔષધિને કારણે પડતા પ્રભાવને વાતપિત્તકફનાં સન્નિપાતનું કાર્ય ન માની શકાય. તેથી **શાસ્ત્રને કારણે વસ્તુ કે કર્મ નાં સાચા સ્વરૂપ જાણાય** તેનાં પહેલાં સિદ્ધ જે ગુણોનાં સન્નિપાતને કારણે નભતો વ્યવહાર તો લૌકિક જ હોય છે તે જાણાવે છે **પ્રાણિમાત્ર** વિ., **બધાં જ પ્રાણિઓમાં સાધારણ રીતે અનુભવાતો સ્વરૂપ કે સ્વભાવ લૌકિક વ્યવહાર રૂપ છે. તે આ લૌકિક વ્યવહારમાં પણ સદ્-અસદ્નો વિવેક તો રાખી જ શકાય તે ત્રિગુણાત્મક હોવાથી** કહીને. ઉપસંહાર રૂપે કહે છે **તેથી લોકસિદ્ધ** વિ. વેદનું જ એટલે કે વેદ વિ. શાસ્ત્રોનું જ પ્રામાણ્ય માન્ય હોવાથી તે મુજબ અહિં પ્રમેયનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેથી લૌકિક પ્રમાણોનાં વિરોધનો આ રજુઆતમાં પ્રસંગ જ ઉભો નથી.

...........

**આમ પ્રમેયનાં પ્રતિપાદન બાદ પોતાનાં મતપ્રમાણે સાધન અને ફળ નાં પ્રતિપાદન કરવામાં ઉપયોગી માર્ગનાં સ્વરૂપનું પ્રતિપાદન કરે છે :**

અવતરણિકા :

... સર્વમેવ માર્ગમ્ ઉપપાદયતિ :

કારિકા :

**વિશિષ્ટરૂપં વેદાર્થઃ ફલં પ્રેમ ચ સાધનમ્ ॥**
**તત્સાધનં નવવિધા ભક્તિઃ તત્પ્રતિપાદિકા ॥૨૨૦॥**
**ગીતા સંક્ષેપતઃ તસ્યા વક્તા સ્વયમ્ અભૂદ્ હરિઃ ॥**
**તદ્વિસ્તારો ભાગવતં સર્વનિર્ણયપૂર્વકમ્ ॥**
**વ્યાસઃ સમાધિના સર્વમ્ આહ કૃષ્ણોક્તમ્ આદિતઃ ॥**

શ્લોકાન્વયાર્થ :

**વિશિષ્ટરૂપં** ક્રિયા અને જ્ઞાન શક્તિથી વિશિષ્ટ **વેદાર્થઃ** વેદપ્રતિપાદ્ય અર્થને **ફલં** ફળ માનવામાં આવ્યું છે **ચ** અને **પ્રેમ** તેના માટે સ્નેહ (તે તેને)**સાધનં** પ્રાપ્તિનું સાધન હોય છે **તત્સાધનં** તે પ્રેમ પ્રકટ થવાનું સાધન **નવવિધા** શ્રવણ કીર્તન સ્મરણ વિ નવધા **ભક્તિઃ** તેને ભજવું છે **તત્પ્રતિપાદિકા** તે ભક્તિનું પ્રતિપાદન **સંક્ષેપતઃ** સંક્ષેપમાં **ગીતા** ભગવદ્ગીતામાં મળે છે **તસ્યા** તેનાં **વક્તા** ઉપદેશક **સ્વયમ્** પોતે **હરિઃ** પુરુષોત્તમ શ્રીહરિ **અભૂદ્** બન્યા છે **તદ્વિસ્તારો** તે ભગવદ્ગીતાનો વિસ્તાર **ભાગવતં** શ્રીભાગવત મહાપુરાણ છે (જેમાં) **કૃષ્ણોક્તં** ભગવદ્ગીતામાં ઉપદેશેલી **સર્વં** બધી વાતો **સર્વનિર્ણયપૂર્વકં** બધી બાબતોનાં ખુલાસા સાથે **સમાધિના** સમાધિભાષાદ્વારા **આદિતઃ** શ્રીભાગવતનાં પ્રારંભથી જ **વ્યાસઃ** મહર્ષિ વેદવ્યાસે **આહ** કહી દીધો છે.

ભાવાનુવાદ :

**વેદપ્રતિપાદ્ય વિશેષશક્તિરૂપ કર્મ અને જ્ઞાન થી વિશિષ્ટ શક્તિમાન્ ભગવાન્ પોતે આ માર્ગમાં ફળરૂપે માન્ય છે અને તેમની પ્રાપ્તિનું સાધન પ્રેમ છે ॥**

**તે પ્રેમનું સાધન નવધા ભક્તિ બનતી હોય છે જેનું પ્રતિપાદન ॥૨૨૦॥**

**ગીતામાં સંક્ષેપમાં કરવામાં આવ્યું છે કે જેનાં વક્તા પોતે ભગવાન્ શ્રીહરિ બન્યા છે ॥**

**તે ભગવદ્ગીતાનાં વિસ્તારરૂપી ભાગવતમાં બધી જ બાબતનાં ખુલાસા મળી રહે છે ॥**

**જે આરંભમાં ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાની ગીતામાં કહ્યું તેનું જ મહર્ષિ વ્યાસે સમાધિમાં જોઈને આમાં વર્ણન કર્યું છે ॥**

પ્રકાશ :

**વિશિષ્ટરૂપમ્ ઇત્યાદિના, એતન્માર્ગદ્વયં પ્રોક્તમ્ ઇત્યન્તેન. અત્ર પ્રમેયં વિશિષ્ટરૂપમ્. યસ્ય એકૈકો અંશઃ કાણ્ડદ્વયેન પ્રતિપાદ્યતે સ જ્ઞાનક્રિયોભયયુતઃ સએવ ચ ફલમ્. તત્રાપિ સાધનં ચ પ્રેમૈવ. તત્સાધનં નવવિધા ભક્તિઃ. શ્રવણાદિવ્યતિરેકેણ સંસ્કારવશાત્ ફલકામનયા વા જાયમાના પ્રીતિઃ ગૌણી સ્યાત્. શ્રવણાદીનાં સાધનત્વે પ્રમાણં ગીતા ''ભક્ત્યાતુ અનન્યયા શક્યઃ''** (ભગ.ગીતા.૧૧।૫૪) **ઇતિ સાધનસાધ્યરૂપામ્ એકીકૃત્ય આહ. ગીતાયાઅપિ પ્રામાણ્યં, ફલવાક્યાત્, કૃષ્ણસ્ય ફલરૂપત્વં પરમાનન્દરૂપત્વાત્ પુરુષોત્તમત્વાત્ ચ. ગીતાર્થં સન્દિગ્ધં મત્વા વિસ્તરેણ કથનાર્થં ભાગવતં તેનૈવ રૂપાન્તરેણ કૃતમ્.**

અનુવાદ :

... સમગ્ર માર્ગનું ઉપપાદન કરવા કહે છે : **વિશિષ્ટ શક્તિમાન્** વિગેરેથી શરુઆત કરીને, **આવા બે માર્ગો કહેવામાં આવ્યા છે** ત્યાં સુધી. આ માર્ગમાં પ્રમેય ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ ઓથી વિશિષ્ટ છે. જે ક્રિયાજ્ઞાનરૂપી શક્તિઓથી વિશિષ્ટ ભગવાન્ની એક-એક શક્તિ વેદનાં પૂર્વ અને ઉત્તર કાંડોમાં વર્ણવાયેલી છે તે બન્ને જ્ઞાન અને ક્રિયા રૂપી શક્તિવાળા ભગવાન્ને આ માર્ગમાં ફળરૂપે માન્ય કરવામાં આવ્યા છે. તેવા ભગવાન્ને પ્રાપ્ત કરવા હોય તો સાધનરૂપે પ્રેમને માન્ય રાખવામાં આવ્યું છે. તે ભગવત્પ્રેમ જો સંપાદન કરવું

હોય તો ભગવાન્‌ની નવધા ભક્તિ કરવી જોઇએ. કેમકે શ્રવણ કીર્તન સ્મરણ આદિ ઉપાયો વિના પ્રકટ ફક્ત ઘરનાં સંસ્કાર કે કોઇક ફળો મેળવવાની કામનાઓને કારણે થતી પ્રીતિ ગૌણી બની જશે. શ્રવણો વિ. સાધન હોય છે તેમાં પ્રમાણ ગીતા નું **"મને અનન્ય ભક્તિને કારણે જ આવી રીતે જાણી કે જોઇ શકાય છે"** (ભગ.ગીતા.૧૧।૫૪) આ વચન પ્રમાણ છે. આમાં સાધનરૂપા નવધા અને સાધ્યરૂપા પ્રેમલક્ષણા ભક્તિનાં એકીકૃત રૂપને પોતાની પ્રાપ્તિનાં અનન્યસાધન તરીકે વર્ણવામાં આવ્યું છે. ભગવદ્‌ગીતાનાં વચનનું પ્રમાણ હોવું તે સાક્ષાત્ ફળરૂપ ભગવાન્‌ના સ્વમુખથી ઉચ્ચરેલ વચન હોવાને કારણે છે. શ્રીકૃષ્ણ પોતે ફળરૂપ છે પરમાનન્દ સ્વરૂપ હોવાને કારણે અને પુરુષોત્તમ હોવાને કારણે પણ. ગીતાનાં પ્રતિપાદ્ય અર્થમાં કોઇક જાતનો સંદેહ કોઇને પણ ન થાય તેથી પોતે મહર્ષિ વેદવ્યાસનું રૂપ ધારણ કરીને તેનો વિસ્તાર ભાગવત રૂપે કર્યો.

..........

**આપણાં માર્ગમાં વેદાદિ શાસ્ત્રોથી વિરુદ્ધ કોઇ પણ પ્રમાણ પ્રમેય સાધન કે ફળ સ્વીકારવામાં નથી આવ્યા તે બાબતની પ્રતિજ્ઞા કરતાં સ્વમાર્ગીય સાધનાનું પ્રતિપાદન :**

**અવતરણિકા :**

**નનુ એવં પાષણ્ડાનામપિ વચનાનિ ભવન્તિ ઇતિ આશંક્ય આહ :**

**કારિકા :**

**વિરુદ્ધકરણં ન અસ્તિ પ્રક્રિયા ન વિરુદ્ધ્યતે ॥**
**કલ્પિતૈરેવ બાધઃ સ્યાદ્ અવોચામ પ્રમાણતામ્ ॥૨૨૫॥**
**સર્વથા ચેદ્ હરિકૃપા ન ભવિષ્યતિ યસ્ય હિ ॥**
**તસ્ય સર્વમ્ અશક્યં સ્યાદ્ માર્ગે અસ્મિન્ સુતરામપિ ॥૨૨૬॥**



**કૃપાયુક્તસ્યતુ યથા સિદ્ધ્યેત્ કારણમ્ ઉચ્યતે ॥**
**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્ ॥**
**શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુઃ આદરાત્ ॥૨૨૭॥**
**તદભાવે સ્વયં વાપિ મૂર્તિ કૃત્વા હરેઃ ક્વચિત્ ॥**
**પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્ ॥૨૨૮॥**
**સાકારવ્યાપકત્વાત્ ચ મન્ત્રસ્યાપિ વિધાનતઃ ॥**
**શ્રીકૃષ્ણં પૂજયેદ્ ભક્ત્યા યથાલબ્ધોપચારકૈઃ ॥૨૨૯॥**
**યથા સુન્દરતાં યાતિ વસ્ત્રૈઃ આભરણૈરપિ ॥**
**અલંકુર્વીત સપ્રેમ તથા સ્થાનપુરઃસરમ્ ॥૨૩૦॥**
**ભાર્યાદિઃ અનુકૂલઃ ચેત્ કારયેદ્ ભગવત્ક્રિયામ્ ॥**
**ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ॥**
**તત્ત્યાગે દૂષણં નાસ્તિ યતો વિષ્ણુપરાઙ્મુખાઃ ॥૨૩૧॥**

**શ્લોકાન્વયાર્થ :**

**વિરુદ્ધકરણં** શ્રુતિ વિ. શાસ્ત્રોથી વિરુદ્ધ કોઇ આચરણ કરવાનું **ન અસ્તિ** નથી **પ્રક્રિયા** સિદ્ધાન્ત કે કર્તવ્ય ની પ્રક્રિયા (પણ) **વિરુદ્ધ્યતે ન** વિરુદ્ધ નથી. **બાધઃ** શ્રુતિ વિ. મતનો બાધ (તો) **કલ્પિતૈરેવ** કોઇ કલ્પિત પ્રક્રિયાને કારણે જ **સ્યાદ્** થઇ શકે **પ્રમાણતાં** આ પ્રક્રિયાની પ્રામાણિકતા તો **અવોચામ** જણાવવામાં આવી જ છે. **યસ્યહિ** જેના ઉપર ખરેખર **હરિકૃપા** ભગવાન્‌ની કૃપા **ચેદ્** જો **સર્વથા** કોઇ પણ રીતે **ન** નજ **ભવિષ્યતિ** થવાની હોય તો **તસ્ય** તેનાંમાટે **સર્વમ્** બધું જ **અશક્યં** અશક્ય **સ્યાદ્** બની જશે **અસ્મિન્** આ **માર્ગે** માર્ગમાં **સુતરામપિ** ચોક્કસ જ (પણ) **કૃપાયુક્તસ્યતુ** જે કોઇનાં ઉપર કૃપાવૃષ્ટિ થઇ હોય તો **યથા** જેમ **સિદ્ધ્યેત્** (આ માર્ગમાં તે) સિદ્ધ થાય તેવું **કારણમ્** કારણ **ઉચ્યતે** દેખાડવા માંગીએ છીએ : **નરં** જે પુરુષ **કૃષ્ણસેવાપરં** પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ હોય **વીક્ષ્ય** તેવું જોઇને=ચકાસીને **દમ્ભાદિરહિતં** તે દંભ વિગેરે ન કરતો હોય (તે પણ ચકાસીને અને) **શ્રીભાગવતતત્ત્વજ્ઞં**

શ્રીમદ્ભાગવતનાં મર્મનો જાણકાર હોય (તે પણ ચકાસીને) **જિજ્ઞાસુઃ** જેને આ માર્ગની માહીતિ મેળવવી હોય તેને (આવા ગુરુની) **ભજેદ્ આદરાત્** આદરપૂર્વક **ભજેદ્** ઉપાસના કરવી જોઈએ. **તદભાવે** જો આવો ગુરુ દેખાતો ન હોય તો **સ્વયં** પોતે **વાપિ** પણ અથવા **હરેઃ મૂર્તિં** ભગવાન્ શ્રીહરિની મૂર્તિ **કૃત્વા** પધરાવીને **ક્વચિત્** ક્યાંક યોગ્ય સ્થલે **પરિચર્યાં** પરિચર્યા સેવા **સદા** હમેશાં **કુર્યાત્** કરવી જોઈએ (કેમકે) **તદ્રૂપં** ભગવાનનું રૂપ તો **તત્ર ચ** તે ભગવન્મૂર્તિમાં પણ **સ્થિતં** વિદ્યમાન હોય જ છે **સાકારવ્યાપકત્વાત્** ભગવાન્નાં સાકાર અને વ્યાપક હોવાને કારણે **ચ** અને **મન્ત્રસ્યાપિ** તેવાં મંત્રોનાં પણ **વિધાનતઃ** વિધાન શાસ્ત્રોમાં મળતાં હોવાને કારણે. **શ્રીકૃષ્ણં** શ્રીકૃષ્ણની **ભક્ત્યા** ભક્તિભાવપૂર્વક **પૂજયેદ્** પૂજા કરવી જોઈએ **યથાલબ્ધોપચારકૈઃ** સહજ રીતે કાંઈ પૂજનોપયોગી પદાર્થો પોતાને ઉપલબ્ધ હોય તેનાંથી **યથા** જેમ કરતાં **સુન્દરતાં** ભગવન્મૂર્તિની સુંદરતા **યાતિ** વધારી શકાતી હોય (દા.ત.)**વસ્ત્રૈઃ** વસ્ત્રોથી **આભરણૈરપિ** કે આભૂષણોથી પણ **અલંકુર્વીત** ભગવન્મૂર્તિને શણગારવી **સપ્રેમ** પ્રેમપૂર્વક **તથા** તેમજ **સ્થાનપુરઃસરં** જે સ્થાનપર બિરાજમાન હોય તે સ્થાનને પણ શણગારીને. **ભાર્યાદિઃ** પત્ની વિગેરે પરિજનો **ચેદ્** જો **અનુકૂલઃ** પોતાની ભગવત્સેવાની ભાવનામાં અનુકૂલ હોય તો (તેમનાથી) **ભગવત્ક્રિયાં** ભગવત્સેવા સંબન્ધી કાર્યો **કારયેદ્** કરાવી લેવા (પણ જો તેઓ) **ઉદાસીને** રુચિ ન ધરાવતા હોય તો **સ્વયં** પોતે **કુર્યાત્** કરવા (અને જો તેઓ) **પ્રતિકૂલે** પ્રતિકૂલ બની કનડગત ઉભી કરતા હોય તો **ગૃહં** ઘરનો **ત્યજેત્** ત્યાગ કરવો. **તત્ત્યાગે** તેવાઓનાં ત્યાગમાં કાંઈ **દૂષણં** દોષ **નાસ્તિ** નથી **યતો** કેમકે (તેઓ) **વિષ્ણુપરાઙ્મુખાઃ** વિષ્ણુથી પરાઙ્મુખ છે.

ભાવાનુવાદ:

વેદાદિ શાસ્ત્રોથી વિરુદ્ધ કોઈ કામ કરવાનું અહિં કહેવામાં આવ્યું નથી કે નથી તે શાસ્ત્રોની પ્રક્રિયાથી વિરુદ્ધ કોઈ પ્રક્રિયા



સમજાવવામાં આવી છે॥

કલ્પનાનાં આધારે કાંઈ કહેવામાં આવ્યું હોય તો વેદાદિ શાસ્ત્રોથી વિરુદ્ધ જવાને કારણે શાસ્ત્રથી બાધ શક્ય બને જ્યારેકે અમે તો દરેક-દરેક વાતમાં વેદાદિ શાસ્ત્રોનાં વચનોને આધારે જ પ્રમાણ પ્રમેય સાધન કે ફળ નું સ્વરૂપ દેખાડેલું છે॥૨૨૫॥

તે છતાંય જે બધી રીતે ભગવત્કૃપાથી વંચિત જ હોય તો॥

તેને માટે આ માર્ગ પણ સાવ અશક્ય જ બની જશે॥૨૨૬॥

તેથી અહિં જે કાંઈ પ્રતિપાદન કરવામાં આવ્યું છે ફક્ત જેનાં ઉપર ભગવત્કૃપા વરસી હોય તેને જ ગળે ઉતરી શકે કે અમલમાં લાવી શકે છે॥

જે પોતે શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ હોય, તે શ્રીકૃષ્ણની સેવા પણ દંભ લોભ કે કીર્તિ ને માટે ન કરતો હોય॥

શ્રીભાગવતનાં મર્મનો પણ જાણકાર હોય તેવા પુરુષને જિજ્ઞાસુ સાધકે જોઈ કે શોધી ને પહેલાં આદરપૂર્વક ગુરુ બનાવવા જોઈએ॥૨૨૭॥

જો તેવો પુરુષ મળતો ન હોય તો જાતે પણ ભગવાન્ શ્રીહરિની મૂર્તિને પોતાની ભજનીય બનાવીને ક્યાંક॥

તેની પરિચર્યા સદા કરવી જોઈએ. કેમકે શ્રીહરિ પોતાનાં રૂપ સાથે ત્યાં વિદ્યમાન હોય જ છે॥૨૨૮॥

આમાં હેતુ આ કે ભગવાન્ પોતે સાકાર પણ હોય છે અને વ્યાપક પણ. તદુપરાંત ભગવાન્ની મૂર્તિની આરાધનામાટે મંત્રો પણ શાસ્ત્રોમાં મળતાં હોવાથી॥

જે દ્રવ્ય કે સામગ્રી પોતાની પાસે સહજ રીતે ઉપલબ્ધ હોય તેનાં વડે ભક્તિભાવપૂર્વક ભગવન્મૂર્તિનું ભજન કરવું જોઈએ॥૨૨૯॥

જેમકે વસ્ત્રો કે આભૂષણો વિગેરેથી તે ભગવન્મૂર્તિનાં દર્શન સૌન્દર્યયુક્ત બને તેમ તેને॥

અને તેનાં બિરાજવાનાં સ્થાનને પણ પ્રેમપૂર્વક શણગારીને॥૨૩૦॥

ઘરમાં પત્ની વિગેરે અનુકૂલ હોય તો તેમનો પણ સેવામાં સહકાર લઈને ભગવાન્‌ની સેવા કરવી જોઈએ ॥

તેઓ જો આમાં ઉદાસીનતા દેખાડતા હોય તો પોતાનાંથી જે થઈ શકે તે મુજબ ભગવત્સેવા કરતાં અને જો વિરોધ કરતા હોય તો તેમનો ત્યાગ કરીને પણ પોતે ભગવત્સેવા નભાવી જોઈએ ॥

ભગવત્સેવામાં વિરોધીભાવ રાખનારા પારિવારિક જનોનાં ત્યાગ કરવામાં કોઈ દોષ લાગતો નથી તેઓ વિષ્ણુપરાઙ્મુખ હોવાથી ॥૨૩૧॥

પ્રકાશ :

વિરુદ્ધકરણં ન અસ્તિ ઈતિ, ન અત્ર શ્રુતિસ્મૃતિવિરુદ્ધાચારો નાપિ પ્રમેયં વેદવિરુદ્ધમ્, અતો ન અત્ર વિરુદ્ધસમ્ભાવનાપિ...

પરમ્ અત્ર સર્વેષાં ન ફલમુખાધિકારઃ કિન્તુ યેષુ ભગવત્કૃપા, કૃપાપરિજ્ઞાનં ચ માર્ગરુચ્યા નિશ્ચીયતે. તત્ર આદિતઃ સાધનાનિ આહ કૃષ્ણસેવાપરમ્ ઈતિ, યોહિ ગુરુઃ સેવામ્ ઉપદેક્ષ્યતિ સ સ્વયં ચેત્ તામ્ ઉત્તમાં જાનીયાત્ તદા કથં ન સ્વયં કુર્યાદિતિ સેવાપરએવ ગુરુઃ. તત્રાપિ નિમિત્તાનિ વારયતિ દમ્ભાદિરહિતમ્ ઈતિ. સેવા ચ પ્રમાણમૂલૈવ પુરુષાર્થપર્યવસાયિની, અન્યથા મનસિ અન્યદ્ વિધાય અન્યથા કરણે ન ફલસિદ્ધિઃ ઈતિ અભિપ્રાયેણ આહ શ્રીભાગવતતત્ત્વજ્ઞમ્ ઈતિ. જિજ્ઞાસુઃ નતુ કૌતુકાદ્યાવિષ્ટઃ. ભજનં સર્વભાવેન તદા તદુક્તપ્રકારેણ ભગવત્સેવા કર્તવ્યા. સચ દુર્લભઈતિ તેનાપિ વક્તવ્યં પ્રકારમ્ આહ તદભાવે ઈતિ. ક્વચિદ્ દેશવિશેષે સત્પરિપન્થિનામ્ અભાવયુક્તે હરેઃ મૂર્તિ કૃત્વા ભજેત્. અયમેવ અસ્ય માર્ગસ્ય પ્રકારઃ ઉત્તમઃ.

યદ્ મૂર્તૌ કૃતં સર્વં ભગવતિ કૃતં ભવતિ. તત્ર મૂર્તેઃ ભગવત્ત્વં ત્રેધા નિરૂપયતિ : [1]તદ્રૂપમ્ ઈતિ, વસ્તુવિચારે સર્વસ્યાપિ ભગવદ્રૂપત્વાદ્ વિશેષસ્તુ અયમ્ ''એનમ્ ઉદ્ધરિષ્યામિ'' ઈતિ તદા મૃદાદેઃ પ્રાદુર્ભૂતો,



ભક્તિમાર્ગાનુસારેણ આહ [2]તત્ર ચ સ્થિતમ્ ઈતિ, મૂર્તૌ સ્થિતં પરં યત્ર હસ્તઃ તત્ર હસ્તઃ, તત્તદવયવેષુ તત્તદવયવાઃ ઈતિ, તત્ર હેતુઃ વ્યાપકં સાકારં બ્રહમ ઈત્યતઃ સર્વે કટકાદ્યુપચારાઃ ભગવદવયવેષુ સાક્ષાત્કૃતાઃ ભવન્તિ, [3]ઉપાસનામાર્ગાનુસારેણાપિ મૂર્તાવિવ ભગવદ્ભજનં ભવતિ ઈતિ આહ મન્ત્રસ્યાપિ વિધાનતઃ ઈતિ...તત્રાપિ ભક્તિમાર્ગાનુસારેણ ઉપચારાઃ મુખ્યાઃ ઈતિ આહ યથા સુન્દરતાં યાતિ ઈતિ. સપ્રેમ ઈતિ અનુદ્વેગાર્થમ્... ભાર્યાદિકં ગૃહં, વિષ્ણુપરાઙ્મુખાઃ ભાર્યાદયો અન્યથા પરિત્યાગે દોષએવ...

અનુવાદ :

અહિં જો કોઈકને આવી શંકા થાય કે ભીતરખાને હકીકતમાં વેદાદિ શાસ્ત્રનો વિરોધી પાખંડી લોકો પણ આવી જ રીતે બોલતા હોય છે આનો નિર્ધાર કેમ કરવો! :વેદાદિ **શાસ્ત્રોથી** વિરુદ્ધવિ., આ માર્ગમાં શ્રુતિ કે સ્મૃતિ થી વિરુદ્ધ આચરણ કરવાની કોઈ વાત નથી કે નથી વેદવિરુદ્ધ કોઈ પ્રમેય ને માન્ય કરવામાં આવ્યું, આથી વેદાદિ શાસ્ત્રોથી વિરુદ્ધ જવાની સંભાવના કોઈ છે જ નહિં...

તે છતાંય આ માર્ગમાં દરેક વ્યક્તિનું ફળમુખ અધિકાર હોતો નથી કેમકે તે તો જેના ઉપર ભગવત્કૃપા હોય તેનો જ ફળમુખ અધિકાર હોય છે. તે ભગવત્કૃપાનું સાચું નિર્ધારણ આ માર્ગમાં જેને રુચિ હોય તેને આધારે કલ્પી શકાય. તેથી આરંભથી છેવટ સુધીનાં બધા સાધનો સમજાવવા કહે છે **જે પોતે શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ** વિ., કેમકે જેને આપણે ગુરુ તરીકે માન્ય રાખીને ભગવત્સેવાનો ઉપદેશ મેળવવા માંગતા હોઈએ તે જો સ્વયં તે ભગવત્સેવાને હૃદયથી ઉત્તમ માનતો હોય તો પોતે કેમ ન કરે? તેથી સહુથી પહેલું સાધન શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ એવા ગુરુને શોધવાનું હોય છે. તે ગુરુ તરીકે સ્વીકાર્ય પુરુષ પણ પાછો જુદાં-જુદાં જ કોઈ હેતુથી ભગવત્સેવા કરતો હોય તે શક્ય હોવાથી તેવાના પરિહારમાટે કહે

છે **દંભ લોભ કે કીર્તિ ને માટે ન કરતો હોય** તેવો. આ શ્રીકૃષ્ણની સેવા પણ ભાગવત વિગેરે પ્રમાણો મુજબ હોય તો જ પુરુષાર્થરૂપે માન્ય થઈ શકે, નહિં તો મનની ભીતર કોઈક બીજી જ ધારણાઓ રાખીને કરનારાઓની ભગવત્સેવા ક્યારે પણ સફળ થતી નથી તેથી કહે છે **શ્રીભાગવતનાં મર્મનો પણ જાણકાર હોય તેવા પુરુષને. જિજ્ઞાસુ સાધક** હોવો જોઈએ કેવલ કૌતુક વિ. જોવાનો શોખીન નહિં. **ભજન** એટલે સર્વભાવથી ત્યાર પછી ગુરુએ ઉપદેશેલ પ્રકારે ભગવત્સેવા કરવી જોઈએ. એવો ગુરુ જો મળતો ન હોય તો શું કરવું તે સમજાવે છે **જો તેવો પુરુષ મળતો ન હોય તો જાતે પણ** વિ. **ક્યાંક** એટલે એવા દેશ કે ઠેકાણે જ્યાં સન્માર્ગ ઉપર ચાલવા માગતા લોકોમાટે વિરોધી માનસિકતા ધરાવનાર માણસો રહેતા ન હોય **ભગવાન્ શ્રીહરિની મૂર્તિને પોતાની ભજનીય બનાવીને** ભજનમાં પ્રવૃત્ત થઈ જવું. આ માર્ગમાં આ પ્રકાર ઉત્તમ છે.

જે કાંઈ ભગવન્મૂર્તિની સેવાસામગ્રીમાં વિનિયોગ કરવામાં આવતો હોય તે બધું સાક્ષાદ્ ભગવાન્ની સેવામાં વિનિયુક્ત થયેલ ધારવું જોઈએ. કેમકે ભગવન્મૂર્તિનું ભગવાન્ હોવું ત્રણ પ્રકારે નિરૂપિત થઈ શકે : [1] **શ્રીહરિ પોતાનાં રૂપ સાથે ત્યાં વિદ્યમાન હોય જ છે** એટલે, સૃષ્ટિની વાસ્તવિકતાનાં વિચારે આ સૃષ્ટિનાં તમામ પદાર્થો પોતે ભગવાને જ લીધેલાં જુદાં-જુદાં રૂપો છે છતાંય ભગવન્મૂર્તિની વિશિષ્ટતા આ કે "આ જીવનો મારે આ રૂપદ્વારા ઉદ્ધાર કરવો છે તેવા સંકલ્પ સાથેનો રૂપ ભગવન્મૂર્તિ બને છે" તેથી ત્યારે માટી શિલા ધાતુ વિગેરેમાં પણ ભગવાન્ની દિવ્યતા પ્રકટ થતી હોય છે, તદુપરાંત ભક્તિમાર્ગ મુજબ પણ [2] **ભગવન્મૂર્તિમાં ભગવાન્ પ્રકટ થતાં હોય છે** એટલે, પોતાની મૂર્તિમાં પ્રકટ થયેલ હોવા ઉપરાંત જ્યાં મૂર્તિનો હસ્ત હોય ત્યાં ભગવાન્ના સાક્ષાત્ શ્રીહસ્ત પ્રકટ થતો હોય છે, એટલે પોતાની મૂર્તિનાં તે-તે અવયવોમાં ભગવાન્નાં સાક્ષાત્ તે-તે અવયવો પ્રકટ થતાં હોય છે, તેમાં હેતુ આ કે



**ભગવાન્ પોતે સાકાર પણ હોય છે અને વ્યાપક પણ** બ્રહ્મ હોવાથી બધાં જ ઉપચારો કડા-કંઠાભરણ વિગેરે ઉપચારો પોતે ભગવાન્નાં તે-તે સાક્ષાદ્ અવયવોમાં ધરાવેલ સમજવા જોઈએ, [3] ઉપાસનામાર્ગ મુજબ પણ ભગવાન્નું ભજન તેમની મૂર્તિનાં રૂપે કરી શકાતું હોય છે તે જણાવે છે **મૂર્તિની આરાધનામાટે મંત્રો પણ શાસ્ત્રોમાં** વિ...

પૂજામાર્ગને અન્તર્ગત સેવોપચાર કરવામાં પણ ભક્તિમાર્ગને પ્રમુખતયા અનુસરવું આવશ્યક છે **વસ્ત્રો કે આભૂષણો વિગેરેથી તે ભગવન્મૂર્તિનાં દર્શન સૌન્દર્યયુક્ત બને તેમ** . **પ્રેમપૂર્વક** કહેવાનો અભિપ્રાય સેવોપચાર કરતાં સેવાકર્તાને ઉદ્વેગ ન થાય પણ સહજભાવથી કરી શકાય... **ઘરમાં પત્ની વિગેરે અનુકૂલ હોય તો તેમનો પણ સેવામાં સહકાર લઈને ભગવાન્ની સેવા કરવી,** કેમકે વિષ્ણુથી વિમુખ પત્ની વિગેરેનાં ત્યાગમાં દોષ નથી અન્યથા તેમનો ત્યાગ દોષરૂપ હોય છે...

.................................

**કારિકા :**

**યદ્-યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચ અતિપ્રિયમ્ આત્મનઃ ॥૨૩૬॥**
**યેન સ્યાદ્ નિર્વૃતિઃ ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્ ॥**
**સ્વયં પરિચરેદ્ ભક્ત્યા વસ્ત્રપ્રક્ષાલનાદિભિઃ ॥**
**એકકાલં દ્વિકાલં વા ત્રિકાલં વાપિ પૂજયેત્ ॥૨૩૭॥**

**શ્લોકાન્વયાર્થ :**

**યદ્-યદ્** જે કાંઈ **ઈષ્ટતમં** ખૂબ જ અભિલષિત હોય **લોકે** લોકમાં **યત્ ચ** અને જે **આત્મનઃ** પોતાને **અતિપ્રિયમ્** અતિશય પ્રિય હોય **યેન** જેને ભગવત્સેવામાટે ઉપયોગમાં લેતાં **ચિત્તે** ચિત્તમાં **નિર્વૃતિઃ** સન્તોષ-શાન્તિ **સ્યાદ્** અનુભવાતી હોય **તત્** તે બધી વસ્તુઓને

**કૃષ્ણે** પોતાને માંથે બિરાજતી શ્રીકૃષ્ણમૂર્તિની સેવામાં **ધ્રુવં** નિશ્ચિતપણે **સાધયેદ્** વાપરવી જોઈયે. **સ્વયં** પોતે **ભક્ત્યા** ભક્તિપૂર્વક **પરિચરેદ્** પ્રભુની પરિચર્યા કરવી (દા.ત.) **વસ્ત્રપ્રક્ષાલનાદિભિઃ** પ્રભુ વસ્ત્રો ધોવા વિગેરે **એકકાલં** એક વખત સવારે **વા** અથવા **દ્વિકાલં** બન્ને વખત સવારે-બપોરે **વા** અથવા તો **ત્રિકાલં** સવારે-બપોરે-સાઝે ત્રણેય વખત **અપિ** પણ **પૂજયેત્** ભગવદર્ચન કરી શકાય.

ભાવાનુવાદ:

**જે-જે લોકમાં અભીષ્ટ ગણાતું હોય જે-જે પોતાને અતિપ્રિય હોય॥૨૩૬॥**

**જે પદાર્થ કે વસ્તુ ને ભગવત્સેવામાં વાપરવામાં આવતાં ચિત્ત પ્રસન્ન-પ્રસન્ન થઈ જતું હોય તે બધી વસ્તુ કે સામગ્રી નો શ્રીકૃષ્ણની સેવામાટે ચોક્કસ વિનિયોગ કરવો જોઈએ॥**

**ભગવન્મૂર્તિની સેવામાં વપરાતાં વસ્ત્રો કે પાત્રો નું પ્રક્ષાલન વિગેરે પોતે ભક્તિભાવપૂર્વક કરવું જોઈએ॥**

**દિવસમાં એક વખત, બે વખત કે ત્રાણ વખત પણ ભગવત્પૂજન કરી શકાય છે॥૨૩૭॥**

પ્રકાશ:

**ભગવત્સેવાયામપિ ક્લિષ્ટં ન સમર્પયેત્. તત્ ક્લિષ્ટં ત્રિવિધં ભવતિ : ૧.લોકક્લિષ્ટમ્ ૨.આત્મક્લિષ્ટં ૩.ચિત્તક્લિષ્ટં ચ ઈતિ. અતો અક્લિષ્ટં નિરૂપ્યતે લોકે યદ્-યદ્ ઈષ્ટતમમ્ આમ્રદ્રાક્ષાદિ, આત્મનો અત્યન્તં પ્રિયં દુગ્ધાદિ, સન્માર્ગોપાર્જિતં ન અન્યેષાં ભાગરૂપમ્, ચિરકાલમનોરથચિન્તિતં અન્તઃકરણપ્રિયં, તેનૈવ ચિત્તનિર્વૃતિઃ ઈતરનિષેધાર્થમ્ એતદ્ ઉક્તમ્. સેવા મુખ્યા નતુ પૂજેતિ મન્ત્રમાત્રપૂજાપરો ન ભવેદ્ ઈતિ આહ સ્વયં પરિચરેદ્ ઈતિ. ધર્માર્થતાં વ્યાવર્તયતિ ભક્ત્યા ઈતિ. વસ્ત્રપ્રક્ષાલનમ્ અતિબહિરંગમ્ ઈતિ તદ્ગ્રહણમ્. પ્રધાનાવૃત્તૌ અંગાનિ આવર્તન્તઈતિ પ્રધાનાવૃત્તિમ્ આહ એકકાલમ્ ઈતિ અનેન બહુકાલમપિ પૂજનં નિરૂપિતમ્.**



અનુવાદ:

ભગવત્સેવા કરનારને આ કાળજી રાખવી જોઈએ કે સેવામાં ક્લેશ આપનારી સામગ્રીનો સમર્પણ કે ઉપયોગ તે ન કરે. તે ક્લેશ ત્રણ પ્રકારે પ્રકટ થઈ શકે : ૧.લોકમાં કોઈ પદાર્થ ક્લેશ આપનારો માનવામાં આવતો હોય ૨.પોતાને ક્લેશ આપનારો હોય ૩.ચિત્તમાં જેને મેળવવામાટે ક્લેશ પ્રકટ થતો હોય. તેથી અક્લેશપ્રદનું નિરૂપણ કરવામાં આવે છે **જે-જે લોકમાં અભીષ્ટ ગણાતું હોય** કેરી કે દ્રાક્ષ વિ. ફળો, **જે-જે પોતાને અતિપ્રિય હોય** લાગતું હોય દુગ્ધ વિ., જે વસ્તુ સેવાકર્તાએ પોતે સન્માર્ગથી મેળવેલી હોય કે જેનાં ઉપર બીજા કોઈનો હક્કનો દાવો ન હોય, ચિરકાલથી જેની બાબતમાં ભગવાન્‌ને સમર્પિત કરવાનો મનોરથ ધારી રાખ્યો હોય તેવી વસ્તુનો ભગવત્સેવામાં વિનિયોગ કરતા તે ચિત્તને પ્રસન્ન કરનાર નિવડે છે. આ વિધાન આવી રીતે ન કરતાં બીજી કોઈ રીતનાં પદાર્થો ને ભગવત્સેવામાં નિષિદ્ધ ઠરાવવામાં આવ્યા છે. પ્રમુખ તો સેવા છે નહિં કે પૂજાનો કર્મકાણ્ડ તેથી મન્ત્રો બોલીને મૂર્તિને કાંઈક અર્પિત કરી દેતાં કામ પતી ગયું એમ ન ધારી લેવું તે જણાવે છે **પોતે ભક્તિપૂર્વક કરવું** ઈતિ. ધર્માનુષ્ઠાનની ફકત કર્તવ્યબુદ્ધિથી નહિ પણ **ભક્તિભાવપૂર્વક** ઈતિ. **સેવામાં વપરાતાં વસ્ત્રો કે પાત્રો નું પ્રક્ષાલન વિગેરે** આ કાર્યો ભગવત્સેવાનાં અતિશય બહિરંગ પાસા હોવાથી સંકલિત કરવામાં આવ્યા છે. પ્રમુખ જે ભગવન્મૂર્તિની સાક્ષાત્ સેવા તે અંગીનાં પુનઃ-પુનઃ અનુષ્ઠાન કરવાં જતાં અંગભૂત એવા વસ્ત્રપ્રક્ષાલન વિ. જેવા સેવાનાં અંગભૂત કાર્યોનું પુનઃ-પુનઃ અનુષ્ઠાન સાહજિક રીતે કરવું જ પડતું હોય છે તેથી સાક્ષાદ્ ભગવત્સેવા રૂપી પ્રધાન કર્મનું પુનઃ-પુનઃ આવર્તન કરવાનું જણાવે છે **દિવસમાં એક વખત, બે વખત કે ત્રાણ વખત પણ** એટલે આથી ભગવત્પૂજન ગમે તેટલાં વધારે કાલ સુધી પણ કરી શકાય તે નિરૂપિત થયું.

...........

અવતરણિકા :

ઉપસંહરતિ :

કારિકા :

**એતત્ સર્વં પ્રયત્નેન ગૃહસ્થસ્ય પ્રકીર્તિતમ્।।**
**અન્યેષાં સંભવેત્ તુ સ્યાદ્ યતેઃ પર્યટનં વરમ્।।૨૪૬।।**
**[1]વિક્ષેપાદ્ અથવા [2]અશક્ત્યા [3]પ્રતિબન્ધાદપિ ક્વચિત્।।**
**[4]અત્યાગ્રહપ્રવેશે વા [5]પરપીડાદિસમ્ભવે।।**
**તીર્થપર્યટનં શ્રેષ્ઠં સર્વેષાં વર્ણિનાં તથા।।૨૪૭।।**

શ્લોકાન્વયાર્થ :

**ગૃહસ્થસ્ય** ગૃહસ્થનાં માટે **એતત્** આ **સર્વં** બધા કર્તવ્યો **પ્રયત્નેન** પ્રયત્નપૂર્વક **પ્રકીર્તિતમ્** નભાવવામાટે કહેવામાં આવ્યા છે. **અન્યેષાં** જેઓ ગૃહસ્થ ન હોય તેવાઓએ **સંભવેત્** શક્ય હોય **તુ** તો **સ્યાદ્** અવશ્ય નભાવવા. **યતેઃ** સંન્યાસીઓમાટે (તો) **પર્યટનં** કોઈક એક સ્થળમાં કાયમી વસવાટ કર્યા વિના પર્યટન કરવું **વરં** શ્રેયસ્કર હોય છે. (પરન્તુ જો ભગવત્સેવા કરવા જતાં સતત) [1]**વિક્ષેપાદ્** ચિત્તમાં વિક્ષેપ થતું હોય **અથવા** અથવા તો [2]**અશક્ત્યા**કોઈક કારણે સેવા કરવામાટે સામર્થ્ય ન હોય તો **ક્વચિત્** ક્યાંક (કોઈક સેવા કરનારને) [3]**પ્રતિબન્ધાદપિ** (કોઈક વડીલ) પ્રતિબંધ કરતા હોય તો **વા** અથવા તો [4]**અત્યાગ્રહપ્રવેશે** ક્યારેક ચોક્કસ પ્રકારે જ સેવા કરવાનો અત્યાગ્રહ હૃદયમાં બંધાઈ ગયો હોય તો (અથવા તો) [5]**પરપીડાદિસમ્ભવે** આપણી ભગવત્સેવાને કારણે અકારણ કોઈકે પીડા આપવામાં આવતી હોય તો **તીર્થપર્યટનં** (ગૃહસ્થોમાટે પણ) તીર્થપર્યટનમાં તત્પર થવું **શ્રેષ્ઠં** શ્રેયસ્કર (થાશે). (કેમકે) **સર્વેષાં** સહૂ **વર્ણિનાં** બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય કે શૂદ્રો માટે **તથા** તેમ તીર્થપર્યટન શ્રેયસ્કર હોય છે.

ભાવાનુવાદ:

**આ બધું પ્રયત્નપૂર્વક ગૃહસ્થને અનુલક્ષીને ઉપદેશ આપવામાં**



**આવ્યો છે।।**

**જેઓ ગૃહસ્થ ન હોય તેવા સંન્યાસીમાટે તો નિરંતર પર્યટન જ સારો ઉપાય હોય છે।।૨૪૬।।**

**[1]અથવા ગૃહસ્થને જો ભગવત્સેવામાં નિરંતર વિક્ષેપ પડતો હોય અથવા [2]શારીરિક અસામર્થ્ય હોય તો [3]ક્યારેક કોઈકને કારણે પ્રતિબન્ધ કરવામાં આવતો હોય તો।।**

**[4]અથવા કોઈક પ્રકારનો અત્યાગ્રહ હૃદયમાં બંધાઈ ગયો હોય તો [5]અથવા પોતાની ભગવત્સેવા બીજાને કાંઈક પીડા થતી હોય તો।।**

**બધાં જ વર્ણો કે આશ્રમો માટે તીર્થપર્યટન સહુથી શ્રેષ્ઠ ઉપાય છે।।૨૪૭।।**

પ્રકાશ :

**એતત્ સર્વમ્** ઇતિ. ગૃહસ્થસ્ય એતદ્ મુખ્યમ્. એવં કુર્વન્ સકુટુમ્બો ભગવત્સાયુજ્યમ્ અશ્નુતે. બ્રહ્મચારિપ્રભૃતીનામપિ સેવકસાધનસમ્પત્તૌ એતત્ કર્તવ્યમ્. અન્યથા અન્યએવ ઉપાયઃ... [1]**વિક્ષેપાદ્** ઇતિ, સ્વતઃ પ્રવૃત્તિરહિતાનિ ઇન્દ્રિયાણિ બલાદ્ ભગવતિ યોજ્યમાનાનિ વિક્ષેપં જનયન્તિ વિગ્રહકર્શિતાનિ, [2]જરયા વ્યાધિભિઃ વા યદા શક્ત્યભાવો, [3]લોકાઃ વા પ્રતિબન્ધં કુર્વન્તિ, [4]સ્વસ્ય વા પરમઃ આગ્રહઃ ઉત્પદ્યતે યેન તમસિ પ્રવિષ્ટો ભગવન્તં ન સ્મરતિ, [5]લોકાનાં વા પીડાં કુર્યાત્, તત્ર પૂજા ત્યક્તવ્યા. તદા અન્યત્રાપિ તથાત્વે પરદેશે શૂન્યદેવાલયે પૂજા વિધેયા. તત્રાપિ દોષસમ્ભવે તીર્થપર્યટનં કર્તવ્યં, પાપાનાં પ્રતિબન્ધકરૂપાણાં નાશાય, તદા યત્રૈવ ગત્વા સેવા સમ્પત્સ્યતે તત્રૈવ સેવા કર્તવ્યા. સ્વતન્ત્રતયા તીર્થાટનપ્રકારમ્ આહ **સર્વેષામ્** ઇતિ.

અનુવાદ :

**ઉપસંહાર કરતા કહે છે :** ગૃહસ્થને માટે આને પ્રધાન કર્તવ્ય તરીકે કહેવામાં આવ્યું છે. આ પ્રકારને નભાવનાર પોતાનાં કુટુંબ સાથે ભગવત્સાયુજ્યનો લાભ પામી શકે છે. બ્રહ્મચારી વિ. પણ જો ગૃહસ્થોની

માફક પોતાનેમાટે સેવકકર્મચારી નભાવી શકતા હોય તો આમ કરી શકે અન્યથા બીજો ઉપાય દેખાડ્યો... [૧]**ભગવત્સેવામાં નિરંતર વિક્ષેપ પડતો હોય** વિ., જો ઇન્દ્રિયોની સ્વાભાવિક વૃત્તિ ભગવાન્ તરફ વળતી ન હોય અને પરાણે લગામ તાણીને તેમને ભગવત્સેવામાં જોડવામાં આવતાં વિક્ષેપ પ્રકટ થતો જ હોય છે, [૨]વૃદ્ધાવસ્થા કે માંદગી ને કારણે પણ ક્યારેક ઇચ્છા હોય તો પણ સામર્થ્ય રહી જતું નથી, [૩]બીજા જેઓનો હુકમ આપણા ઉપર ચાલતો હોય તેઓ ક્યારેક કનડગત ઉભી કરતાં હોય છે, [૪]અથવા તો પોતે સેવા કરનારની ભીતર ક્યારેક એવા પરમ આગ્રહ ઉત્પન્ન થઇ જતાં હોય છે કે તામસભાવને કારણે તે સેવા કરવા છતાંય ભગવાનનું અનુસંધાન જાળવી નથી શકતો, [૫]અથવા તો પોતાની ભગવત્સેવાનો પ્રકાર ક્યારેક બીજાઓ માટે પીડાદાયક બની જતો હોય છે. આવી કપરી સ્થિતિમાં ભગવત્સેવાપૂજાનો પરિત્યાગ ઘરમાં કરી દેવો જોઇએ. અને જો અન્યત્ર પણ ક્યાંક કરવા જતાં આવી જ કનડગતો સામે આવી હોય તો ત્યારે પરદેશમાં કે કોઇક ઉજાડ મંદિર કે ખંડહર વિ. માં કરવાનો પ્રયાસ કરવો. અને ત્યાં પણ આવા દોષો પીછો ન છોડતા હોય તો તીર્થપર્યટન કરવું, કનડગત ઉભી કરનારાં પાપોનાં નાશમાટે, ત્યારે જે કોઇ સ્થળ ઉપર કરી શકાતી હોય ત્યાં જઇને ભગવત્સેવા કરવી. સ્વતન્ત્રતયા તીર્થયાત્રાનો પ્રકાર સમજાવવા કહે છે **બધાં જ વર્ણો કે આશ્રમો માટે તીર્થપર્યટન સહુથી શ્રેષ્ઠ** વિ.

.........

<u>અવતરણિકા:</u>

...**પૂર્વાધિકારદ્વયાભાવે તૃતીયં પક્ષમ્** આહ:

<u>કારિકા:</u>

**અથવા સર્વદા શાસ્ત્રં શ્રીભાગવતમ્ આદરાત્।।**
**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્।।૨૫૩।।**



**વૃત્ત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ।।**
**તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમ્ આચરેત્।।**
**ત્રયાણાં યેન કેનાપિ ભજન્ કૃષ્ણમ્ અવાપ્નુયાત્।।૨૫૪।।**

<u>શ્લોકાન્વયાર્થ:</u>

**અથવા** અથવા જો તીર્થયાત્રા કરતા રહેવા કોઇ સમર્થ ન હોય **શ્રીભાગવતં શાસ્ત્રં** શ્રીભાગવતશાસ્ત્રનું **સર્વદા** નિત્ય-નિયમથી **આદરાત્** આદરપૂર્વક (અને) **પ્રયત્નેન** પ્રયત્નપૂર્વક **પઠનીયં** પાઠ કરવો જોઇએ (પરન્તુ) **સર્વહેતુવિવર્જિતં** કોઇ પણ કામના મનમાં રાખીને નહિં. **વૃત્ત્યર્થં** પોતાની આજીવિકા માટે તો **નૈવ યુઞ્જીત** ક્યારેપણ શ્રીભાગવતનો ઉપયોગ નજ કરવો જોઇએ, **પ્રાણૈઃ** પ્રાણ **કણ્ઠગતૈરપિ** કંઠમાં આવીને અટકી ગયા હોય તો પણ નહીંજ. **તદભાવે** ભાગવતનો આજીવિકાર્થ ઉપયોગ કર્યા વિના **યથૈવ** જેમ પણ **સ્યાત્** શક્ય હોય **તથા** તેમ **નિર્વાહમ્** પોતાનો નિર્વાહ **આચરેત્** ચલાવવો. **ત્રયાણાં** આ ત્રણેય ૧.ભગવત્સેવા ૨.તીર્થયત્રા અને ૩.ભાગવતપઠનપાઠન માંથી **યેન** જે **કેનાપિ** કોઇ પ્રકારે **ભજન્** ભજન કરવાથી **કૃષ્ણમ્** શ્રીકૃષ્ણને **અવાપ્નુયાત્** મેળવી શકાય છે.

<u>ભાવાનુવાદ:</u>

**અથવા આદરપૂર્વક હંમેશાં શ્રીભાગવતશાસ્ત્રનું।।**

**પ્રયત્નપૂર્વક કોઇ પણ પ્રકારનાં હેતુ વિના પઠન કરવામાં પરાયણ રહેવું જોઇએ।।૨૫૩।।**

**પોતાની આજીવિકાને માટે તો ક્યારે પણ શ્રીભાગવતનો દુરુપયોગ કરવો જોઇએ નહિ. આપણાં કંઠમાં પ્રાણ આવીને અટક્યા હોય તો પણ।।**

**તે વિના જે કોઇ પ્રકારે પોતાનો નિભાવ થતો હોય તે કરી લેવો જોઇએ।।**

**આમ ત્રણ ઉપાયોમાંથી કોઇ પણ એક ઉપાયને**

અપનાવનારાનું ભગવદ્ભજન સફળ થઈ શકે છે॥૨૫૪॥

<u>પ્રકાશ :</u>

**અથવા ઈતિ, બાહ્યાભ્યન્તરભેદેન રૂપે ભેદદ્વયં મતં નામ્નિ ચ એકં તતઃ ત્રેધા ભક્તિમાર્ગો નિરૂપિતઃ.**

<u>અનુવાદ :</u>

...પહેલા જાણાવેલ બે પ્રકારો શક્ય ન હોય તો ત્રીજો પણ પક્ષ જાણાવે છે : **અથવા** એટલે, ભગવદ્રૂપનાં બાહ્ય અને આભ્યન્તર નાં પ્રભેદે ભજનનાં બે પ્રકાર થાય છે. તેમજ ત્રીજો પ્રકાર રૂપભજન નહિ પણ ભગવન્નામભજનનો છે. આમ ભક્તિમાર્ગનાં સરવાળે ત્રણ પ્રકારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.


# ॥ षोडशग्रन्थान्तर्गत ॥

१. विवेकधैर्याश्रय

२. नवरत्न

३. सिद्धान्तमुक्तावली

४. भक्तिवर्धिनी






॥ શ્રીરઘુનાથચરણવિરચિતદીપિકોપેતઃ ॥

# વિવેકધૈર્યાશ્રયઃ

## ( શરણાગત્યુપદેશપરઃ )

॥ શ્રીરઘુનાથચરણવિરચિત દીપિકા સાથે ॥

( શ્રીકૃષ્ણશરણાગતિનો ઉપદેશ )

**દીપિકામંગલાચરણ :**

સ્વગોકુલપરિત્રાણસમ્ભ્રમેણ ઉદ્ધૃતાચલમ્ ॥
ક્રીડદ્-ગોપાંગનાપાંગ-સંગિ-ગોપાલમ્ આશ્રયે ॥૧॥
મન્માનસે અસ્તુ સતતં શ્રીવિટ્ઠલ-પદામ્બુજમ્ ॥
સંસારભય-ભીતાનાં યત્સ્મૃતિર્ ભયનાશિની ॥૨॥

પોતાનાં ગોકુલની રક્ષા કરવા તાકીદે ગોવર્ધન પર્વતને ઉપાડી લેનાર ॥

ગોપીજનોનાં નયનોનાં કોર જેનાં ઉપર નિરન્તર રમતા હોય એવા ગોપાલનો મને આશરો છે ॥૧॥

શ્રીવિટ્ઠલનાં ચરણકમળનું અનુસંધાન મારા મનમાં સદા-સર્વદા બન્યું રહે ॥

જે ચરણકમળોનાં સ્મરણને કારણે સંસારનાં ભયથી ત્રસ્ત લોકોને તેવા ભયથી મુક્ત થતાં હોય છે ॥૨॥

**અવતરણિકા :**

અથ ભગવન્માર્ગપ્રવૃત્તાનામ્ એકાન્તિકભક્તાનાં ભક્તિં સિસાધયિષૂણાં તત્સાધનોપાયાન્ વિવેકધૈર્યાશ્રયાન્ સ્વસ્વાસાધારણલક્ષણલક્ષિતાન્ વિવેક્તુમ્ આદૌ તાન્ અસાધારણસ્વશબ્દેન નિર્દિશન્તિ :

કારિકા :

**વિવેકધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રય:॥**

શ્લોકાન્વયાર્થ :

**વિવેક-ધૈર્યે** = વિવેક અને ધૈર્ય **સતતં** = સતત **રક્ષણીયે** = રક્ષણ કરવા યોગ્ય છે. **તથા** = તથા **આશ્રય:** = આશ્રય (**રક્ષણીય:** = રક્ષણ કરવા યોગ્ય છે).

ભાવાનુવાદ :

**વિવેક-ધૈર્યની રક્ષા સતત કરવી જોઇએ, તેમજ આશ્રયની પણ॥**

દીપિકા :

**રક્ષણીયે** સ્વીકાર્યે. તત્ર વિવેકાદય: કીદશા: ? ઇતિ સ્વરૂપજિજ્ઞાસાયાં પ્રથમોદ્દિષ્ટસ્ય વિવેકસ્ય ફલિતસ્વરૂપમ્ આહુ: :

અનુવાદ :

જેઓ ભગવન્માર્ગમાં પ્રવૃત્ત થવા માગતા હોય તેવા એકાન્તિક ભક્તોને ભક્તિ સિદ્ધ થાય તેવી ઇચ્છાથી તે ભક્તિનાં સાધક ઉપાયો રૂપ નોખાં-નોખાં લક્ષણવાળા વિવેક ધૈર્ય અને આશ્રય ની વિવેચના કરવામાટે નોખાં-નોખાં શબ્દોથી તેમનો નામોલ્લેખ સહુથી પહેલા કરે છે

રક્ષા કરવી એટલે તેમને અપનાવવા જોઇએ. તે વિવેક વિ. કેવાં છે? આમ જો તેમનાં સ્વરૂપને જાણવાની ઇચ્છા થાય ત્યારે સહુથી પહેલા વિવેકનો નિષ્કૃષ્ટ સ્વરૂપ સમજાવે છે :

કારિકા :

**વિવેકસ્તુ હરિ: સર્વં નિજેચ્છાત: કરિષ્યતિ॥૧॥**



શ્લોકાન્વયાર્થ :

**વિવેક:** = વિવેક **તુ** = તો **હરિ:** = હરિ **સર્વં** = બધું **નિજેચ્છાત:** = પોતાની ઇચ્છાથી **કરિષ્યતિ** = કરશે (એ છે)॥૧॥

ભાવાનુવાદ :

**વિવેક તો આ જ કે જે કાંઇ થવાનું હશે તે શ્રીહરિની પોતાની ઇચ્છાથી થશે॥૧॥**

દીપિકા :

**વિવેકસ્તુ હરિ: સર્વં નિજેચ્છાત: કરિષ્યતિ** ઇતિ. **'તુ'**શબ્દ: પ્રસિદ્ધિદ્યોતનાર્થ:. અન્યથા અપ્રમાણિકત્વં સ્યાત્. ''હરતિ ત્રિવિધમપિ ભક્તદુ:ખમ્'' ઇતિ વ્યુત્પત્ત્યા સકલદુ:ખહારિસમભિવ્યાહારિ**'હરિ'**પદેન, ''ભગવાન્ કરિષ્યતિ ન વા?'' ઇતિ અવિશ્વાસો નિરસ્તો વેદિતવ્ય:. 'હરિ'પદનિર્વચનન્તુ મહાભારતે સ્ફુટમ્. તદ્યથા **''હરામિ અઘં હિ સ્મર્તૃણાં, હવિર્ભાગં ક્રતુષુ અહં, વર્ણ: ચ મે હરિ: ચ ઇષ્ટ:, તસ્માદ્ 'હરિર્' અહં સ્મૃત:''** (મહાભા. । । ) ઇતિ. **સર્વમ્** ઐહિકં પારલૌકિકં **નિજેચ્છાતો** જીવાદષ્ટપ્રયત્નાદિનિરપેક્ષો અલૌકિકસ્વેચ્છાત: ઇતિ અર્થ:. એવં વાક્યાર્થાનુસન્ધાનેન સ્થેયમ્ ઇતિ તાત્પર્યમ્.

અનુવાદ :

વિવેક તો આ જ કે જે કાંઇ થવાનું હશે તે શ્રીહરિની પોતાની ઇચ્છાથી થશે . **'તો'** શબ્દ તે પ્રસિદ્ધ છે તે જણાવામાટે પ્રયોજાયો છે. નહિતો આ વાત અપ્રમાણિક લાગી શકે. ''ભક્તોનાં ત્રણેય દુ:ખોને જે હરતા હોય'' આવી વ્યુત્પત્તિને કારણે **'હરિ'** પદનો પ્રયોગ કરીને સકલ દુ:ખોનાં હરનારા છે તે જણાવ્યું, ''જે કાંઇ થાય છે ભગવાન્ જ કરતાં હોય છે કે ભગવાન્ નથી કરતા હોતાં?'' આવો સંશય કે અવિશ્વાસ ક્યારેય રાખવો જોઇએ નહિં. 'હરિ' નામનું આવું નિર્વચન મહાભારતમાં પણ સ્ફુટ કરવામાં આવ્યું

છે. જેમકે "**મારું સ્મરણ કરનારાઓનાં પાપને હું હરું છું, યજ્ઞોમાં આપવામાં આવતી આહૂતિને પણ હું હરું છું, મારો રંગ પણ સહુને ઇષ્ટ હરિ છે, તેથી મને 'હરિ' કહેવામાં આવે છે**" ( મહાભા. । । ) આમ. **જે કાંઇ પોતાનાં ભક્તોનેમાટે ઉચિત હોય તેવું** ઐહિક કે પારલૌકિક **પ્રભુ પોતાની ઈચ્છાથી** જીવોનાં પુણ્ય-પાપની પરવા કર્યા વિના પોતાની અલૌકિક ઈચ્છાને કારણે જ કરતાં હોય છે, આવો અર્થ છે. આવા વચનોનું અનુસંધાન કરતાં રહેવું જોઈએ એવું તાત્પર્ય છે.

અવતરણિકા :

**નનુ** લોકે ભગવદ્ભક્તાનામપિ પ્રૌઢદુ:ખદૂરીકરણાર્થં ભગવાન્ પ્રાર્થનીયએવ. તસ્માદ્ અશક્યાર્થોપદેશએવ અયં, પંગોઃ ગિરિલંઘનવદ્ વિવેકોપદેશ : ! ઈત્યતઃ આહુ: :

કારિકા :

**[1] પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશાત્ ॥**
**સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ॥૨॥**
**[2] અભિમાનશ્ ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્ ॥**
**[3] વિશેષતશ્ ચેદ્ આજ્ઞા સ્યાદ્ અન્તઃકરણગોચરઃ ॥૩॥**
**તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નન્તુ દૈહિકાત્ ॥**
**[4] આપદ્ગત્યાદિકાર્યેષુ હઠઃ ત્યાજ્યઃ ચ સર્વથા ॥૪॥**
**અનાગ્રહઃ ચ સર્વત્ર ધર્માધર્માગ્રદર્શનમ્ ॥**
**વિવેકો અયં સમાખ્યાતઃ.................**

શ્લોકાન્વયાર્થ :

**સ્વામ્યભિપ્રાયસંશયાત્** = સ્વામીના અભિપ્રાયમાં સંશયને કારણે **પ્રાર્થિતે** = પ્રાર્થના કરવાથી **વા** = પણ **કિમ્** = શું **સ્યાત્** = થશે. **હિ** = નિશ્ચિતપણે **સર્વત્ર** = બધેજ **તસ્ય** = તેનું **સર્વં** = બધું છે, **સર્વસામર્થ્યમ્ ચ** = સર્વસામર્થ્ય પણ **તસ્ય એવ** = તેનું જ (છે) ॥૨॥

**સ્વામ્યધિનત્વભાવનાત્** = સ્વામીના અધીનપણાની ભાવનાથી **અભિમાનઃ ચ** = અભિમાન પણ **સન્ત્યાજ્યઃ** = બરાબર છોડી દેવું. **અન્તઃકરણગોચર** = અન્તઃકરણમાં સમજાય તેવી **વિશેષતઃ** = વિશેષપ્રકારની **આજ્ઞા** = આજ્ઞા **ચેત્** = જો **સ્યાત્** = થાય **તદા** = ત્યારે **વિશેષગત્યાદિ** = વિશેષ ગતિ વગેરે **ભાવ્યં** = કરવી પણ તે **દૈહિકાત્ તુ** = દૈહસમ્બન્ધીથી **ભિન્નં** = ભિન્ન ( હોવી જોઈએ ).

**આપદ્ગત્યાદિકાર્યેષુ** = આપત્તિ આવી પડે તેવા કાર્યમાં **સર્વથા** = સર્વપ્રકારે હઠઃ = હઠ **ચ** = પણ **ત્યાજ્યઃ** = ત્યજવા યોગ્ય છે. **સર્વત્ર** = સર્વત્ર **ધર્માધર્માગ્રદર્શનમ્** = ધર્મ અને અધર્મ નું અગ્રદર્શન ( **કર્તવ્યં** = કરવું ). **અયં** = (આમ) આ **વિવેકઃ** = વિવેક **સમાખ્યાતો** = સારી રીતે કહયો.

ભાવાનુવાદ :

**[1] સહુના સ્વામી એવા પ્રભુએ હકીકતમાં શું ધાર્યું છે**
**તે વાત સન્દેહાસ્પદ હોવાથી**
**તેમજ પ્રાર્થના કરવાથી પણ ખરેખર શું થશે તે**
**જાણી ન શકાતું હોવાથી ॥**
**અને ક્યાંય પણ કાંઈ પણ કરવા તે પોતે બધી**
**જ રીતે સર્વસમર્થ પણ છે તેથી ॥૨॥**
**[2] પોતાનાને સ્વામીને આધીન જાણીને પણ આવા**
**અભિમાનનો ત્યાગ કરવો જોઈએ ॥**
**[3] પોતાનાં હૃદયની ભીતર ક્યારેક વિશેષ કોઈ બાબતમાં**
**ભગવાન્‌ની કોઈ વિશેષ આજ્ઞા સ્ફુરિત થતી હોય**
**ત્યારે ॥૩॥**
**અને તે આપણાં દૈહિક સ્વાર્થની સાથે જોડાયેલી**
**વાત ન હોય તો વિશેષગતિ વિગેરે પણ માન્ય કરવી**
**જોઈએ ॥**

**[4]આપદ્ગતિ કે આપત્તિકાળ આદિમાં કોઈ પણ વાતને હઠપૂર્વક વળગીને પણ સર્વથા ન જ રહેવું જોઈએ ॥૪॥**

**ધર્મ અને અધર્મ નો આગવો વિવેક રાખીને સર્વત્ર આગ્રહરહિત રહેવું જ સારું ॥**

**આને 'વિવેક' કહેવામાં આવે છે................**

દીપિકા :

[1]**વા** ઈતિ વિકલ્પે વિવેકાસ્ફૂર્ત્તિદશાયામ્. **તતઃ** પ્રાર્થનાતઃ **કિં સ્યાદ્** ન કિમપિ ઈતિ અર્થઃ. કુતઃ ? ઈતિ અપેક્ષાયાં **સ્વામ્યભિપ્રાયસંશયાત્** ઈતિ. **સ્વામી** પ્રભુઃ, તસ્ય અભિપ્રાયસ્ય ચિકીર્ષિતસ્ય જ્ઞાતુમ્ અશક્યત્વાત્ સંશયો ભવત્યેવ. યત્ર ''ફલાનુમેયાઃ પ્રારમ્ભાઃ સંસ્કારાઃ પ્રાક્તનાઈવ'' ઈત્યાદિષુ લૌકિકપ્રભ્વભિપ્રાયોऽપિ પૂર્વં જ્ઞાતુમ્ અશક્યઃ તત્ર કિં વાચ્યમ્ અલૌકિકપ્રભોઃ અભિપ્રાયસ્ય! ઈતિ. **નનુ** ભક્તેચ્છાપૂરણાય ભગવાન્ અશક્યમપિ અર્થં સમ્પાદયતિ, તચ્ચ, બહવાયાસસાધ્યમ્, અસ્મદાદિવદ્, ભગવતોऽપિ કદાચિત્ સ્યાદ્ ઈતિ તદર્થં પુનઃ-પુનઃ પ્રાર્થનયા ભગવાન્ સ્માર્યતે. (ભગવતઃ તત્ કાર્યં સ્માર્યતે) ઈત્યતઃ આહુઃ **સર્વત્ર** ઈતિ, સર્વસ્મિન્ કાલે દેશે ચ યત્કિઞ્ચિદ્ વસ્તુમાત્રં તત્ **સર્વં તસ્ય** ભગવતએવ ઈતિ અર્થઃ. **'હિ'**શબ્દઃ પ્રસિદ્ધૌ. સાચ **''અહં સર્વસ્ય જગતઃ પ્રભવઃ''** (ભગ.ગીતા.૭।૬) ઈત્યાદિષુ જ્ઞેયા. *નનુ ભક્તાર્થં ભગવતોऽપિ અકાલવસ્તુસમ્પાદનમ્ આયાસસાધ્યં ભવિષ્યતિ!* ઈતિ ચેત્ તત્ર આહુઃ **સર્વસામર્થ્યમેવ ચ** ઈતિ. નહિ ભગવતોऽપિ કાલમ્ અપેક્ષ્યૈવ કાર્યકરણં સમ્ભવતિ પ્રત્યુત કાલસ્યૈવ ભગવદધીનત્વાદ્ જન્યત્વાત્ ચ તત્સાપેક્ષત્વમ્. **ચ**કારાત્ કર્ત્તુમ્ અકર્ત્તુમ્ અન્યથા કર્ત્તું સામર્થ્યમપિ દ્યોત્યતે.

[2]કદાચિદ્ અત્યન્તાપેક્ષિતમપિ કાર્યં ભગવાન્ ન કરોતિ, તેન ભક્તમનસિ અભિમાનો ભવેદ્ ''મયા ભજનાર્થમપિ પ્રયત્નો ન કર્ત્તવ્યઃ'' ઈતિ, તદ્ ન કાર્યમ્ ઈતિ આહુઃ **અભિમાનઃ ચ સન્ત્યાજ્યઃ** ઈતિ, **ચ**કારાત્ કાર્યાનિષ્પત્તિનિમિત્તગ્લાનિરપિ. **'સમ્'** ઈત્યનેન બાહ્યાભ્યન્તરભેદ-



રાહિત્યેન ત્યાગઃ સૂચિતઃ. તત્ર હેતુઃ, **સ્વામ્યધીનત્વભાવનાદ્** ઈતિ, સર્વસ્વનિવેદનેન અન્તઃકરણમપિ નિવેદિતમેવ; અભિમાનઃ ચ અન્તઃકરણ-ધર્મઃ, સચ સુતરાં ન કાર્યઃ ઈતિ ભાવઃ.

[3]એવં સ્વતઃ કાર્યમાત્રં ન કર્તવ્યમ્ ઈતિ પ્રાપ્તે ભગવદાજ્ઞાયાં વિશેષમ્ આહુઃ **વિશેષતઃ ચેદ્ આજ્ઞા સ્યાદ્** ઈતિ, દેહસમ્બન્ધિ દેહનિર્વાહકં કાર્યં **દૈહિકમ્** ઈતિ ઉચ્યતે. તચ્ચ, સર્વદાપિ અનિષિદ્ધમેવ. **વિશેષતો** વિશેષનિમિત્તાદ્ વિશેષકાર્યકરણાર્થમ્ ઈતિ યાવત્. સાપિ ન બાધ્યતઃ. કિઞ્ચ **અન્તઃકરણગોચરઃ** અન્તઃકરણપૂર્વિકા યદિ સ્યાત્, **તદા** એવ **દૈહિકાદ્** ભિન્નં **વિશેષગત્યાદિ ભાવ્યં** કાર્યમ્ ઈતિ અર્થઃ. **'ગતિ'**પદેન ક્રિયામાત્રં લક્ષ્યતે. **'આદિ'**પદેન પ્રાર્થનમપિ કાર્યમધ્યે ક્વચિત્ સમ્ભવતિ ચેત્ તત્ કર્તવ્યમેવ ઈતિ સૂચ્યતે.

[4]*નનુ વિશેષાજ્ઞાયામપિ યદિ આપત્કાલાદિવશાદ્ ભગવદાજ્ઞપ્તકાર્યા-નિષ્પત્તિઃ તદાપિ કિં ભગવદાજ્ઞપ્તમ્ ઈતિ કૃત્વા પ્રાણાદિભયં સોઢ્વાપિ હઠેન અશક્યમપિ કાર્યં કર્ત્તવ્યમેવ ઉત ન?* જ્ઞ ઈતિ પ્રાપ્તે આહુઃ **આપદ્ગત્યાદિકાર્યેષુ** ઈતિ. ભગવદીયાનામ્ એવંવિધદશાપ્રાપ્તૌ ભગવાનેવ હેતુરિતિ ભગવદાજ્ઞોલ્લંઘનદોષોऽપિ ન ભવતિ ઈતિ જ્ઞેયમ્. **'ગતિ'**શબ્દેન પ્રાપ્તિઃ ઉચ્યતે. **'આદિ'**પદેન અશક્યાર્થઃ ઉચ્યતે. તેન આપત્કાલીનાશક્યકા-ર્યેષ્વપિ સર્વેષુ હઠઃ આગ્રહઃ **સર્વથા** સર્વપ્રકારેણ **ત્યાજ્યઃ. ચ**કારાદ્ આપન્નિવૃત્તૌ પુનઃ આગ્રહઃ સ્વીકાર્યએવ ઈતિ અર્થઃ. યદ્વા આપદ્ગતિઃ આદિઃ યેષુ કાર્યેષુ કૃતેષુ ભવતિ તેષુ આગ્રહો ન કાર્યઃ ઈતિ. ભગવદનુક્તેષ્વપિ કાર્યેષુ અનાપદ્યપિ સ્પૃહા ન કાર્યા ઈતિ આહુઃ **અનાગ્રહઃ ચ સર્વત્ર** ઈતિ. કર્તવ્યાન્તરમપિ આહુઃ **ધર્માધર્માગ્રદર્શનમ્** ઈતિ, **ધર્મઃ**ચ **અધર્મઃ**ચ તયોઃ **અગ્રં** પર્યવસિતફલં તદ્**દર્શનમ્** અપ્રમાદેન તદનુસન્ધાનમ્. વિહિતેऽપિ કાર્યે યસ્મિન્ કૃતે સ્વધર્મત્યાગઃ સમ્ભાવ્યતે, તન્ન કાર્યં, સ્વધર્મત્યાગસ્ય અધર્મહેતુત્વાત્. સ્વધર્માવિરોધિનઃ ચ ધર્મહેતુત્વાત્ તત્કાર્યમ્ ઈતિ ભાવઃ. ઉપસંહરન્તિ **વિવેકો અયં સમાખ્યાતઃ.**

**અનુવાદ:**

અહિંયા આમ શંકા થાય કે ભગવાન્નાં નિષ્ઠાશીલ ભક્તો પણ જ્યારે ભારે દુ:ખ આવી પડે ત્યારે ભગવાન્ની પ્રાર્થના કરતાં જ હોય છે તે કરવી કે આવું અનુસંધાન કરતાં રહેવું? આ તો પાંગળા માણસને પહાડ ચઢી જવાનો અશક્યોપદેશ લાગે છે! આવી શંકાનાં સમાધાનમાટે કહે છે :

[1]અથવા એટલે જ્યારે અનેક વિકલ્પો પૈકી કોને અપનાવવો કે કોની ઉપેક્ષા કરવી તે સમજાતું ન હોય ત્યારે. **તેમ** એટલે પ્રાર્થના કરવાથી **શું થશે!** એટલે કાંઇ પણ લાભ નહિં થાય, એવો અર્થ છે. કેમ? તે જાણવું હોય તો કહે છે **સહુનાં સ્વામી એવા પ્રભુએ હકીકતમાં શું ધાર્યું છે તે વાત અનિશ્ચિત હોવાથી** આવા **સ્વામી** એટલે પ્રભુ, તે શું કરવા માગે છે તે અભિપ્રાય જાણવું અઘરું હોવાથી સંદેહ રાખવો જરૂરી હોય છે. ઘણી વખતે "જે ફલ મળે તેને આધારે અનુમાન કરવું પડે કે આવા કાંઇક પૂર્વકર્મો કે પ્રાક્તન સંસ્કારો આપણા હશે" આમ લૌકિક સ્વામીની બાબતમાં પણ કહેવાતું હોવાથી સ્વામીનો અભિપ્રાય જાણવો શક્ય નથી ત્યાં અલૌકિક પ્રભુનાં અભિપ્રાયની બાબતમાં કહેવાપણું કાંઇ રહી જતું નથી! જો આવી શંકા થતી હોય કે ભગવાન્ તો ભક્તેચ્છાપૂરક હોવાથી અશક્યને પણ શક્ય બનાવી શકે છે, અને અશક્યને જો શક્ય બનાવવું હોય તો આપણને પણ જેમ વધારે પ્રયાસની અપેક્ષા તો રહેતી જ હોય છે, તેમ કદાચ ભગવાન્ની પણ સામે વધારે પ્રાર્થના કરવી જોઇએ તેથી પુન:-પુન: પ્રાર્થના કરીને ભગવાન્ને યાદ અપાવતા રહેવામાં કાંઇ અયુક્ત નથી! આ બાબતમાં સમજાવે છે **ક્યાંય પણ** કહીને, બધાં જ કાલોમાં કે બધી જગ્યાએ જે કાંઇ વસ્તુ હોય તે **કાંઇ પણ કરવા તે પોતે** એટલે કે ભગવાન્ પોતે સમર્થ છે, આવો અર્થ સમજવો. **'જ'** શબ્દનાં પ્રયોગને કારણે આ વાત પ્રસિદ્ધ છે તે જણાવ્યું. તે પ્રસિદ્ધતા **"હું સમગ્ર જગત્ની**



**ઉત્પત્તિ અને ઉપસંહાર ની ક્રિયામાં હેતુરૂપે રહેલો છું"** (ભગ.ગીતા.૭।૬) આ ગીતાવચનનાં આધારે સમજવી. *જે કાલમાં જે શક્ય ન હોય તે ભક્તમાટે પણ પ્રકટ કરવા ભગવાન્ને પણ વધુ પડતો પ્રયાસ કરવો પડતો હશે!* આવી શંકા ન કરવી જોઇએ. કારણકે પ્રભુ **સર્વસમર્થ** છે. ભગવાન્ને કાંઇક કરવામાટે કાલની અપેક્ષા રાખવી પડતી નથી બલ્કે કાલ પોતે ભગવાન્ને આધીન હોવાથી અને પ્રભુથી પ્રકટેલ હોવાથી પ્રભુની અપેક્ષા રાખતો હોય છે. **પણ છે** કહ્યું તેથી પ્રભુનું કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુ સામર્થ્ય ધ્વનિત થઇ રહ્યું છે.

[2]વળી ક્યારેક આપણને કોઇ કાર્ય અતિશય અપેક્ષિત લાગે અને ભગવાન્ તેને પૂર્ણ ન કરતા હોય, તેને કારણે ભક્તનાં મનમાં અભિમાન જાગે કે "આમ જ હોય તો મારે ભજન કરવાની પણ આવશ્યકતા શામાટે સ્વીકારવી જોઇએ!", આવું પણ આપણાથી ન વિચારાય, તે સમજાવે છે કે **અભિમાનનો પણ ત્યાગ બરાબર કરવો જોઇએ** , અહિંયા **પણ** પદનાં પ્રયોગને કારણે સૂચિત થાય છે કે આપણું કોઇક કાર્ય પૂર્ણ ન થતું હોય તો તેની કકળાટ પણ રાખવી જોઇએ નહિં. **'બરાબર'** એટલે કે ભીતર મનમાં કે બહાર વાણી કે વ્યવહાર માં પણ બધી રીતે અભિમાનનો ત્યાગ કરવાનું સૂચિત કરવામાં આવી રહ્યું છે. તેનો હેતુ આ જ કે **પોતાને સ્વામીને આધીન જાણીને,** આપણે આપણું સઘળું જે પ્રભુને નિવેદિત કર્યું છે તે નિવેદનમાં અન્ત:કરણ=મન બુદ્ધિ અહંકાર અને ચિત્ત પણ નિવેદિત કરવામાં આવ્યાં છે. તેથી અન્ત:કરણનો ધર્મરૂપ પોતાની બાબતમાં અભિમાન રાખવો નહિં, એટલે અભિમાન ન જ કરવો જોઇએ.

[3]હવે જો આનો અર્થ એવો થાય કે પોતે આગળ ચાલીને કોઇ પણ કાર્ય કરવું જ નહિં! તે તો શક્ય જ નથી, આ બાબતમાં સમજાવે છે કે **વિશેષત: કોઇ ભગવદાજ્ઞા મળી હોય**

**તો કરવું પણ જોઇએ જ,** દેહની સાથે જોડાયેલ દેહને નભાવવામાટે જે કામ હોય તેને **'દૈહિક'** કહેવામાં આવે છે. તેની બાબતમાં તો પ્રાર્થના કે પ્રભુ પાસે અપેક્ષા રાખવી સદા નિષિદ્ધ જ છે. પરન્તુ **વિશેષ** એટલે કે વિશેષ કોઇ નિમિત્તને કારણે, અથવા તો વિશેષ કોઇ કામ કરવા માટે. તે પણ બહાર નહિં બલ્કે ભીતર જ. વળી ભીતર એટલે **અન્તઃકરણની ભીતર** એટલે આવી કોઇ આજ્ઞા જે ફક્ત અન્તઃકરણમાં જ જણાતી હોય, **ત્યારે** જ . **એટલે દૈહિક સ્વાર્થની સાથે જોડાયેલ વાત ન હોય તો જ વિશેષગતિ પણ માન્ય રાખવી** જોઇએ એવો અર્થ અભિપ્રેત છે. **'ગતિ'** પદને કારણે ફક્ત ક્રિયામાત્ર જ સમજવી. **'વિગેરે'** પદનાં પ્રયોગને કારણે આવા પ્રસંગોમાં ક્યારેક અપવાદરૂપે પ્રાર્થના પણ થઇ શકે છે. તેથી તે કરી શકાય એમ સૂચવ્યું.

*હવે એક **પ્રશ્ન** *આમ થાય છે કે વિશેષ કોઇ આજ્ઞા થવા છતાંય કોઇક અણધારી આપત્તિને કારણે ભગવાને કરેલી આજ્ઞા જો અમલમાં લાવવી શક્ય ન હોય તો, શું પ્રાણાદિનો ભય સાંખીને કે હઠાગ્રહ રાખીને અશક્યને પણ શક્ય બનાવવા પ્રયત્નો ચાલુ જ રાખવા કે નહિં?* આનાં સમાધાનરૂપે કહે છે **આપત્તિકાળમાં તો** ભગવદીયોની આવી દશા કરવામાં હેતુ પોતે ભગવાન્ જ હોય છે. તેથી ભગવદાજ્ઞાનાં ઉલ્લંઘનનો દોષ આવી કપરી સ્થિતિમાં લાગતો નથી. **'ગતિ'** પદનો પ્રયોગ કરવામાં આવ્યો તેને પ્રાપ્તિનાં અર્થમાં પણ લેવો . **'આદિ'** પદદ્વારા જે વાત શક્ય ન હોય તેની બાબતમાં કહેવામાં આવી રહ્યું છે. તેથી આપત્તિકાળમાં અશક્ય બની જતા કોઇ પણ કામમાટે **હઠપૂર્વક** હઠાગ્રહ **સર્વથા** કોઇ પણ પ્રકારે **ત્યાગ કરવો જરૂરી હોય છે. 'પણ'** પદ વાપર્યો તેથી આપત્તિકાલ નિવૃત્ત થયા પછી ફરીથી આગ્રહ રાખવામાં દોષ નથી જ, એમ કહેવા માગે છે. અથવા આપદ્ગતિ જે કામો કરતાં પહેલા કનડગત ઉભી થઇ જતી હોય તેવા કામોને કરવામાં હઠાગ્રહો રાખવા નહિં. ભગવાને



આજ્ઞા ન કરી હોય તેવા કામોને તો, આપત્તિકાલ ન હોય તો પણ, કોઇ પણ રીતે પૂર્ણ જ કરવાની મહેષણા રાખવી ઉચિત નથી જ, તે જણાવે છે **સર્વત્ર આગ્રહરહિત** રહેવાનું કહીને. બીજું પણ કર્તવ્ય જણાવે **ધર્મ અને અધર્મ નો વિવેક રાખીને** કહીને. **ધર્મ** અને **અધર્મ** તેમનો **આગવો વિવેક** એટલે કેવા રૂપે ફલિત કે પર્યવસિત થશે તેની કાળજી રાખીને. એટલે આ બાબતમાં કોઇ પણ જાતનો પ્રમાદ ન થાય તે અનુસન્ધાન રાખવું જરૂરી છે. કોઇ કર્મ શાસ્ત્રવિહિત હોઇ શકે તેને અમલમાં લાવવા જતાં જો સ્વધર્મહાનિ થવાની સંભાવના હોય તો, તેવાં કર્મ કરવા પ્રવૃત્ત ન થવું. કેમકે સ્વધર્મનો ત્યાગ અધર્મનો હેતુ બનતો હોય છે. સ્વધર્મથી અવિરોધી કર્મ જ ધર્મનાં હેતુ બનતા હોય છે. વિવેકનિરૂપણનો ઉપસંહાર કરવા કહે છે **આને 'વિવેક' કહેવામાં આવે છે.**

**અવતરણિકા :**

ક્રમપ્રાપ્તં ધૈર્યં નિરૂપયન્તિ :

**કારિકા :**

**.....................ધૈર્યન્તુ વિનિરૂપ્યતે ॥**
**ત્રિદુઃખસહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા ॥**
**તક્રવદ્ દેહવદ્ભાવ્યં જડવદ્ ગોપભાર્યવત્ ॥૬॥**

**શ્લોકાન્વયાર્થ :**

**ધૈર્ય** = ધૈર્યનું **તુ** = તો **નિરૂપ્યતે** = નિરૂપણ કરાય છે. **આમૃતેઃ** = મૃત્યુપર્યન્ત **સર્વતઃ** = સર્વતરફથી **સદા** = હંમેશા **ત્રિદુઃખ-સહનં** = ત્રણેપ્રકારના દુઃખોને સહન કરવા (એ) **ધૈર્ય** = ધૈર્ય (છે). **તક્રવદ્-દેહવદ્** = છાસની જેમ-દેહની જેમ **ગોપભાર્યવત્** = ગોપભાર્યાની જેમ **ભાવ્યં** = ભાવના કરવી.

**ભાવાનુવાદ :**

**.....................ધૈર્યનું નિરૂપણ હવે શરુ થાય છે ॥**

**ધૈર્ય તો ત્રિદુઃખોને આજીવન બધી રીતે હમેશાં**
**સહન કરી લેવા તૈયાર રહેવું છે॥**
**આને છાસની માફક, દેહની માફક, જડની માફક;**
**અને, ગોપભાર્યાની માફક સમજવું॥૬॥**

દીપિકા :

**ત્રયાણાં દુઃખાનાં સમાહારઃ ત્રિદુઃખં, દુઃખસ્ય ત્રિવિધત્વન્તુ આધિભૌતિકાદિભેદેન કાયિકાદિભેદેન વા કાલકર્મસ્વભાવૈઃ વા. તસ્ય સહનં તત્પ્રતીકારં વિના અનુભવઃ. તદપિ આમૃતેઃ** , મૃતિઃ=મરણં વર્તમાનદેહત્યાગઃ, તં મર્યાદીકૃત્ય. તદપિ ન યત્કિઞ્ચિત્ પરિગણિતનિમિત્તાત્ કિન્તુ સર્વતો ભગવદિચ્છાતો યદ્-યદ્ ઉપસ્થિતં તત્-તત્ સર્વં સોઢવ્યમેવ ઈતિ ભાવઃ. તદપિ ન કાલનૈયત્યેન કિન્તુ સર્વદા. આમૃતેઃ ઈત્યનેન સાર્વકાલીનત્વે સિદ્ધેઽપિ સર્વદા ઈતિ પુનઃ સ્પષ્ટાર્થં વચનમ્. *નનુ અનવરતદુઃખસહનેન શરીરશોષાત્ તન્નાશોઽપિ સ્યાત્, તદ્ ન ઉચિતમિતિ ન દુઃખં સોઢવ્યમ્* ઈતિ ચેત્ તત્ર આહુઃ તક્રવદ્ દેહવદ્ભાવ્યમ્ ઈતિ દેહહાનૌ શોકો ન કાર્યઃ ઈતિ અર્થે પ્રાક્તનં દૃષ્ટાન્તત્રયં જ્ઞેયમ્. તચ્ચ ત્રયં : તક્રવદ્ જડવદ્ ગોપભાર્યાવદ્ ઈતિ. અન્વયસ્તુ : દેહવતા ભાવ્યં દેહવદ્ભાવ્યમ્. તચ્ચ દેહવતા પુરુષેણ શરીરાદિકમેવ આત્મીયત્વેન ભાવ્યમ્ અનુસન્ધેયં દૃશ્યતે, તાદૃશન્તુ ન કાર્યમ્. તત્ર કીદૃગ્ અનુસન્ધાનં કાર્યમ્? ઈતિ અપેક્ષાયાં તક્રાદિષુ યથા તેષામ્ અનુસન્ધાનં તથા સ્વદેહેઽપિ કાર્યમ્ ઈતિ અર્થઃ. તક્રાખ્યાયિકાતુ **"હત્વા નૃપં પતિમ્ અવેક્ષ્ય ભુજંગદષ્ટં, દેશાન્તરે વિધિવશાદ્** ગણિકાપિ **જાતા. પુત્રં પતિં સમધિગમ્ય ચિતાં પ્રવિષ્ટા શોચામિ** ગોપગૃહિણી **કથમ્ અદ્ય તક્રમ્!" ઈત્યાદૌ પ્રસિદ્ધા. જડો જડભરતઃ તદાખ્યાયિકા પઞ્ચમસ્કન્ધતો અવગન્તવ્યા.** ગોપૈઃ **ભ્રિયતે ધાર્યતે પોષ્યતે વા ઈતિ** ગોપભાર્યો, ( દેહઃ ) ગોપીનાં ભગવત્સમ્બન્ધાત્ પૂર્વકાલીનઃ પ્રાકૃતો દેહઃ, તદપગમે યથા ગોપીનાં ન શોકઃ તથા સ્વદેહેઽપિ કાર્યમ્ ઈતિ અર્થઃ. અત્ર 'ગોપભાર્યા'શબ્દે ઉચ્યમાને પુંવદ્ભાવાનુપપત્તિઃ, તેન અન્યથા વ્યાખ્યાતમ્.



અનુવાદ :

વિવેકની વિવેચના બાદ હવે બીજા ક્રમે આવતા ધૈર્યની વિવેચના કરવામાં આવે છે :

ત્રણે દુઃખોનો સમાહાર તે **ત્રિદુઃખ,** દુઃખોનાં ત્રણ પ્રકારો : (ક)આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક નાં ભેદે, (ખ)કાયિક વાચિક અને માનસિક નાં ભેદે, અથવા (ગ)કાલ કર્મ અને સ્વભાવ નાં ભેદે સમજવા. તેમને **સહન કરવું** એટલે પ્રતીકાર કર્યા વિના સાંખી લેવા. તે પણ **આજીવન** , એટલે કે વર્તમાનદેહ છૂટે કે મરણ થાય ત્યાં સુધી. તે પણ કેટલાક સીમિત સંખ્યાનાં નિમિત્તોને કારણે નહિં પણ **બધી રીતે** ભગવદિચ્છાથી જે કાંઈ પરિસ્થિતિ સામે આવતી હોય તે બધાને સાંખી લેવાની તૈયાર રહેવાનો ભાવ છે. વળી તે પણ થોડાક સમય પૂરતું નહિં પણ **હમેશા. આજીવન** કહેવાથી સાર્વકાલિકતા જોકે સિદ્ધ થઈ જાય તો પણ **હમેશા** કહ્યું તેથી વાતને સ્પષ્ટ કરવા માગે છે. *આમ તકલીફો જ જો સદા-સર્વદા સહન કરવાની હોય તો નિરંતર દુઃખો સહન કરતાં-કરતાં શરીર જ શોષાઈ જશે; અને છેવટે ખતમ પણ થઈ જશે, તેથી આવી વાતને ઉચિત કેમ માની શકાય? એટલે દુઃખોને હમેશા સાંખી લેવાનો ઉપદેશ કેમ માન્ય રાખી શકાય?* આવી શંકાનાં સમાધાનાર્થે કહે છે **છાસ કે દેહ નાં દૃષ્ટાન્તોને આધારે આ ઉપદેશને સમજવું જરૂરી છે** એટલે દેહહાનિનાં ભોગે પણ દુઃખો સહન કરવા બાબતમાં જૂનાં ત્રણ દૃષ્ટાન્તો જાણવા જેવાં મળે છે. તે ત્રણ દૃષ્ટાન્તો આ મુજબ છે : **છાસની જેમ, જડની જેમ અને ગોપભાર્યાની જેમ.**

મૂલ સંસ્કૃત પદ **'દેહવદ્ભાવ્યં'** નો અન્વય આમ સમજવો : દેહવાને જે ભાવન કરવાનું હોય તે **દેહવદ્ભાવ્યમ્.** તેવો **દેહવાન્** જે પુરુષ હોય તે પોતાનાં શરીર વિ.ને આત્મીય તરીકે **ભાવ્યમ્** અનુસન્ધાન

રાખતો દેખાય છે, તેમ ન કરવું. તો કેવું અનુસન્ધાન રાખવું? આવી અપેક્ષાની પૂર્તિમાટે કહે છે છાસ વિ. ને જેમ ગોપભાર્યાએ આત્મીય ગણી નહિ તેમ તેવું અનુસન્ધાન પોતાનાં દેહની બાબતમાં પણ રાખવું. છાસની કથા જાણવી હોય તો તે આ મુજબ છે:

**"હત્વા નૃપં પતિમ્ અવેક્ષ્ય ભુજંગદષ્ટં**
**દેશાન્તરે વિધિવશાદ્ ગણિકાપિ જાતા.**
**પુત્રં પતિં સમધિગમ્ય ચિતાં પ્રવિષ્ટા**
**શોચામિ ગોપગૃહિણી કથમ્ અદ્ય તક્રમ્!"**

[મારા પતિ પાસેથી મને ગામનાં રાજાએ ઝૂંટવી લીધી હતી. તેથી તે અત્યાચારીની હત્યા કરીને હું ફરીથી મારા અસલ પતિ પાસે ગયી. ત્યારે સાપ કરડી ગયો હોવાથી તે પણ મરણ પામ્યો હતો. એટલે ન છૂટકે મને વૈશ્યા તરીકે જીવનનિર્વાહ કરવા બાધિત થવું પડ્યું. ત્યારે મારો સગો પુત્ર મને વૈશ્યા સમઝીને મારી પાસે કામેચ્છા શાન્ત કરવા આવ્યો. આ હકીકતની અમો બેઊને જાણ થતાં અમો બેઉ બળી મરવા તૈયાર થયા. પણ તે બળીને મરી ગયો પણ હું ધોધમાર વરસાદને કારણે બળી કે મરી શકી નહીં. પછી નદીનાં પૂરમાં બેહોશ તણાતી હતી, ત્યારે મારા દેહને ગોવાળિયાઓએ બચાવી અને મને પોતાની પત્ની તરીકે પાલી. તેમાં વળી છાસ વેચવા જાતાં આજે તે ઢોળાઇ ગયી. હવે કઇ-કઇ વાતોનાં રોદણા રડવા! તેનાં માટે આંખોમાં આંસુ હવે રહ્યા નથી!].

આ શ્લોકરૂપે ગોપભાર્યાએ કેવું ધૈર્યધારણ કર્યું તેની વાર્તા પ્રસિદ્ધ છે. તેમજ **જડ** એટલે જડભરત. તેની આખ્યાયિકા ભાગવતનાં પઞ્ચમ સ્કન્ધમાં વર્ણવાએલી પ્રસિદ્ધ છે. અથવા ગોપો જેનું ભરણ-પોષણ કરતા હોય તેવો દેહ **ગોપભાર્ય,** વ્રજનાં ગોપીજનોનો ભગવાન્ સાથે

સમ્બન્ધ થયો તેનાં પહેલાનો તેઓનો પ્રાકૃત દેહ, તે દેહ છૂટી જતાં જેમ વ્રજગોપિકાઓને કોઇ શોક થયો નહિં. તેમજ આપણે પણ પોતાનાં દેહની બાબતમાં શોક કરવો નહિં. અહિં મૂલશ્લોકમાં જો 'ગોપભાર્યા' શબ્દ હોત તો તેનો પુંલિંગમાં પ્રયોગ હોઇ શકે નહિં તેથી, તેથી આવી રીતે વ્યાખ્યા કરવી પડે છે.

અવતરણિકા :

ભગવદિચ્છાત: પ્રાપ્તે દુ:ખે યથા અપ્રતિકાર: તથા તદિચ્છાપ્રાપ્તે સ્વપ્રયત્નં વિનૈવ દુ:ખપ્રતીકારેઽપિ "મમ સુખં માસ્તુ!" ઇતિ બુદ્ધ્યા દુ:ખાભાવસમ્પાદકહેતુનિવૃત્તૌ આગ્રહં ન કુર્યાદ્ ઇતિ આહુ: :

કારિકા :

**[૧] પ્રતિકારો યદચ્છાત: સિદ્ધશ્ ચેદ્ ન આગ્રહી ભવેત્ ॥**
**[૨] ભાર્યાદીનાં તથા અન્યેષામ્ અસતશ્ ચ આક્રમં સહેત્ ॥૭॥**
**[૩] સ્વયમ્ ઇન્દ્રિયકાર્યાણિ કાયવાઙ્મનસા ત્યજેત્ ॥**
**[૪] અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્ય અસામર્થ્યભાવનાત્ ॥૮॥**
**અશક્યે હરિરેવ અસ્તિ સર્વમ્ આશ્રયતો ભવેત્ ॥**
**એતત્ સહનમ્ અત્ર ઉક્તમ્................**

શ્લોકાન્વયાર્થ :

**યદચ્છાત:** = દૈવ ઇચ્છાથી **પ્રતીકાર:** = પ્રતીકાર **સિદ્ધ: ચેત્** = થઇ શકે તો **આગ્રહી** = આગ્રહવાળા **ન ભવેત્** = ન થવું. **ભાર્યાદીનાં** = પત્નીવગેરેના **ચ** = અને **અન્યેષાં** = બીજાઓના **અસત: ચ** = અસત્ પુરુષોના પણ **આક્રમં** = તિરસ્કાર/પીડાને **સહેત્** = સહન કરવા. **સ્વયં** = પોતે **ઇન્દ્રિયકાર્યાણિ** = ઇન્દ્રિયના કાર્યો **કાય-વાઙ્-મનસા** = કાયા વાણી અને મનથી **ત્યજેત્** = ત્યાગી દેવા. **અશૂરેણ અપિ** = અસમર્થ હોય તેણે પણ **સ્વસ્ય** = પોતાની **અસામર્થ્યભાવનાત્** = અસમર્થપણાની ભાવના **કર્તવ્યમ્** = કરવી. **અશક્યે** = (તે પણ) અશક્ય હોય તો **હરિ:** = શ્રીહરિ **અસ્તિ એવ** = (શરણ) છે જ. **આશ્રયત:** = આશ્રયથકી **સર્વં** = સર્વ



કાંઇ **ભવેત્** = થશે. **અત્ર** = (આમ) અહિં **સહનં** = ધૈર્ય **ઉક્ત** = કહયું.

ભાવાનુવાદ :

**[૧] પોતાની મેળે કોઇક રીતે દુ:ખોનો પ્રતિકાર થઇ જતો હોય તો દુ:ખોને સાંખવાનો જડસુ આગ્રહ પણ ન રાખવો ॥**

**[૨] ભાર્યા વિ. પરિવારનાં સભ્યો કે અન્ય અસત્પુરુષો દ્વારા અપાતા તિરસ્કાર કે કષ્ટો પણ સાંખી લેવા જોઇએ ॥૭॥**

**[૩] ઇન્દ્રિયોનાં કાર્યો કે તેમની અપેક્ષાઓને સંતોષવા કાયા વાણી કે મન માં ચાલતી મથામણમાં પોતે વધારે ન સંડોવાવું જોઇએ ॥**

**[૪] જો આ બાબતમાં હિમ્મત ન હોય તો પોતાની બાબતમાં અસમર્થ હોવાની ભાવના કરી લેવી જોઇએ ॥૮॥**
**તે પણ જાતે જો શક્ય ન હોય તો શ્રીહરિ તો છે જ, તેથી તેમનાં આશ્રયની ભાવના કરવી ॥**
**આને 'ધૈર્ય' કહેવામાં આવે છે................**

દીપિકા :

[૧] **પ્રતીકારો યદચ્છાત:** ઇતિ.

[૨] **ભાર્યાદીનામ્** ઇતિ, ભાર્યા આદિ: યેષાં પુત્રાદીનાં **તથૈવ અન્યેષાં** પોષ્યવર્ગાણાં, **અસત: ચ** ભાર્યાદિમધ્યે સ્વતો અત્યન્તનિકૃષ્ટસ્ય સદોષસ્યાપિ **આક્રમં** તત્કૃતતિરસ્કારમપિ **સહેત** ઇતિ અર્થ:. અત્ર **'સહેદ્'** ઇતિ પરસ્મૈપદં "'સહ'=મર્ષણે" ઇતિ આત્મનેપદિનો ન સંગચ્છતે યદ્યપિ તથાપિ "સહનં સહ:" ઇતિ વ્યુત્પત્ત્યા 'અચ્'પ્રત્યયે કૃતે, પશ્ચાત્ સહં કરોતિ આચરતિ ઇતિ વા પરસ્મૈપદં જ્ઞેયમ્.

[3] તથા પૂર્વં ભગવદિચ્છયા પ્રાપ્તસ્ય સ્વપ્રયત્નં વિનૈવ સુખ-દુઃખાદેઃ સહનમ્ ઉક્તમ્ ઈદાનીં સ્વકૃતિસાધ્યં સુખાદિકં ન કાર્યમ્ ઈતિ આહુઃ **સ્વયમ્** ઈતિ, **ઈન્દ્રિયકાર્યાણિ** તત્તદિન્દ્રિયસાધ્યવિષયભોગઃ. તન્તુ કાયેન વાચા મનસા ત્યજેદ્ ઈતિ અર્થઃ. **'કાય-વાઙ્-મનસા'** ઈત્યત્ર દ્વન્દ્વૈકવદ્ભાવાદ્ એકવચનં જ્ઞેયમ્.

[4] દુઃખં સોઢુમ્ અશક્તેનાપિ તદર્થં વૃદ્ધસેવન-વૈરાગ્યાદિકં કર્તવ્યં નતુ આહત્ય ધૈર્યમેવ, તત્ર હેતુઃ **સ્વસ્ય અસામર્થ્યભાવનાદ્** ઈતિ, **ભાવનં** પરિદૃશ્યમાનત્વમ્ ઈતિ. કર્તવ્યાન્તરમ્ આહુઃ **અશક્યે** ઈતિ, સર્વપ્રકારેણ અશક્યે અર્થે **હરિરેવ અસ્તિ** ''મમ શરણમ્'' ઈતિ બુદ્ધિમ્ આશ્રિત્ય તિષ્ઠતઃ સર્વમ્ ઐહિકં પારલૌકિકં ચ ભવેદ્ ઈતિ અર્થઃ.

ઉપસંહરન્તિ **એતદ્** ઈતિ.

**<u>અનુવાદ</u>:**

ભગવદિચ્છાને કારણે થતાં દુઃખોનો જેમ પ્રતિકાર ન કરવાનું કહેવાયું તેમજ ભગવદિચ્છાને કારણે થતાં તેવા દુઃખો પોતાનાં પ્રયત્ન વિના મટી કે ખતમ થઈ જતાં હોય તો ''મારે સુખ નથી જોઈતું!'' એવી મનોવૃત્તિ રાખવી નહિં. તેમજ દુઃખો જેમ દૂર થતાં હોય કે જે ઉપાયોથી દૂર થતાં હોય તે પરિસ્થિતિને નિવારવાનો પણ આગ્રહ રાખવો નહિં, તેવું જણાવે છે :

[1] **પોતાની મેળે દુઃખોનો પ્રતિકાર.**

[2] **ભાર્યા વિ. પરિવારનાં સભ્યો** , પરિવારનાં સભ્યો પૈકી સહૂથી પહેલા ભાર્યા તેનાં પછી આવતાં પુત્રો વિ. **તેમજ અન્ય** જેમને નભાવવાની જવાબદારી પોતાની હોય, તેઓમાં જે **સજજન ન હોય તેવાઓ પણ.** ભાર્યા વિ. જેઓ પોતેજ અત્યન્ત નિકૃષ્ટ



કોટિનાં દોષી હોય તેવાઓનો **તિરસ્કાર** પણ **સાંખી લેવો જોઈએ** એવો અર્થ છે. અહિંયા મૂળ સંસ્કૃતમાં **'સહેદ્'** આ પરસ્મૈપદનાં રૂપે ક્રિયાપદ પ્રયોજાયેલો છે પરન્તુ હકીકતમાં '''સહ'=મર્ષણે'' એવા આત્મનેપદમાં ગણાતા ક્રિયાપદમાટે આવો પ્રયોગ ન સંભવે. છતાંય ''સહનં સહઃ'' આવી વ્યુત્પત્તિને આધારે પહેલા 'અચ્'પ્રત્યય જોડીને પછી ''સહં કરોતિ આચરતિ વા'' એમ પરસ્મૈપદમાં પણ પ્રયોગ શક્ય છે.

[3] તેમજ પહેલાં ભગવદિચ્છાને કારણે થતાં એટલે કે પોતાનાં કોઈ પણ જાતનાં પ્રયત્ન વિના થતાં સુખ-દુઃખ વિ.ને સાંખી લેવાનું કહ્યા પછી હવે પોતાનાં પ્રયત્નોવડે સુખ વિ.માં સંડોવાવું નહિં, આવું વિધાન કરવામાં આવી રહ્યું છે **પોતે** દ્વારા, **ઈન્દ્રિયોનાં કાર્યોને કે અપેક્ષાઓને** એટલે તે-તે ઈન્દ્રિયોથી સાધ્ય કે ગ્રાહ્ય વિષયોનાં ભોગોના અર્થમાં સમજવું. તેમને કાયા, વાણી કે મન થી ત્યજવા એવો અભિપ્રાય છે. મૂળ સંસ્કૃતમાં **'કાય-વાઙ્-મનસા'** પદમાં એકવચન દ્વન્દ્વસમાસને કારણે થયેલ એકવદ્ભાવને કારણે વાપરવામાં આવ્યું છે.

[4] દુઃખોને સહન કરી શકવા જે સમર્થ ન હોય તેવા અશક્ત પુરુષે પણ પહેલા વૃદ્ધપુરુષોની સંગતિ વૈરાગ્ય વિ. નો અભ્યાસ કરવો જોઈએ, એકદમ ધૈર્યસાધનામાં પોતાને ઝંપલાવી દેવાને ઠેકાણે, તેમાં હેતુ આ છે કે **પોતાની બાબતમાં અસામર્થ્યની ભાવના** રહેતી હોય છે, **ભાવના** એટલે બધી રીતે આમ દેખાતું કે જણાતું હોય. એક બીજું કર્તવ્ય હજી સમજાવે છે **જો શક્ય ન હોય તો** આમ કહીને, બધી રીતે અશક્ય બાબતોમાં પણ **હરિ એક જ** ''મારો સહારો કે શરણ'' છે આવી બુદ્ધિ રાખવાથી બધાં જ ઐહિક કે પારલૌકિક કાર્ય સિદ્ધ થઈ જતાં હોય છે.

ધૈર્યની બાબતનો ઉપસંહાર કરતા કહે છે **આને ધૈર્ય...** વિ. શબ્દોથી.

અવતરણિકા :

ક્રમપ્રાપ્તમ્ આશ્રયં નિરૂપયન્તિ **આશ્રયો અતઃ** ઈતિ :

કારિકા :

**............. આશ્રયો અતો નિરૂપ્યતે ॥૯॥**
**ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ ॥**
**દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ॥૧૦॥**
**ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈઃ ચ અતિક્રમે કૃતે ॥**
**અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ॥૧૧॥**
**અહંકારકૃતે ચૈવ પોષ્યપોષણરક્ષણે ॥**
**પોષ્યાતિક્રમણે ચૈવ તથા અન્તેવાસ્યતિક્રમે ॥૧૨॥**
**અલૌકિકમનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ ॥**

શ્લોકાન્વયાર્થ :

**અતઃ** = તેથી હવે **આશ્રયઃ** = આશ્રયનું **નિરૂપ્યતે** = નિરૂપણ કરે છે.

**ઐહિકે** = આ લોકમાં **ચ** = અને **પારલોકે** = પરલોકમાં **સર્વથા** = **સર્વપ્રકારે** હરિઃ = હરિ **શરણં** = **શરણ (છે). દુઃખહાનૌ** = દુઃખની હાનિમાં **તથા** = અને **પાપે** = પાપમાં **ભયે** = ભયમાં **ભક્તદ્રોહે** = ભક્તના દ્રોહ/અપમાનમાં **ભક્ત્યભાવે** = ભક્તિના ન હોવામાં **ચ** = અને **ભક્તૈઃ** = ભક્તદ્વારા **અતિક્રમે** = તિરસ્કાર/પીડા **કૃતે** = કરવામાં. **વા** = અથવા **અશક્યે** = અશક્ય **વા** = અથવા **સુશક્યે** = સહજતાથી શક્યમાં **સર્વથા** = બધાં પ્રકારથી **હરિઃ** = શ્રીકૃષ્ણ **શરણમ્** = શરણ છે. **અહંકારકૃતે** = અહંકાર કરવામાં **ચ** = અને **એવ** = નિશ્ચિતરૂપથી **પોષ્યપોષણરક્ષણે** = આપણાં પર નિર્ભરના પોષણમાં **ચ** = અને **એવ** = **નિશ્ચિતરૂપથી પોષ્યાતિક્રમણે** = પોષ્યનાદ્વારા થતા અતિક્રમણમાં **તથા** = અને **અન્તેવાસ્યતિક્રમે** = શિષ્યનાદ્વારા થતાં અતિક્રમણમાં **અલૌકિકમનઃસિદ્ધૌ** = મનની અલૌકિકતાની સિદ્ધિનેમાટે **સર્વાર્થે** = બધાં અર્થમાં **હરિઃ** = શ્રીકૃષ્ણ **શરણં** = શરણ છે.



ભાવાનુવાદ :

**............. હવે આશ્રયનું નિરૂપણ કરવામાં આવે છે ॥૯॥**
**ઐહિક કે પારલૌકિક પણ બધી બાબતોમાં શ્રીહરિ ઉપર પોતાને આશ્રિત માનવું ॥**
**તે દુઃખહાનિ કે પાપ કે ભય કે અપૂર્ણ કામનાઓ વિગેરે ॥૧૦॥**
**ભક્તદ્રોહ થઈ ગયો હોય પોતાની ભીતર ભક્તિનો અભાવ જણાતો હોય કોઈક ભક્તે પોતાનો અતિક્રમ કર્યો હોય ॥**
**કોઈ વાત પોતાને અશક્ય લાગતી હોય કે સુશક્ય લાગતી હોય શ્રીહરિનાં આશ્રયની ભાવના કરવી ॥૧૧॥**
**જેઓ પોતાનાં ઉપર નિર્ભર હોય તેમનાં પોષણ કે રક્ષણ ની બાબતમાં પોતાનો ક્યાંક અહંકાર પ્રકટ થઈ ગયો હોય ॥**
**એવા પોતાનાં દ્વારા પોષિતે કે અન્તેવાસીએ આપણો અતિક્રમ કર્યો હોય તો ॥૧૨॥**
**પોતાનાં મનને અલૌકિક બનાવવો હોય તો સર્વથા શ્રીહરિના શરણની ભાવના કરવી ॥**

દીપિકા :

**અતઃ** ઈતિ ધૈર્યનિરૂપણાનન્તરમ્ ઈતિ અર્થઃ. આદૌ ફલિતં રૂપમ્ આહુઃ **ઐહિકે** ઈતિ. **ઈહ** અસ્મિન્ જન્મનિ તદુપલક્ષિતે કાલે વા ભવદ્ 'ઐહિકકાર્યમ્' ઉચ્યતે. **પરો** અસ્માદ્ અન્યો, અન્તરિક્ષલોકમ્

આરભ્ય બ્રહ્મલોકપર્યન્તઃ. **ચ**કારાદ્ ભગવદિચ્છયા કદાચિદ્ નરકભોગઃ સમ્ભાવ્યતે ચેત્ તત્રાપિ સર્વપ્રકારેણ કાયેન વાચા મનસા ચ ''હરિરેવ શરણં મમ'' ઇતિ ચિત્તે નિશ્ચિત્ય સ્થેયમ્ ઇતિ અર્થઃ. ભગવદીયાનાં નરકઃ સ્વર્ગાદિરેવ નતુ તામિસ્રાદિઃ. અતએવ વિષ્ણુપુરાણેઽપિ ઉક્તમ્ **''વાસુદેવે મનો યસ્ય જપહોમાર્ચનાદિષુ તસ્ય અન્તરાયો, મૈત્રેય !, દેવેન્દ્રત્વાદિકં ફલમ્''** (વિ.પુરા.૧૬।૪૩) સામાન્યતઃ સર્વકાર્યેષુ શરણગમનમ્ ઉક્તમ્. ઇદાનીં તદેવ પુનઃ નિમિત્તવિશેષેષ્વપિ ઉચ્યતે. તાનિ નિમિત્તાનિ **''દુઃખહાનૌ...''** ઇત્યારભ્ય **''સર્વથા શરણં હરિઃ''** ઇત્યેતત્પર્યન્તોક્તાનિ જ્ઞેયાનિ. દુઃખસ્ય હાનૌ પ્રાપ્તાયામપિ હર્ષવશેન શરણવિસ્મરણં ન કાર્યમ્ ઇતિ અર્થઃ. એવં સર્વત્ર યોજ્યમ્. **પાપે** પ્રારબ્ધવશાદ્ જાતે, **ભયે** શત્ર્વાદિકૃતે, **કામઃ** ઇચ્છા લૌકિકાલૌકિકસાધારણી, **'આદિ'**પદેન ધર્માદિરપિ, તેષામ્ **અપૂરણે** અનિષ્પત્તૌ **ભક્તેષુ દ્રોહે** જાતેઽપિ, અન્યત્ર ભક્તિં દૃષ્ટ્વા સ્વસ્ય ભક્તિરાહિત્યેન સ્પૃહામાત્રેઽપિ, **ભક્તૈઃ** સ્વસ્ય **અતિક્રમે કૃતે**ઽપિ તેષુ પ્રાતિકૂલ્યં ન કાર્યમ્ ઇતિ ભાવઃ. **અશક્યે** સ્વયમ્ અન્યદ્વારા વા કર્તુમ્ અયોગ્યે અર્થે, **સુશક્યે** અનાયાસેન કર્તું યોગ્યે અર્થે, ઉભયત્રાપિ **'વા'** શબ્દો અપ્યર્થે. અહંકારેણ કૃતે **અહંકારકૃતે,** પોષણઞ્ચ રક્ષણઞ્ચ પોષણરક્ષણે. **પોષ્યાણાં** પોષ્યવર્ગાણાં **પોષણરક્ષણે અંહકારેણ કૃતે**ઽપિ. **ચ**કારઃ સર્વત્ર સમુચ્ચયાર્થઃ. પોષ્યવર્ગસ્ય દૈવવશાદ્ અતિક્રમે સતિ **અન્તેવાસી** ભગવન્માર્ગજિજ્ઞાસુઃ શિષ્યઃ. સર્વાર્થે સર્વસ્મિન્ ઉક્તાનુક્તરૂપે અર્થેઽપિ હરિરેવ આશ્રયણીયઃ ઇતિ અર્થઃ. **અલૌકિકમનઃ-સિદ્ધૌ** ઇતિ નિમિત્તસપ્તમી. તેન અલૌકિકમનઃસિદ્ધ્યર્થમેવ **સર્વાર્થે હરિરેવ આશ્રયઃ** ઇતિ અર્થઃ પર્યવસિતઃ.

**અનુવાદ:**

ધૈર્ય પછી ત્રીજા ક્રમે આશ્રય આવે છે તેનું નિરૂપણ કરવા માગે છે :

**હવે આશ્રયનુ નિરૂપણ...** કહીને, **હવે** એટલે ધૈર્યનાં નિરૂપણ



કર્યા પછી. સહુથી પહેલા આશ્રયનું ફલિત રૂપ જણાવે છે **ઐહિક...** કહીને. **'ઇહ'** એટલે આ જન્મમાં કે આવા કાલમાં જે હોય તેને 'ઐહિકકાર્ય' કહેવામાં આવે છે. **પર** આ લોકથી ભિન્ન અન્તરિક્ષલોકથી માંડીને બ્રહ્મલોક પર્યન્ત. **'પણ' ચ**પદનાં પ્રયોગને કારણે ભગવદિચ્છાને આધીન ક્યારેક નરકલોક પણ ભોગવવો પડતો હોય તો ત્યાં પણ બધાંજ પ્રકારે કાયા વાણી અને મન થી પણ ''ફક્ત એક શ્રીહરિજ મારા રક્ષક છે'' આવું ચિત્તમાં નિશ્ચયધારણ કરવું જોઇએ. ભગવદીયોને માટે તો સ્વર્ગ વિ. લોકો પણ નરકલોક તુલ્ય જ હોય છે નહિં કે તામિસ્ર આદિ નરકલોકો. તેથી જ વિષ્ણુપુરાણમાં કહેવામાં આવ્યું છે કે **''વાસુદેવમાં જેનું મન ચોંટી ગયું તેનામાટે જપ હોમ અર્ચના વિ. પણ અન્તરાયરૂપ બની જતાં હોય છે. તેમજ દેવેન્દ્રની પદવી પણ અન્તરાય રૂપ હોય છે''** (વિ.પુરા.૧૬।૪૩) સામાન્ય રીતે બધાં જ કાર્યોમાં ભગવાન્‌ની શરણે જવાનું કહેવામાં આવ્યું. હવે તેજ વાત ફરીથી બીજા તે-તે નિમિત્તોનાં પણ અનુસંધાનમાં કહેવામાં આવી રહી છે. તે વિશેષ નિમિત્તો આ મુજબ ગણાવ્યા : **''દુઃખહાનિ...''** શરુ કરીને **''સર્વથા શ્રીહરિના શરણની ભાવના કરવી''** અહિંયા સુધી તે નિમિત્તો ગણાવવામાં આવ્યા. દુઃખની હાનિ જ્યારે થવા જઇ રહી હોય ત્યારે હરખાયીને પ્રભુની શરણે હોવાનો ભાવ વિસરાઇ ન જવો જોઇએ. આમ સર્વ પરિસ્થિતિઓની સાથે શરણભાવનાને જોડી લેવી. **પાપ** પણ ભક્ત ક્યારેક પ્રારબ્ધવશાદ્ કરી બેસતા હોય છે. **ભય** શત્રુ વિગેરેથી થતો ભય, **કામ** એટલે ઇચ્છા તે પછી લૌકિક વિષયની બાબતમાં હોય કે અલૌકિક વિષયની બાબતમાં, **'વિગેરે'** પદ જે વાપર્યો તેને કારણે ધર્મ વિગેરેનો પણ સમાવેશ કરી લેવો, તે જો **પૂર્ણ ન થયા હોય** નિષ્પન્ન ન થયા હોય તો પણ. **ભક્તોની સાથે ક્યારે દ્રોહ આચરી જવાયો હોય તો પણ, બીજા કોઇકમાં પુષ્કળ ભક્તિભાવ જોતાં પોતાના મનમાં મહેષાણા જાગતી હોય તો પણ, ભક્તોએ ક્યારેક** પોતાનો **અતિક્રમ કર્યો હોય તો પણ તેમને પ્રતિકૂલ ન થવું આવો ભાવ છે.**

**કોઈક કાર્ય અશક્ય હોય** એટલે પોતાનાંમાટે કે બીજાઓથી કરાવી લેવું પણ શક્ય ન હોય ત્યારે, **કોઈક કાર્ય સુશક્ય હોય** એટલે વિના પ્રયાસે કરી શકાય તેવું હોય, બેઉ બાબતમાં **'કે'** પણ ના અર્થમાં વપરાયો છે. અહંકારના કારણે જે કામ કરવામાં આવ્યું હોય તેને **અહંકાર પ્રકટ થઈ ગયો હોય** એવા શબ્દોથી કહેવામાં આવ્યું છે પોષણ અને રક્ષણ પણ તે પોષણરક્ષણ. **પોષિત** એટલે જેમનાં પોષણની જવાબદારી આપણી હોય તેવા **પોષણરક્ષણમાં અંહકાર** પ્રકટ થયો હોય તો પણ. **પણ** શબ્દ આ બધા વચનોમાં સમુચ્ચય દેખાડે છે. આપણો પોષ્યવર્ગે દૈવવશાદ્ અતિક્રમ કર્યો હોય તો પણ, **અન્તેવાસી** એટલે ભગવન્માર્ગમાં જેને જિજ્ઞાસા જાગી હોય તેવો શિષ્ય. બધી જ બાબતોમાં, તે પછી કહેવાયેલી હોય કે ન કહેવાયેલી, શ્રીહરિ જ એક આશ્રયણીય હોય છે. **અલૌકિકમન:સિદ્ધિ** અહિંયા નિમિત્તસપ્તમી છે જેને કારણે મનને અલૌકિક બનાવવું હોય તો પણ **શ્રીહરિનો જ ફકત આશ્રય લેવો યોગ્ય છે.**

કારિકા:

**[1] એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્॥૧૩॥**
**[2] અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ ॥**
**પ્રાર્થના કાર્યમાત્રેऽપિ તથા અન્યત્ર વિવર્જયેત્॥૧૪॥**
**[3] અવિશ્વાસો ન કર્તવ્ય: સર્વથા બાધકસ્તુ સ: ॥**
**બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ [4] પ્રાપ્તં સેવેત નિર્મમ: ॥૧૫॥**
**યથા કથઞ્ચિત્ કાર્યાણિ કુર્યાદ્ ઉચ્ચાવન્યપિ ॥**
**કિં વા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્॥૧૬॥**

શ્લોકાન્વયાર્થ:

**એવં** = આ પ્રકારે **સદા** = નિરન્તર **ચિત્તે**= ચિત્તમાં **ભાવ્યં** = ભાવના કરવી **ચ** = અને **વાચા** = વાણીથી **પરિકીર્તયેત્** = સારી રીતે બોલવું. **અન્યસ્ય** = બીજા કોઈનું **ભજનં** = સેવા **તત્ર** = ત્યાં **સ્વતઃ** = પોતે સામે



ચાલીને **એવ** = જ **ગમનં** = જવું **ચ** = અને **કાર્યમાત્રે** = કાર્યમાત્રમાં **અપિ** = પણ **તતઃ** = તેથી **અન્યત્ર** = બીજે કયાંય પણ **પ્રાર્થના** = પ્રાર્થના **વિવર્જયેત્** = વિશેષરૂપથી ત્યાગવી (છોડવી)॥૧૪॥

**અવિશ્વાસઃ** = અવિશ્વાસ **તુ** = તો **ન** કર્તવ્યઃ = કરવા યોગ્ય નથી. **સઃ** = તે **સર્વથા** = બધાં પ્રકારથી **બાધકઃ** = બાધક (**ભવતિ**= થાય છે. **બ્રહમાસ્ત્ર-ચાતકૌ** = બ્રહમાસ્ત્ર અને ચાતકની **ભાવ્યૌ** = ભાવના કરવી **નિર્મમઃ** = મમતારહિત ( **સન્** = થઈને ) **પ્રાપ્તં** = પ્રાપ્ત થયેલાનું **સેવેત** = સેવન કરવું.
**ઉચ્ચાવચાનિ** = શ્રેષ્ઠ અને અશ્રેષ્ઠ (ઉચાં કે નીચાં) **કાર્યાણિ** = કાર્યો **અપિ** = પણ **યથાકથઞ્ચિત્** = જેવા બની આવે તેવા **કુર્યાત્** = કરવા **વા** = **અથવા** બહુના = બહુ **પ્રોક્તેન** = કહેવાથી **કિમ્** = શું? હરિં = શ્રીકૃષણનું **શરણં** = શરણની **ભાવયેત્** = ભાવના કરવી॥૧૬॥

ભાવાનુવાદ:

**[1] આવું ભાવન ચિત્તમાં સદા કરતાં રહેવું જોઈએ અને વાણીથી પણ આ વાત હમેશા ઉચ્ચારતા રહેવી જોઈએ॥૧૩॥**
**[2] અન્યનું ભજન તેમનાં દર્શનમાટે જાતે જવું॥ કોઈ પણ કાર્યમાટે કે પોતાની કામનાપૂર્તિમાટે તેઓની પ્રાર્થના કરવી તેનું પરિવર્જન કરવું જોઈએ॥૧૪॥**
**[3] પ્રભુમાં ક્યારે પણ અવિશ્વાસ કરવો જોઈએ નહિં કેમકે તે તો બધી રીતે બાધક જ હોય છે॥**
**આ બાબતમાં બ્રહ્માસ્ત્ર અને ચાતક ના ઉદાહરણો વિચારવા [4] જે મળે તેનો મમતાથી રહિત થઈને ઉપભોગ કરવો॥૧૫॥**
**જેમ-તેમ નાના-મોટા કે ઊંચા-નીચા જે કામ કરતાં હોઈએ તેમને કરતાં॥**

**વધારે શું કહેવું શ્રીહરિનાં શરણની ભાવના કરતા રહેવી ॥૧૬॥**

દીપિકા :

[૧] **એવમ્** ઇતિ, વિવેકાદીનાં સ્વરૂપં યાદશમ્ ઉક્તં તાદશં **સદા ચિત્તે** સમ્યગ્ અનુસન્ધયેમ્. **વાચા ચ** વચનેનાપિ પરબોધનાર્થં સ્વાર્થમેવ વા **પરિકીર્તયેત્** પરિતઃ સર્વતઃ કીર્તયેત્. **ચ**કારાત્ કાયવ્યાપારયોગ્યં કુર્યાદપિ.

[૨] **અન્યસ્ય ભજનં તત્ર** ઇતિ, **તત્ર** તસ્મિન્ આશ્રયરૂપે અર્થે સમ્પન્ને **અન્યસ્ય** ભગવદ્દ્ભક્તવ્યતિરિક્તસ્ય **ભજનં** સેવનં **સ્વતો ગમનં** સ્વસ્ય અનાકારિતસ્ય સ્વસ્ય તત્સમીપે ગમનમ્. **ચ**કારાત્ તેન સહ શારીરસમ્બન્ધોઽપિ ન કાર્યઃ. **કાર્યમાત્રેઽપિ** કર્તું વિહિતે સ્વધર્માવિરોધિનિ કર્તવ્યે અર્થે પ્રાર્થના કાર્યા ઇતિ શેષઃ. પ્રાર્થનીયો ભગવાન્ તદ્દ્ભક્તો વા. અતએવ વિષ્ણુધર્મોત્તરે શંકરગીતાસુ **"અપૃષ્ટ્વા યસ્તુ યાં કાઞ્ચિત્ ક્રિયાં ન આરભતે હરિમ્ અસમ્ભિન્નાર્યમર્યાદઃ તસ્ય તુષ્યતિ કેશવઃ"** (વિ.ધ.પુ. । । ) ઇતિ. **તથા અન્યત્ર** ઇતિ, યથા ભગવતિ પ્રાર્થના **તથા અન્યત્ર** વિરોધિની વિશેષેણ (તાં) વર્જયેત્. યદ્વા ભગવતિ વિહિતે કાર્યે સ્વધર્માવિરોધિનિ પ્રાર્થના, **તથા અન્યત્ર** સ્વધર્મવિરોધિનિ (કાર્યે) ન કાર્યા ઇતિ.

[૩] * **નનુ** ભગવત્પ્રાર્થનાયામપિ ભગવાંસ્તુ સાક્ષાદ્ ન વદત્યેવ કિમપિ કિન્તુ આચાર્યોક્તસંકેતગ્રહેણ અનુમીયતે "ઇદમ્ ઉક્તમ્—ઇદં ન ઉક્તમ્" ઇતિ. તત્ર જીવાનામ્ અવિશ્વાસઃ સમ્ભાવિતઃ! * ઇતિ ચેત્ તત્ર આહુઃ **અવિશ્વાસો ન કર્તવ્યઃ** ઇતિ, આચાર્યોક્તમાર્ગે યદિ અવિશ્વાસઃ તદા કૃતં સર્વં વ્યર્થં ભવેદ્ ઇતિ અર્થઃ. અવિશ્વાસસ્ય મહાબાધકત્વાનુસન્ધાનેન સર્વથા સ ન કાર્યએવ ઇતિ અર્થઃ. વિશ્વાસદાઢર્યાર્થં કિઞ્ચિત્ સ્મરણીયમ્ આહુઃ **બ્રહ્માસ્ત્રચાતકૌ** ઇતિ, બ્રહ્માસ્ત્રઞ્ચ ચાતકશ્ચ તૌ **ભાવ્યૌ** વિશ્વાસાર્થં સ્મરણીયૌ. અત્ર અયં ભાવો : યથા હનુમાન્ બ્રહ્માસ્ત્રેણ અપ્રતિકાર્યેણ



બદ્ધોઽપિ બન્ધકાનામ્ અવિશ્વાસેન મુક્તઃ. પશ્ચાદ્ ઉદ્યમઃ સર્વોઽપિ વ્યર્થો જાતઃ. અત્ર અવિશ્વાસસ્ય મહાદોષહેતુત્વે બ્રહ્માસ્ત્રં દૃષ્ટાન્તઃ. વિશ્વાસમાત્રસ્ય સર્વકાર્યસમ્પાદકત્વે ચાતકો દૃષ્ટાન્તઃ. સ યથા ચાતકઃ કશ્ચન પક્ષી યથા વર્ષાસુ મહજ્જલમપિ અનાસ્વાદ્ય સ્વાતિજલમ્ અલ્પમપિ આસ્વાદ્ય પુનઃ વર્ષપર્યન્તં તત્પ્રતીક્ષયા જીવન્ યથાપૂર્વમેવ તિષ્ઠતિ. તસ્યતુ સર્વં સ્વાતિબિન્દુવિશ્વાસેનૈવ યોગક્ષેમાદિનિર્વાહો યથા; તથા સર્વં વિહાય આચાર્યોક્તમાર્ગવિશ્વાસેન સર્વં ભવેદેવ ઇત્યત્ર તાત્પર્યમ્.

[૪] **પ્રાપ્તં** સ્વમાર્ગમર્યાદયા કર્તવ્યત્વેન પ્રાપ્તં **સેવેત** કુર્યાદ્ ઇતિ અર્થઃ. **નિર્મમો** નિરહંકારઃ ઇતિ અર્થઃ. સ્વયં બહુજ્ઞત્વાદ્યભિમાનેન આચાર્યોક્તૌ કુસૃષ્ટિકલ્પનં ન કાર્યમ્ ઇતિ ભાવઃ. **યથાકથઞ્ચિદ્** ઇતિ, લોકવેદકુલાચારપ્રાપ્તાનિ કર્માણિ યેન કેનાપિ પ્રકારેણ કુર્યાદ્ નતુ પરિત્યજેત્. ઉચ્ચઞ્ચ, અવચઞ્ચ, ઉચ્ચાવચં, તાનિ **ઉચ્ચાવચાનિ** ઉત્કૃષ્ટનિકૃષ્ટાનિ. યદ્યપિ ભગવદ્ધર્માપેક્ષયા સર્વાણિ અન્યાનિ કર્માણિ હીનાન્યેવ, તથાપિ લોકાનુસારેણ ઉત્તમાધમત્વં જ્ઞેયમ્. ઇદશામપિ સર્વથા કરણં ભગવાનેવ આહ **"સહજં કર્મ, કૌન્તેય !, સદોષમપિ ન ત્યજેત્"** (ભગ.ગીતા.૧૮।૪૮) ઇતિ. આશ્રયસ્ય વિવેકધૈર્યાપેક્ષયા અત્યાવશ્યકત્વં કર્મજ્ઞાનોપાસનાદિભ્યોપિ સર્વથા સાધકત્વં ચ આહુઃ **કિં વા** ઇતિ. **વા** ઇતિ પક્ષાન્તરે. વિવેકધૈર્યાદ્યક્ષમસ્ય મહાપાપ-પતિતસ્યાપિ યથોક્તાશ્રયાશ્રયણેનૈવ સકલપુરુષાર્થસિદ્ધિઃ ઇતિ અર્થેન **બહુના પ્રોક્તેન** પુનઃપુનઃ વચનેન કિમ્? ન કિમપિ ઇતિ અર્થઃ.

અનુવાદ :

[૧] **આવું** એટલે, વિવેક વિ.નો જેવું સ્વરૂપ સમજાવવામાં આવ્યું તે મુજબ **ચિત્તમાં સદા** સરખી રીતે અનુસન્ધાન જાળવવું. **વાણીથી** બીજાને સમજાવવામાટે કે પોતાની જાતને ઉદ્દેશીને ઉચ્ચારવામાં આવતાં વચનોમાં બધી રીતે પ્રકટ કરતાં રહેવું જોઇએ **પણ** શબ્દ વાપરવામાં આવ્યો તેથી કાયાથકી કરવામાં આવતા વ્યાપારો પણ આ સાવધાની

નભાવતાં કરવા.

[2]**ત્યાં અન્યનું ભજનં** વિ. **ત્યાં** તે આશ્રય રૂપ અર્થ સમ્પન્ન થયા પછી **અન્ય કોઈકનું** ભગવાન્ સિવાય બીજા કોઈનું **ભજન** સેવન **જાતે તેમનાં દર્શન વિ. માટે જવું** પોતાને કોઈકે બોલાવ્યા ન હોય તો પણ ત્યાં જવું, કાયાથી તેમના ભજન વિ. કાર્યો પણ ન કરવા. **કાર્યમાત્ર** એટલે કે શાસ્ત્રવિહિત હોય અને સ્વધર્મથી વિપરીત ન હોય તેવી બાબતમાં પ્રાર્થના કરી શકાય છે. પ્રાર્થનીય તો ફકત ભગવાન્ કે તેમનાં ભક્તો જ હોય છે. તેથી જ તો વિષ્ણુધર્મોત્તરપુરાણમાં આવતી શંકરગીતામાં **"હરિની આજ્ઞા વિના જે કોઈ પણ કામમાં પ્રવૃત્ત નથી થતો તેવા મર્યાદાને ન તોડનારા ઉપર કેશવ પ્રસન્ન થાય છે"** (વિ.ધ.પુ. । । ) ઇતિ. **તેમજ બીજે કશે પણ** એટલે જેમ ભગવાન્‌ની સામે પ્રાર્થના ન થાય તેમજ અન્યત્ર પણ ન કરવી. તે ભક્તિભાવવિરોધિ હોવાથી તેનું વર્જન કરવું જોઈએ. અથવા ભગવાન્‌ની સામે જેમ વિહિતે કર્મનાં અન્તર્ગત સ્વધર્મથી અવિરુદ્ધ પ્રાર્થના કરી શકાય તેમજ અન્યત્ર સ્વધર્મથી અવિરોધિ કાર્ય હોય તો જ પ્રાર્થના કરી શકાય.

[3]*અહિં એક શંકા આમ થાય કે ભગવાન્‌ની પ્રાર્થના કરીએ તો પણ પ્રભુ સાક્ષાત્ તો કાંઈ આજ્ઞા આપતા નથી પરન્તુ જે સંકેતો આચાર્યચરણોએ દેખાડ્યા છે તેમને કારણે આજ્ઞાનું અનુમાન કરી શકાય છે કે "આવી આજ્ઞા થઈ—આવી આજ્ઞા ન થઈ" આમ. આ બાબતમાં જીવોને ભીતર અવિશ્વાસ પ્રકટ થઈ શકે!* આ શંકાનુ સમાધાન આપવા કહે છે **અવિશ્વાસ કરવો નહિં,** આચાર્યચરણોએ જે માર્ગ ઉપદેશ્યો તેમાં જો અવિશ્વાસ કર્યો તો તો કરેલું-ધરેલું બધું ગયેલું સમજી લેવું. અવિશ્વાસ તો મહાબાધક હોય છે તેથી ન જ કરવો આવો અભિપ્રાય છે. વિશ્વાસને દૃઢ કરવા શું કરવું તે જણાવે છે **બ્રહ્માસ્ત્ર અને ચાતક** નાં ઉદાહરણો, બ્રહ્માસ્ત્ર અને ચાતક તે બન્નેનાં ઉદાહરણો વિચારી લેવા વિશ્વાસને



દૃઢ કરવામાટે. અહિંયા ભાવ આમ છે : જેમ લંકાની અશોકવાટિકામાં હનુમાન્‌જી અપ્રતીકાર્ય હોવાને કારણે પહેલા તો બ્રહ્માસ્ત્રથી બંધાઈ ગયા પણ બાંધનારાઓનો તે બ્રહ્માસ્ત્રની બાબતમાં અવિશ્વાસ ખ્યાલમાં આવતાં તેમાંથી છટકી ગયા!. પછી તો બાંધવાના બધા ઉપાયો વ્યર્થ ગયા. અહિંયા અવિશ્વાસ મહાન્ દોષરૂપ છે તેનું ઉદાહરણ બ્રહ્માસ્ત્ર આપવામાં આવ્યું છે. ફકત વિશ્વાસ જ બધાં કાર્યોનું સાધક હોય છે તેનું ઉદાહરણ ચાતકનું આપવામાં આવ્યું છે. તે ચાતક એક પક્ષી જેમ વર્ષાકાલમાં વરસતાં ઘણાં બધાં જળનું પણ પાન કર્યા વિના કેવલ અલ્પ એવા સ્વાતિજલનું જ પાન કરે છે પછી વર્ષ પર્યન્ત જલપાન નથી કરતું અને સ્વાતિજળની પ્રતીક્ષામાં વ્યતીત કરી નાખે છે. તેનો નિર્વાહ તેથી સ્વાતિનક્ષત્રનાં જલબિન્દુઓમાં વિશ્વાસને કારણે જ યોગક્ષેમ બધું નભી જાય છે; તેમ બધું છોડીને આચાર્યોક્ત માર્ગમાં વિશ્વાસ રાખવાથી બધું સિદ્ધ થશે જ એવું તાત્પર્ય છે.

[4]**જે મળે તેનો** પોતાનાં માર્ગનીમર્યાદા મુજબ જે કર્તવ્ય રૂપે પ્રાપ્ત થતું હોય **તેનું સેવન કરવું જોઈએ. મમતાથી રહિત થઈને** એટલે અહંકારથી રહિત થઈને. પોતાની બાબતમાં બહુજ્ઞ હોવાનો અભિમાન રાખીને આચાર્યચરણોએ ઉપદેશેલ સિદ્ધાન્તમાં સંશયોની કુસૃષ્ટિ કલ્પવી **નહીં. જેમ-તેમ** લોક કે વેદ કે કુલાચાર ને કારણે પ્રાપ્ત થતાં કર્મો જેમ બને તેમ નભાવવા તેમનો પરિત્યાગ કરવો નહિં. ઊંચા-નીચાં એટલે ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ કર્મો. જોકે ભગવદ્ધર્મોની તુલનામાં બીજા બધાં જ કર્મો હીનકોટિના જ હોય છે, તો પણ લોકોમાં પ્રચલિત માન્યતા મુજબ કોઈક કર્મો ઊંચા તો કોઈ કર્મો નીચાં હોય છે. તેમને નભાવી લેવાની પોતે ભગવાને આજ્ઞા **"જે કર્મ સહજ હોય તે દોષયુક્ત હોય તો પણ તેનો ત્યાગ કરવો નહિં"** (ભગ.ગીતા.૧૮।૪૮) ગીતામાં કરી છે. વિવેક કે ધૈર્ય ની સરખામણીમાં

આશ્રય વધારે આવશ્યક છે. તેમજ કર્મ જ્ઞાન કે ઉપાસના વિ.ની સાથે સરખામણી કરતાં તેમનાં કરતાં પણ વધુ સાધક હોય છે **વધારે શું કહેવું** વિવેક કે ધૈર્ય માટે સમર્થ ન હોય મહાપાપોથી ઘેરાયેલો હોય તો પણ ઉપદિષ્ટ પ્રકારે આશ્રયને કારણે સકલ પુરુષાર્થો સિદ્ધ થાય જ છે આ વાતની વારે ઘડીએ પુનરુક્તિ કરવાની હોય નહિં!

**અવતરણિકા:**

ઉપસંહરતિ:

**કારિકા:**

**એવમ્ આશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્॥**
**કલૌ ભક્ત્યાદિમાર્ગાઃ હિ દુઃસાધ્યાઃ ઈતિ મે મતિઃ॥૧૭॥**

**શ્લોકાન્વયાર્થ:**

**એવં** = આ પ્રકારથી **સર્વેષાં** = બધાંના **સર્વદા** = હંમેશા **હિતં** = હિતકારી **આશ્રયણં** = આશ્રયને **પ્રોક્તમ્** = સારી રીતે કહયું **હિ** = નિશ્ચિતરૂપથી **કલૌ** = **કલિકાલમાં ભક્ત્યાદિમાર્ગાઃ** = ભક્તિ આદિ માર્ગ **દુઃસાધ્યાઃ** = કષ્ટથી સિદ્ધ થાય એવા છે **ઈતિ** = એવી **મે** = મારી **મતિઃ** = મતિ (**અસ્તિ** = છે)॥૧૭॥

**ભાવાનુવાદ:**

**આમ આશ્રય બધાનેમાટે બધી રીતે હમેશાં હિતકારી જ હોય છે॥**
**કેમકે આ કલિયુગમાં તો ભક્તિ વિ. માર્ગોનું અનુસરણ જ અઘરું બની ગયું છે, એવો મારો અભિમત છે॥૧૭॥**



**શ્રીમદ્વલ્લભાચાર્યચરણવિરચિતો વિવેકધર્યાશ્રયઃ સમ્પૂર્ણઃ**

**દીપિકા:**

**એવમ્** ઈતિ, **એવમ્** અમુના પ્રકારેણ યદ્ **આશ્રયણં** તત્ **પ્રોક્તમ્**. આશ્રયણરૂપં વસ્તુ પ્રોક્તમ્ ઈતિ અર્થઃ. **સર્વેષાં** પતિતાપતિત-સ્ત્રી-શૂદ્ર-સાધારણાનામ્. અતએવ ભગવતાપિ ઉક્તં **"માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુઃ પાપયોનયઃ સ્ત્રિયો વૈશ્યાઃ તથા શૂદ્રાઃ તેઽપિ યાન્તિ પરાં ગતિમ્"** (ભગ.ગીતા.૭।૩૦) ઈત્યાદિના. **સર્વદા** સમયાનિયમેન. **હિતમ્** સૌખ્યસમ્પાદકમ્. *નનુ ભક્તિજ્ઞાનકર્માદિષુ સત્સુ સર્વં વિહાય કથં તદેકપરતયા સ્થેયમ્?* ઈત્યતઃ આહુઃ **કલૌ** ઈતિ, ભક્તિઃ આદિઃ યેષાં, કર્મજ્ઞાનાદયો **દુઃસાધ્યાઃ** દેશકાલદ્રવ્યાદિસાધનવૈગુણ્યેન કર્તું ન શક્યાઃ ઈતિ અર્થઃ. હિ શબ્દો લોકવેદપ્રસિદ્ધિદ્યોતનાર્થઃ. નનુ લોકે ભવતુ ભક્ત્યાદીનામ્ અસ્માકં તદકરણે કિમ્ આયાતમ્? ઈતિ વિશેષજિજ્ઞાસાયાં સ્વસમ્મતિમ્ અસ્મિન્ અર્થે વિશ્વાસાર્થમ્ આહુઃ **મે** મમ **મતિઃ** સમ્મતિઃ ઈતિ અર્થઃ.

ન શક્યં મે વિવેકાદિનિરૂપણમ્ અથાપિ તુ॥
ત્વત્પદામ્બુજસન્ધ્યાનાધ્યસ્તાધીઃ કૃતવાન્ અહમ્॥૩॥

ઈતિ શ્રીમદ્વલ્લભનન્દનચરણશરણશ્રીમદ્રઘુનાથકૃતૌ
વિવેકધૈર્યાશ્રયદીપિકા
સમાપ્તા

**અનુવાદ:**


ગ્રન્થનાં ઉપસંહાર રૂપે કહે છે:

આમ એટલે જે આ પ્રકારે **આશ્રય** કહેવામાં આવ્યો તે પ્રમાણે. **બધાનાં માટે તે પછી** પતિત હોય કે અપતિત હોય

સ્ત્રી હોય કે શૂદ્ર હોય સહુને માટે હિતકારી છે. તેથી ભગવાને પણ કહ્યું છે **"મારો આશ્રય લઈને જેઓ પાપયોનિઓમાં જન્મેલા હોય કે સ્ત્રિઓ હોય કે વૈશ્યો હોય કે શૂદ્ર હોય બધાં જ મારામાં પરમગતિને પ્રાપ્ત કરી શકે છે"** (ભગ.ગીતા.૯।૩૦). **હમેશાં** એટલે આ આશ્રયમાટે કોઈ સમયમર્યાદા **નથી. હિતકારી** એટલે સૌખ્યનું સમ્પાદક. *એક શંકા એમ થાય છે કે ભક્તિ જ્ઞાન કે કર્માદિ માર્ગો હોવા છતાંય બધાને છોડીને ફકત એક આશ્રયપરાયણ થવાનું કેમ કહો છો?* સમાધાન તેનું આપે છે **આ કલિયુગમાં** કહીને, ભક્તિથી શરુ કરીને કર્મ કે જ્ઞાન વિ. માર્ગો છે તે હવે **દુઃસાધ્ય** દેશ કાલ દ્રવ્ય વિ. સાધનોનાં બગાડને કારણે સુસાધ્ય નથી રહી ગયાં. **જ** પદનો જે પ્રયોગ કર્યો તેને કારણે આ બાબત લોકવેદ બેઉમાં પ્રસિદ્ધ છે તે જણાવે છેઃ. કોઈકનાં હૃદયમાં આમ શંકા જાગે કે લોકમાં ભક્તિ વિ. માર્ગો અસાધ્ય બની ગયા હશે તો બની જવા દો અમારે તેનાથી શું નિસ્બત? તેનાં જવાબ રૂપે કહે છે કે મારી પણ આ બાબતમાં સમ્મતિ આવી જ છે એટલે જેને મારામાં વિશ્વાસ હોય તેણે આ બાબતમાં વિશ્વાસ કરવો જોઈએ.

શક્ય નથી જોકે વિવેક આદિનું નિરૂપણ કરવું।
તોય તમારા ચરણકમળનાં ધ્યાને મે આ વર્ણવ્યું॥૩॥

આમ શ્રીમદ્વલ્લભનન્દનનાં ચરણોમાં આશ્રિત શ્રીમદ્રઘુનાથજીએ કરેલી
વિવેકધૈર્યાશ્રયની દીપિકા
સમાપ્ત થઈ





॥ શ્રીવિઠ્ઠલેશ્વરવિરચિતપ્રકાશસમેતમ્ ॥

# નવરત્નમ્

## ( સમર્પણોપદેશપરમ્ )

॥ પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ્વરવિરચિત પ્રકાશસાથે ॥

( પુષ્ટિમાર્ગીય સમર્પણનો ઉપદેશ )

**પ્રકાશમંગલાચરણ :**

ચિન્તાસન્તાનહન્તારો યત્પાદામ્બુજરેણવઃ ॥
સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥૧॥

જેમની ચરણકમલની રજ એક ચિન્તામાંથી ઉદ્‌ભવતી બીજી એમ અનેકવિધ ચિન્તાઓની સન્તતીને દૂર કરનારી છે. એવા સ્વીય જનોનાં નિજાચાર્યને હું વારંવાર નમન કરું છું ॥૧॥

**પ્રકાશોપક્રમ :**

* નનુ ભગવદીયાનાં કથં ચિન્તોદ્‌ભવઃ ? ઈત્થમ્ : આત્મનિવેદિનો હિ ભગવદ્‌ભજનાર્હાઃ, નેતરે. તત્ર ચ ઐહિકપારલૌકિકયોઃ અર્થયોઃ નાવશિષ્ટં કિઞ્ચિદ્ અસમર્પિતમ્. એવં સતિ દેહાદિનિર્વાહઃ કેન કાર્યઃ કિં નિવેદિતાર્થેન ઉત ઈતરેણ વા ? તત્ર ન આદ્યઃ, તદીયાર્થસ્ય તદિચ્છાં વિના ગ્રહીતુમ્ અશક્યત્વાદ્, ઈચ્છાયાઃ ચ જ્ઞાતુમ્ અશક્યત્વાત્. વસ્તુતસ્તુ ઈચ્છાયામપિ સત્યાં તદુપયોગો અનુચિતઃ સેવકસ્ય. નચ "તદીયાનાં દેહાદીનાં તદીયાર્થેન પોષણં ન દોષાય" ઈતિ વાચ્યં, સ્વતઃ તથાકૃતેઃ દોષાવહત્વાત્ તદિચ્છાયાઃ ચ જ્ઞાતુમ્ અશક્યત્વાદ્ ઈતિ ઉક્તમ્. ન દ્વિતીયો, અસ્વધર્મત્વાત્. નિવેદિતસ્ય અર્થસ્ય સ્થિત્યાદ્યર્થં સ્વસ્ય વિચારસ્યાપિ અનુચિતત્વાત્; તદભિમાને તત્સમ્ભવાત્. એવં સતિ દેહાદિનાશસમ્ભવેન ભજનાસમ્ભવાત્ તદ્વૈયર્થ્યાપાતો, માર્ગએવ ચ અયમ્ ઉચ્છિદ્યેત. અતો નિવેદને ભજનાધિકારઃ, તસ્મિન્ સતિ તદનિર્વાહઈતિ ઉભયતઃપાશારજ્જુઃ * ઈતિ ચેદ્.

અત્ર વદામો : **"દારાન્ સુતાન્ ગૃહાન્ પ્રાણાન્ યત્ પરસ્મૈ નિવેદનમ્, એવં ધર્મૈઃ મનુષ્યાણામ્ ઉદ્ધવાત્મનિવેદિનાં મયિ સઞ્જાયતે ભક્તિઃ કો અન્યો અર્થો અસ્ય અવશિષ્યતે"** (ભાગ.પુરા.૧૧।૩।૨૮) ઇત્યાદિવાક્યૈઃ તદ્ આવશ્યકં, સાક્ષાત્ શ્રીગોકુલેશભજનાધિકારરૂપત્વાદ્, દ્વિજસ્ય વૈદિકકર્મણિ ગાયત્ર્યુપદેશજસંસ્કારવત્. (નિવેદનસ્ય સાર્થકત્વાય ભજનસિદ્ધ્યર્થમ્ આવશ્યકવ્યવહારાર્થં નિવેદિતસ્યૈવ સ્વાર્થં વિનિયોગઃ કાર્યઃ.) અન્યથા દારપરિગ્રહોત્તરક્ષણએવ તન્નિવેદને અકૃતે અગ્રે તદવિનિયોગે પ્રાપ્તે તત્પરિગ્રહવૈયર્થ્યાપત્તિઃ. અપરઞ્ચ દાનેહિ ન સ્વવિનિયોગો, નતુ નિવેદને. અન્યથા નિવેદિતાન્નાદેઃ ભોજનં ન સ્યાદ્ અનિવેદિતસ્ય નિષિદ્ધત્વાત્. નિવેદિતાનામ્ અર્થાનાં ભગવદ્ભોગાર્થં વિનિયોગે જાતે તદ્દત્તપ્રસાદત્વેન સ્વોપભોગકૃતિઃ ઉચિતતરા, દાસધર્મત્વાત્. **"ઉચ્છિષ્ટભોજિનો દાસાઃ"** (ભાગ.પુરા.૧૧।૬।૪૬) ઇત્યાદિવાક્યૈઃ આત્મશોધકત્વાત્ ચ કિન્તુ પ્રભૌ નિવેદિતાર્થસ્ય વિનિયોગે જાતે અગ્રે તદર્થં યત્નઃ કાર્યો નવા ઇતિ ભવતિ ચિન્તા, તત્કરણે બાહિર્મુખ્યસમ્ભવઃ સેવાપ્રતિબન્ધઃ ચ. **"ત્રૈવર્ગિકાયાસ..."** (ભાગ.પુરા.૬।૧૧।૨૩) ઇતિ વાક્યાદ્ ભગવત્કૃતપ્રતિબન્ધશ્ચ તત્ર સ્યાદ્ અકરણે નિવેદ્યાભાવેન ભવતિ ચ દુઃખમ્. એવમ્ભૂતાન્ સ્વાન્ ઉપદિશન્તિ :

**અનુવાદ :**

*અહિં એક સંશય થાય છે કે ભગવદીયોનાં મનમાં ચિન્તા ઉદ્ભવી કેમ શકે?

ખુલાસા રૂપે ભગવદીયોને થતી ચિન્તાનું સ્વરૂપ આમ જાણવું કે :

આ માર્ગમાં જેઓએ આત્મનિવેદન કર્યું હોય તેઓને ભગવદ્ભજન કરવાનાં યોગ્ય અધિકારી માનવામાં આવે છે, બીજાને નહીં. હવે આત્મનિવેદન કર્યા પછી તો ઐહિક કે પારલોકિક, કાંઇક પણ, અસમર્પિત રહી જતું નથી.



ત્યારે આત્મનિવેદન કરનારે પોતાનાં દેહ વિગેરેનો નિર્વાહ શેનાથી કરવો — ભગવાન્‌ને નિવેદિત કરવામાં આવેલ પદાર્થોથી અથવા તો અનિવેદિત પદાર્થોથી? કેમકે જો ભગવાન્‌ને નિવેદિત કરી દીધેલાં પદાર્થોથી નિર્વાહ કરવા જઇએ તો, જો ભગવાન્‌ને બધું નિવેદિત કરવામાં આવ્યું હોય તો ભગવાન્‌ની ઇચ્છા જાણ્યા વગર ફરીથી પોતાને માટે તે નિવેદિત પદાર્થોનો ઉપભોગ ઉચિત કેમ માની શકાય? કેમકે આ બાબતમાં ભગવાન્‌ની ઇચ્છા જાણી શકવી તો અઘરી વાત છે. ખરેખર તો ભગવદિચ્છાની જાણ થતી હોય તો પણ એક વખત જે પદાર્થોનું ભગવાન્‌ને નિવેદન કરવામાં આવ્યું હોય તેનો ઉપયોગ ભગવાન્‌ના સેવકે તો ક્યારેય કરવો ઉચિત નથી જ.

જો કોઇ એમ દલીલ કરે કે *જેમ નિવેદન કરવાને કારણે જે પદાર્થો ભગવાન્‌ના ગણાય તેમ આ દેહ પણ ભગવાન્‌ને નિવેદિત કરવામાં આવ્યો હોવાથી તેનાં પોષણમાં શેનો દોષ હોઇ શકે?*, તો ભગવાને આમ કરવાની આજ્ઞા આપી હોય તો તે એક જુદી વાત છે નહિ તો દોષરૂપ જ ગણાય અને ભગવાન્‌ની પણ આવી જ ઇચ્છા તે બાબતનું જ્ઞાન થવું તો અઘરૂં જ છે.

આવી અનિશ્ચયની સ્થિતિને કારણે જો અનિવેદિત પદાર્થોથી પોતાનો નિર્વાહ ચલાવવાનું વિચારીએ તો તેનો પણ પુષ્ટિમાર્ગીઓમાટે નિષેધ કરવામાં આવ્યો હોવાથી, તે ધર્મવિરુદ્ધ કૃત્ય લાગે છે. જાતે જ ભગવાન્‌ને નિવેદિત કરવામાં આવેલ પદાર્થોથી પોતાનો ગુજરાન ચલાવવાનો તો વિચાર પણ મનમાં લાવવો અનુચિત હોવાથી; ભગવાન્‌ને નિવેદન કરી દેવા છતાંય નિવેદિત પદાર્થોની બાબતમાં તે પોતાનાં છે

એવો અભિમાન રાખ્યા વિના આવો વ્યવહાર શક્ય ન બને.

આમ બન્ને બાજુ જોતા નિવેદન કરનારો પોતાનાં દેહ વિગેરેને જ જો નભાવવા સમર્થ ન રહી જતો હોય તો, એટલે પોતાનું સર્વસ્વ નિવેદન કરીને ભગવાન્‌ના ભજનમાં પ્રવૃત્ત થવું જો શક્ય ન રહી જતી હોય તો, નિવેદન કે ભજન બન્ને વ્યર્થ સિદ્ધ થાય છે, તેથી આ ભજનનો માર્ગ પણ ઉચ્છિન્ન થઈ જવાની સંભાવના પ્રબળ બની જાય છે. તેથી નિવેદન કરવાથી ભજન કરવાનો અધિકાર અને તેનેજ કારણે ભજન કરવાની અશક્યતાને કારણે બન્નેમાં થી કોઈ પણ એક પ્રકારે ભજન શક્ય દેખાતું ન હોવાથી * ચિન્તા સંભવી શકે.

આ શંકાનું સમાધાન કરીએ છીએ : **"પત્ની પુત્ર ગૃહ પ્રાણ વિ. નું જે પરમાત્માને નિવેદન કરે છે, એવા આત્મનિવેદનનાં ધર્મના આચરણને કારણે મનુષ્યોને મારામાં ભક્તિભાવ જ્યારે જાગતો હોય ત્યારે કાંઈ પણ કરવા જેવું તેઓના માટે બાકી રહી જતું નથી"** (ભાગ.પુરા.૧૧।૩।૨૮) ઈત્યાદિ ભાગવતનાં વચનોનાં આધારે નિવેદન તો આવશ્યક જ છે, શ્રીગોકુલેશનાં સાક્ષાદ્ ભજન કરી શકવાના અધિકારરૂપે માન્ય હોવાને કારણે, જેમ દ્વિજજનોમાટે વૈદિક કર્મોનાં અનુષ્ઠાનનો અધિકાર ગાયત્રી મંત્રનાં ઉપદેશરૂપ સંસ્કારને કારણે મળતો હોય છે. (નિવેદન દીક્ષાને સાર્થક બનાવવા ભગવદ્‌ભજન કરી શકાય તે માટે અને જીવનમાં આવશ્યક વસ્તુઓનો વ્યવહાર પણ નિવેદિત પદાર્થોને પોતાનાં ઉપભોગમાં લાવવાથી નભી શકે છે) નહિ તો વિવાહ કર્યા પછી પોતાની પત્નીનો ભગવાન્‌ને નિવેદન કરવા જતા તે નિવેદનકર્તાની પત્ની ન રહી જતી હોય તો કોઈ કન્યા સાથે પરણવું પણ નિરર્થક બની જશે.



બીજી વાત આ કે ભગવાન્‌ને દાન(=ભેટ) રૂપે કાંઈ આપવામાં આવ્યું હોય તો પોતાનાં ઉપભોગ કે ઉપયોગ માં ન લાવી શકાય પણ નિવેદન કરવામાં આવતાં પોતે પણ ઉપભોગ કરવામાં બાધ આવતો નથી. નહિ તો ભગવાન્‌ને નિવેદિત અન્નસામગ્રીનો પ્રસાદ પણ લઈ નહિ શકાય અને અનિવેદિત અન્નનું ભક્ષણ પણ નિષિદ્ધ હોવાથી જીવવું કેમ! તેથી નિવેદિત પદાર્થોનું ભગવત્સેવામાં ઉપયોગ થયા પછી ભગવાન્‌નાં પ્રસાદ રૂપે પોતે પણ તેનો ઉપભોગ કરવો તે તો ઉચિત જ છે, દાસધર્મ હોવાને કારણે. **"ભગવાન્‌નાં દાસો ભગવત્પ્રસાદ જ ગ્રહણ કરતા હોય છે"** (ભાગ.પુરા.૧૧।૬।૪૬) ઈત્યાદિ શાસ્ત્રવચનોના આધારે ભગવત્પ્રસાદનો ઉપભોગ આત્મશોધન કરનારો હોવાથી પણ.

તેથી પ્રભુને નિવેદિત અર્થનો પ્રભુસેવામાં વિનિયોગ થયા બાદ ફરીથી તેને પ્રાપ્ત કરવાનો યત્ન કરવો કે નહિ એવી પણ ચિન્તા થઈ શકે, કેમકે તેમ કરવા જતાં બહિર્મુખ થવાની સંભાવના રહેલી હોય છે. તદ્દુપરાંત તેને કારણે ભગવત્સેવામાં પણ પ્રતિબંધો આવી શકે. કેમકે કહેવાયું છે કે **"પોતાનાં ભક્તોનાં ત્રૈવર્ગિક પુરુષાર્થોના પ્રયાસોમાં ભગવાન્ પ્રતિબંધ કરતા હોય છે..."** (ભાગ.પુરા.૬।૧૧।૨૩) તેથી ભગવત્કૃત પ્રતિબન્ધ પણ થવાની શક્યતા રહેલી છે અને તે ન કરવા જતાં આગળ જઈને ભગવાન્‌ને શું નિવેદન કરવું? અને નિવેદનીય પદાર્થો વિના સેવા કેમ નભી શકે? તેથી દુઃખ થવું સ્વાભાવિક છે. આવી ચિન્તા કરનારા પોતાનાં જનોને ઉપદેશ આપે છે:

**(લૌકિક અથવા અલૌકિક, સેવામાં ઉપયોગી અથવા અનુપયોગી સામગ્રીની બાબતમાં થતી ચિન્તાઓને આત્મનિવેદનનું સાચું સ્વરૂપ જાણી લઈને ચિન્તાનિવારણનો ઉપદેશ)**

કારિકા:

**ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ॥**

ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્॥૧॥

**નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈઃ જનૈઃ॥**
**સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ॥૨॥**

**શ્લોકાન્વયાર્થ :**

**નિવેદિતાત્મભિઃ** = આત્મનિવેદન કરેલા ભક્તે **કદા અપિ** = કોઈ પણ કાળમાં **કા અપિ** = કોઈ પણ **ચિન્તા** = ચિન્તા **ન કાર્યા** = ન કરવી. **ઈતિ** = કેમકે **ભગવાનપિ** = ભગવાન્ પણ **પુષ્ટિસ્થઃ** = પુષ્ટિમાં સ્થિત છે **લૌકિકીં ચ** = લૌકિક પણ **ગતિં** = ગતિ **ન કરિષ્યતિ** = નહીં કરે॥૧॥

**તાદૃશૈઃ** = તાદૃશી **જનૈઃ** = જનોએ **નિવેદનં** = નિવેદનનું **તુ** = તો **સર્વથા** = સર્વ પ્રકારે **સ્મર્તવ્યં** = સ્મરણ કરવું જોઈએ. **સર્વેશ્વરઃ** = સર્વના ઈશ્વર **ચ** = અને **સર્વાત્મા** = સર્વના આત્મા **નિજેચ્છાતઃ** = પોતાની ઈચ્છાનુસાર **કરિષ્યતિ** = કરશે॥૨॥

**ભાવાનુવાદ :**

**આત્મનિવેદન કરનારાઓએ કોઈ પણ જાતની ચિન્તા ક્યારે પણ કરવી જોઈએ નહિ, કેમકે પુષ્ટિમાર્ગમાં ભગવાન્ જીવોની લૌકિક ગતિ થવા દેતા નથી. ભગવદીય જનો સાથે હળીમળીને પોતે જે આત્મનિવેદન કર્યો છે તેનું સ્મરણ સર્વથા કરતા રહેવું બાકી તો સર્વેશ્વર અને સર્વાત્મા ભગવાન્ નિજેચ્છાથી જે કાંઈ કરવાનું હશે તે કરશે જ॥૧-૨॥**

**પ્રકાશ :**

**ચિન્તા કાપિ ન કાર્યા** ઈતિ. લૌકિકતદભાવેઽપિ ભગવદર્થાપિ સા ન કાર્યા. એતદ્ આહુઃ **કાપિ** ઈતિ શબ્દેન, અઙ્ગીકારેણૈવ સર્વં



સ્વતએવ કરિષ્યતિ ઈતિ વિશ્વાસો યતઃ તસ્ય આવશ્યકઃ. ભગવતોઽપિ તથા નિયમઃ. કદાચિત્ પરીક્ષાર્થં પ્રારબ્ધભોગાર્થં વા પ્રભુઃ ચેદ્ વિલમ્બતે, તદાપિ ન કાર્યા ઈતિ આહુઃ **કદાપિ** ઈતિ પદેન. *નનુ લોકવત્ કુટુમ્બાદ્યાસક્ત્યા સ્વસ્યાપિ લૌકિકીં ગતિં કદાચિત્ પ્રભુઃ કુર્યાત્!* તત્ર આહુઃ **ભગવાનપિ** ઈતિ, યતઃ ભગવાનપિ પુષ્ટિસ્થો અતો મર્યાદામાર્ગીયવૈરાગ્યાદ્યભાવેઽપિ 'મહાપુરુષેણ નિવેદિતા'ઈતિ સ્વકીયત્વેન અઙ્ગીકારાત્ તથા ન કરિષ્યતિ ઈતિ અર્થઃ॥૧॥

એવં ચેત્ સ્વાચ્છન્દ્યવ્યવહારાપત્ત્યા બાહિર્મુખ્યં સ્યાદ્ અતઃ આહુઃ :

**નિવેદનન્તુ** ઈતિ, સર્વદા સર્વાંશે તદીયત્વાનુસન્ધાનેન તથા ન ભવિષ્યતિ ઈતિ ભાવઃ. અશક્ત્યા સેવાદ્યસમ્ભવેઽપિ ઈદં કાર્યમેવ ઈતિ જ્ઞાપનાય **તુ** શબ્દઃ. **ચ**કારપક્ષે સમુચ્ચયઃ. **સર્વથા** ઈતિ અસ્ય આવશ્યકત્વજ્ઞાપનાય. અથવા સર્વથા યે તાદૃશાઃ નિવેદિતાત્મત્વેન તત્પરાઃ તૈઃ સહ તથા. એતેન સંગદોષો નિવારિતઃ. અતાદૃશેષુ એતદ્ગોપનં સૂચ્યતે. **સર્વદા** ઈતિ પાઠે કાલાપરિચ્છેદઃ તત્ર ઉચ્યતે. અન્યથા તદૈવ આસુરપ્રવેશઃ સ્યાદ્ ઈતિ ભાવઃ. કદાચિદ્ અલૌકિકાર્થસ્ય લૌકિકસ્ય વા સિદ્ધ્યર્થં પ્રભુઃ પ્રાર્થનીયઃ! ઈતિ પ્રશ્ને 'ન' ઈતિ આહુઃ **સર્વેશ્વરઃ** ઈતિ. અત્ર **'સર્વ'**શબ્દો નિવેદિતાત્મસર્વપરો, યથા, ''સર્વે બ્રાહ્મણાઃ ભોજયિતવ્યાઃ'' ઈત્યત્ર નિમન્ત્રિતાએવ 'સર્વ'પદેન ઉચ્યન્તે, નતુ અન્યેઽપિ. **'સર્વાત્મ'**પદેઽપિ એવં જ્ઞેયમ્. તેન સેવકાઃ સર્વે યથા-યથા પ્રપન્નાઃ, તથા-તથા પ્રભુરપિ તેષુ અંગીકૃતસ્વામિત્વેન આત્મીયત્વમેવ તેષુ મનુતે ઈતિ તદ્ધિતકૃતૌ ન પ્રાર્થનામ્ અપેક્ષતે ઈતિ જ્ઞાપ્યતે. અથવા કાલાદિનિયામકત્વેન ન તત્કૃતોઽપિ પ્રતિબન્ધસમ્ભવઃ ઈચ્છાયામ્ ઈતિ જ્ઞાપનાય **'સર્વ'**પદં કાલાદિપરમ્. પ્રાર્થિતોઽપિ સ્વવિચારિતમેવ કરિષ્યતીતિ પ્રાર્થનાપિ અપ્રયોજિકા ઈતિ જ્ઞાપનાય **નિજેચ્છા** ઈતિ ઉક્તમ્. અથવા **નિજાઃ**=સ્વીયત્વેન અઙ્ગીકૃતાઃ સેવકાઃ, તેષાં પ્રચુરેચ્છાતઃ સ્વયમેવ અપેક્ષિતં કરિષ્યતિ ઈતિ ન પ્રાર્થનાપેક્ષા ઈતિ અર્થઃ. પરન્તુ ઈચ્છાયાઃ અવિકૃતત્વમેવ અપેક્ષિતમ્ ઈતિ જ્ઞાપનાય અવ્યય( 'તઃ' )પ્રયોગઃ॥૨॥

**અનુવાદ:**

ચિન્તા ક્યારે પણ કરવી જોઈએ નહિ વિ. લૌકિક બાબતમાં જેમ ચિન્તા ન કરવી તેમ ભગવાન્‌ની બાબતમાં પણ ચિન્તા ન કરવી. આ જણાવે છે **કોઈ પણ** આવા શબ્દોદ્વારા, અંગીકારદ્વારા સહુ તે પોતે જ સિદ્ધ કરશે એવો વિશ્વાસ આત્મનિવેદન કરનારની ભીતર જરુરી હોય છે. તેમજ ભગવાન્ પણ આવો નિયમ નભાવતાં હોય છે. ક્યારેક જીવની પરીક્ષા લેવામાટે અથવા તો તેનાં પ્રારબ્ધનાં ભોગને કારણે પ્રભુ વિલંબ પણ કરતા હોય તો પણ, ચિન્તા તો કરવી જોઈએ નહિ એમ કહેવા **ક્યારે પણ** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અહિં ફરીથી એક શંકા થાય કે * સાધારણ લોકની જેમ કુટુંબ વિ. માં આસક્તિને કારણે પ્રભુ પોતાની પણ કદાચ લૌકિકી ગતિ તો નહિ કરી નાખે! * આવી શંકાને દૂર કરવા કહે છે **ભગવાન્ પણ** , કેમકે ભગવાન્ પણ કૃપામાર્ગમાં બિરાજમાન હોવાથી મર્યાદામાર્ગીય વૈરાગ્ય આદિનાં અભાવમાં પણ 'મહાપુરુષદ્વારા નિવેદિત થયો છે' તેવા વિચારે જીવનો સ્વકીય તરીકે અંગીકાર કરે છે તેથી આવું ક્યારેય નહિ કરે.

આવી પરિસ્થિતિમાં તો બધાં સ્વચ્છન્દ વ્યવહાર કરવા મંડશે તેથી બહિર્મુખ થવાની સંભાવના પ્રબળ થઈ જાય છે, તેનાંમાટે કહે છે.

**આત્મનિવેદન** વિ. સર્વદા અને સર્વાંશે પોતે નિવેદિત છે તે હકીકતનો અનુસન્ધાન રાખવાથી આવું ક્યારેય બની શકે નહિ એવો ભાવ છે. કોઈ પણ જાતની અશક્તિને કારણે જો ભગવત્સેવા પણ નભતી ન હોય તેવી પરિસ્થિતિમાં પણ પોતે કરેલ આત્મનિવેદનનું સ્મરણ તો આવશ્યક છે જ તે સૂચિત થાય છે **તો** શબ્દ દ્વારા. **અને** અર્થ સ્વીકારીએ તો સમુચ્ચય જાણવો. **સર્વથા** પદનો પ્રયોગ આ બાબતની આવશ્યકતા દેખાડવામાટે કરવામાં આવ્યો છે. અથવા જેઓ પોતે આત્મનિવેદન કરવાને કારણે સર્વથા ભગવત્પરાયણ ભગવદીય



હોય તેઓની સાથે હળીમળીને સ્મરણ કરવું. આથી દુઃસંગના દોષનું પણ નિવારણ શક્ય બની જાય છે. જેઓ આવા ભગવદીય ન હોય તેમનાથી પોતાનાં આત્મનિવેદનની વાત છાની રાખવી, એ પણ સૂચિત થયું. જો **સર્વદા** પાઠ હોય તો તેનો અર્થ આ વાતને કોઈ ચોક્કસ કાલની અવધિનાં અર્થમાં નહિ લેવી તેમ થાય છે. કેમકે આત્મનિવેદનને ભૂલી જતાં તો આસુરભાવના પ્રવેશની સંભાવના પ્રબળ બની જાય છે.

ક્યારેક અલૌકિક કોઈક પદાર્થની બાબતમાં કે લૌકિક વાતની સિદ્ધિ માટે પ્રભુને વિનવવા કે નહિ?

આ પ્રશ્નનાં ઉત્તરરૂપે 'ના' કહે છે **સર્વેશ્વર** વિ. અહિં **'સર્વ'**શબ્દ આત્મનિવેદન કરનારા સહુનો વાચક છે, જેમકે, ''સર્વ બ્રાહ્મણોને ભોજન કરાવો'' આવા વચનમાં નિમન્ત્રિત સહુ બ્રાહ્મણો જ 'સર્વ'પદથી અભિપ્રેત હોય છે, બીજા નહિ. **'સર્વાત્મા'** પદમાં પણ આવી રીતે જ અર્થ કરવો. તેથી પ્રભુનાં સેવકો જેમ-જેમ વધારે પ્રપન્ન બનશે તેમ-તેમ પ્રભુ પણ તેઓની બાબતમાં પોતે અંગીકાર કરેલ સ્વામિત્વને કારણે આત્મીયતા જણાવશે તેથી તેવા જીવોના હિતસમ્પાદનમાં પ્રાર્થનાની અપેક્ષા રાખતા નથી હોતા એમ જણાવવામાં આવ્યું છે. અથવા પ્રભુ કાલ વિ.નાં પણ નિયામક હોવાને કારણે કાલ વિ. પણ પ્રતિબન્ધ કરી શકતાં નથી તે જણાવવા **'સર્વ'** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પ્રભુની આગળ પ્રાર્થના કરવી પણ અનાવશ્યક છે કેમકે પ્રભુ તો પોતાનું ધાર્યું કરશે જ તેથી પ્રાર્થનાથી કોઈ પણ પ્રયોજન સિદ્ધ થતું નથી તે જણાવવા કહ્યું **નિજેચ્છા** . અથવા **નિજ** જેઓનો પ્રભુએ સ્વીય તરીકે અંગીકાર કર્યો હોય તેવા સેવકો, તેઓની જો કોઈ પ્રચુર ઈચ્છા હોય તો પ્રભુ પોતે પણ અપેક્ષિત બધું સિદ્ધ કરશે જ. તેથી પ્રાર્થનાની દરકાર નથી. તે ઈચ્છા, પરન્તુ, વિકૃત ન હોવી જોઈએ તે જણાવવા 'નિજેચ્છાતઃ'

પદમાં 'તઃ' અવ્યયનો પ્રયોગ કરવામાં આવ્યો છે.॥૧-૨॥

**(પોતાનો કે જેઓને પોતાનાં ગણ્યા હોય તેમનો નિવેદિત કે અનિવેદિત કાર્ય કે વ્યક્તિ માટે થતાં વિનિયોગને કારણે ભક્તિમાટે થતી ચિન્તાનું નિવારણ પણ આત્મનિવેદનનાં સ્વરૂપનાં વિચારે દૂર કરી લેવું)**

**અવતરણિકા:**

*નનુ ભગવતે સમર્પિતદેહાદેઃ સ્ત્રીપુત્રાદિષુ વિનિયોગેન સ્વધર્મહાનિચિન્તા બાધતે!* તત્ર આહુઃ :

**કારિકા:**

**સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્ ઈતિ સ્થિતિઃ॥**
**અતો અન્યવિનિયોગેઽપિ ચિન્તા કા સ્વસ્ય સોઽપિ ચેત્॥૩॥**
**અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમ્ આમાત્મનિવેદનમ્॥**
**યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્ તેષાં કા પરિદેવના!॥૪॥**

**શ્લોકાન્વયાર્થ:**

**સર્વેષાં** = બધાનો **પ્રભુસમ્બન્ધઃ** = પ્રભુસમ્બન્ધ (છે) **પ્રત્યેકં** = છૂટા છૂટા દરેકનો **ન** = નથી. **ઈતિ સ્થિતિઃ** = આમ સિદ્ધાન્ત છે. **અતઃ** = આથી **અન્યવિનિયોગે અપિ** = અન્યવિનિયોગમાં પણ **કા** = કઈ **ચિન્તા** = ચિન્તા **ચેત્** = જો **સ્વસ્ય** = પોતાનો **સઃ અપિ** = તેમાં પણ (અન્યવિનિયોગમાં પણ) (**કા** = શું **ચિન્તા** = ચિન્તા)॥૩-૪॥

**ભાવાનુવાદ:**

**આત્મનિવેદન કરતાં સહુનો એકી સાથે પ્રભુ સાથે સમ્બન્ધ જોડાય છે, છૂટા-છૂટા દરેકનો નહિ, તે સ્થિતિને કારણે પ્રભુ કરતાં અન્યોમાટે પણ વિનિયોગ થતો હોય તો પણ પોતે ચિન્તા કરવાનું કોઈ કારણ નથી જ. કોઈકે અજ્ઞાનવશ કે જ્ઞાનવશ આત્મનિવેદન કર્યું હોય તો પણ કૃષ્ણની સાથે પોતાને કેમેય જોડ્યો હોય તેણે શેની ચિન્તા હોઈ શકે!॥૩-૪॥**



**પ્રકાશ:**

**સર્વેષામ્** ઈતિ, સ્વાત્મના સહ યાવન્તો નિવેદિતાઃ તૈઃ સહૈવ સ્વસ્ય અઙ્ગીકારાત્ તેષાં સર્વેષામેવ પ્રભુસમ્બન્ધો નતુ પ્રાધાન્યાત્ સ્વસ્યૈવેતિ તત્ર ઉપયોગે સ્વસ્ય કા ચિન્તા! ન કાપિ ઈતિ અર્થઃ. ઈયં નિવેદને અઙ્ગીકારમર્યાદા ઈતિ આહુઃ **સ્થિતિઃ** ઈતિ. કસ્યચિદ્ વિશેષતો અઙ્ગીકારઃ ચેત્ સા પુષ્ટિઃ ઈતિ ભાવઃ. અથવા પુત્રાદીનામ્ અન્યવિનિયોગદર્શનેઽપિ સ્વસ્ય કા ચિન્તા, તેષામપિ અઙ્ગીકારેણૈવ કૃતાર્થતાસમ્ભવાદ્ ઈતિ અર્થઃ. કિઞ્ચ **'સ્વસ્ય'** ઈતિ પદમ્ આવૃત્તમ્ **'અપિ'**'શબ્દેન સમ્બધ્યતે॥૩॥

યથા પુત્રાદીનાં તથા સ્વસ્યાપિ સો અન્યવિનિયોગઃ ચેત્ તદાપિ ચિન્તા ન કાર્યા ઈતિ આહુઃ: અજ્ઞાનાદ્ ઈતિ, હીનમધ્યમાધિકારિભિરપિ નિવેદિતાત્મભિઃ ચિન્તા ન કાર્યા ભવતિ યત્ર, તત્ર કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ ચિન્તા ન કાર્યા ઈતિ કિમુ વાચ્યમ્! ઈતિ અર્થઃ. કેવલં પ્રભ્વધીનીકૃતપ્રાણાનાં ચિન્તાવિષયાભાવાદેવ ન સા ઈતિ ભાવઃ. અતએવ **'કા'** ઈતિ શબ્દઃ ઉક્તઃ. પદસમ્બન્ધસ્તુ : અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાદ્ યૈઃ તત્ કૃતં તેષાં સા ન ઈતિ શેષઃ. કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ યૈઃ તત્ કૃતં તેષાં સા કા? ઈતિ ઉક્તમ્॥૪॥

**અનુવાદ:**

અહિં ફરીથી એક આશંકા થાય છે કે *ભગવાનને જે દેહ વિ. સમર્પિત કરવામાં આવ્યા તેમનો વિનિયોગ ભગવાનનાં ઠેકાણે સાંસારિક સ્ત્રી-પુત્રાદિ માટે થતો હોય તો સ્વધર્મહાનિની ચિન્તા તો થાય જ!* તેના સમાધાનરૂપે કહે છે :

**સહુનો** વિ., પોતાનાં આત્માની સાથે જેટલા પદાર્થોનું પ્રભુને નિવેદન કરવામાં આવ્યું હોય તેમની સાથોસાથ પોતાનો પણ અંગીકાર પ્રભુએ કર્યો જ છે તેથી સહુનો પ્રભુ સાથે સમ્બન્ધ બંધાય છે

ફક્ત પોતાનો જ પ્રમુખ રીતે નહિ. તેથી અન્યોમાટે ઉપયોગ થતો હોય તો પણ પોતે ચિન્તા કરવાનું કોઈ કારણ રહેતું નથી. આત્મનિવેદની મર્યાદા તો આવી જ છે તેવો **સ્થિતિ** પદનો અભિપ્રાય છે. હવે તેમ છતાંય કોઈકનો વિશેષ અંગીકાર દેખાતો હોય તો તેને વિશેષ પુષ્ટિ સમજવી. અથવા પોતાનાં આત્મનિવેદનને કારણે પુત્ર વિ.નો નિવેદન કર્યો હોવાથી તેમનો જો પ્રભુથી અન્ય કોઈ બાબતમાં વિનિયોગ થતો હોય તો પણ તેમાં પણ પોતે ચિન્તા કરવાનો કોઈ કારણ માની લેવો નહિ, કેમકે તેઓનો પણ અંગીકાર થયેલ હોવાથી કૃતાર્થતા તો સમ્ભવે જ. વળી **'પોતાનો'** પદની આવૃત્તિને કારણે **'પણ'** શબ્દ સાથે જોડી શકાય. ભગવાન્‌ને નિવેદિત કરવામાં આવેલ પુત્ર વિ. ની જેમ પોતાનો પણ પ્રભુ કરતાં અન્યોમાટે વિનિયોગ થતો હોય તો પણ ચિન્તા કરવી જોઈએ નહિ.

તેમ જણાવવા કહે છે **અજ્ઞાનવશ** , હીન કે મધ્યમ અધિકારવાલા આત્મનિવેદન કરનારાઓએ પણ જ્યાં ચિન્તા કરવાની જરુરિયાત નથી, ત્યાં ઉત્તમ અધિકારિતાને કારણે પોતાને શ્રીકૃષ્ણમય બનાવી દેનારાઓને શેની ચિન્તા કરવી યોગ્ય ગણાય! જેઓએ પોતાનાં પ્રાણ પ્રભુને આધીન બનાવ્યા હોય તેઓને માટે ચિન્તા કરવાનો કોઈ વિષય બચી જતો નથી! તેથી **'શેની'** પદનો પ્રયોગ કર્યો. પદોનો અન્વય આમ ગોઠવવો : અજ્ઞાનવશ કે જ્ઞાનવશ જેણે આત્મનિવેદન કર્યું હોય તેને ચિન્તા કરવી જોઈએ નહિ ॥૪॥

**(કરાયેલ આત્મનિવેદનની બાબતમાં અવિશ્વાસને કારણે અથવા તો જેનું પ્રભુને નિવેદન કરવામાં આવ્યું હોય તેનું પ્રભુસેવામાં વિનિયોગ શક્ય ન હોય તો પ્રભુનાં પુષ્ટિસ્વરૂપનું ચિન્તન કરી ચિન્તા દૂર કરવી)**

**અવતરણિકા :**

*નનુ સખ્યાત્મનિવેદને હિ ભગવદઙ્ગીકારેણૈવ સમ્પદ્યેતે, તથાચ સ્વયમ્ આત્મનિવેદને કૃતેઽપિ ''પ્રભુઃ અઙ્ગીકૃતવાન્ ન વા!'' ઇતિ



ચિન્તા ભવત્યેવ ઇત્યત્ર આહુઃ :

**કારિકા :**

**તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ॥**
**વિનિયોગેઽપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥૫॥**

**શ્લોકાન્વયાર્થ :**

**શ્રીપુરુષોત્તમે** = શ્રીપુરુષોત્તમની બાબતમાં **નિવેદને** = નિવેદન વિષયની **ચિન્તા** = ચિન્તા **ત્યાજ્યા** = છોડવી **તથા** = અને **વિનિયોગે અપિ** = વિનિયોગની બાબતમાં પણ **સા** = તે (ચિન્તા) **ત્યાજ્યા** = છોડવી **હિ** = નિશ્ચિતપણે **હરિઃ** = શ્રીકૃષ્ણ **સ્વતઃ** = પોતેજ **સમર્થઃ** = સમર્થ છે ॥૫॥

**ભાવાનુવાદ :**

**તેમજ પુરુષોત્તમે મારું આત્મનિવેદન સ્વીકાર્યું કે નહિ તે બાબતની ચિન્તા પણ પડતી મૂકવી. તેમ જ તે પ્રભુની સેવામાટે પોતાનાં વિનિયોગ બાબતની પણ ચિન્તા ત્યાજ્ય છે, કેમકે દરેક બાબતમાટે શ્રીહરિ પોતે સમર્થ છે ॥૫॥**

**પ્રકાશ :**

**તથા** ઇતિ, પુરુષોત્તમો અઙ્ગીકૃતવાન્ નવા? ઇતિ નિવેદનવિષયિણી યા, સા ત્યાજ્યા, ઉક્તનિવેદનવદ્ ઇતિ અર્થઃ. પુરુષોત્તમેન નિરોધલીલાયાં સ્વતો અન્યભજનં ક્રિયમાણાઃ ભક્તાઃ તસ્માદ્ નિવાર્ય સ્વયમ્ આત્મસાત્કૃતાઇતિ તાદૃશે સ્વયં સર્વાત્મના નિવેદને કૃતે સા શઙ્કા ન ઉચિતા ઇતિ જ્ઞાપનાય **'પુરુષોત્તમ'**પદમ્. તત્રાપિ સ્વરૂપાનન્દદાનેન અનિશં પોષ્યમાણાનાં ભક્તાનાં તદિતરત્ર ઉપયોગાસમ્ભવેનૈવ ન શઙ્કોદયઃ ઇતિ જ્ઞાપનાય **'શ્રી'**પદમ્. તથાચ તદ્યુક્તે તત્ર નિવેદને સા ત્યાજ્યા ઇતિ ભાવઃ. કદાચિદ્ લોકભયાદ્યુપસ્થિતૌ તન્નિવારણાય જીવસ્વભાવવશાદ્

અન્યવિનિયોગેઽપિ તથા ઇતિ આહુઃ **વિનિયોગેઽપિ** ઇતિ, પ્રમાદાત્ તથા સમ્ભવેપિ પ્રભુઃ ન ત્યક્ષ્યતિ, યતઃ તત્સ્વભાવવશાત્ તથાભૂતમપિ ઉદ્ધર્તું તત્સાધનાનપેક્ષઃ ॥૫॥

**અનુવાદ:**

અહિં એક સન્દેહ ઉદ્ભવે કે *પ્રભુ સાથે સખ્યભાવ અથવા તો આત્મનિવેદન પણ પ્રભુએ સ્વીકાર્યું કે નહિ તેના ઉપર નિર્ભર હોવાથી સમ્પન્ન થાય છે, આવી સ્થિતિમાં પોતે આત્મનિવેદન કર્યું હોય તો પણ ''પ્રભુએ તે સ્વીકાર્યો કે નહિ!'' એવી ચિન્તા તો શક્ય છે જ. તેનું સમાધાન આપે છે :

**તેમજ,** પુરુષોત્તમે મારો અંગીકાર કર્યો હોય કે નહિ? આવી આત્મનિવેદન બાબતની જે ચિન્તા પણ ત્યાજ્ય છે. કેમકે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણે વ્રજલીલામાં અન્યોનું ભજન કરનારાઓને પોતે પોતાનાં ભજન તરફ વાળીને પોતાનાં બનાવ્યા હતાં. તેવા પુરુષોત્તમને પોતે બધી રીતે આત્મનિવેદન કર્યું હોય તો આવી શંકા મનમાં પ્રકટ જ ન થવી જોઈએ તે જણાવવા **'પુરુષોત્તમ'** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમાંય પોતાનાં સ્વરૂપાનન્દનાં દાન વડે નિરંતર પોષણ કરવામાં આવતું હોય તેવા ભક્તોનો પુરુષોત્તમથી બીજે કશે ઉપયોગ થઈ જ ન શકે તેથી આવી શંકા કરવી નહીં 'પુરુષોત્તમ' પદની સાથે **'શ્રી'** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેથી શ્રીસહિત જે પુરુષોત્તમ છે તેની બાબતમાં નિવેદનમાટે પણ ચિન્તા કરવી ઉચિત નથી. ક્યારેક લોકમાં કોઈક ભયજનક પરિસ્થિતિની બીકને કારણે તેના નિવારણમાટે જીવનાં સ્વભાવને આધીન થઈ અન્યમાં વિનિયોગ થયો પણ હોય તો પણ ચિન્તા તો નહિ જ કરવી તે જણાવે છે **વિનિયોગની બાબતમાં પણ** વિ.થી. પ્રમાદવશ આવો અપરાધ થયો પણ હોય તો પણ પુષ્ટિપ્રભુ પુષ્ટિજીવનો ત્યાગ કરતા નથી, કેમકે પોતાનાં પુષ્ટિસ્વભાવને કારણે તેવા પ્રમાદી જીવનો ઉદ્ધાર



કરવામાટે તે જીવનાં સાધનાચરણની અપેક્ષા રાખ્યા વિના પ્રભુ ઉદ્ધાર કરવા સમર્થ છે જ ॥૫॥

**(જેણે આત્મનિવેદન કર્યું હોય તેના અથવા તેનાં પરિજનોનાં પણ લૌકિક કે વેદાદિ શાસ્ત્રીય વ્યવહારો સ્વસ્થતાપૂર્વક નભતાં ન હોય તો તે બાબતની ચિન્તા સાક્ષિભાવ મનમાં દૃઢ કરીને દૂર કરી લેવી)**

**અવતરણિકા:**

અઙ્ગીકારે લક્ષણાન્તરમપિ આહુઃ :

**કારિકા:**

**લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ॥**
**પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાઽખિલાઃ ॥૬॥**

**શ્લોકાન્વયાર્થ:**

**યસ્માત્** = કેમકે **પુષ્ટિમાર્ગસ્થિતઃ** = પુષ્ટિમાર્ગમાં સ્થિત છે (**તસ્માત્** = તેથી) **હરિઃ** = હરિ **લોકે** = લોકમાં **તથા** = તથા **વેદે** = વેદમાં **સ્વાસ્થ્યં** = સ્વસ્થતા **ન કરિષ્યતિ** = નહીં રહેવા દે. (**તસ્માત્** = તેથી **તેષુ** = લૌકિક-વૈદિકકર્મમાં) **અખિલાઃ** = સર્વે **સાક્ષિણઃ** = સાક્ષી **ભવત** = થાવ.॥૬॥

**ભાવાનુવાદ:**

**શ્રીહરિ લૌકિક કે વેદાદિ શાસ્ત્રીય વ્યવહારો સ્વસ્થતાથી તો નભાવતાં નથી જ, કેમકે પોતે પુષ્ટિમાર્ગમાં સ્થિત છે તેથી તમો બધાઓએ આ બાબતમાં સાક્ષી બનવાની તકેદારી રાખવી જોઈએ ॥૬॥**

**પ્રકાશ:**

**લોકે** ઇતિ, કદાચિત્ પ્રવાહવશાદ્ લૌકિકે વાણિજ્યાદૌ, વૈદિકે આશ્રમધર્માદૌ વા સ્થિતૌ તત્ર વિઘ્નએવ ભવતિ, નતુ તત્ફલમ્ ઇતિ

અર્થઃ. તત્ર હેતુઃ **પુષ્ટિ...** ઈતિ. તદ્વિનાપિ સ્વબલેનૈવ સર્વકર્તા યતઃ ઈતિ ભાવઃ. પુષ્ટિમાર્ગાઙ્ગીકારે મર્યાદાં ન સહતે ઈતિ જ્ઞેયમ્. એવં સતિ કિં કાર્યમ્? ઈતિ આકાઙ્ક્ષાયામ્ આહુઃ **સાક્ષિવત્** તત્કૃતં પશ્યત॥૬॥

**અનુવાદ:**

તદુપરાંત બીજું પણ લક્ષણ આત્મનિવેદનનાં અંગીકારની બાબતમાં આપે છે:

**લૌકિક** વિ., ક્યારેક સાંસારિકતાનાં પ્રવાહમાં તણાઈને લૌકિક ઉદ્યોગ-ધંધામાં કે વૈદિક વર્ણાશ્રમનાં ધર્મ વિ.માં પુષ્ટિજીવ તણાતો હોય ત્યારે તેમાં ભગવાન્ વિઘ્ન જ કરતા હોય છે, તેને સફલ થવા દેતા નથી. તેમાં હેતુ એક જ કે તે જીવની માફક પ્રભુ પણ **પુષ્ટિમાર્ગમાં સ્થિત છે.** લૌકિક/વૈદિક પુરુષાર્થો વિના પણ પોતાનાં બલથી પ્રભુ બધું સિદ્ધ કરવા સમર્થ છે. એટલે કે પુષ્ટિમાર્ગમાં જીવનો અંગીકાર કરનાર પ્રભુ લૌકિક કે વૈદિક મર્યાદાઓને સાંખતા નથી. ત્યારે શું કરવું? આનું સમાધાન આપે છે **સાક્ષિ**ભાવે પ્રભુ જે કરે તેને જોતાં રહેવું॥૬॥

**(ભગવત્સેવામાં ક્યારેક ગુરુ-આજ્ઞાનું પાલન કરવા જતાં ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન થઈ જાય અથવા ભગવદાજ્ઞાનું પાલન કરવા જતાં ગુરુ-આજ્ઞાનું ઉલ્લંઘન થતું હોય ત્યારે ભગવત્સેવાનું મુખ્ય તાત્પર્ય વિવેક વાપરીને ચિન્તા દૂર કરી લેવી)**

**કારિકા:**

**સેવાકૃતિઃ ગુરોઃ આજ્ઞા બાધનં વા હરીચ્છયા॥**
**અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્॥૭॥**

**શ્લોકાન્વયાર્થ:**

**ગુરોઃ** = ગુરુની **આજ્ઞા** = આજ્ઞા (અનુસાર) **સેવાકૃતિઃ** = સેવા કરવી



**વા** = અથવા **હરીચ્છયા** = હરિની ઈચ્છાથી **બાધનં** = બાધન પણ. **અતઃ** = આથી **સેવાપરં** = સેવાપરાયણ **ચિત્તં** = ચિત્તને **વિધાય** = કરીને **સુખમ્** = સુખેથી **સ્થીયતામ્** = રહો॥૭॥

**ભાવાનુવાદ:**

**સેવાની કૃતિમાં ગુરુ-આજ્ઞાની પ્રમુખતા સ્વીકારવી અને હરીચ્છાને આધીન થઈ ક્યારેક ગુરુ-આજ્ઞાનું ઉલ્લંઘન પણ થઈ શકે. તેથી જેમ બને તેમ પ્રભુસેવામાં ચિત્ત પરાયણ રહે તેની કાળજી લઈને સુખથી રહેવું જોઈએ॥૭॥**

**પ્રકાશ:**

**સેવાકૃતિઃ** ઈતિ, ગુર્વાજ્ઞાયાઃ અબાધનં યથા ભવતિ, તથા સેવાકૃતિઃ પૂર્વમ્ અપેક્ષિતા. એવં વર્તમાનાનાં કદાચિદ્ વિશેષતો ભગવદાજ્ઞા ચેદ્ ગુર્વાજ્ઞાવિરુદ્ધા ભવેત્ તદા તથા કાર્યમ્ ઈતિ આશયેન આહુઃ **બાધનં વા હરીચ્છયા** વિકલ્પેન અબાધનમ્ ઈતિ અર્થઃ. એવં સતિ ગુર્વાજ્ઞાયાઃ અબાધને બાધને વા સેવૈવ મુખ્યા યતો અતઃ તથૈવ સ્થેયમ્ ઈતિ આહુઃ **અતઃ** ઈતિ. એવં સતિ પર્યવસિતં સુખમેવ ઈતિ આશયેન **સુખમ્** ઈતિ ઉક્તમ્॥૭॥

**અનુવાદ:**

**સેવાની કૃતિમાં,** પ્રાથમિક રૂપે ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય તેવી રીતે કરવાનો પ્રયાસ રાખવો, તેમ નભાવતાં છતાંય ક્યારેક ભગવાન્‌ની કોઈ વિશેષ આજ્ઞા ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ જણાતી હોય તો ત્યારે ભગવદાજ્ઞાને શિરોધાર્ય કરવી તેથી કહે છે **ક્યારેક ગુરુ-આજ્ઞાનું ઉલ્લંઘન પણ શ્રીહરિની ઈચ્છાને આધીન થઈને** કરવું પડે ત્યારે ચિન્તા કરવી નહિ. કેમકે બન્ને વિકલ્પ સંભવી શકે. તાત્પર્ય કે ગુરુની આજ્ઞાનું પાલન કે ઉલ્લંઘન બેઉમાં પ્રમુખતા પ્રભુસેવાની માનીને

રહેવું જોઈએ આ વાત જણાવે છે **તેથી** પદના પ્રયોગથી. આમ કરતાં પર્યવસાનમાં સુખ જ થાશે તે કહે છે **સુખથી** પદ દ્વારા ॥૭॥

**(આ ઉપદેશો મુજબ જેની ચિન્તા દૂર કરી શકાતી હોય કે ન કરી શકાતી હોય ત્યારે ભગવાન્‌ની તેવી લીલાની ભાવના રાખીને અથવા ભગવાન્‌ની શરણાગતિ ની ભાવના રાખીને ચિન્તા દૂર કરવાનો ઉપદેશ)**

<u>અવતરણિકા:</u>

કદાચિત્ પુત્રાદિવિયોગશઙ્કાજનિતદુઃખેન ચિન્તાસમ્ભવે ગતિમ્ આહુઃ :

<u>કારિકા:</u>

**ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્ યદ્-યત્ કરિષ્યતિ ॥**
**તથૈવ તસ્ય લીલા ઈતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ॥૮॥**
**તસ્માત્ સર્વાત્મના નિત્યં "શ્રીકૃષ્ણઃ શરણં મમ" ॥**
**વદદ્ભિર્ એવં સતતં સ્થેયમ્ ઈત્યેવ મે મતિઃ ॥૯॥**

<u>શ્લોકાન્વયાર્થ:</u>

**ચિત્તોદ્વેગં** = ચિત્તમાં ઉદ્વેગને **વિધાય** = પ્રકટ કરીને **હરિઃ** = હરિ **યદ્યત્** = જે જે **કરિષ્યતિ** = કરે છે **તથા એવ** = તેજ પ્રમાણે **તસ્ય** = તેમની **લીલા** = લીલા છે **ઈતિ** = એમ **મત્ત્વા** = માનીને **ચિન્તાં** = ચિન્તાને **દ્રૂતં** = તરતજ **ત્યજેત્** = છોડી દો ॥૮॥

**તસ્માત્** = તેથી **સર્વાત્મના** = બધા પ્રકારે (પૂર્ણપણે) **નિત્યં** = નિત્ય **શ્રીકૃષ્ણઃ** = શ્રીકૃષ્ણ **મમ** = મારા **શરણં** = આશ્રય છે **સતતં** = સતત **વદદ્ભિઃ** = બોલતા બોલતાં **એવં** = આમ **સ્થેયં** = રહેવું **ઈતિ એવ** = આમ જ **મે** = મારી **મતિઃ** = માનવું છે ॥૯॥



<u>ભાવાનુવાદ:</u>

**શ્રીહરિ ક્યારેક ભક્તનાં ચિત્તમાં ઉદ્વેગ પ્રકટ કરીને પણ જે કાંઈ કરે તે તેમની લીલા જાણીને ચિન્તા તો વ્હેલી તકે ત્યજી દેવી જ સારી. તેથી સર્વાત્મના નિત્યપ્રતિ "શ્રીકૃષ્ણઃ શરણં મમ" ની સતત રટણ કરતાં રહેવું જોઈએ એવી મારી મતિ છે ॥૯॥**

<u>પ્રકાશ:</u>

**ચિત્તોદ્વેગમ્** ઈતિ.

*નનુ ઈદમ્ અખિલમ્ અશક્યમિવ ભાતિ. તથાહિ શ્રવણમ્ આરભ્ય સખ્યપર્યન્તાગતૌ હિ પશ્ચાદ્ નિવેદનવાર્તા. તત્ર પ્રત્યેકં તદેવ દુરાપમિતિ દૂરતરા નિવેદનદિગપિ. અતઃ તત્કૃતચિન્તા-ऽન્યવિયોગચિન્તાદિસમાહિતિઃ નિરર્થેતિ વિચાર્ય સાધનફલે એકીકૃત્ય સર્વસમાધાનમ્ આહુઃ :

તસ્માદ્ ઈતિ, યસ્માદ્ ઉક્તરીત્યા સ્વતઃ સર્વમ્ અશક્યમ્, અતઃ સર્વાત્મના શરણાગતૌ પ્રભુરેવ સમ્પાદયિષ્યતિ ઈતિ હૃદયમ્. ભક્તિમાર્ગીયાન્ સર્વાન્ અંશાન્ વિચાર્ય તત્ર પ્રતિબન્ધં સ્વાશક્તિં ચ સ ચેત્ પશ્યતિ, તદા સર્વાત્મના તથા ભવતિ. **નિત્યમ્** ઈતિ નૈરન્તર્યમ્ ઉચ્યતે. અન્યથા કાલેન આસુરધર્મપ્રવેશઃ સ્યાત્. અન્તઃકરણે તથાભાવે અતથાભાવે વા તથા વદનમ્ આવશ્યકમ્ ઈતિ જ્ઞાપયિતું **સતતમ્ એવં વદદ્ભિઃ** ઈતિ ઉક્તમ્. એવં સતિ લોકશિક્ષાપિ આનુષઙ્ગિકી સિધ્યતિ. એવમ્ ઉક્તપ્રકારેણ સેવાપરતયા સ્થેયમ્ ઈતિ અર્થો વા. **નનુ** ઈદમપિ ન સ્વશક્યમ્ ઈતિ આશઙ્ક્ય **"યમેવ એષ વૃણુતે"** (કઠોપ.૨।૨૨) ઈતિ શ્રુતેઃ મમ **મતિઃ ઈત્યેવ** એવંપ્રકારિકૈવ ઈતિ અર્થઃ.

<u>અનુવાદ:</u>

ક્યારેક પુત્ર કે તેવા સગા-વ્હાલાના વિયોગ થવાની આશંકા

રૂપી દુઃખને કારણે ચિન્તા થાય ત્યારે શું કરવું? તે જણાવે છે:

**ચિત્તમાં ઉદ્વેગ પ્રકટ** વિ. જો મનમાં આ બધી વાતો અશક્ય લાગતી હોય તો *કેમકે નવધા ભક્તિપૈકી શ્રવણથી શરુઆત કરીને સખ્યભાવની સિદ્ધિ સુધી કોઇક પહોંચે ત્યારે આત્મનિવેદનની વાત પ્રાસંગિક બનતી હોય છે. તે નવધા પૈકી કોઇ પણ એક પ્રકારની ભક્તિને નભાવવું સહજ નથી હોતું ત્યાં આત્મનિવેદનની દિશા પણ શોધે જડી ન શકે. તેથી તેવા આત્મનિવેદનની બાબતમાં ચિન્તા અને તેને દૂર કરવાના ઉપાયોની વાતો નિરર્થક જણાય છે*. તેથી સાધન અને ફળ બેઉને એકમેક કરીને હવે બધી વાતોના સમાધાનરૂપે કહે છે:

**તેથી** વિ. કેમકે ઉપર જણાવ્યા પ્રમાણે પોતાની દૃષ્ટિથી જોવા જતાં તો બધું અશક્ય જ લાગતું હોય છે, તેથી સર્વાત્મના શરણાગતિ સ્વીકારતાં પ્રભુ પોતે બધું સમ્પાદિત કરશે એવો ભાવ છે. ભક્તિમાર્ગીય બધા પાસાઓનો વિચાર કરીને તેમાં કનડગત ઉભી કરતા પ્રતિબંધો અને તેમને દૂર કરવામાં જીવની અસામર્થ્ય જણાતાં, પ્રભુ પોતે બધી રીતે રક્ષક બની જતાં હોય છે. **નિત્યપ્રતિ** એટલે નિરંતર આમ કરતાં રહેવું જોઇએ. અન્યથા કાલક્રમે આસુરાવેશ થવાની શક્યતા રહેલી છે. તેથી પોતાનાં અન્તઃકરણમાં આવા ભાવો જાગતા હોય કે ન જાગતા હોય ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' ની રટણ તો કરતા રહેવું આવશ્યક છે જ. તે જણાવવા **સતત રટણ** ની વાત કહી. આથી લોકશિક્ષણ આનુષંગિક રીતે સિદ્ધ થઇ જતું હોય છે. અથવા તો કહેલા પ્રકારે સેવામાં પરાયણ થઇને રહેવું આમ તાત્પર્ય સમજી શકાય. જો આ પણ શક્ય ન હોય તો સમજી લેવું કે **''જેનું આ પરમાત્મા વરણ કરે તે જીવાત્મા તેને પામી શકે છે''** (કઠોપ.૨।૨૨) આ શ્રુતિ મુજબ મારી તો મતિ આવી જ છે **મતિ આવી જ** એટલે આવી જાતની છે એવો અર્થ સમજવો.



**ભક્તિમાર્ગે પ્રવૃત્તસ્ય દાર્ઢ્યાર્થમ્ ઇદમ્ ઉચ્યતે ॥**
**અન્ધસ્ય સૂર્યઇવ તદ્વિમુખસ્ય અત્ર ન અર્થિતા॥૨॥**
**ભક્તિમાર્ગસુધાસિન્ધોઃ વિચારમથનૈઃ સ્વયમ્॥**
**સ્ફુટીકૃતાનિ રત્નાનિ શ્રીમદાચાર્યપણ્ડિતૈઃ॥૩॥**
**મયા ઉજ્જ્વલીકૃતાનિ ઇત્થં હૃદિ ધૃત્વા વ્રજાધિપમ્॥**
**ભજન્તુ ભક્તા યેન અસૌ ન વિમુઞ્ચતિ કર્હિચિત્॥૪॥**


**ભક્તિમાર્ગે ઉપર ચાલવા માગતા પુરુષની દઢતામાટે આમ કહેવામાં આવ્યું છે અન્ધજનને જેમ સૂર્યના પ્રકાશનો લાભ મળતો નથી તેમ ભગવદ્વિમુખ જીવોને આ માર્ગ ઉપર ચાલવાની દરકાર રાખવી જોઇએ નહિ॥૨॥**

**ભક્તિમાર્ગની સુધાનાં સિન્ધુમાંથી વૈચારિક મન્થન દ્વારા આ નવ રત્નો શ્રીમદાચાર્યચરણના પણ્ડિતોએ પ્રકટ કર્યા છે॥૩॥**

**મે તો તે રત્નોને ઉજ્વલ બનાવ્યા છે વ્રજાધિપને હૃદયમાં ધારણ કરીને જેથી ભક્તો તેમને એવી રીતે ભજી શકે કે તે ક્યારેય ભક્તોનો ત્યાગ કરે નહિ॥૪॥**

ઇતિ શ્રીવિટ્ઠલેશદીક્ષિતવિરચિતો નવરત્નપ્રકાશઃ સમાપ્તઃ

આમ શ્રીવિટ્ઠલેશ દીક્ષિત વિરચિત નવરત્નપ્રકાશ સમ્પૂર્ણ થયો





॥શ્રીમદ્વિટ્ઠલેશ્વરવિરચિતાવિવૃત્તિસમેતા॥

# સિદ્ધાન્તમુક્તાવલી

(શ્રીકૃષ્ણસેવોપદેશપરા)

ગોસ્વામિ શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણની વિવૃતિ સાથે
(શ્રીકૃષ્ણસેવાનો ઉપદેશ)

(સ્વમાર્ગીય સિદ્ધાંતના વિનિશ્ચયનાં ઉપદેશાર્થ સિદ્ધાન્તમુક્તાવલીનું મંગલાચરણ)

કારિકા :

**નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાન્તવિનિશ્ચયમ્॥**

શ્લોકાન્વયાર્થ :

હરિં = હરિને **નત્વા** = નમન કરીને **સ્વસિદ્ધાન્તવિનિશ્ચયમ્** = આપણાં સિદ્ધાન્તના વિશેષ નિશ્ચયને (અહં = હું) **પ્રવક્ષ્યામિ** = સારીરીતે કહું છું.

ભાવાનુવાદ :

**હરિને વન્દન કરીને સ્વસિદ્ધાન્તની બાબતમાં મારો વિનિશ્ચય અહિં કહીશ॥**

વિવૃતિમંગલાચરણ :

પ્રણમ્ય પિતૃપાદાબ્જપરાગમ્ અનુરાગતઃ ।
કૃપયા વિશદીકુર્મઃ તદ્વાક્મુક્તાફલાવલીમ્॥૧॥

**સ્વસિદ્ધાન્ત...** ઇતિ, અગ્રે વક્ષ્યમાણૈઃ બહુભિઃ મિથો વિરુદ્ધૈઃ

સિદ્ધાન્તૈઃ શાસ્ત્રાર્થસન્દેહે તન્નિરાસાય **સ્વસિદ્ધાન્તરૂપં** શાસ્ત્રાર્થનિશ્ચયં વક્ષ્યામિ ઈતિ અર્થઃ.

**અનુવાદ :**

મારાં પિતાશ્રીનાં ચરણકમલોનાં પરાગને અનુરાગપૂર્વક નમન કરીને તેમની કૃપાથકી તેમની વાણીની મુક્તાફલાવલીને વિશદ કરવા માગુ છું ॥૧॥

**સ્વસિદ્ધાન્ત...** એટલે, આગળ જે પરસ્પર વિરુદ્ધ જણાતાં ઘણાં બધાં સિદ્ધાંતો જે કહેવામાં આવશે તેમને કારણે શાસ્ત્રોનાં વાસ્તવિક અભિપ્રેતાર્થની બાબતમાં સન્દેહ જો થાય તો તેનાં નિરાકરણમાટે **સ્વસિદ્ધાન્તરૂપ** શાસ્ત્રાર્થની બાબતમાં મારો નિર્ધાર કહેવા માંગુ છું, એવો અભિપ્રાય છે.

**( શ્રીકૃષ્ણસેવા [૧] નિત્યકર્તવ્ય છે તેનો ઉપદેશ, [૨] સેવાની ફલાવસ્થાનું લક્ષણ, [૩] સેવાનું સ્વરૂપલક્ષણ, [૪] સેવાની સાધનાવસ્થાનું લક્ષણ અને [૫] તેનું અવાન્તર ફલ )**

**અવતરણિકા :**

તમેવ આહુઃ **કૃષ્ણસેવા** ઈતિ :

**કારિકા :**

> **કૃષ્ણસેવા સદા કાર્યા[૧] માનસી[૨] સા પરા મતા ॥૧॥**
> **ચેતસ્તત્પ્રવણં સેવા[૩] તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા[૪] ॥**
> **તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્ બ્રહ્મબોધનમ્[૫] ॥૨॥**

**શ્લોકાન્વયાર્થ :**

**કૃષ્ણસેવા** = કૃષ્ણની સેવા **સદા** = હમેંશા **કાર્યા** = કરવી, **સા** = તે **માનસી** = માનસી ( **ચેત્ તદા** = થાય ત્યારે ) **પરા** = ફળરૂપા **મતા** = મનાયેલી છે. ॥૧॥



**ચેતઃ** = ચિત્તનું **તત્પ્રવણં** = કૃષ્ણમાં પરોવાઈ જવું **સેવા** = સેવા છે. **તત્સિદ્ધ્યૈ** = તેની સિદ્ધિને માટે **તનુવિત્તજા (કર્તવ્યા)** = તનુવિત્તજા સેવા કરવી. **તતઃ** = તેથી **સંસારદુઃખસ્ય** = સંસારદુઃખની **નિવૃત્તિઃ** = નિવૃત્તિ **બ્રહ્મબોધનમ્** = બ્રહ્મનો બોધ ( **ભવતિ** ) = થાય છે ॥૨॥

**ભાવાનુવાદ :**

**કે [૧] કૃષ્ણસેવા સદા-સર્વદા કરવી જોઈએ અને [૨] તે જો મનથી થવા મંડે તો પરાકોટીને કહેવાય ॥૧॥ [૩] ચિત્ત ભગવાન્‌માં પ્રવણ થઈ જાય તે સેવા અને [૪] તે ચિત્તને સેવામાં પ્રવણ કરવાનો ઉપાય પોતનાં તન અને પોતાનાં વિત્ત નું ભગવાન્‌માં વિનિયોગ કરવો તે, [૫] તેમ કરતાં સંસારનાં દુઃખની નિવૃત્તિ અને બ્રહ્મનો બોધ પણ હાસલ થઈ જાય છે ॥૨॥**

**વિવૃતિ :**

**ફલાત્મકનામોક્ત્યા સ્વતઃ પુરુષાર્થત્વેન સેવાકૃતિઃ સ્વસિદ્ધાન્તો, નતુ અન્યશેષત્વેન ઈતિ જ્ઞાપ્યતે. સેવા હિ સેવકધર્મઃ. તદુક્ત્યા જીવાનામ્ અશેષાણાં સહજદાસત્વં જ્ઞાપિતમ્. અતએવ ન કર્મણીવ અત્ર કાલપરિચ્છેદો અસ્તિ ઈતિ આહુઃ સદા** ઈતિ. આવશ્યકાર્થક'ણ્યત્'પ્રત્યાન્ત- **'કાર્ય'**પદોક્તયા તદકરણે પ્રત્યવાયી ભવતિ ઈતિ ભાવો જ્ઞાપ્યતે. સાચ ફલરૂપા સાધનરૂપા ચ આસ્તે. તત્ર **માનસી સા પરા** ફલરૂપા ઈતિ અર્થો, યથા, વ્રજસીમન્તિનીનામ્. તદેવ તત્પ્રાણનાથેન ગીતં **"તાઃ ન અવિદન્ મયિ અનુષંગબદ્ધધિયઃ સ્વમ્ આત્માનમ્, અદઃ તથા ઈદમ્"** ( ભાગ.પુરા.૧૧।૧૨।૧૨ ) ઈત્યાદિના.

એતદેવ સેવાસ્વરૂપમ્ ઈતિ આહુઃ ચેતસ્... ઈતિ. ઉક્તસેવાસાધને ઈતરે ઈતિ આહુઃ **તદ્** ઈતિ, વિત્તં દત્વા અન્યેન પુરુષેણ કૃત્વા કારિતા એકા—એતાદશેન પુંસા કૃતા ચ અપરા, એતાદશ્યૌ તે તત્સાધિકે

ન ઇતિ અભિપ્રાયજ્ઞાપકં સમસ્તં પદમ્. એતેન ભગવદર્થં નિરુપધિ-સ્વસર્વસ્વ-નિવેદનપૂર્વકં તત્રૈવ સ્વદેહવિનિયોગે પ્રેમ્ણિ જાતે સા ભવતિ ઇતિ ભાવઃ. એતાદૃશસ્ય અવાન્તરફલં ભવતિ ઇતિ આહુઃ **તતઃ** ઇતિ. અહન્તા-મમતાત્મકઃ **સંસારો** નતુ પ્રપઞ્ચાત્મકઃ, તસ્ય બ્રહ્માત્મકત્વાત્, તન્નિવૃત્યા અનિષ્ટનિવૃત્તિઃ ઉક્તા. ઇષ્ટપ્રાપ્તિમ્ આહુઃ અગ્રે સ્વાત્મનિ પ્રપઞ્ચે ચ અક્ષર**બ્રહ્માત્મ**કત્વેન જ્ઞાનમ્. ભગવત્સેવાયામ્ અભિનિવિષ્ટસ્ય યદ્યપિ અનભિલષિતે તે, તથાપિ વસ્તુસ્વભાવાદ્ ભવતઃ ઇતિ ભાવઃ.

**અનુવાદ:**

તે અભિપ્રાય જણાવે છે **કૃષ્ણસેવા** કહીને, 'કૃષ્ણ' આ તો ફલાત્મક નામ છે અને તેમની સેવા કરવી જોઇએ એમ કહીને સેવા કરવી તેને પોતાને ફલરૂપે સ્વીકારીને કરવાનો સિદ્ધાન્ત જણાવ્યો, નહિ કે બીજા કોઇ ફલની સાધન તરીકે. કેમકે સેવા એ તો સેવકનો ધર્મ જ હોય. આમ કહીને બધશ જ જીવો ભગવાન્‌ના સહજ દાસ કે સેવક છે તે જણાવ્યું. તેથી જ શ્રીકૃષ્ણની સેવામાંટે સમયનું બંધન સ્વીકારવાં આવતું નથી તેથી **સદા** કરવાની વાત કહી. વ્યાકરણશાસ્ત્ર મુજબ **કાર્યં** પદમાં પ્રયોજેલ 'ણ્યત્'પ્રત્યયનો અર્થ આવશ્યકતા થાય છે. તેથી સેવા ન કરના દોષભાગી થવાય છે એમ જણાવવામાં આવ્યું. તે સેવાનાં બે રૂપો : એક સાધનરૂપા અને બીજી ફલરૂપા. તે પૈકી **માનસી સેવાને પરા** ફલરૂપા સમજવી, જેમ, વ્રજની ગોપિકાઓનું મન શ્રીકૃષ્ણમાં સદંતર પુરોવાઇ ગયું હતું. આ વાત ગોપિકાઓનાં પ્રાણપ્રિય શ્રીકૃષ્ણે પણ સ્વીકારેલી છે **''તેઓની બુદ્ધિ મારાંમા આટલી બધી ચોંટી ગયી કે તેઓને પોતાની કે પારકાની ભેદબુદ્ધિ બાકી રહી નહિ''** ( ભાગ.પુરા.૧૧।૧૨।૧૨ ) વિગેરે વચનોમાં. સેવાનું સાચું સ્વરૂપ આજ છે તે કહે છે **ચિત્ત...** એટલે, ઉપદેશાયેલી સેવાનાં સાધનો જુદા છે તે જણાવે છે **તે ચિત્તને** એટલે, વિત્ત આપીને બીજા પુરુષનાં તનથી કરાવવામાં આવેલી ક્રિયા તે એક ઉપાય—આમ પારકું વિત્ત લઇને પોતાનાં તનથી



કરવામાં આવતી ક્રિયારૂપે કરવામાં આવતો ઉપાય બીજો, આ બન્ને ઉપાયો વડે સેવા સિદ્ધ થઇ શકે નહિ. તેથી 'તન' અને 'વિત્ત' નોખાં-નોખાં પદો ન વાપરી સમાસદ્વારા જોડીને એક 'તનુવિત્તજા' પદ વાપરવામાં આવ્યું છે. આથી ભગવદર્થે કોઇ પણ બીજા પ્રયોજનો મનમાં રાખ્યા વિના પોતાનું સ્વસર્વસ્વ પ્રભુને નિવેદિત કરીને તે પ્રભુમાટે પોતાના તનનો પણ જે વિનિયોગ પ્રેમપૂર્વક કોઇ કરતો હોય તો સેવા કરી કહેવાય. આમ સેવા કરનારને અવાન્તર=પેટા ફળ કયું મળે તે જણાવે છે **તેમ કરતાં** દ્વારા. અહન્તા-મમતાત્મકઃ **સંસાર** અહંતા-મમતારૂપ નહિ કે પાંચભૌતિક જગદ્રૂપ, કેમકે તેતો બ્રહ્મમાત્મક હોય છે, તેવા સંસારનાં દુઃખની નિવૃત્તિ તે અનિષ્ટની નિવૃત્તિરૂપે કહેવાયી છે. ઇષ્ટની પ્રાપ્તિરૂપે આગળ જઇને પોતાનાં આત્માનું અને તેમજ પાંચભૌતિક જગત્‌નું પણ અક્ષર**બ્રહ્મ**રૂપે જ્ઞાન થવું તે છે. ભગવત્સેવામાં જે પરાયણ હોય તેને આ બાબતની દરકાર હોય નહિ છતાંય તે પેટા ફલો મળે જ છે, તનુવિત્તરૂપ અહંતા-મમતાને ભગવાનમાટે વાપરવાને કારણે.

**( પુષ્ટિમાર્ગીય સેવામાં સેવ્ય બ્રહ્મનાં, પર તથા અક્ષર એવા બે પ્રભેદ છે, તે અક્ષરબ્રહ્મનાં પાછા જગદ્રૂપ અને જગદ્વિલક્ષણ એવા બે ઉપભેદો છે )**

**અવતરણિકા:**

ઇદમેવ પરં બ્રહ્મ ઇતિ ન જ્ઞેયમ્ ઇતિ આહુઃ :

**કારિકા:**

**પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ સચ્ચિદાનન્દકં બૃહત્॥**
**દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદ્ એકં તસ્માદ્ વિલક્ષણમ્॥૩॥**

**શ્લોકાન્વયાર્થ:**

**પરં બ્રહ્મ** = પરં બ્રહ્મ **તુ** = તો **કૃષ્ણો** = કૃષ્ણ **હિ** = જ

( **અસ્તિ** = છે ). **સચ્ચિદાનન્દકં** = સત્-ચિત્ અને આનન્દવાળો **બૃહત્** = વિશાલ અક્ષરબ્રહ્મ છે. **તદ્ હિ** = તે જ અક્ષરબ્રહ્મ **દ્વિરૂપં** = દ્વિરૂપ (છે). **એકં** = એક **સર્વં** = બધારૂપે **સ્યાદ્** = થાય છે. **અપરં** = બીજો **તસ્માદ્** = તેનાથી (સર્વથી) **વિલક્ષણમ્** = વિલક્ષણ ( **અસ્તિ** = છે ) ॥૩॥

ભાવાનુવાદ:

**પરં બ્રહ્મ તો કૃષ્ણ જ છે બૃહદ્ એટલે અક્ષરબ્રહ્મ**
**તો સચ્ચિદાનન્દક હોય છે॥ તેનાં બે રૂપો હોય**
**એક રૂપે તે બધા રૂપો ધારણ કરે છે અને બીજા**
**રૂપે બધાં જ તે રૂપોથી વિલક્ષણ પણ॥૩॥**

વિવૃતિ:

**પરં બ્રહ્મતુ** ઇતિ, યશોદોત્સંગલાલિતો, નતુ અન્યઃ ઇતિ જ્ઞાપનાય મૂલનામ ઉક્તમ્. અત્ર ભેદકં રૂપમ્ આહુઃ **સચ્ચિદ્...** ઇતિ. એતેહિ ભગવદ્ધર્માત્મકાઃ, પ્રકટ-તત્-ત્રિતયાત્મકમ્ અક્ષરં બ્રહ્મ. અતએવ પ્રપઞ્ચઃ તદાત્મકઇતિ સચ્ચિદાનન્દાત્મકત્વં તસ્મિન્ ઉચ્યતે. એતાવાન્ પરં વિશેષો : જડે સદંશઃ પ્રકટઃ ઇતરૌ આચ્છન્નૌઃ, જીવેતુ આદ્યૌ પ્રકટૌ આનન્દાંશઃ તિરોહિતઃ, પરમાત્મનિ ત્રયં સ્ફુટમ્ - ઇતિ. 'ક'પ્રત્યયેન ગણિતાનન્દત્વમેવ નતુ પુરુષોત્તમવત્ પૂર્ણાનન્દત્વમ્ ઇતિ જ્ઞાપ્યતે. **'કૃષ્ણ'**શબ્દેનૈવ પુરુષોત્તમસ્વરૂપં નિરૂપિતમિતિ અક્ષરસ્વરૂપં નિરૂપયન્તિ **દ્વિરૂપમ્** ઇતિ. **તદ્** અક્ષરં બ્રહ્મ. તદેવ રૂપદ્વયં વિશદયન્તિ **સર્વં સ્યાદ્** ઇતિ, પ્રપઞ્ચરૂપેણ આવિર્ભૂતમ્ એકમ્ ઇતિ અર્થઃ. એકં રૂપં **તસ્માત્** પ્રપઞ્ચરૂપાદ્ [1]એકરૂપત્વેન [2]શ્રુતિપ્રતિપાદ્યત્વેન [3]જ્ઞાન્યુપાસ્યત્વેન [4]તન્મુક્તિસ્થાનત્વેન [5]પુરુષોત્તમાધિષ્ઠાનત્વાદિભિઃ **વિલક્ષણમ્** ઇતિ અર્થઃ. નચ વિરુદ્ધધર્મૈઃ ભેદો અત્ર શઙ્કનીયઃ, ઉભયોઃ ધર્મયોઃ એકત્ર પ્રમાણસિદ્ધત્વેન વિરોધાભાવાત્. વિરુદ્ધધર્માશ્રયત્વસ્ય બ્રહ્મણિ **"તદ્ એજતિ તદ્ ન એજતિ"** ( ઇશા.ઉપ.૫ ) ઇત્યાદિશ્રુતિભિઃ નિરૂપ્યમાણત્વાદ્, લોકએવ વિરોધઃ શઙ્કનીયો નતુ અલૌકિકે બ્રહ્મણિ. ઇદં યથા તથા બ્રહ્મસૂત્રભાષ્યે



નિરૂપિતમિતિ ન અત્ર પ્રપઞ્ચ્યતે.

અનુવાદ:

આ અક્ષરબ્રહ્મને પરંબ્રહ્મ ન માની લેવું તે કહે છે:

**પરં બ્રહ્મ તો** એટલે, યશોદાનાં ખોળામાં ઉછરેલું બાલસ્વરૂપ, બીજો કોઇ નહિ તે જણાવવા મૂલ નામ 'કૃષ્ણ' જણાવ્યું. આ બન્ને વચ્ચે જે તફાવત છે તે રૂપને જણાવે છે **સચ્ચિદાનન્દક...** એટલે. સત્તા ચૈતન્ય અને આનન્દ આ ત્રણેય ભગવાન્નાં ધર્મો છે, અક્ષરબ્રહ્મમાં આ ત્રણેય પ્રકટ રહેતા હોય છે. તે અક્ષરબ્રહ્મમાં ઉદ્ભવેલ હોવાને કારણે જ જગત્ પણ સચ્ચિદાનન્દાત્મક હોય. બન્ને વચ્ચે અન્તર ફક્ત આટલું જ : જડ પદાર્થોમાં સદંશ પ્રકટ હોય અને બાકીનાં બે ઢંકાયેલા રહેતા હોય છે, જીવમાં સદંશ અને ચિદંશ પ્રકટ હોય અને આનન્દાંશ તિરોહિત હોય છે, અન્તર્યામી રૂપ પરમાત્મામાં ત્રણેય અંશો પ્રકટ જ રહતા હોય છે. 'સચ્ચિદાનન્દક' પદમાં 'ક'પ્રત્યય વડે ગણિતાનન્દ જેવું જણાવવામાં આવ્યું છે પુરુષોત્તમની માફક પૂર્ણાનન્દ નથી હોતું તે જણાવાયું. **'કૃષ્ણ'**શબ્દનાં પ્રયોગને કારણે જ સેવ્યનું પુરુષોત્તમસ્વરૂપ હોવું નિરૂપિત કર્યું તેથી હવે અક્ષરબ્રહ્મનાં સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે **તેનાં બે રૂપો** જણાવીને. **તે** અક્ષરબ્રહ્મ. તેનાં બેઉ રૂપોનું વિવેચન કરે છે **બધા રૂપો ધારણ કરે છે** કહીને, એટલે કે જે પ્રપઞ્ચરૂપે આવિર્ભૂત થયો તે એક રૂપ. બીજો રૂપ **તેથી** પ્રપઞ્ચરૂપથી [1]એકરૂપ હોવાને કારણે [2]શ્રુતિઓમાં પ્રતિપાદિત થયેલ રૂપને કારણે [3]જ્ઞાનમાર્ગીઓના ઉપાસ્ય રૂપ હોવાને કારણે [4]તેઓની મુક્તિના આશ્રયભૂત સ્થાન હોવાને કારણે [5]પુરુષોત્તમના અધિષ્ઠાન હોવા વિ. કારણોસર **વિલક્ષણ** હોય છે. આટલાં બધાં પરસ્પર વિરુદ્ધધર્મોને કારણે અક્ષરબ્રહ્મ એક નહિ બલ્કે અનેક હોવા જોઇએ આવી શંકા અસ્થાને છે, બન્ને પ્રકારનાં ધર્મો એક જ અક્ષરબ્રહ્મમાં શ્રુતિપ્રમાણથી જ સિદ્ધ થતાં હોવાથી કોઇ જાતનો વિરોધ માની શકાતો નથી. બ્રહ્મનું વિરુદ્ધધર્માશ્રય હોવું **"તે ચંચળ**

છે તે **અચળ છે''** (ઈશા.ઉપ.૫) વિગેરે શ્રુતિવચનોને આધારે નિરૂપિત કરવામાં આવતું હોવાથી, તે ધર્મોનું પરસ્પર વિરુદ્ધ હોવું લૌકિક વસ્તુઓમાં માની શકાય પરન્તુ અલૌકિક બ્રહ્મમાં નહિ. આ વાત બ્રહ્મસૂત્રભાષ્યમાં નિરૂપિત કરવામાં આવી જ છે તેથી અહિં વિસ્તાર કરનવાની આવશ્યકતા નથી.

**(સચ્ચિદાનન્દક બૃહત્નાં જગદ્રૂપની બાબતમાં જુદાંજુદાં મતભેદો અને શ્રુતિનાં આધારે પોતાનો મત)**

**અવતરણિકા:**

વિરોધપરિહારાય સ્વસિદ્ધાન્તં વક્તું પરમતાનિ આહુઃ :

**કારિકા:**

**અપરં તત્ર પૂર્વસ્મિન્ વાદિનો બહુધા જગુઃ॥**
**માયિકં સગુણં કાર્યં સ્વતન્ત્રં ચ ઈતિ ન એકધા॥૪॥**
**તદેવ એતત્પ્રકારેણ ભવતિ ઈતિ શ્રુતેઃ મતમ્॥**

**શ્લોકાન્વયાર્થ:**

**તત્ર** = તેમાં **પૂર્વસ્મિન્** = પ્રપંચરૂપમાં **વાદિનઃ** = વાદિઓ **બહુધા** = બહુપ્રકારે **માયિકં** = માયિક **સગુણં** = ગુણ સહિત **કાર્યં** = કાર્ય **સ્વતન્ત્રં** = સ્વતન્ત્ર **ચ** = વગેરે **ઈતિ** = આ રીતે **નૈકધા** = અનેક પ્રકારે **જગુઃ** = કહે છે ॥૪॥**તદેવ** = તે જ **એતત્પ્રકારેણ** = આ બધા પ્રકારથી **ભવતિ** = થાય છે **ઈતિ** = આવો **શ્રુતેઃ** = વેદનો **મતં** = મત (છે).

**ભાવાનુવાદ:**

**જગત્નાં બધા રૂપે પ્રકટેલ અક્ષરબ્રહ્મને જગત્નાં બધા રૂપોથી વિલક્ષણ તે અક્ષરબ્રહ્મમાં જુદા-જુદા વાદીઓ જુદી-જુદી રીતે વર્ણવે છે॥ કોઈક તેને માયિક,**



**કોઈક સગુણ, પહેલાં ન્હોતું પણ પાછળથી પ્રકટ થયેલ કાર્યરૂપે, કોઈક સ્વતંત્ર એમ ઘણી બધી રીતે વર્ણવે છે॥૪॥ તે અક્ષરબ્રહ્મ પોતે આવા ઘણાં બધાં રૂપોમાં પ્રકટ થાય છે તેવો શ્રુતિનો મત છે॥**

**વિવૃતિ:**

**અપરમ્** ઈતિ, વેદમતાદ્ **અપરં** ભિન્નં મતં **પૂર્વસ્મિન્** પ્રપઞ્ચરૂપેણ આવિર્ભૂતે **તત્ર** અક્ષરે બ્રહ્મણિ ઈતિ અર્થઃ. **માયિકમ્** ઈતિ હિ માયાવાદિનઃ. **સગુણં** ગુણકાર્યમ્ ઈતિ સાંખ્યાઃ. **કાર્યં** દ્વ્યણુકાદિક્રમેણ ઈશ્વરકાર્યમ્ ઈતિ નૈયાયિકાઃ.**સ્વતન્ત્રં** ''ન કદાચિદ્ અનીદૃશં જગદ્'' ઈતિ મીમાંસકાઃ. **ચ**કારેણ વેદબાહ્યમતાનિ સંગૃહ્યન્તે.

એતાનિ મતાનિ શ્રુતિબલેનૈવ નિરાકૃતાનિ સન્તીતિ ન અત્ર પાર્થક્યેન નિરાકરણીયાનિ, સ્વમતનિરૂપણેનૈવ નિરાકરણસમ્ભવાદ્ ઈતિ આશયેન સ્વસિદ્ધાન્તમ્ આહુઃ :

તદેવ ઈતિ, **''સ હ એતાવાન્ આસ'', ''સર્વં ખલુ ઈદં બ્રહ્મ, તજ્જલાન્''** (છાન્દો.ઉપ.૩।૧૪।૧) ઈત્યાદિશ્રુતિભ્યઃ તથા ઈતિ અર્થઃ.

**અનુવાદ:**

પોતાનાં સિદ્ધાંતમાં વિરોધનો પરિહાર કરવા પરમતોનું નિરૂપણ કરે છે:

જગત્નાં બધા રૂપે... એટલે, વેદના મતથી જુદી રીતે માનવામાં આવેલ **અક્ષરબ્રહ્મને** જુદી-જુદી રીતે **બધા રૂપોથી વિલક્ષણ** જે પ્રપઞ્ચરૂપે આવિર્ભૂત થયેલ હોય **તેને** અક્ષરબ્રહ્મને **માયિક** આમ માયાવાદિઓ. **સગુણ** પ્રકૃતિનાં સાત્ત્વિક રાજસ તામસ ગુણોવાલું સાંખ્યમતવાલા માને છે. **કાર્ય** બે-બે અણુકોની જોડનીનાં ક્રમથી ઈશ્વરે ઘડેલું કાર્ય નૈયાયિકો માને છે. **સ્વતંત્ર** ''જેવું હમણાં દેખાય છે તેવું હરહમેશ રહેનારું'' મીમાંસકો માને છે. **ઘણી બધી રીતે** કહીને વૈદિક મતથી બાહ્ય મતોની વિવક્ષા છે. આ મતોનાં નોખાં

નિરાકરણની અપેક્ષા નથી કેમકે શ્રુતિવચનનું પ્રામાણ્ય પ્રબળ હોવાથી અને તેનાથી જુદા અભિપ્રાયો હોવાને કારણે નિરાકૃત જ માની લેવા જોઈએ. એટલે અહિં પૃથક્ નિરાકરણની દરકાર નથી, પોતાનાં મતનું નિરૂપણ કરીએ એટલે તેમની બાબતમાં અસ્વીકૃતિ પ્રકટ થઈ જતી હોય છે તેથી પોતાનો સિદ્ધાન્ત સમજાવે છે:

તે જ વિગેરે, **"તે જ આ બધું બન્યો છે", "આ બધું બ્રહ્મ જ છે, તેથી તેમાં જનમે છે, તેમાં જ જીવે છે અને તેમાં જ લીન થાય છે આવી રીતે એની ઉપાસના કરવી"** ( છાન્દો.ઉપ.૩।૧૪।૧ ) આવા શ્રુતિવચનોને આધારે આમ કહેવાયું છે.

**( ફક્ત ભક્તિને કારણે સુલભ શ્રીકૃષ્ણ, શ્રુતિ વિ.શાસ્ત્રીય શ્રવણ વિગેરે સાધનોથી ગમ્ય બૃહત્, ભજનોપયોગી બધી સામગ્રી અક્ષરબ્રહ્માત્મિકા હોય છે તે બાબતનું જળ તીર્થ અને દેવી નાં ઉદાહરણથી સમર્થન )**

અવતરણિકા :

એકસ્યૈવ અક્ષરસ્ય ઉક્તં દ્વિરૂપત્વં દૃષ્ટાન્તેન ઉપપાદયન્તિ **દ્વિરૂપમ્** ઇતિ.

કારિકા :

**દ્વિરૂપઞ્ચ અપિ ગંગાવજ્ જ્ઞેયં સા જલરૂપિણી॥૫॥**
**માહાત્મ્યસંયુતા નૃણાં સેવતાં ભુક્તિમુક્તિદા॥**
**મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્॥૬॥**
**તત્રૈવ દેવતામૂર્તિર્ ભક્ત્યા યા દૃશ્યતે ક્વચિત્॥**
**ગંગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદબુદ્ધયે॥૭॥**
**પ્રત્યક્ષા સા ન સર્વેષાં પ્રાકામ્યં સ્યાત્ તયા જલે॥**
**વિહિતાત્ ચ ફલાત્ તદ્ધિ પ્રતીત્યાપિ વિશિષ્યતે॥૮॥**
**યથા જલં તથા સર્વં યથા શક્તા તથા બૃહત્।**
**યથા દેવી તથા કૃષ્ણઃ............॥૯॥**



શ્લોકાન્વયાર્થ :

**દ્વિરૂપં ચ અપિ** = અને બે રૂપવાળો પણ **ગંગાવત્** = ગંગાની જેમ **જ્ઞેયં** = જાણવો. ( **એકા** = એક ) **સા** = તે **જલરૂપિણી** = જલરૂપવાળી ( **અપરા** = બીજી ) **માહાત્મ્યસંયુતા** = માહાત્મ્યથી સંયુક્ત **મર્યાદામાર્ગવિધિના** = મર્યાદામાર્ગીયવિધિથી **સેવતાં** = સેવતા **નૃણાં** = પુરુષને **ભુક્તિમુક્તિદા** = ભોગ અને મોક્ષ દેવાવાળી ( **અસ્તિ** = છે ) **તથા** = તેમ જ **બ્રહ્મ અપિ** = બ્રહ્મને પણ **બુદ્ધયતામ્** = જાણવો॥૪॥

**તત્ર એવ** = ત્યાંજ **દેવતામૂર્તિઃ** = દેવીસ્વરૂપ ( **સા** = તે ) **ભક્ત્યા** = ભક્તિવડે **ગંગાયાં** = ગંગામાં **વિશેષેણ** = વિશેષકરીને **પ્રવાહાભેદબુદ્ધયે** = પ્રવાહથી અભેદ બુદ્ધિ હોવાથી **ચ** = પણ **ક્વચિદ્** = ક્યારેક **દૃશ્યતે** = દર્શન દે છે. **સા** = તે **સર્વેષાં** = બધાને **પ્રત્યક્ષા** = પ્રત્યક્ષ **ન** = નથી **તયા** = તેનાવડે **જલે** = જળમાં **પ્રાકામ્યં** = કામનાપૂરકતા **સ્યાત્** = થાય છે. **તદ્ હિ** = તે જ **વિહિતાત્** = વિહિત **ફલાત્** = ફળથી **ચ** = અને **પ્રતીત્યા અપિ** = પ્રતીતિથી પણ **વિશિષ્યતે** = વિશેષ છે॥૮॥

**યથા** = જેમ **જલં** = જલ **તથા** = તેમ **સર્વં** = સર્વ, **યથા** = જેમ **શક્તા** = શક્તિમાન **તથા** = તેમ **બૃહત્** = અક્ષરબ્રહ્મ, **યથા** = જેમ **દેવી** = (ગંગા) દેવી **તથા** = તેમ **કૃષ્ણઃ** = શ્રીકૃષ્ણ (પરબ્રહ્મ).

ભાવાનુવાદ :

**ગંગાનદીની માફક તેનાં બે રૂપો જાણવા તે ગંગાનદી જળરૂપે હોય છે॥૫॥ તેમજ ક્યાંક તીર્થ હોવાનાં માહાત્મ્યવાલી હોવાથી પોતાનાં તીર્થસેવન કરનારાઓને માટે ભોગ-મોક્ષ પ્રદાયિની પણ હોય છે॥ મર્યાદામાર્ગની વિધિ મુજબ. આ મુજબ બ્રહ્મની બાબતમાં પણ સમજી લેવું ॥૬॥ ત્યાં જ તીર્થોમાં ભક્તિને કારણે ક્યાંક મૂર્તિમતી દેવતા હોવાના રૂપે પણ તે દર્શન આપતી હોય છે॥ ખાસ કરીને જેને ગંગાના જલપ્રવાહમાં અને ગંગાદેવી ની વચ્ચે જે અન્તર ન દેખાતો હોય॥૭॥**

**તે દેવીના દર્શન બધાને નથી થતાં પણ જેને થાય તેનામાટે તો જલપ્રવાહ પણ એટલો અભીષ્ટ બની જતો હોય છે।। શાસ્ત્રમાં જે કાંઇ ફળવિધાન દેખાડવામાં આવ્યું હોય તેનાં કરતાંય વિશિષ્ટ અને પોતાને થતી પ્રતીતિને કારણે પણ તેને વિશિષ્ટ લાગતી હોય છે।।૮।। જેમ ગંગાનદીનું જળ તેમ આ બધું જગત્ જાણવું, જેવી રીતે ફળપ્રદાન કરવાની તીર્થરૂપા ગંગાજીની શક્તિ તેમ બૃહદ્ અક્ષરબ્રહ્મને જાણવું।। જેમ મૂર્તિમતી દેવી તેમ કૃષ્ણને જાણવા.**

વિવૃતિ :

પ્રપઞ્ચ-તદ્‌ભિન્ન-રૂપાભ્યાં **દ્વિરૂપં** તદ્ બ્રહ્મ **ગંગાવદ્ જ્ઞેયમ્.** અસ્તિ ગંગાયાં ત્રિરૂપત્વમ્ : [1]આધિભૌતિકં જલરૂપમ્ એકં, યદ્ વૃષ્ટ્યાતપાભ્યાં વૃદ્ધિહ્રાસૌ ભજતે, સર્વવ્યવહારયોગ્યત્વં ચ [2] અગ્રિમા દ્વિતીયા આધ્યાત્મિકી તીર્થરૂપા, યા ઉદ્ધૃતજલાવિશેષેઽપિ મર્યાદામાર્ગસમ્બન્ધી યો વિધિઃ તેન તત્રૈવ સ્નાનપૂજાદિભિ: ફલદા. એવમેવ પ્રપઞ્ચ-તદ્‌ભિન્નરૂપમપિ એકમેવ તદ્ અક્ષરં **બ્રહ્મ** ઇતિ **બુધ્યતામ્** ઇતિ અર્થ:.

[3]આધિદૈવિકં રૂપમ્ આહુ: **તત્રૈવ** ઇતિ, ઉક્તદ્વિરૂપાયાં ગંગાયામેવ દેવતારૂપા સા તદ્‌ભિન્ના અસ્તિ ઇતિ અર્થ:. તત્ર માનમ્ આહુ: **...મૂર્તિ**ઃ ઇતિ. **ભક્ત્યૈવ** નતુ મર્યાદામાર્ગવિધિના ઉપાસનયા ઇતિ અર્થ:. તદપિ **ક્વચિદેવ** ભક્ત્યુદ્રેકદશાયામેવ. અથવા યત્ર **ક્વચિદ્** ગૃહાદિષ્વપિ ઇતિ અર્થ:. ભક્તવિશેષે વિશેષમ્ આહુ: **ગંગાયામ્** ઇતિ, દેવતારૂપાયાં ગંગાયાં ભક્ત્યુદ્રેકેણ દૃશ્યમાનપ્રવાહાદ્ અભિન્નત્વેન યસ્ય બુદ્ધિઃ તસ્મૈ ગંગાયાં પ્રવાહમધ્યએવ ( દેવતારૂપા ગંગા ) પ્રત્યક્ષા ભવતિ ઇતિ અર્થ:. એતેન પ્રપઞ્ચમધ્યએવ ભગવદાકાર-ભગવદ્‌ભક્તયોઃ દર્શને ભગવતિ સ્નેહાતિશયેન તત્ર ભગવદભેદબુદ્ધ્યે તત્ર ભગવત્પ્રાકટ્યં ભવતિ ઇતિ ભાવ: સૂચ્યતે. અગ્રિમવ્યવસ્થામ્ આહુ: **પ્રાકામ્યમ્** ઇતિ, સ્વાભીષ્ટસ્વસર્વ-



સ્વરૂપાયા: સ્થાનભૂતત્વેન જ્ઞાનાત્ તજ્જલે સર્વત્ર અનિષિદ્ધ-યથેષ્ટ-વ્યવહાર: સ્યાદ્ ઇતિ અર્થ:. એવમેવ ઉક્તપ્રકારક-ભગવદ્દર્શને સર્વત્ર તદ્‌ભાવ: સ્ફુરતિ ઇતિ ભાવ:. **વિહિતા...** ઇતિ, ભક્ત્યા ગંગાદર્શનાનન્તરં પ્રવાહરૂપાયાઅપિ દર્શનં **વિહિતાત્** સ્વર્ગાપવર્ગરૂપાત્ **ફલાદ્ વિશિષ્યતે** તદ્દહૃદિ ઇતિ અર્થ:. યદ્વા યેષાં ન પ્રત્યક્ષા તેષામપિ તયા દેવતારૂપયા સા તત્ર અસ્તિ ઇતિ તત્સમ્બન્ધાનુભાવેનૈવ તજ્જલે **પ્રાકામ્યં** પ્રકૃષ્ટકામવિષયત્વં શ્રદ્ધાવિશેષપૂર્વક-સ્નાનાદિ-વ્યવહારો ભવતિ ઇતિ અર્થ:. કિઞ્ચ પુરાણાદિષુ તજ્જલદર્શનાદિભિ: ફલં યદ્ ઉક્તં તદનુભવેન મહતામ્ અન્ત:કરણ**પ્રતીત્યાપિ** તજ્જલમ્ અન્યેભ્યો જલેભ્યો **વિશિષ્યતે** ઇતિ અર્થ:. એવં યેષાં હૃદિ ભગવત્સાન્નિધ્યં તે ભક્તાઃ અન્યેભ્યો વિશિષ્યન્તે. અતએવ **''મલ્લિંગ-મદ્‌ભક્તજન-દર્શન-સ્પર્શના-ઽર્ચનમ્''** ( ભાગ.પુરા.૧૧-૧૧।૩૪ ) ઇતિ ભગવતા ઉક્તમ્.

એવં દૃષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિકયો:સાધર્મ્યં નિરૂપ્ય ઉક્તમ્ અર્થં સ્પષ્ટયન્તિ :- યથા જલમ્ ઇત્યાદિના.

**અનુવાદ :**

એક જ અક્ષરબ્રહ્મનાં કહેવાયેલાં બે રૂપોને દૃષ્ટાન્તનાં આધારે સમજાવવા માગે છે **બે રૂપો** કહીને, એક તેનો પ્રપઞ્ચાત્મક રૂપ અને બીજો રૂપ તેથી વેગળો આમ **બે રૂપો** તે બ્રહ્મનાં **ગંગાનાં ઉદાહરણથી સમજી લેવા.** હકીકતમાં તો ગંગાજીનાં ત્રણ રૂપો હોય છે : [1] એક આધિભૌતિક જલ હોવાનો રૂપ, જેમાં વૃષ્ટિ અને ધૂપ ને કારણે વધઘટ થતી હોય છે, તે રૂપ સાથે બધાં જ પ્રકારે વ્યવહાર નભાવી શકાય [2]તે પછી બીજી આધ્યાત્મિકી તીર્થરૂપા ગંગાને જાણવી, આ નદીમાંથી બાહેર કાઢેલ જળથી વધારે જુદી ન પણ હોય તે છતાંય શાસ્ત્રીય મર્યાદામાર્ગનાં જે કાંઇ વિધિ-વિધાન હોય તે મુજબ ત્યાં અનુષ્ઠાન કરતાં ફલ પ્રદાન કરતી હોય છે. એવી જ રીતે પ્રપઞ્ચરૂપ અને તેનાથી ભિન્ન પણ અક્ષર **બ્રહ્મ** આમ **સમજી લેવું જોઇએ** એવો ભાવાર્થ છે. [3]ત્રીજા આધિદૈવિક

રૂપને સમજાવતાં કહે છે **ત્યાં જ** એટલે, પહેલા જણાવવામાં આવેલ ગંગાજીના બે રૂપોમાં જ દેવી રૂપે ત્રીજી ગંગાજી પણ હોય છે. તે બાબતમાં પ્રમાણ જણાવે છે **મૂર્તિમતી** દ્વારા. **ભક્તિને** જ કારણે કેવળ મર્યાદામાર્ગનાં વિધિ-વિધાન અનુસરનારાની સામે નહિ. તે પણ **ક્યારેક** જ એટલે કે હૃદયમાં ભક્તિભાવ ભરપૂર છલકાતો હોય ત્યારે જ. અથવા જ્યાં **ક્યાંક પણ** એટલે પોતાને ઘેરે પણ, એવો અર્થ સમજી લેવો. કોઈક વિશેષ ભક્તનાં ઉદાહરણમાં વિશેષ કાંઈક થવું ઘટે **ગંગામાં** એટલે, દેવીરૂપ ગંગામાટે છલકાતી ભક્તિને કારણે દેખાતાં જળપ્રવાહથી જ્યારે દેવી નોખી બુદ્ધિમાં જણાતી ન હોય ત્યારે તેવા ભક્તને તો જળના પ્રવાહની વચ્ચે પણ (દેવી રૂપે ગંગા)નાં દર્શન મળી રહતાં હોય છે. એથી આમ જણાવવામાં આવ્યું કે પ્રપઞ્ચની વચ્ચે પણ ભગવાન્‌ની આકૃતિ અને ભગવદ્‌ભક્ત નાં દર્શન થતાં ભગવાન્ માટે અતિશય સ્નેહને કારણે તે આકૃતિ વિગેરેમાંટે ભેદબુદ્ધિ ન રાખનારને તે-તે સ્થલે ભગવત્પ્રાકટ્ય થઈ જતું હોય છે. તે પછીની વ્યવસ્થા સમજાવે છે **અભીષ્ટ બની** વિગેરેથી, પોતાને અભીષ્ટ આવી પોતાને સર્વસ્વ રૂપે જણાતી દેવીનાં સ્થાનરૂપે તે જળપ્રવાહનું ભાન થતાં તે જળની સાથે બધે જ અનિષિદ્ધ યથેષ્ટ વ્યવહાર નભાવી શકાતો હોય છે. એવી જ રીતે ભગવાન્‌નાં દર્શન થતા બધે જ ભગવદ્‌ભાવ સ્ફુરિત થવા મંડે છે. **ફલવિધાન ...** એટલે, એક વખત ભક્તિથી દેવીના દર્શન મળ્યા પછી તો જળપ્રવાહ રૂપે પણ તેનું દર્શન **શાસ્ત્રમાં દેખાડેલ ફલવિધાન** સ્વર્ગ કે મોક્ષ જેવાથી તે જળપ્રવાહનું દર્શન વધારે **વિશિષ્ટ લાગવા મંડે** દર્શન કરનારનાં હૃદયમાં. અથવા જેઓને તેવા દર્શન નથી મળ્યાં તેઓમાટે પણ તે દેવી રૂપે ગંગાજી જળપ્રવાહથી સંબંધ ધરાવનાર હોવાથી તે જળમાં **અભીષ્ટ હોવાનું** ભાન અને વિશેષ શ્રદ્ધાપૂર્વક સ્નાનાદિ-વ્યવહારો નભતાં હોય છે. વળી પુરાણાદિ ગ્રન્થોમાં તે ગંગાજીનાં જળનાં દર્શન વિગેરેથી જે ફલ મલવાનો ઉપદેશેલ છે તેનાં અનુભવને કારણે અને મહાપુરુષોના અન્તઃકરણની **પ્રતીતિને**



**પણ આધારે** તે ગંગાજીનું જળ બીજા કોઈ પણ જળ કરતાં **વિશિષ્ટ** લાગતો હોય છે. એમ જ જેઓનાં હૃદયમાં ભગવાન્‌ની સંનિધિ હોય છે તે ભક્તો બીજા કરતાં વિશિષ્ટ લાગતાં જ હોય છે. તેથીજ **"મારી મૂર્તિ કે મારા ભક્તજનોનાં દર્શન સ્પર્શ કે અર્ચન"** (ભાગ.પુરા.૧૧।૧૧।૩૪) આમ એક સરખી રીતે ભગવાને વર્ણવી છે. આમ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક ની વચ્ચે રહેલ સમાનતા દેખાડીને તે બાબતને વધૂ સ્પષ્ટ કરવામાટે કહે છે જેમ ગંગાનદીનું જળ વિગેરેથી.

**(જગત્ ત્રિગુણાત્મક હોવાથી તેનાં અધિદેવો પણ ત્રણ છે. સ્વમાર્ગીય કૃષ્ણસેવા જગત્‌ને અક્ષરબ્રહ્માત્મક ગણીને કરવાતી હોવાથી તે એક અક્ષરબ્રહ્મના અધિદેવ પણ એકમાત્ર શ્રીકૃષ્ણ જ છે)**

કારિકા:

**......તત્રાપિ એતદ્ ઈહ ઉચ્યતે॥૯॥**
**જગત્તુ ત્રિવિધં પ્રોક્તં બ્રહ્મવિષ્ણુશિવાઃ તતઃ॥**
**દેવતારૂપવત્ પ્રોક્તા બ્રહ્મણિ ઈત્થં હરિર્ મતઃ॥૧૦॥**
**કામચારસ્તુ લોકે અસ્મિન્ બ્રહ્માદિભ્યો નચ અન્યથા॥**
**પરમાનન્દરૂપેતુ કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ॥૧૧॥**
**અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્ વિધીયતામ્॥**

**શ્લોકાન્વયાર્થ:**

**તત્રાપિ** = છતાં પણ **એતદ્** = આ (તારતમ્ય) **ઈહ** = અહિં **ઉચ્યતે** = કહેવાય છે. **જગત્ તુ** = જગત્ તો **ત્રિવિધં** = ત્રણ પ્રકારનું **પ્રોક્તં** = કહેવાય છે. **તતઃ** = તેથી **બ્રહ્મવિષ્ણુશિવાઃ** = બ્રહ્મા-વિષ્ણુ-શિવ **દેવતારૂપવત્** = દેવતારૂપ **પ્રોક્તા** = કહયા છે. **ઈત્થં** = આ પ્રકારે **બ્રહ્મણિ** = બ્રહ્મમાં **હરિઃ** = શ્રીકૃષ્ણ **મતઃ** = મનાયેલા છે. **અસ્મિન્ લોકે** = આ લોકમાં **કામચારઃ તુ** = ભોગોની અભિલષિતપ્રાપ્તિ તો

**બ્રહમાદિભ્યો** = બ્રહ્માદિથી ( **ભવતિ = થાય છે** ) **ચ** = પરન્તુ **અન્યથા** = બીજા કોઈ પ્રકારે **ન** = નથી. **સ્વાત્મનિ** = આત્માના વિષયમાં **તુ** = તો **પરમાનન્દરૂપે** = પરમાનન્દરૂપ **કૃષ્ણે** = કૃષ્ણમાં **નિશ્ચયઃ** = નિશ્ચય ( **ભવતિ = તઈળપર થાય છે** ) **( ૧૧ ). અતઃ તુ** = તેથી જ **બ્રહમવાદેન** = બ્રહ્મવાદથકી **કૃષ્ણે** = કૃષ્ણમાં **બુદ્ધિઃ** = બુદ્ધિ **વિધીયતામ્** = સ્થાપિત કરો॥

ભાવાનુવાદ:

**તેમાં પણ અહિં આટલું તારતમ્ય કહેવાય છે કે॥૯॥ જગત્ પોતે ત્રિગુણાત્મક કહેવાતું હોવાથી બ્રહમા વિષ્ણુ અને શિવ આમ ત્રણ॥ તેનાં ત્રણ આધિદૈવિક રૂપો છે કહેવાયા છે એક અક્ષરબ્રહ્મમાં અધિદેવ પણ એક શ્રીહરિ જ અભિમત છે॥૧૦॥ આ લોકમાં ફલાભિલાષાની પૂર્તિ બ્રહહ્મા વિગેરેથી થાય છે બીજી રીતે નહિં॥ સ્વાત્માની ભીતર પરમાનન્દ રૂપે બિરાજેલ કૃષ્ણને કારણે જ બધી ફલાભિલાષા પૂર્ણ થાય છે॥૧૧॥ તેથી બ્રહ્મવાદનાં આધારે કૃષ્ણમાં બુદ્ધિ લગાડવી જોઈએ॥**

વિવૃતિ:

**તત્રાપિ** ઈતિ, સાધર્મ્યેઽપિ. **એતદ્** ઈતિ, કિઞ્ચિત્ તારતમ્યમ્. ઈહ પ્રપઞ્ચરૂપે, દૃષ્ટાન્તે ત્રિવિધત્વાભાવાદ્ અતઃ **ઉચ્યતે. જગત્તુ** ઈતિ, **ત્રિવિધં** ત્રિગુણાત્મકં ત્રિસ્વભાવત્વેન પ્રકટં, તેન તદ્ગુણનિયામકત્વેન બ્રહમાદયો ભગવતૈવ કૃતા ઈતિ અર્થઃ. બ્રહમ એકરૂપમિતિ તન્નિષ્ઠાનાં નિયામકો હરિરેવ. યેતુ ભગવદ્ભક્તાઃ તેષાં **સ્વાત્મનિ** સ્વાત્મવિષયે ઐહિકે પારલૌકિકે ચ અર્થે શ્રીકૃષ્ણએવ **કામચારઃ** ઈતિ અર્થઃ. સર્વત્ર નિયામકઃ સએવ ઈતિ ભાવઃ. અથવા ભક્તાનાં સ્નેહાતિશયેન સ્વાત્મત્વેનૈવ પ્રભુઃ સ્ફુરતીતિ સર્વાંશેન તત્પ્રાર્થને શંકા ન ભવતિ ઈતિ અર્થઃ.



અનુવાદ:

**તેમાં પણ** એટલે, સમાનતામાં પણ. **આટલું** એટલે, થોડુંક તારતમ્ય છે. **અહિં** પ્રપઞ્ચ રૂપે પ્રકટેલ અક્ષરબ્રહ્મની બાબતમાં, દૃષ્ટાન્તની જેમ ત્રિવિધતા ન હોવાથી જરૂરી છે **કહેવું. જગત્ તો** એટલે, **ત્રિગુણાત્મક** સત્વરજસ્તમોગુણાત્મક એટલે કે ત્રણ સ્વભાવભેદે પ્રકટ થયેલ છે, તેથી તે ગુણોનાં નિયામકો રૂપે ત્યાં બ્રહ્માજી વિગેરે પણ ભગવાને જ પ્રકટ કરેલા છે. અક્ષરબ્રહ્મ તો એક જ. તેથી તેમાં જે કાંઈ અવસ્થિત હોય તેનાં નિયામક એક હરિ જ હોય છે. જેઓ ભગવદ્ભક્ત હોય તેઓમાટે તો **પોતાની** બાબતમાં ઐહિક કે પારલૌકિક માટે જે કાંઈ **ફલાભિલાષા** હોય તે શ્રી**કૃષ્ણ**ની બાબતમાં જ હોય તેવો અર્થ જાણવો. કેમકે તે કૃષ્ણ જ સર્વત્ર નિયામક હોય છે, એવો ભાવ જાણવો. અથવા ભક્તોને અતિશય સ્નેહને કારણે પ્રભુ પોતાના આત્મા તરીકે સ્ફુરિત થતાં હોય છે. તેથી કોઈ પણ બાબતની ફલાભિલાષામાટે ભગવાન્ પાસે પ્રાર્થના કરવામાં તેમને વાંધો નડતો નથી.

( સેવા અને સેવ્ય નાં સ્વરૂપ વાર્ણવીને હવે સેવકનાં સ્વરૂપનું વાર્ણન થાય છે )

અવતરણિકા:

અથ જીવસ્વરૂપં તન્મુક્તિપ્રકારં ચ આહુઃ :

કારિકા:

**આત્મનિ બ્રહમરૂપેતુ છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ॥૧૨॥**
**ઉપાધિનાશે વિજ્ઞાને બ્રહમાત્મત્વાવબોધને॥**
**ગઙ્ગાતીરસ્થિતો યદ્વદ્ દેવતાં તત્ર પશ્યતિ॥૧૩॥**
**તથા કૃષ્ણં પરં બ્રહમ સ્વસ્મિન્ જ્ઞાની પ્રપશ્યતિ॥**
**સંસારી યસ્તુ ભજતે સ દૂરસ્થો યથા તથા॥૧૪॥**

अपेक्षितजलादीनाम् अभावात् तत्र दुःखभाक्॥
तस्मात् श्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः॥१५॥
आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत्॥
लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा॥१६॥
क्लिष्टोऽपि चेद् भजेत् कृष्णं लोको नश्यति सर्वथा॥

શ્લોકાન્વયાર્થ :

**બ્રહ્મરૂપે** = બ્રહ્મરૂપ **આત્મનિ** = આત્મામાં **વ્યોમ્નિ** = આકાશમાં **છિદ્રા ઈવ** = છિદ્રોની જેમ **ચેતનાઃ** = ચેતના (**સન્તિ** = છે)(૧૨). **યદ્વદ્** = જેમ **ગઙ્ગાતીરસ્થિતો** = ગંગાતટ પર રહેલો **તત્ર** = ત્યાં **દેવતાં** = મૂર્તિમાન ગંગાદેવીને **પશ્યતિ** = જુવે છે **ઉપાધિનાશે** = ઉપાધિનો નાશ થવાથી **બ્રહ્માત્મત્વાવબોધને** = બ્રહ્માત્મકતાના બોધરૂપ **વિજ્ઞાને** = વિશેષ જ્ઞાન થવાથી **જ્ઞાની** = જ્ઞાની **પરં બ્રહ્મ** = પરં બ્રહ્મ **કૃષ્ણં** = કૃષ્ણને **સ્વસ્મિન્** = પોતાની ભીતર **પ્રપશ્યતિ** = સારી રીતે જુવે છે. **યથા** = જેમ **દૂરસ્થો** = ગંગાથી દૂર રહેલો **અપેક્ષિતજલાદીનામ્** = અપેક્ષિત જલ વગેરેના **અભાવાત્** = અભાવને કારણે **તત્ર** = ત્યાં **દુઃખભાક્** = **દુઃખ ભોગતો** (**ભવતિ** = થાય છે) **તથા** = **તેજપ્રમાણે યઃ** = જે **સંસારી** = સંસારી **તુ** = તો **ભજતે** = ભજે છે **સ** = તે **દુઃખભાક્** = દુઃખભોગવનાર (દુઃખી) (**ભવતિ** = થાય છે). **તસ્માત્** = તેથી **શ્રીકૃષ્ણમાર્ગસ્થો** = શ્રીકૃષ્ણનામાર્ગમાં રહેલા **સર્વલોકતઃ** = સર્વલોકથી **વિમુક્તઃ** = વિમુક્ત (**સન્** = થઈને) **આત્માનન્દસમુદ્રસ્થં** = આત્માનન્દસમુદ્રવિહારી **કૃષ્ણમ્ એવ** = કૃષ્ણનું જ **વિચિન્તયેત્** = **વિશેષરૂપ થી ચિનન્ત કરો. યઃ** = જે) **લોકાર્થી** = લોકાર્થી (**સન્** = થઈને) **કૃષ્ણં** = શ્રીકૃષ્ણને **ભજેત્** = ભજે છે. (**તર્હિ** = તો **સઃ** = તે) **સર્વથા** = બધી રીતે **ક્લિષ્ટઃ** = ક્લેશવાળો **ભવતિ** = થાય છે. **ક્લિષ્ટઃ** = ક્લેશવાળો **અપિ** = પણ **ચેત્** = જો **કૃષ્ણં** = **શ્રીકૃષ્ણને ભજેત્** = ભજે (**તસ્ય** = તેનો) **લોકઃ** = લોક **સર્વથા** = બધી રીતે **નશ્યતિ** = **નષ્ટ** થાય છે.



ભાવાનુવાદ :

**અક્ષરબ્રહ્મ રૂપી આત્માની બાબતમાં આપણી ક્ષુદ્ર ચેતનાનું સ્વરૂપ એવું જાણવું જેમ ચારણીમાંથી આકાશને જોતાં ઘણાં ક્ષુદ્ર છિદ્રો દેખાતા હોય॥૧૨॥ આપણી ચેતનાને ક્ષુદ્ર બનાવનારી અન્તઃકરણ વિગેરે ઉપાધિ જો નષ્ટ થાય અને આત્મચેતનાનાં સાચા સ્વરૂપનું જ્ઞાન થાય તો પોતાની અક્ષરબ્રહ્માત્મકતા પણ અનુભવાય॥ ત્યારે ગંગાજીનાં કાંઠે રહેનારાને જેમ ત્યાં ગંગાદેવીનાં દર્શન થઈ જાય॥૧૩॥ તેમ પરં બ્રહ્મ કૃષ્ણને અક્ષરબ્રહ્મજ્ઞાની પોતાનાંમાં સરખી રીતે જોવા સમર્થ બની શકે॥ જે સંસારી હોય તેની તો ગંગાનદીથી દૂર ક્યાંક વસનારા ગંગાજીનાં ભકતની જેવી સ્થિતિ હોય તેવી હોય છે॥૧૪॥ તેને અપેક્ષિત ગંગાજલ વિગેરે સુલભ ન હોવાથી તે દુખી રહેતો હોય॥ તેથી સર્વ લોકથી વિમુક્ત થઈને શ્રીકૃષ્ણનાં માર્ગમાં સ્થિત થઈ॥૧૫॥ આત્માનન્દનાં સમુદ્રમાં મહાલતાં કૃષ્ણનું જ ચિન્તન આવશ્યક છે॥ જો કોઈ લોકાર્થી બની કૃષ્ણને ભજવા માગતો હોય તો ભજન પણ ક્લેશજનક નીવડતું હોય છે॥૧૬॥ જે ક્લેશ પામીને પણ કૃષ્ણને ભજવું છોડી નથી દેતો તેનો લોક અથવા તેની લોકાર્થિતા નાશ પામે છે ॥**

વિવૃતિ :

**આત્મનિ** ઈતિ, આત્મવિષયે ઉચ્યતે ઈતિ શેષઃ. જીવાઃ હિ અણવો અક્ષરાત્મકાઃ. તદાત્મકત્વમ્ અવિદ્યયા અન્તરાયભૂતયા ન વિદન્તિ. તેન સંસારમ્ આપદ્યન્તે. ઈદમેવ ઉપાધિરૂપત્વં તસ્યાઃ નતુ તત્કૃતં જીવત્વમ્. અણુત્વબોધનાર્થં દૃષ્ટાન્તો **વ્યોમ્નિ** યથા ઉપાધિભિઃ ક્ષુદ્રૈઃ **છિદ્રાણીવ** પ્રતીયન્તે તથા આત્મનિ ક્ષુદ્રત્વાદયો ધર્માઃ પ્રતીયન્તે. નતુ બ્રહ્મધર્માઃ

ઇતિ બોધનાર્થં ચ. **ઉપાધિનાશે** ઇતિ, તેષાં મધ્યે યં જીવં યેન પ્રકારેણ પ્રભુઃ ઉદ્દિધીર્ષુઃ ભવતિ, તત્પ્રકારક-ગુરૂપદેશાદિભિઃ અવિદ્યાલક્ષણોપાધેઃ બ્રહમાત્મકત્વાવબોધન-પ્રતિબન્ધકસ્ય અવિદ્યાત્મકસ્ય નાશે **બ્રહમાત્મકત્વાવબોધન**લક્ષણે **વિજ્ઞાને** અનુભવે સમ્પન્ને પુરુષોત્તમાવિર્ભાવ-યોગ્યતા તસ્મિન્ જાતે સ્વાત્મનિ તં **પ્રકર્ષેણ** **પશ્યતિ** ઇતિ અર્થ:. તસ્ય સર્વસ્વરૂપો હરિરેવેતિ ન તદતિરિક્તમ્ અપેક્ષતે. ભજનોપયોગ્યર્થાપેક્ષાયામપિ પ્રભુણૈવ સર્વં સમ્પદ્યતઇતિ ન કદાચિદ્ દુ:ખી ભવતિ. એતજ્જ્ઞાપનાય દૃષ્ટાન્ત:. યસ્તુ પ્રપઞ્ચાસક્તો ગુરૂપદેશમાત્રેણ ભજને સંસારનિવૃત્તિહેતુત્વં જ્ઞાત્વા ભજતે, નતુ બ્રહમભાવસમ્પત્યા પુરુષોત્તમાવિર્ભાવવાન્ સતુ ગંગાતો **દૂરસ્થો યથા** તાં **ભજતે, તત્ર અપેક્ષિત**-તજ્જલાપ્રાપ્ત્યા દુ:ખી ભવતિ તથા. સ્વયં ભક્તિમાર્ગસ્થઇતિ સાક્ષાત્સ્વરૂપસમ્બન્ધ્યર્થાપેક્ષાયાં તદપ્રાપ્ત્યા ક્લેશભાગ્ ભવતિ ઇતિ અર્થ:. તથાપિ ન સ ભજનં ત્યજતિ, અંગીકારાત્ પ્રભો:, અનંગીકારેતુ મધ્યે ભજનપ્રતિબન્ધેઽપિ કૃતભજનવૈયર્થ્યાસમ્ભવાદ્ જન્માન્તરે તત્ ફલિષ્યતિ ઇતિ જ્ઞેયમ્. **આત્માનન્દસમુદ્રસ્થમ્** ઇતિ, **'શ્રીકૃષ્ણ'**પદાત્ પુષ્ટિમાર્ગીય-ભક્તપ્રકટિત-નિરવધ્યાનન્દેષુ વિહરન્તમ્ ઇતિ અર્થ:. તેતુ વ્રજરત્નાત્મકાઃ ઇતિ મન્મતિ:. સ આનન્દો ભગવત્સ્વરૂપાત્મકઃ તદ્દત્તએવ. અત **'આત્મ'**પદં ભગવત્પરમ્.

**અનુવાદ:**

હવે જીવનું સ્વરૂપ અને તેની મુક્તિનો પ્રકાર સમજાવવા કહે છે :

આત્માની બાબતમાં એટલે, આત્માની બાબતમાં હવે રજુઆત થાય છે. બધા જીવો અણુપરિમાણવાળા હોય છે તેમજ અક્ષરબ્રહ્માત્મક. તે પોતાની અક્ષરબ્રહ્માત્મકતાનાં અનુભવમાં અવિદ્યા આડે આવતી હોય છે તેથી જાણાતી નથી. તેને કારણે જીવો સંસાર પામતા હોય છે. આવી રીતે જ તે સંસારી બની જવાની ઉપાધિથી ગ્રસ્ત છે બાકી જીવ પોતે અવિદ્યાથી નિર્મિત નથી.જીવ અણુપરિમાણ છે તે બાબતમાં દૃષ્ટાન્ત **આકાશને** જેમ ક્ષુદ્ર ચારિણી જેવી ઉપાધિમાંથી



આકાશને જોતાં તે આકાશમાં ક્ષુદ્ર **છિદ્રો** જેવા પ્રતીત થાય તેમજ પોતાનાં આત્મામાં પણ ક્ષુદ્રતા જેવા ધર્મો પ્રતીત થતાં હોય છે, બ્રહ્મનાં ધર્મો નહિં, તે જણાવવા માટે દૃષ્ટાન્ત કહ્યો. **ઉપાધિ જો નષ્ટ** ... તે જીવો પૈકી જે જીવનો ભગવાન્ જેવી રીતે ઉદ્ધાર કરવા માગતા હોય, તે જીવને તેવા ગુરુનાં ઉપદેશ વિગેરેથી અવિદ્યા રૂપી ઉપાધિ, જે પોતાની બ્રહ્માત્મકતાનાં અનુભવમાં આડે આવતી હોય છે, તેનો નાશ થતાં **બ્રહ્માત્મકતાનાં અનુભવ** રૂપી **વિજ્ઞાન** એટલે કે અનુભવ સમ્પન્ન થાય તો તેવા જીવની ભીતર પુરુષોત્તમ પ્રકટ થાય તેવી યોગ્યતા વિકસે છે ત્યારે તે જીવ પોતાની ભીતર તે પુરુષોત્તમને સરખી રીતે જોઇ શકવા સમર્થ બને છે એવો અર્થ થયો. તે જીવનાં શ્રીહરિ જ સર્વસ્વ બની જતાં હોવાથી એને તેમનાં સિવાય બીજી કોઇ બાબતની અપેક્ષા રહી જતી નથી. ભજન કરવામાટે જરુરી ધન વિગેરે પણ તેવા જીવમાટે પ્રભુ પોતે સુલભ કરી આપે છે તેથી તે ક્યારે પણ દુ:ખી પામતો નથી. આ બાબતને સમજાવવા દૃષ્ટાન્ત આપવામાં આવ્યો છે. તેમ છતાંય જે જીવ પ્રપંચમાં આસક્ત હોય અને ગુરુના ઉપદેશનાં આધારે જ ફક્ત ભજનમાં, તેમ કરતા સંસાર નિવૃત્ત થઇ જશે એમ ધારીને, પ્રવૃત્ત થયો હોય, એટલે પોતાનામાં અક્ષરબ્રહ્માકતા પ્રકટ થઇ ન હોય તેથી પુરુષોત્તમ પણ તેમાં પ્રકટ ન થતાં હોય તો તે તો ગંગાનદીથી દૂર **ક્યાંક વસનારા** ગંગાજીના ભકતની જેમ **ભજન કરતો હોય છે, ત્યાં તેને અપેક્ષિત** ગંગાજલની પ્રાપ્તિ ન થતી હોવાથી દુ:ખી રહેતો હોય તેમ. પોતે ભક્તિમાર્ગમાં સ્થિત છે તેથી સાક્ષાત્ સ્વરૂપસમ્બંધી ધન વિગેરેની અપેક્ષા અને તે ન મળવાને કારણે તે ક્લેશ પામતો હોય છે એવો અર્થ સમજવો. તો પણ જો તે ભજનનો ત્યાગ ન કરે તો પ્રભુએ તેનો અંગીકાર કરેલો છે. કેમકે જો અંગીકાર ન થયો હોય તો, ભજનમાં વચ્ચે પ્રતિબંધ હોવા છતાંય તેણે કરેલ ભજન વ્યર્થ ન જવાથી, બીજા કોઇ જન્મમાં તેને ભજનનું ફલ પ્રાપ્ત થશે એમ જાણવું. **આત્માનન્દના સમુદ્રમાં મહાલતા...**

**'શ્રીકૃષ્ણ'** આ પદનો પ્રયોગ કર્યો તેથી પુષ્ટિમાર્ગીય ભક્તોની વચ્ચે પ્રકટ કરેલ નિરવધિ આનન્દમાં મહાલતાં આવો અર્થ થાય છે. તેવા ભક્તો તો વ્રજરત્નાત્મક જ હોય એમ મને લાગે છે. કેમકે તેવો આનન્દ ભગવત્સ્વરૂપાત્મક અને ભગવાન્ પ્રદાન કરે તો જ કોઇકને મળી શકે. તેથી **'આત્મા'**પદનો અર્થ ભગવત્પરત્વે લેવો જોઇએ.

**(ઉત્તમકોટીનો જો અધિકાર ન હોય તો ભગવત્સેવા ક્યાં અને કેમ કરવી તે બાબતનો ઉપદેશ)**

અવતરણિકા:

સ્વસ્વરૂપજ્ઞાન-પ્રભુસ્વરૂપજ્ઞાનાભાવવાન્ ભક્તોઽપિ પુષ્ટિમર્યાદાભેદેન દ્વિવિધઃ. ઉભયોઃ ચિત્તચાઞ્ચલ્યાભાવાય આહુઃ :

કારિકા:

**જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી તિષ્ઠેત્ પૂજોત્સવાદિષુ ॥૧૭॥**
**મર્યાદાસ્થસ્તુ ગંગાયાં શ્રીભાગવતતત્પરઃ ॥**
**અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઇતિ સ્થિતિઃ ॥૧૮॥**
**ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ ॥**
**જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ એવં તસ્માદ્ નિરૂપિતઃ ॥૧૯॥**

શ્લોકાન્વયાર્થ:

**જ્ઞાનાભાવે** = **જ્ઞાનના અભાવમાં** **પુષ્ટિમાર્ગી** = પુષ્ટિમાર્ગમાં રહેનાર **પૂજોત્સવાદિષુ** = પૂજા-ઉત્સવાદિકમાં **તિષ્ઠેત્** = રહે. **મર્યાદાસ્થઃ** = મર્યાદામાં રહેલાએ **તુ** = તો **જ્ઞાનાભાવે** = જ્ઞાનના અભાવમાં **શ્રીભાગવતતત્પરઃ** = શ્રીભાગવતપરાયણ (**સન્** = થઇને) **ગંગાયાં** = ગંગાસમીપે **તિષ્ઠેત્** = રહે. **પુષ્ટિમાર્ગે** = પુષ્ટિમાર્ગમાં **અનુગ્રહ** = કૃપા **નિયામકઃ** = નિયામક છે **ઇતિ સ્થિતિઃ** = આ પ્રકારનો નિયમ છે. **ઉભયોઃ** = બન્નેને **તુ** = તો **ક્રમેણ**



**એવ** = ક્રમથી જ **પૂર્વોક્તા એવ** = પૂર્વોક્ત જ **ફલિષ્યતિ** = ફલિત થાય છે. (**યતઃ** = કારણકે (કેમકે)) **ભક્તિમાર્ગઃ** = ભક્તિમાર્ગ **જ્ઞાનાધિકઃ** = **જ્ઞાનથી અધિક છે તસ્માત્** = તેથી **એવં** = આ પ્રકારે **નિરૂપિતઃ** = નિરૂપણ કર્યું.

ભાવાનુવાદ:

**જે પુષ્ટિમાર્ગી જીવાત્માઓને જ્ઞાન ન હોય તેવાઓએ ભગવત્પૂજા અને ભગવદુત્સવ પરાયણ થઇને રહેવું॥૧૭॥ જેઓ મર્યાદાસ્થ હોય તેઓએ ગંગાતીર્થનાં કાંઠે શ્રીભાગવતનાં શ્રવણ કીર્તન સ્મરણ માં પરાયણ બની રહેવું॥ કેમકે પુષ્ટિમાર્ગમાં તો અનુગ્રહનાં જ નિયામક હોવાની મર્યાદા છે॥૧૮॥ બન્નેને અન્તે તો ક્રમાનુસાર વ પૂર્વોક્ત સેવા ક્યારેક ફલિત થઇ જશે॥ આમ જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ કેમ અધિક છે તે જણાવી દીધું॥૧૯॥**

વિવૃતિ:

**જ્ઞાનાભાવે** ઇતિ, પુષ્ટિમાર્ગીયે વિશેષમ્ આહુઃ **અનુગ્રહઃ** ઇતિ. તસ્ય સ્થિતૌ ન દેશનિયમઃ કિન્તુ પ્રભુઃ અનુગૃહ્ય યત્રૈવ યથા સ્થાપયતિ તત્રૈવ તિષ્ઠતિ તથા. તસ્ય વિધિઃ ન નિયામકઃ ઇતિ ભાવઃ. મર્યાદાસ્થાવપિ જ્ઞાનિભક્તૌ ચેદ્ અનુગૃહ્ણાતિ વિશેષતઃ, તદા આદૌ પુષ્ટિમાર્ગં પ્રાપ્ય તન્માર્ગીયાં ભક્તિં પ્રાપ્નુતે ઇતિ આહુઃ **ઉભયોઃ** ઇતિ. યદિ મર્યાદાયામેવ અંગીકારઃ તદા ઉભયોઃ મુક્તિરેવ ફલિષ્યતિ ઇતિ આશયઃ. એવં નિરૂપણે તાત્પર્યમ્ આહુઃ **જ્ઞાનાધિકઃ** ઇતિ, લોકે અધુના ભક્તેરપિ ફલં જ્ઞાનં, તસ્ય મુક્તિરેવ ઇતિ સર્વે વદન્તિ. તત્ર જ્ઞાનંહિ બ્રહ્માત્મૈક્યજ્ઞાનં; બ્રહ્મ ચ અક્ષરાત્મકં, તદાત્મકત્વેન સર્વજ્ઞાનં ચ. એતાવતાપિ પુરુષોત્તમસમ્બન્ધસ્તુ દૂરતરઃ, તસ્ય અક્ષરાતીતત્વાત્. અતએવ અર્જુનેન પુરુષોત્તમાક્ષરભજનયોઃ તારતમ્યં પૃષ્ટઃ સ્વભજને આધિક્યમ્ આહ ગીતાસુ

દ્વાદશે અધ્યાયે. ગંગાયાં ચ ક્ષર-અક્ષર-પુરુષોત્તમતારતમ્યદૃષ્ટાન્ત: સ્પષ્ટ:, નહિ દેવી તીર્થાત્મિકા જલાત્મિકા વા કિન્તુ જલએવ તીર્થાત્મકત્વં જાનન્ જ્ઞાની ભવતિ. તદતીતદેવતાત્મકદર્શને ભક્તત્વમ્. નહિ ભક્ત્યા દેવતાદ્રષ્ટૃસમ: પૂર્વો ભવતિ. અતએવ પુરુષોત્તમં માં જાનન્ મામેવ સર્વભાવેન ભજતિ ઈતિ **"યો મામ્ એવમ્ અસમ્મૂઢ:"** (ભગ.ગીતા.૧૫ા-૧૯) ઈતિ ઉપક્રમ્ય **"ભજતિ માં સર્વભાવેન"** (ભગ.ગીતા.૧૫ા૧૯) ઈતિ પ્રભુ: ઉક્તવાન્. અતો જ્ઞાનમાર્ગીયસ્યાપિ પુરુષોત્તમવિદોડપિ ભક્તિનિષ્ઠૈવ ફલમિતિ કિમ્ ઈતો અધિકં વાચ્યમ્! અનેકપ્રમાણસિદ્ધત્વાદ્ ઈતિ વિદ્વદ્ભિ: જ્ઞેયમ્.

ઋગ્વેદેડપિ પઠ્યતે **"તમુ સ્તોતાર: પૂર્વ્યં યથાવિદ: ઋતસ્ય ગર્ભં જનુષા પિપર્તન. આસ્ય જાનન્તો નામ ચિદ્વિવક્તન મહસ્તે વિષ્ણો સુમતિં ભજામહે"** (ઋક્સંહિ.૧ા૧૫૬ા૩). "હે સ્તોતારો!"= મદુત્કર્ષવર્ણનપરા: 'પૂર્વ્યં'=સર્વકારણકારણરૂપં 'તં'=લોકવેદપ્રસિદ્ધં પુરુષોત્તમં ભવન્તો યથાવદ્ વિદન્તિ તત્સ્વરૂપમિતિ તથાભૂતા:. 'ઋતસ્ય'= સૂનૃતવાણીરૂપસ્ય વેદસ્ય 'ગર્ભં'=રૂપં, સ્વોદરસ્થં વેદં વિશ્વહિતાર્થં બ્રહ્મણે ઉપદિષ્ટવાનિતિ તથા. 'જનુષા'=સ્વજન્મનૈવ સમ્પૂર્ણેન, નતુ ક્ષણયામમા-ત્રેણ 'પિપર્તન'=પૂર્તિયુક્તં સન્તુષ્ટં કુરુત. અત્ર 'યથાવિત્'ત્વોક્ત્યા પૂર્ણજ્ઞાનાનાં દેહેન્દ્રિયપ્રાણાન્ત:કરણજીવાન્ તદર્થમેવ તદ્ભજનાર્થમેવ ઉપયુક્તાન્ કુરુત ઈતિ ભક્તિમાર્ગે વિનિયોગમ્ ઉપદિશતિ. તેન સ્ફુટમેવ જ્ઞાનમાર્ગાદ્ ભક્તિમાર્ગસ્ય આધિક્યમ્ અવગમ્યતે. ભક્ત્યા વિના ન કોડપિ પુરુષાર્થ: સિધ્યતિ ઈતિ હૃદયેન આહ અગ્રે દેહાદિસર્વવિનિયોગાશક્તૌ 'આ'સમન્તાદ્ 'જાનન્તો'=અખાણ્ડશબ્દબ્રહ્મરૂપં, નતુ લૌકિકશબ્દરૂપમ્ ઈતિ નામસ્વરૂપં જાનન્ત: તદેવ 'વિવક્તન'=વિશેષેણ વદન્તુ. અધિકમાહાત્મ્યાદ્ય-જ્ઞાને નામમાત્રમ્ ઉત કીર્તયન્તુ. એતેનૈવ ભગવત્સ્વરૂપ-તન્માહાત્મ્યાદિકં જ્ઞાતં ભવિષ્યતિ ઈતિ આશયેન આહ નામસ્વરૂપં 'ચિદ્' ઈતિ. 'ચિદ્' ઈતિ ઉપલક્ષણં સચ્ચિદાનન્દાત્મકમ્ ઈતિ અર્થ:. નામસ્વરૂપાજ્ઞાને તદુપદેષ્ટૃગુરૂપસત્તિ: કાર્યા ઈતિ આશયેન આહ 'મહસ્તે' ઈત્યાદિ.



'તે'=ત્વત્સમ્બન્ધિનં 'સુમતિં'=નિર્દોષપૂર્ણગુણત્વેન ભવન્તં જાનન્તં ભગવદ્ભક્તં 'ભજામહે'. સચ સ્વતેજસા પરાજ્ઞાનનિરાસક: ઈતિ આહ 'મહ...' ઈતિ, તેજોરૂપમ્ ઈતિ અર્થ:. સ્વહૃદિ સદા શ્રીકૃષ્ણપ્રાકટ્યેન ઉત્સવાત્મકમ્ ઈતિ વા. એતેન જ્ઞાનિનાં ભક્તિમાર્ગપ્રવેશએવ ઉપદિષ્ટો ભવતિ. એવમેવ **"તદ્ વિષ્ણો:..."** **"તદ્ વિપ્રાસ..."** (ઋક્સંહિ.૧ા૨૨ા૨૦-૨૧) ઈત્યાદિશ્રુતિસહસ્રૈ: નિગદ્યતઈતિ સુષ્ઠૂક્તં "જ્ઞાનમાર્ગાદ્ અધિકો ભક્તિમાર્ગ:" ઈતિ.

**અનુવાદ:**

પોતાનાં સ્વરૂપનું જ્ઞાન તેમજ પ્રભુનાં સ્વરૂપનું જ્ઞાન જેઓને ન હોય તેવા ભક્તો પુષ્ટિ અને મર્યાદા ના ભેદે બે પ્રકારના હોઈ શકે. બન્નેનાં ચિત્તો ચંચળ ન બની જાય તેથી સ્થિર કરવા માટે કહે છે **જ્ઞાન ન હોય** વિ. પુષ્ટિમાર્ગીયની બાબતમાં કાંઈક વિશેષતા જણાવવા કહે છે **અનુગ્રહ** વિ. પુષ્ટિમાર્ગીયે ક્યાં રહેવું તે બાબતમાં દેશવિશેષનો આગ્રહ માન્ય નથી. કેમકે જ્યાં પ્રભુ રાખે ત્યાં તેવી રીતે રહીને પ્રભુપરાયણ રહેવું આવશ્યક છે. તેથી આ બાબતમાં કોઈ શાસ્ત્રીય વિધિ-વિધાનો નિયામક નથી હોતા. મર્યાદામાં અવસ્થિત જે જ્ઞાની કે ભક્ત હોય તેઓના ઉપર પણ જો પ્રભુ વિશેષ કૃપા કરે તો પહેલા તેનો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરાવે પછી તેને પુષ્ટિમાર્ગીય ભક્તિનો ભાવ પ્રાપ્ત થશે આ જણાવવા કહે છે **બન્નેને** વિ. જો મર્યાદામાર્ગમાં જ અંગીકાર હોય તો તો જ્ઞાની કે ભક્ત બન્નેને મોક્ષ જ પ્રાપ્ત થશે એવો આશય છે. આવા પ્રતિપાદનની પાછળ રહેલ તાત્પર્ય સમજાવવા કહે છે **જ્ઞાનમાર્ગ કરતાં** વિ. હમણાં તો લોકમાં ભક્તિનું પણ ફલ જ્ઞાનની પ્રાપ્તિ માને છે અને જ્ઞાનનું ફલ મુક્તિ જ બધા માને છે. આમાં સમજવાની વાત આ કે જ્ઞાન તો બ્રહ્મ-પરમાત્મા અને જીવાત્મા ના એક જ હોવાનું જ્ઞાન, અને તે બ્રહ્મ કહ્યું તો અક્ષરાત્મક જ, તેથી જીવાત્મા વિ. બધાનું અક્ષરબ્રહ્માત્મક હોવાનું જ્ઞાન તે બ્રહ્મજ્ઞાન. એ સિદ્ધ પણ થઈ

જાય તો પણ પુરુષોત્તમ તો હજી દૂર રહ્યા કે નહિ? કેમકે તે તો અક્ષરબ્રહ્મ કરતાં અતીત છે. તેથી અર્જુને જ્યારે પરંબ્રહ્મ પુરુષોત્તમ અને અક્ષરબ્રહ્મ ની વચ્ચે તારતમ્યની બાબતમાં પૃચ્છા કરી ત્યારે ભગવાને પોતાનાં ભજનની વધારે ઉત્તમતા દેખાડી છે ગીતાનાં બારમાં અધ્યાયમાં . ગંગાજીના ઉદાહરણમાં ક્ષર અક્ષર અને પુરુષોત્તમ નું તારતમ્ય સ્પષ્ટ થાય છે, કેમકે ગંગાદેવી તીર્થાત્મિકા કે જલાત્મિકા નથી હોતી પણ જલને તીર્થરૂપે જાણનારાને જ્ઞાની તરીકે સ્વીકારવાનું છે. તે તીર્થથી ઊપર જે દેવ તદાત્મક તીર્થને માનનારો ભક્તની કોટીમાં આવે છે. જલને તીર્થરૂપે માન્ય કરનાર અને તે તીર્થને દેવરૂપે માન્ય કરનારાઓ બન્નેને એકસરીખા માની શકતા નથી. તેથી જ "જે મને પુરુષોત્તમ તરીકે સ્વીકારીને મારું સર્વભાવથી ભજન કરે છે **"જે અસંમૂઢ મને આમ"** (ભગ.ગીતા.૧૫।૧૯) આવી રીતે ઉપક્રમ કરીને **"સર્વભાવ રાખી મને ભજે છે"** (ભગ.ગીતા.૧૫।૧૯) આમ પ્રભુએ કહ્યું. તેથી જે પુરુષોત્તમને જાણનારો જ્ઞાનમાર્ગીય તેને ભક્તિમાં સંનિષ્ઠા જ ફલરૂપા હોય છે આથી વધારે અધિકતા બીજી શી હોઈ શકે કે કહી શકાય! આ તો અનેક પ્રમાણભૂત શાસ્ત્રવચનોના આધારે સિદ્ધ હોવાથી વિદ્વાનોમાટે જાણવા કે સ્વીકારવા જેવી વાત છે.

ઋગ્વેદમાં પણ એક મંત્ર મળે છે **"તમુ સ્તોતારઃ પૂર્વ્ય યથાવિદઃ ઋતસ્ય ગર્ભ જનુષા પિપર્તન. આસ્ય જાનન્તો નામ ચિદ્વિવક્તન મહસ્તે વિષ્ણો સુમતિં ભજામહે"** (ઋક્સંહિ.૧।૧૫૬।૩). અર્થાત્ 'હે સ્તોતારો!'=મારા ઉત્કર્ષનાં વર્ણન કરનારાઓ! 'પૂર્વ્ય'=સર્વ કારણોનાં કારણરૂપ 'તં'=લોક અને વેદ માં પ્રસિદ્ધ એવા પુરુષોત્તમના સ્વરૂપને તમો જેવો છે તેવો જાણો છો તેથી પરમાર્થવેત્તા છો. 'ઋતસ્ય'=વેદની જે સૂનૃત વાણી છે તેનો એટલે કે પોતાનાં 'ગર્ભ'=રૂપ, ઉદરમાં રહેલને વેદનો વિશ્વનાં હિતમાટે ઉપદેશ બ્રહ્માજીને આપ્યો. તેવા પરમાત્માને પોતાનાં સંપૂર્ણ 'જનુષા'=જન્મથી, નહિં કે આમ-તેમ



થોડાક ક્ષણોમાટે જ ફક્ત 'પિપર્તન'=પૂર્તિયુક્ત એટલે કે સન્તુષ્ટ કરો. અહિં 'યથાવિદ્' હોવાનું જે કહેવામાં આવ્યું તેથી જેઓને પૂરેપૂરું જ્ઞાન હોય તેવાઓએ પોતાનાં દેહ ઈન્દ્રિય પ્રાણ અન્તઃકરણ કે જીવાત્મા બધાને તદર્થ એટલે કે ભગવદ્ભજનાર્થ ઉપયોગ લાવવાની વાત કહેવામાં આવી છે તેથી ભક્તિમાર્ગમાં વિનિયોગ કરવાનો આ ઉપદેશ છે. તેથી સ્ફુટ થઈ જાય છે કે જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગમાં કાંઈક આધિક્ય છે. ભક્તિ વિના કોઈ પણ પુરુષાર્થ સિદ્ધ થઈ શકતો નથી તેથી તેવા આશયથી આગળ જઈને જેઓ દેહાદિ સકલ વસ્તુઓનો વિનિયોગ ભજનમાં કરવા શક્તિમાન ન હોય તેવાઓએ 'આ'=સરખી રીતે 'જાનન્તો'=અખણ્ડ શબ્દબ્રહ્મરૂપ, નહિં કે લૌકિક શબ્દરૂપ, તેનાં નામોનું સ્વરૂપં જાણીને તેનો 'વિવક્તન'=વિશેષ પ્રકારે ઉચ્ચારણ કરો. જો વધારે માહાત્મ્યજ્ઞાન ન પણ હોય તો તે ભગવાન્નાં માત્ર નામોનું પણ કીર્તન કરો. એને કારણે ભગવાન્નું સ્વરૂપ, ભગવાન્નું માહાત્મ્ય વિ. બધું જ્ઞાત થઈ જશે તેથી કહે છે ભગવન્નામનું સ્વરૂપ 'ચિદ્' એટલે કે 'ચિદ્' આ તો ઉપલક્ષણ છે હકીકતમાં તો ભગવન્નામ સચ્ચિદાનન્દાત્મક હોય છે એવો અર્થ છે. જો નામસ્વરૂપને પણ જાણતા હોવ તો તેના ઉપદેશક ગુરુઓનો સંગ કરવો તેવા આશયથી કહે છે 'મહસ્તે...' વિગેરે. 'તે'=તારામાટે જેઓમાં 'સુમતિં'=તમે નિર્દોષ અને પૂર્ણગુણ છો એમ તમને ઓળખનારાઓ ભગવદ્ભક્તનું 'ભજામહે'=ભજન કરીએ છીએ. તે ગુરુ પોતાનાં જ્ઞાનતેજથી બીજાનાં અજ્ઞાનનો નિરાસક હોય છે આમ કહે છે 'મહ...' વિગેરેથી. તેઓ તેજોરૂપ હોય છે તેવો અર્થ છે. પોતાનાં હૃદયમાં સદા શ્રીકૃષ્ણનાં પ્રાકટ્યને કારણે આવા ગુરુઓ પોતે ઉત્સવરૂપ હોય છે. તેથી જ્ઞાનીઓને પણ ભક્તિમાર્ગમાં પ્રવેશનો ઉપદેશ આપવામાં આવ્યો છે. એમજ **"તદ્ વિષ્ણોઃ..." "તદ્ વિપ્રાસ..."** (ઋક્સંહિ.૧।૨૨।૨૦-૨૧) વિગેરે ઘણી બધી શ્રુતિઓમાં કહેવામાં આવ્યું છે એટલે "જ્ઞાનમાર્ગ કરતા ભક્તિમાર્ગને ચઢિયાતો" કહેવું સારી અને પ્રમાણસભર વાત છે.

**(મૂલમાં સેવાકર્તામાં જો ભક્તિભાવ જ ન હોય તો તેવા અન્યથાભાવને**

કારણે ભગવત્સેવા વ્યર્થ બની જતી હોય છે)

અવતરણિકા:

ગંગાદષ્ટાન્તસ્ય તાત્પર્યાન્તરમ્ આહુ: :

કારિકા:

**ભક્ત્યભાવેતુ તીરસ્થો યથા દુષ્ટૈ: સ્વકર્મભિ:॥**
**અન્યથાભાવમ્ આપન્નઃ તસ્માત્ સ્થાનાત્ ચ નશ્યતિ॥૨૦॥**
**એવં સ્વશાસ્ત્રસર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતમ્॥**
**એતદ્ બુદ્ધ્વા વિમુચ્યેત પુરુષ: સર્વસંશયાત્॥૨૧॥**

શ્લોકાન્વયાર્થ:

**યથા** = જેવીરીતે **તીરસ્થઃ** = તીરપર રહેલો **ભક્ત્યભાવે** = ભક્તિના અભાવમાં **તુ** = તો **દુષ્ટૈઃ** = દુષ્ટ **સ્વકર્મભિઃ** = પોતાના કર્મોથી **અન્યથાભાવમ્** = **તઈઉપર અન્યથાભાવને આપન્નઃ સન્** = પ્રાપ્ત થઈને **તસ્માત્** = તે **સ્થાનાત્** = સ્થાનથી **નશ્યતિ** = નષ્ટ થાય છે (**તથા** = તેવીરીતે ભક્તિના અભાવમાં સેવા કરનાર) **ભક્તોઽપિ** = ભક્ત પણ નશ્યતિ = **નષ્ટ થાય છે.**

**એવં** = આ પ્રકારથી **મયા** = મારા દ્વારા **સ્વશાસ્ત્રસર્વસ્વં** = પોતાના શાસ્ત્રના સર્વસ્વ **ગુપ્તં** = ગુપ્ત (સિદ્ધાન્ત) નું **નિરૂપિતં** = નિરૂપણ કર્યું. **એતત્** = આને **બુદ્ધ્વા** = જાણીને **પુરુષઃ** = પુરુષ **સર્વસંશયાત્** = બધાં સંશયોથી **વિમુચ્યેત્** = વિશેષકરીને મુક્ત થાય છે.

ભાવાનુવાદ:

**ભક્તિ ન હોય તો પણ ગંગાજીનાં કાંઠે રહેનારો જેમ પોતાના દુષ્ટ કર્મોથી॥ અન્યથાભાવોથી ગ્રસ્ત તે સ્થાનથી જ નાશને પામે છે॥૨૦॥ આમ પોતાનાં શાસ્ત્રનું ગુપ્ત સર્વસ્વ મે નિરૂપણ કર્યું॥ જે આને**



**જાણશે તે પુરુષ સર્વ સંશયોથી વિમુક્ત થઈ જશે॥૨૧॥**

**ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતા સિદ્ધાન્તમુક્તાવલી સમ્પૂર્ણા**

**ઈતિ શ્રીવલ્લભાચાર્યદ્વારા વિરચિત સિદ્ધાન્તમુક્તાવલી સમ્પૂર્ણ થઈ**

વિવૃતિ:

**ભક્ત્યભાવેતુ** ઈતિ, ભગવત્સાન્નિધ્યદેશેઽપિ સ્થિતૌ ભક્ત્યભાવે તથા ભવતિ ઈતિ ભાવ:. એતેન ભક્તેઃ આવશ્યકત્વમ્ ઉક્તં ભવતિ.


અનુવાદ:

ગંગાજીનાં દૃષ્ટાન્તનું એક બીજું પણ તાત્પર્ય હવે કહે છે:

**ભક્તિનો અભાવ હોય તો** એટલે, જ્યાં ભગવાનનું નિત્ય સાનિધ્ય હોય તેવા દેશમાં પણ રહેવા ઉપરાંત ભક્તિ ન હોવાને કારણે આવી કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે એવો ભાવ છે. એથી ભક્તિની આવશ્યકતા કહી દેખાડી.

**ઈતિ શ્રીપિતૃ-પાદાબ્જ-પરાગ-રસ-સિક્ત-હૃત્॥**
**શ્રીવિઠલસ્ તત્સિદ્ધાન્ત-વાઙ્માલાં હૃદયે દધૌ॥૧॥**

**આમ મારા પિતાશ્રીનાં ચરણકમલનાં પરાગમાં રહેલ રસથી આર્દ્ર એવા હૃદયવાલા॥**
**શ્રીવિઠલનાથે તેમનાં સિદ્ધાન્તોની વાણીની માલા પોતાનાં હૃદયઉપર ધારણ કરેલી છે॥૨॥**




* આ બે પ્રકાર અંતમાં એક જ થઈ જાય છે



॥ શ્રીમદ્રઘુનાથકૃતવિવૃત્યુપેતા ॥

# ॥ ભક્તિવર્ધિની ॥

## ( પુષ્ટિભક્ત્યુપદેશપરા )

## ॥ શ્રીમદ્રઘુનાથજી કૃત વિવૃતિ સાથે ॥
## ( પુષ્ટિભક્તિનાં ઉપદેશપરક )

**વિવૃતિમંગલાચરણ :**

વન્દે વૃન્દાવને વૃન્દૈર્ ગોપીનાં વેષ્ટિતં મુદા ॥
હરિણીભિ: કૃષ્ણસારમિવ આભાતં તદીક્ષણમ્ ॥૧॥
અપારદુ:ખદાવાગ્નિદગ્ધજીવનમ્ ઈક્ષિતમ્ ॥
યસ્ય તં યામિ શરણં વિટ્ઠલેશમ્ અહં સદા ॥૨॥

વૃંદાવનમાં ગોપીજનોનાં વૃંદથી ઘેરાયેલાને મોદથી વંદન ॥
હરિણીઓથી ઘેરાયેલા કૃષ્ણસાર મૃગની માફક દેખાતા તેમનાં ઈક્ષણવાળા ॥૧॥
અપાર દુ:ખોનાં દાવાગ્નિથી દાઝેલાઓમાટે જીવન રૂપી દૃષ્ટિ છે ॥
જેમની તેવાં વિટ્ઠલેશનાં શરણે હું સદા જાઉં છું ॥૨॥

**અવતરણિકા :**

અથ કેનચિત્ પરમપુણ્યેન પ્રાપ્તમહાપુરુષાનુગ્રહાદ્ ભક્ત્યંકુરિતચિત્તસ્ય કદાચિદ્ અન્તરા સમ્ભાવિતતદ્ભંગસ્ય અભાવાય ભક્ત્યુદ્રેકોપાયનિરૂપણં પ્રતિજાનતે :

**કારિકા :**

**યથા ભક્તિ: પ્રવૃદ્ધા સ્યાત્ તથા ઉપાયો નિરૂપ્યતે ॥**

બીજભાવે દૃઢેતુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણકીર્તનાત્॥૧॥

શ્લોકાન્વયાર્થ:

**યથા** = જે પ્રકારે ભક્તિ: ભક્તિ **પ્રવૃદ્ધા** = સારી રીતે વૃદ્ધિ પામેલી **સ્યાત્** = થાય **તથા** = તે પ્રમાણેના **ઉપાયો** = સાધનોનું **નિરૂપ્યતે** = નિરૂપણ કરાય છે. **બીજભાવે** = બીજભાવના **દૃઢેતુ** = દૃઢથવાથી **ત્યાગાત્** = ત્યાગથી **શ્રવણકીર્તનાત્** = અને શ્રવણકીર્તનથી (ભક્તિ: પ્રવૃદ્ધા) ભક્તિ વધતી **સ્યાત્** = હોય છે॥૧॥॥

ભાવાનુવાદ:

**ભક્તિ જેમ સરખી રીતે વધે તેવો ઉપાય નિરૂપિત કરવામાં આવે છે॥**

**જો બીજભાવ દૃઢ હોય તો ત્યાગ અને શ્રવણ-કીર્તનથી ભક્તિ વધતી હોય છે॥૧॥**

વિવૃતિ:

**યથા** ઇતિ. **યથા** યેન ઉપાયાચરણપ્રકારેણ **ભક્તિ:** પૂર્વોક્તેન હેતુના અંકુરતાં પ્રાપ્ય સ્થિતા સતી **પ્રવૃદ્ધા પ્રકર્ષેણ** વૃદ્ધિં પ્રાપ્તા ચ સ્વકાર્યકરણક્ષમા **સ્યાદ્** ભવેત્ **તથા તેનૈવ પ્રકારેણ ઉપાય:** સાધનં **નિરૂપ્યતે** સોપપત્તિકં કથ્યતે ઇતિ અર્થ:. અત્ર અયં ભાવો : યથા અન્ત:સ્થિતબીજે ક્ષેત્રાદૌ સેચનાદિબાહ્યોપાયકરણં સફલં ભવતિ, ન અનુપ્તબીજે; એવમ્ અત્રાપિ ભક્તિસ્પૃષ્ટાન્ત:કરણસ્યૈવ એતદુચ્યમાનસાધનપ્રવૃત્ત્યધિકારો ન અન્યસ્યેતિ. ઇમમેવ અર્થમ્ ઉદ્દિશ્ય અગ્રેપિ આહુ: **બીજભાવે દૃઢેતુ સ્યાદ્** ઇતિ. ઉક્તભક્તિપ્રવૃદ્ધિ: કદા ? ઇતિ અપેક્ષાયાં **બીજભાવે દૃઢે** સમ્પન્ને સ્યાત્. કુત: ? ઇતિ અપેક્ષાયાં **ત્યાગાત્** ભગવદતિરિક્ત-વિષયત્યાગાત્. શ્રવણં ચ કીર્તનં ચ એકવદ્‌ભાવાત્ **શ્રવણકીર્તનાદ્** ઇતિ એકવચનમ્. નનુ કો નામ બીજભાવ: ? ઉચ્યતે : ભક્ત્યસાધારણકારણં **'બીજમ્'** ઇતિ ઉચ્યતે, તત્ ચ મહદનુગ્રહરૂપમ્. તસ્ય **ભાવ:** સદ્‌ભાવ:, તસ્ય દાર્ઢ્યં નિશ્ચય:. યદ્વા **'બીજ'**પદેન ભગવાન્ ઉચ્યતે. તસ્મિન્ **ભાવ:** તદ્વિષયિણી



વ્યવસાયાત્મિકા બુદ્ધિ: ''ભગવાનેવ આશ્રયણીયો ન અન્યે'' ઇતિ એવંરૂપા. **દાર્ઢ્યં** તદનન્તર્હિતત્વમ્. **'તુ'**શબ્દ: પ્રસિદ્ધૌ. તથૈવ વક્ષ્યન્તિ ચ **''બીજં તદ્ ઉચ્યતે શાસ્ત્રે દૃઢં યદ્ નાપિ નશ્યતિ''** (ભ.વ.૪) ઇતિ.

અનુવાદ:

કોઇક પરમ પુણ્યનાં કારણે મળેલ મહાપુરુષોનાં અનુગ્રહથી જેનાં ચિત્તમાં ભક્તિ અંકુરિત થયી હોય તેને ક્યારેક અધવચ્ચે તે ભક્તિ-અંકુર કરમાઇ ન જાય તેથી ભક્તિનાં ઉદ્રેકનાં ઉપાયોનું નિરૂપણ કરવાની શરુઆત હવે કરે છે :

'જેમ' કહ્યું. **'જેમ'** એટલે જે ઉપાયોને અમલમાં લાવવાથી **ભક્તિ** પહેલા જણાવેલ હેતુને કારણે અંકુરિત અવસ્થાને પ્રાપ્ત થયેલી **સરખી રીતે વધે** એટલે વધીને પોતાનું કાર્ય કરવા સક્ષમ **હોય છે** સિદ્ધ થાય છે **તેવા** તે જ પ્રકારનાં **ઉપાય** સાધન **નું નિરૂપણ કરવામાં આવે છે** એટલે ઉપપાદન કરીને કહેવામાં આવે છે એવો અર્થ સમજવો. અહિં આશય આ મુજબ છે : જેમ ખેતીવાડીની ભૂમિને ભીતર રહેલ વાવેલ બીજને સિંચન વિગેરે બાહ્ય ઉપાયો થી સફલ બનાવી શકાય, બિન-વાવેલ બીજને નહિં; તેમ જ અહિંયાં પણ ભક્તિ જેનાં અન્ત:કરણને સ્પર્શી હોય તેને જ અહિંયાં કહેવામાં આવતાં સાધનોમાં પ્રવૃત્ત થવાનો અધિકાર હોય છે બીજાનો નહિં. આ જ વાતને ઉદ્દેશીને આગળ પણ કહે છે **''જો બીજભાવ દૃઢ હોય તો''**. કહેવામાં આવતી ભક્તિની પ્રવૃદ્ધિ ક્યારે થશે? આ જાણવાની અપેક્ષા હોય તો જણાવે છે **બીજભાવ દૃઢ** એટલે સુસમ્પન્ન થયો હોય ત્યારે. તે સુસમ્પન્ન કેમ કરતાં થાય? આવી અપેક્ષાનું સમાધાન આપે છે **ત્યાગથી** એટલે ભગવાન્ સિવાય બીજા વિષયોનાં ત્યાગથી. શ્રવણ અને કીર્તન ને બે નોખાં-નોખાં નહિ બલ્કે એક ગણવા માટે **'શ્રવણ-કીર્તન'** પદ એકવચનમાં વપરાયું

છે. 'બીજભાવ' શબ્દનો અર્થ શો? સાંભળો : ભક્તિનું જે અસાધારણ કારણ હોય તેને **'બીજ'** કહેવામાં આવે છે, અને તે તો મહાપુરુષોનાં અનુગ્રહરૂપે પ્રકટ થતો હોય છે. તે જો **હોય તો** એટલે તે વિદ્યમાન હોય તો, એટલે તેનો દૃઢ હોવાનો નિશ્ચય હોય તો. અથવા **'બીજ'** પદનાં અર્થરૂપે ભગવાન્‌ને પણ લઇ શકાય. તે બીજરૂપી ભગવાન્‌માં **ભાવ** એટલે તે ભગવાન્‌ની બાબતમાં તત્પર બુદ્ધિ ''ભગવાન્‌નો જ ફક્ત આશ્રય લેવો જોઇએ બીજા કોઇનો નહિં'' એવી મક્કમતા. **દૃઢ હોય તો** એટલે ધરબાયેલો જ ન રહી ગયો હોય. **'તો'** શબ્દ પ્રસિદ્ધિવાચક છે. તે આગળ જણાવવામાં આવશે **''શાસ્ત્રમાં 'બીજ' તેને કહેવાય કે જે દૃઢપણે અવિનાશી હોય''** (ભ.વ.૪).

અવતરણિકા:

મર્યાદામાર્ગીયાણાં ગૃહસ્થાનાં બીજદાર્ઢ્યપ્રકારમ્ આહુ: :

કારિકા:

**બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મત:॥**
**અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિ:॥૨॥**

શ્લોકાન્વયાર્થ:

**બીજદાર્ઢ્યપ્રકાર:** **તુ** = બીજની દૃઢતાનો પ્રકાર તો **સ્વધર્મત:** = સ્વધર્મ મુજબ **ગૃહે** = ઘરમાં **સ્થિત્વા** = રહીને **અવ્યાવૃત્તો** = અવ્યાવૃત્ત રહી **પૂજયા** = પૂજા અને **શ્રવણાદિભિ:** = શ્રવણાદિવડે **કૃષ્ણં** = કૃષ્ણનું **ભજેત્** = ભજન કરવું જોઇએ॥૨॥

ભાવાનુવાદ:

**બીજને દૃઢ કરવાનો પ્રકાર તો સ્વધર્મ મુજબ ઘરમાં રહીને॥**
**જો અવ્યાવૃત્ત હોય તો પૂજા અને શ્રવણ વિગેરે ઉપાયોથી કૃષ્ણનું ભજન કરવું જોઇએ॥૨॥**



વિવૃતિ:

**બીજદાર્ઢ્યપ્રકારસ્તુ** ઇતિ. **''ગૃહે સ્થિત્વા કૃષ્ણં ભજેદ્''** ઇતિ અન્વય:. કથં? કેન? ઇતિ આકાંક્ષાદ્વયપ્રાપ્તૌ આદ્યાયાં **સ્વધર્મત:** સ્વસ્ય યો ધર્મ: શ્રુત્યાદ્યુક્તો વર્ણાશ્રમધર્મ: તત્સહિત: સન્ **અવ્યાવૃત્તો** ભગવદ્ભજનવિરુદ્ધો લોકવેદધર્મવ્યાસંગો વ્યાવૃત્તિ: તદ્રહિત: સન્ ઇતિ અર્થ:. કેન? ઇતિ આકાંક્ષાયાં **પૂજયા શ્રવણાદિભિ:** ઇતિ યોજ્યમ્. અત્ર પ્રત્યેક-સમુદાયાભ્યાં પૂજાદિકં ગ્રાહ્યમ્. તત્ર પૂજા વેદપુરાણોક્તા ગ્રાહ્યા. ઋગ્વિધાનાદ્યુક્તપુરુષસૂક્તાદિભિ: યા સા વૈદિકી. આગમપુરાણાદ્યુક્તા અન્યા. શ્રવણન્તુ શ્રુતિસ્મૃતિપુરાણેતિહાસરામાયણાદિવાક્યેભ્યએવ. **'આદિ'**પદેન ચિન્તનલીલાનુકરણાદિકં જ્ઞેયમ્. સર્વાપેક્ષયા શ્રવણસ્ય પ્રાધાન્યં જ્ઞેયમ્. અતએવ મહાભારતે શ્રૂયતે **''સર્વાશ્રમાભિગમનં સર્વતીર્થાવગાહનં ન તથા ફલદં સૌતે નારાયણકથા યથા''** ઇતિ.

અનુવાદ:

મર્યાદામાર્ગીય ગૃહસ્થોનાં બીજને દૃઢ કરવાનો પ્રકાર સમજાવે છે:

**બીજને દૃઢ કરવાનો પ્રકાર તો** એટલે **''ઘરમાં રહીને કૃષ્ણને ભજવું જોઇએ''** આમ અન્વય(=શબ્દોની જોડણી) સમજવો. કેવી રીતે? શેનાથી? આવા પ્રશ્નો પૈકી આદ્યનું સમાધાન કરે છે **સ્વધર્મ મુજબ** સ્વ=પોતાનો જે ધર્મ શ્રુતિ વિગેરે શાસ્ત્રોમાં જણાવેલ વર્ણાશ્રમધર્મ તેની સાથોસાથ જે **અવ્યાવૃત્ત** એટલે ભગવાન્‌નાં ભજનમાં આડખીલી ન બનનાર લોક-વેદનાં ધર્મોનું વ્યાસંગ કે વ્યાવૃત્તિ થી જે રહિત હોય તેવો અર્થ છે. શેનાથી? આ પ્રશ્નનું સમાધાન આપે છે **પૂજા શ્રવણ વિગેરેથી** આમ પદોને યોજવા. અહિં પ્રત્યેક તેમજ સમુદાય રૂપે પૂજા વિગેરે લેવાનાં છે. તેમાં પૂજા વેદ-પુરાણોમાં કહેવાયી તે મુજબ લેવી. ઋચાઓનાં વિધાનમાં જણાવેલ પુરુષસૂક્ત વિગેરેથી

જે પૂજા કરવામાં આવે તે વૈદિકી. આગમ કે પુરાણો માં જણાવેલી રીતિ પ્રમાણે કરવામાં આવતી હોય તે બીજી. શ્રવણ તો શ્રુતિ સ્મૃતિ પુરાણ ઈતિહાસ કે રામાયણ વિગેરેનાં વચનોથકી જ. **'વિગેરે'** પદનાં પ્રયોગને કારણે તેમનું ચિન્તન તેમની લીલાઓનું અનુકરણ વિગેરે સમજવા. આ બધાની વચ્ચે શ્રવણની પ્રધાનતા છે જાણવી. તેથી જ તો મહાભારતમાં કહેવાયું છે **"બધાં જ આશ્રમોનો નિર્વાહ કે બધાં જ તીર્થોમાં અવગાહન તેટલું ફલપ્રદ નથી હોતું, જેટલી નારાયણકથા ફલ આપનારી હોય છે"** .

અવતરણિકા:

વ્યાવૃત્તિરાહિત્યેન ભજનાસમ્ભવે ઉપાયાન્તરમ્ આહુઃ :

કારિકા:

**વ્યાવૃત્તોડપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્ સદા ।।**
**તતઃ પ્રેમ તથા આસક્તિર્ વ્યસનં ચ યદા ભવેત્ ।।૩।।**
**બીજં તદ્ ઉચ્યતે શાસ્ત્રે દૃઢં યદ્ નાપિ નશ્યતિ ।।**

શ્લોકાન્વયાર્થ:

**વ્યાવૃત્તોડપિ** = વ્યાવૃત્ત હોય તેણે પણ **શ્રવણાદૌ** = શ્રવણાદિવડે **હરૌ** = હરિમાં **ચિત્તં** = ચિત્તને **સદા** = હંમેશા **યતેત્** = લગાડવાનો યત્ન કરતા રહેવું **તતઃ** = તેથી **પ્રેમ તથા આસક્તિઃ** = પ્રેમ તથા આસક્તિ **વ્યસનં ચ** = અને વ્યસન પણ **યદા** = જ્યારે **ભવેત્** = થાય ( તદા ) = ત્યારે **તદ્ બીજં** = તે ભક્તિનુ બીજ **શાસ્ત્રે** = શાસ્ત્રમાં **દૃઢં** = દૃઢ ( ઉચ્યતે ) કહેવાય છે. **યદ્** = જે **નાપિ નશ્યતિ** = અવિનાશી કહેવાય છે ।।

ભાવાનુવાદ:

**જે વ્યાવૃત્ત હોય તેણે પણ શ્રવણ વિગેરે દ્વારા**



**હરિમાં ચિત્ત ચોંટાડવાનું યત્ન સદા કરતા રહેવું જોઈએ ।।**
**તેથી પ્રેમ, તેમજ આસક્તિ; અને વ્યસનં પણ જ્યારે સિદ્ધ થશે ।।૩।।**
**ત્યારે તે બીજને શાસ્ત્રમાં 'દૃઢ' અવિનાશી કહેવાતું હોય છે ।।**

વિવૃતિ:

**વ્યાવૃત્તોડપિ** ઈતિ, વ્યાસક્તોડપિ સન્ **હરૌ** ત્રિવિધદુઃખહરણશીલે **ચિત્તં** વિધાય પૂર્વોક્તશ્રવણાદિષુ **યતેત્** યત્નં કુર્યાદ્ ઈતિ અર્થઃ. 'યતેદ્' ઈતિ પરસ્મૈપદં નામધાતુના જ્ઞેયમ્. ભગવચ્ચરણારવિન્દયોઃ ચિત્તં સંસ્થાપ્ય બાહ્યશ્રવણાદૌ કૃતસ્ય યત્નસ્ય નિષ્ફલત્વેડપિ ન સ્વાર્થહાનિઃ ઈતિ ભાવઃ. અતએવ એતદ્વચનમપિ **"ક્રિયાસુ યત્ ત્વચ્ચરણારવિન્દયોઃ આવિષ્ટચિત્તો ન ભવાય કલ્પતે"** (ભાગ.પુરા.૧૦।૨।૩૭) ઈતિ. **હરૌ ચિત્તમ્** ઈત્યનન્તરં ક્રિયાપદમ્ અધ્યાહૃત્ય અગ્રે યોજનીયમ્. **'સદા'** ઈત્યેતદ્ ઉભયત્ર સમ્બધ્યતે. એવંકૃતે યદ્ ભવતિ તદ્ આહુઃ **તતઃ** ઈતિ. **પ્રેમ** સ્નેહઃ. **આસક્તિઃ** તદ્વિના સ્થાતુમ્ અશક્તિઃ. **વ્યસનં** સ્વભાવતએવ તદ્વાર્તાદિરુચિઃ ન અન્યપ્રેરણાતઃ. ઈદં સર્વં **યદા ભવેત્** સમ્પદ્યતે તદા એતત્ત્રિતયસમ્પત્તિરૂપં **શાસ્ત્રે** ભગવચ્છાસ્ત્રે **દૃઢં બીજમ્** ઈતિ વ્યવહ્રિયતે. દાર્ઢ્યમેવ સ્પષ્ટીક્રિયતે **યદ્ નાપિ નશ્યતિ** ઈતિ.

અનુવાદ:

હવે જો વ્યાવૃત્તિ વિના ભજન શક્ય ન હોય તો ઉપાયાન્તર સમજાવે છે :

**જે વ્યાવૃત્ત હોય તેણે પણ** એટલે વિશેષ આસક્તિવાળાએ પણ **હરિમાં** જે ત્રિવિધ દુઃખોને હરનારા છે, તેમનાંમાં **ચિત્ત** લગાડીને પહેલા જણાવેલ શ્રવણ વિગેરેમાટે **યત્ન કરવું જોઈએ** આમ અર્થ સમજવો. મૂલ સંસ્કૃતમાં 'યતેદ્' શબ્દનો પ્રયોગ પરસ્મૈપદ નામધાતુના

રૂપે કરવામાં આવ્યો છે. આન્તરિક રીતે ભગવાન્નાં ચરણારવિન્દોમાં ચિત્ત લગાડીને બાહ્યરીતે શ્રવણ વિગેરેમાટે જે યત્ન કરવામાં આવતું હોય તો તે નિષ્ફલ પણ જાય તો પણ પરમાર્થની હાનિ કોઈ પણ જાતની થતી નથી એવો ભાવ છે. તેથી આ વાત પણ **"તમારા ચરણારવિંદથી જોડાયેલી ક્રિયાઓમાં જેનું ચિત્ત લાગી ગયું, તેનો ભવકૂપમાં પાત થતો નથી"** (ભાગ.પુરા.૧૦।૨।૩૭). **"હરિમાં ચિત્ત"** આ બે પદો પછી ક્રિયાપદનો અધ્યાહાર કરીને આગળ યોજવો જોઈએ. **'સદા'** પદ બેઉ ઠેકાણે જોડાય છે. એમ કરવાથી જે લાભ થાય છે તે જણાવે છે **તેથી** એટલે **પ્રેમ**=સ્નેહ, **આસક્તિ** તેનાં વિના રહી ન શકાતું હોય તેવી અવસ્થા, **વ્યસન** સ્વાભાવિક રૂપે તે ભગવાન્ની વાર્તા વિગેરેમાં રુચિ હોવી તે, બીજા કોઈની પ્રેરણાની દરકાર જેમાં ન રહી જાય. આ બધું **જ્યારે સિદ્ધ થશે** સમ્પન્ન થશે, ત્યારે આ ત્રણેય સમ્પન્ન થાય તો તેને **શાસ્ત્રમાં** ભગવચ્છાસ્ત્રમાં **દઢ બીજ** તરીકે વર્ણવાય છે. તે દઢતાને હજી વધારે સ્પષ્ટ કરવા કહે છે **'અવિનાશી'** .

**અવતરણિકા:**

પ્રેમાદીનામ્ અસાધારણં તત્તત્ કાર્યમ્ આહુ: :

**સ્નેહાદ્ રાગવિનાશ: સ્યાદ્ આસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિ: ॥૪॥**
**ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે ॥**
**યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થ: સ્યાત્ તદૈવ હિ ॥૫॥**

**શ્લોકાન્વયાર્થ:**

**સ્નેહાદ્**=સ્નેહથી **રાગવિનાશ:**=રાગનો વિનાશ **સ્યાદ્**=થશે **આસક્ત્યા**=આસક્તિવડે **ગૃહારુચિ:**=ઘરમાં અરુચિ **સ્યાદ્**=થશે **ગૃહસ્થાનાં**=ઘરબારની બાબતમાં **બાધકત્વમ્**=બાધકપણું **અનાત્મત્વં ચ**=અને અનાત્મપણું **ભાસતે**=ભાસિત થશે. **યદા**=જ્યારે **કૃષ્ણે**=



કૃષ્ણમાં **વ્યસનં**=વ્યસન **સ્યાદ્**=થશે **તદૈવ હિ**=ત્યારે જ **કૃતાર્થ:**=કૃતાર્થ **સ્યાત્**=થાય છે ॥૪-૫॥

**ભાવાનુવાદ:**

**સ્નેહથી રાગનો વિનાશ થશે આસક્તિને કારણે ઘરબારમાં અરુચિ થશે ॥૪॥**

**ઘરબારની બાબતમાં બાધક હોવાનું અને અનાત્મિક હોવાનું સ્ફુરિત થશે ॥**

**જ્યારે કૃષ્ણનું વ્યસન સિદ્ધ થઈ જશે ત્યારે કૃતાર્થ થઈ જ જવાશે ॥૫॥**

**વિવૃતિ:**

**સ્નેહાદ્** ઈતિ. **રાગો** ભગવદતિરિક્તવિષયક:. **ગૃહારુચિ:** ઈતિ, ગૃહે અરુચિ:=અનાસક્તિ:. **ગૃહસ્થાનામ્** ઈતિ, ગૃહવિષયકરાગાદ્યભાવે સ્ત્રીપુત્રાદિપોષણાસમ્ભવરૂપદોષોદ્ભાવનેન અવિવેકિનાં ગૃહસ્થાનાં પરમપુરુષાર્થસાધકયોરપિ અનયો: ધર્મયો: બાધકત્વમેવ ભાસતે, અનધિકારિત્વાદ્ **અનાત્મત્વં ચ** ઈતિ, આત્મનો ભાવ આત્મત્વમ્. 'ભાવ'પદેન સ્વાભાવિકધર્મ: ઉચ્યતે, તેન "ન અયમ્ આત્મન: સ્વધર્મ:" ઈત્યેવં ભાસતે. વસ્તુતસ્તુ જ્ઞાનં તેષાં નાસ્તિ ઈતિ જ્ઞાપનાર્થં **ભાસતે** ઈતિ ઉક્તમ્. વ્યસનકાર્યમ્ આહુ: **યદા સ્યાદ્** ઈતિ, યસ્મિન્ કાલે સ્વભાવતો યત્કિઞ્ચિત્ક્રિયમાણમપિ ભગવદ્વિષયકમેવ સ્ફુરતિ, તદા કિં વક્તવ્યં કૃતાર્થતાયામ્! ઈતિ અર્થ:. **'હિ'** શબ્દ: પ્રહલાદાદૌ પ્રસિદ્ધિદ્યોતનાર્થ:, પ્રહલાદસ્ય એવંવિધત્વં વિષ્ણુપુરાણે શ્રૂયતે **"યા પ્રીતિ: અવિવેકાનાં વિષયેષુ અનપાયિની ત્વામ્ અનુસ્મરત: સા મે હૃદયાદ્ મા અપસર્પતુ"** (વિ.પુ.૧।૨૦।૧૯) ઈતિ.

**અનુવાદ:**

હવે પ્રેમ વિગેરેનાં જે તે-તે અસાધારણ પરિણામ આવશે તે કહી જણાવે છે:

**સ્નેહથી** વિગેરે. **'રાગ'** નો અર્થ ભગવાન્ સિવાયની વસ્તુ કે વ્યક્તિ ની બાબતમાં રાગ. **ગૃહારુચિઃ** ઈતિ, ગૃહે અરુચિઃ=અનાસક્તિઃ. **'ઘરબારમાં'** એટલે ઘરબારમાં અનુરાગ ન રહી જાય ત્યારે સ્ત્રીપુત્ર વિગેરેનો નિર્વાહ કે પાલન અસમ્ભવ બની જતું હોવાથી જે વિવેકરહિત ગૃહસ્થ હોય તેમને પરમ પુરુષાર્થનાં સાધક હોય તો પણ આ ગાર્હસ્થ્યધર્મ બાધક જણાશે , અનધિકારી હોવાથી **અને અનાત્મિક** એટલે આત્માનો જે હોય કે આત્માથી જે સંબંધિત હોય તે આત્મિક. 'હોય' કહેવાનું તાત્પર્ય તેનો સ્વાભાવિક ધર્મ સમજવો, તેથી "આ મારા આત્માનો સ્વધર્મ નથી" આવું ભાસિત થવા લાગે. હકીકતમાં તો જ્ઞાનનાં અભાવને કારણે આવું તેમને લાગતું હોય છે તેથી **ભાસિત** થાય છે એમ કહ્યું. વ્યસનનો પરિણામ સમજાવે છે **જ્યારે... જશે** એમ કહીને, જ્યારે જે કાંઈ આપણે આપણા સ્વભાવ મુજબ કરતા હોઈએ તે બધું ભગવદ્‌વિષયક છે આવું સ્ફુરિત થવા મંડે ત્યારે કૃતાર્થતાની બાબતમાં કહેવા જેવું બચી જતું નથી! **'જ'** શબ્દ પ્રહ્લાદ વિગેરેનાં ઉદાહરણમાં આ હકીકત પ્રસિદ્ધ છે તે સૂચિત કરવા, પ્રહ્લાદ એવા ભક્ત હતા તે ઉલ્લેખ વિષ્ણુપુરાણમાં આવે છે: **"વિવેકરહિત જનોની રૂપરસ વિગેરે વિષયોમાં ક્યારેય ખતમ ન થનારી પ્રીતિ રૂઢ હોય છે તેવી પ્રીતિ મારી ભીતર તમારું અનુસ્મરણ કરતી વેળાએ મારા હૃદયમાં ક્યારેય ખતમ ન થવી જોઈએ"** (વિ.પુ.૧।૨૦।૧૯).

કારિકા:

**તાદૃશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્।।**

શ્લોકાન્વયાર્થ:

**તાદૃશસ્ય** = તેવાઓ **અપિ** = પણ **સતતં** = હરહમેંશ **ગેહસ્થાનં** = ઘરમાં રેહતો હોય તો **વિનાશકમ્** = વિનાશક થતુ હોય છે.

ભાવાનુવાદ:

**તેવું સિદ્ધ થઈ જાય તો પણ સતત ઘરમાં રહેવું**



**ભક્તિભાવનું વિનાશક થઈ શકે।।**

વિવૃતિ:

**તાદૃશસ્યાપિ** ઈતિ, ઉક્તસ્નેહાદિમતોઽપિ ગૃહસ્થસ્ય **ગૃહરૂપં સ્થાનં સતતં** સર્વદૈવ **વિનાશકં** વિનાશહેતુઃ. સ્નેહાદિસમ્પત્તેઃ પૂર્વમેવ વિનાશકત્વેઽપિ તત્સમ્પત્ત્યનન્તરં તથા ન ભવિષ્યતિ ઈતિ મનસિ ગૃહસ્થૈઃ ન ધાર્યમ્ ઈતિ ભાવઃ. અત્ર વિનાશકત્વં પ્રતિબન્ધકત્વમેવ. યદ્વા **તાદૃશસ્યાપિ સતતં** ગૃહએવ **સ્થાનં** સ્થિતિઃ ઈતિ. ઈદૃશગૃહસ્થેન મધ્યે-મધ્યે ભગવદ્‌ભક્ત-પુણ્યક્ષેત્ર-નદ્યાયતનેષુ અટનં કાર્યં નતુ ગૃહમાત્રૈકસ્થિતિશીલ-તયા ભાવ્યમ્ ઈતિ ભાવઃ.

તેવું સિદ્ધ થઈ જાય તો પણ એટલે જેમ કહેવાયું તે મુજબ સ્નેહાસક્તિવ્યસન સિદ્ધ થઈ ગયા તો પણ ગૃહસ્થ **ઘર** રૂપી **સ્થલે સતત** સર્વદા **વિનાશક** વિનાશનો હેતુ. લૌકિક વિષયોમાટે સ્નેહ વિગેરે જેમ પહેલાં ભક્તિભાવનાં વિનાશક હતા તેમ ભગવત્પ્રેમાસક્તિવ્યસન સિદ્ધ થયા પછી બાધક નહિં રહી જાય તેવું ગૃહસ્થે પોતાનાં મનમાં ન ધારી લેવું જોઈએ. અહિં વિનાશક હોવું એટલે પ્રતિબન્ધકર્તા હોવાનાં અર્થમાં લેવાનું છે. અથવા **તેવા ભગવત્પ્રેમાસક્તિવ્યસન સિદ્ધ થયા પછી પણ સતત ઘરમાં** જ રહેવું સ્થિત હોવું તે. આવા ગૃહસ્થે પણ વચ્ચે-વચ્ચે ભગવદ્‌ભક્ત પુણ્યક્ષેત્રો નદી વિગેરે તીર્થસ્થળોની પરિભ્રમણ કરવું જરુરી હોય છે. ફક્ત ઘરમાં ભરાઈને રહેવું તે ઉચિત નથી.

અવતરણિકા:

પૂર્વં ગૃહસ્થિતસ્યૈવ શ્રવણાદિ ઉક્તમ્ ઈદાનીં તસ્ય બહુપ્રતિબન્ધત્વાનુ-સન્ધાનેન સમીહિતાસિદ્ધિમ્ આશંક્ય નિઃપ્રત્યૂહોપાયમ્ આહુઃ :

કારિકા:

**ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ।।૬।।**
**લભેત સુદૃઢાં ભક્તિં સર્વતોઽપિ અધિકાં પરામ્।।**

**શ્લોકાન્વયાર્થ :**

**તદર્થૈકમાનસઃ** = કેવલ ભગવાનનેજ મેળવવાના માનસવાળો **યઃ તુ** = જે તો **ત્યાગં** = ત્યાગ **કૃત્વા** = કરીને **યતેદ્** = યત્ન કરે છે. ( સ ) = તે **સર્વતોઽપિ** = સર્વથી પણ **અધિકાં** = અધિક **પરામ્** = પરા **સુદૃઢાં** = સુદૃઢ **ભક્તિં** = ભક્તિને **લભેત** = લાભ મેળવી શકે છે.।।

**ભાવાનુવાદ :**

**કેવળ ભગવાનને મેળવવાનાં માનસવાળો જે ઘરનો ત્યાગ કરીને યત્ન કરતો હોય।।૬।।**

**તેને સુદૃઢ સહુથી ચઢિયાતી પરા ભક્તિનો લાભ મળે છે।।**

**વિવૃતિ :**

**ત્યાગં કૃત્વા** ઇતિ. યઃ પુરુષઃ સકલદુઃખાકરગૃહત્યાગં કૃત્વા પૂર્વોક્તશ્રવણાદિષુ યતેત્, સઃ **સુદૃઢામ્** અત્યન્તદૃઢામ્ અન્યૈઃ પ્રતિબન્ધસહસ્રૈરપિ અતિરસ્કૃતામ્. **સર્વતોઽપિ** જ્ઞાનાદિભ્યોપિ **અધિકામ્** અધિકફલદાયિનીં **પરાં** ભગવત્પ્રાપ્તેઃ ચરમકારણભૂતાં **ભક્તિં લભેત્** પ્રાપ્નુયાદ્ ઇતિ અર્થઃ. તં વિશદયન્તિ **તદર્થૈકમાનસઃ** ઇતિ, સ ભગવાનેવ અસૌ અર્થઃ તદર્થઃ, અર્થઃ= પ્રયોજનં ઉદ્દેશ્યમ્ ઇતિ યાવત્. સચ અસૌ એકશ્ચ અર્થઃ તદર્થઃ સએવ અર્થૈકઃ, તદર્થૈકઃ, તસ્મિન્ માનસં મનો યસ્ય ઇતિ. એવંવિધઃ સન્ **યતેદ્** ઇતિ પૂર્વેણ અન્વયઃ. **યતેદ્** ઇતિ ઘઞર્થે 'કં' કૃત્વા પશ્ચાત્ નામધાતુત્વાત્ પરસ્મૈપદં જ્ઞેયમ્.

**અનુવાદ :**

જોકે પહેલાં ઘરમાં રહેનારને શ્રવણ વિગેરે સાધનો જણાવ્યા પણ હવે તેમાં ઘણાં બધાં પ્રતિબન્ધોનો વિચાર કરીને જોઇતો પરિણામ સિદ્ધ ન થતો હોય તો બીજો નિર્દોષ ઉપાય જણાવે છે :



**ત્યાગ કરીને** એટલે જે માણસ બધાં જ દુઃખોની ખાણ એવા ઘરબારનો ત્યાગ કરીને પહેલા જણવવામાં આવ્યા તેવા શ્રવણ વિગેરેમાટે યત્ન કરતો હોય તેને **સુદૃઢ** અત્યન્ત દૃઢ એટલે બીજા હજાર જાતનાં પ્રતિબન્ધો હોવા છતાંય ભક્તિભાવમાં ઓછપ નહિં આવે. **સહુથી ચઢિયાતી** એટલે જ્ઞાન વિગેરે કરતાંય **ચઢિયાતી** ચઢિયાતા ફલને આપનારી **પરા** ભગવત્પ્રાપ્તિમાં ચરમ કારણભૂત એવી **ભક્તિ પ્રાપ્ત થાય છે. આવો ભક્તિભાવ મેળવનારો કેવો હોવો જોઇએ તેને વિશદ કરવામાટે કહે છે કેવલ ભગવાન્‌ને મેળવવાનાં માનસવાળો** તે ભગવાન્ જ ફક્ત જેના એકમાત્ર પ્રયોજન કે ઉદ્દેશ્ય હોય તેવા માનસવાળો હોવો જોઇએ. આવી ભક્તિ કરવા જે **યત્ન કરતો હોય** પહેલાં જણાવેલ શબ્દો સાથે જોડતા અર્થ સ્પષ્ટ થાય છે. અહિં મૂળ સંસ્કૃતમાં **'યતેદ્'** ક્રિયાપદનો પ્રયોગ પ્રયત્નાર્થક 'યતી' ક્રિયાપદથી પહેલાં નામપદ બનાવીને તે પછી નામધાતુ તરીકે લેવામાં આવે તો આત્મનેપદવાચક 'યતેત' રૂપ નહિં પણ પરસ્મૈપદવાચક 'યતેત્' રૂપે પણ પ્રયોગ કરી શકાય.

**અવતરણિકા :**

નનુ ત્યાગરૂપોપાયે વિદ્યમાને કિમ્ અન્યોપાયકથનમ્ ઇત્યતઃ આહુઃ :

**કારિકા :**

**ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથા અન્નતઃ।।૭।।**

**શ્લોકાન્વયાર્થ :**

**ત્યાગે** = ત્યાગમાં **દુઃસંસર્ગાત્** = દુષ્ટસંગથી **તથા** = તથા **અન્નતઃ** = ખોટા અન્નથી **બાધકભૂયસ્ત્વં** = ઘણાં બાધકો હોય છે.

**ભાવાનુવાદ :**

**ત્યાગ રૂપી ઉપાયમાં પણ ખોટો સંગ કે ખોટું અન્ન જેવા ઘણાં બાધકો હોય છે।।૭।।**

विवृति:

**त्यागे** ईति, त्यागसिद्धौ सर्वं सुकरम्. सैवतु न उपपद्यते. तत्र हेतुः **बाधकानां** प्रतिबन्धकानां **भूयस्त्वं** बाहुल्याद् ईति अर्थः. तत्र हेतुः **दुःसंसर्गात्** , दुष्टानां भगवद्बहिर्मुखाणां यः संसर्गः=सम्बन्धः शारीरादिः तस्माद् ईति अर्थः. तथैव **अन्नतः** दुष्टाद् अन्नाद् ईति अर्थः. अन्नदोषास्तु पञ्चमहायज्ञाकरणाद् भगवदनिवेदनात् च उद्‌भवन्ति ईति ज्ञेयम्. श्रुतिरपि **"मोघम् अन्नं विन्दते अप्रचेताः. सत्यं ब्रवीमि वध ईत् स तस्य. न अर्यमाणं पुष्यति नो सखायं केवलाघो भवति केवलादिः"** ( ऋक्‌संहि.१०।११७।६ ) ईति. अर्थस्तु : 'अप्रेचताः'=मूढो 'मोघं'=व्यर्थम् 'अन्नं विन्दते'=प्राप्नोति. यतः सो अन्नलाभः तस्य वधएव. ईदन्तु सत्यमेव अहं ब्रवीमि न मृषा ईति अर्थः. किञ्च 'अर्यमाणं'=सूर्यं न पुष्यति, देवयज्ञाकरणात्. उपलक्षणम् एतद् देवतामात्रमपि. 'सखायं'=अतिथिं 'नो'=न पुष्यति, मनुष्ययज्ञाकरणात्; किन्तु स्वयमेव अश्नाति, अतः केवलादी पुमान् केवलाघएव भवति. तद् अन्नं न अस्ति किन्तु पापम् अस्ति ईति अर्थः. ईमम् अर्थं भगवानपि आह **"यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः. भुञ्जन्ते तेतु अघं पापाः ये पचन्ति आत्मकारणात्"** ( भग.गीता.३।१३ ) ईति. अनिवेदितभक्षणेऽपि दोषः श्रूयते **"अम्बरीष! नवं वस्त्रं फलं अन्नाद्यम् औषधम् अनिवेद्य हरेः भुञ्जन् सप्तजन्मानि नारकी"** ( ) ईति पुराणान्तरे.

અનુવાદ:

અહિં કોઈને શંકા થાય કે ત્યાગ રૂપી ઉપાય વિદ્યમાન રહેતા બીજો કોઈ ઉપાય શામાટે માન્ય કરવો જોઈએ? સમાધાન આપે છે:

**ત્યાગ** વિગેરે, ત્યાગ જો શક્ય હોય ઘણું બધું સિદ્ધ થઈ શકે પણ ત્યાગ કરવું ઘણું અઘરું કાર્ય હોય છે. તેમાં હેતુ આ



કે **'બાધકો'** એટલે પ્રતિબન્ધકોની **ઘણાં** વધારે એવો અર્થ સમજવો. તેમાં હેતુ એક તો **દુઃસંગ** અર્થાત્ ભગવાન્‌થી બહિર્મુખ એવા દુષ્ટોનો દૈહિક સંસર્ગ કે સમ્બન્ધ થતો હોવાથી. તેમજ **અન્ન** ખોટા અન્ન ખાવો પડતો હોવાથી. ખોટું અન્ન કે અન્નદોષ પાંચ મહાયજ્ઞો ન કરવાને કારણે અને ભગવાન્‌ને નિવેદન ન કરી શકવાને કારણે ઉદ્‌ભવતાં હોય છે. તેથી શ્રુતિવચન પણ મળે છે કે **"તે અપ્રચેતા મોઘ અન્ન મેળવે છે. સાચું કહું છૂં કે એવાને અન્ન મળવું તે તો વધ જ છે. કેમકે તે ન તો અર્યમાનું પોષણ કરતો હોય છે કે ન સખાનું, તેથી એકલો જમનાર માણસ તો નર્યો પાપભક્ષી જ હોય છે"** ( ઋક્‌સંહિ.૧૦।૧૧૭।૬ ). આનો અર્થ તો : 'અપ્રેચતા'=મૂઢ 'મોઘ'=વ્યર્થ. અન્ન મેળવે પ્રાપ્ત કરે છે. કેમકે આવો તેને અન્નલાભ તેનો હકીકતમાં વધ જ છે. આ તો સત્ય વાત હું જણાવવા માગું છું આ વાત મિથ્યા વાત હોઈ શકતી નથી. વળી દેવયજ્ઞ ન કરવાને કારણે આવી રીતે જમનાર 'અર્યમા'=સૂર્યનું પોષણ નથી કરતો, સૂર્યની વાત તો ઉપલક્ષણ રૂપે કહેવાણી છે હકીકતમાં કોઈ પણ દેવતાનું તે પોષણ નથી કરતો. મનુષ્યયજ્ઞ ન કરવાને કારણે આવો જમનાર 'સખા'=અતિથિનું પણ તે પોષણ નથી કરતો. પોતે એકલો જમનાર પુરુષ ફક્ત પાપનું જ ભક્ષણ કરતો હોય છે. એટલે અન્ન નથી જમતો પરન્તુ પાપ જમે છે. ગીતામાં ભગવાને પણ આ વાત ઉપર ભાર મૂક્યો છે **"યજ્ઞમાં આહૂતિ આપ્યા બાદ બચી રહેલ અન્ન જમનાર બધાં જ પાપોથી છુટકારો મેળવી લે છે. જે, પરન્તુ, ફક્ત પોતાનેમાટે જ અન્ન રાંધતો હોય તે પાપી તો ફક્ત પાપ જ રાંધી રહ્યો છે"** ( ભગ.ગીતા.૩।૧૩ ). ભગવાન્‌ને નિવેદિત કર્યા વિના અન્નગ્રહણમાં પણ દોષ માનવામાં આવ્યો છે **"અમ્બરીષ! નવું વસ્ત્ર ફળ અન્ન વિગેરે ઔષધિ હરિને નિવેદન કર્યા વિના જમનાર સાત જનમ સુધી નરકયાતના ભોગે છે"** ( ...પુરા. । । ) એવું કોઈક પુરાણમાં કહેવાયું છે.

**અવતરણિકા :**

ત્યાગસ્ય અશક્યત્વમ્ ઉક્ત્વા સુશક્યોપાયમ્ આહુઃ :

**કારિકા :**

**અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ॥**
**અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ॥૮॥**

**શ્લોકાન્વયાર્થ :**

**અતઃ** = તેથી **હરિસ્થાને** = હરિસ્થાનમાં **તત્પરૈઃ** = ભગવત્પરાયણ **તદીયૈઃ** = તદીયોની **સહ** = સાથે **અદૂરે** = નજદીક **વિપ્રકર્ષે વા** = કે દૂર પણ **યથા** = જેથી **ચિત્તં** = ચિત્ત **ન દુષ્યતિ** = દુષિત ન થાય (તથા) તેમ **સ્થેયમ્** = રહેવુ॥૮॥

**ભાવાનુવાદ :**

**તેથી હરિભક્તિમાં તત્પર એવા તદીય સાથે હરિનાં સ્થળમાં રહેવું જોઈએ ॥**
**જે રીતે રહેતાં પોતાનાં ચિત્તમાં કોઈ દોષભાવ ન આવે તે મુજબ ન તો તેઓથી બહુ દૂર નહિં કે થોડાક આઘે ॥૮॥**

**વિવૃતિ :**

**અતઃ** ઈતિ ઉક્તહેતોઃ **હરિસ્થાને** ભગવદધિષ્ઠિતપ્રદેશે **તત્પરૈઃ** ભગવદેકપરૈઃ **તદીયૈઃ** ભગવદીયૈઃ ભક્તૈઃ **સહ અદૂરે** નૈકટ્યં યથા સ્યાત્ તથા **સ્થેયમ્** ઈતિ અર્થઃ. અતિનૈકટ્યાસમ્ભવે **વિપ્રકર્ષે વા** કિઞ્ચિદ્દૂરેપિ સ્થેયં નતુ અતિદૂરે ઈતિ ભાવઃ. નનુ એવં સ્થિતૌ કિમ્? અતઃ આહુઃ **યથા** ઈતિ, યેન પ્રકારેણ સ્થિતિઃ ઉક્તા તથાકરણે **ચિત્તમ્** અન્તઃકરણં **ન દુષ્યતિ** ન દોષગ્રસ્તં ભવતિ ઈતિ અર્થઃ.

**અનુવાદ :**

તેથી ત્યાગની પણ અશક્યતાને અનુલક્ષીને હવે એક સુશક્ય



ઉપાય સમજાવે છે :

**તેથી** એટલે જણાવેલ હેતુને કારણે **હરિનાં સ્થળે** ભગવાન્ જ્યાં બિરાજતા હોય તેવા સ્થળે **હરિભક્તિમાં તત્પર** એટલે ભગવત્પર **તદીય** ભગવદીય ભક્તની **તેઓથી બહુ દૂર નહિં** નૈકટ્યનો લાભ મળે તેવી રીતે **રહેવું જોઈએ** . જો અતિનિકટ રહેવું શક્ય ન હોય તો **થોડાક આઘે** પણ રહી શકાય બહુ છેટે ન રહેવું એવો ભાવ છે. આમ રહેવાથી શો લાભ? જવાબ આપે છે **જે રીતે રહેતાં** એટલે જે પ્રકારે રહેવાની વાત માનવાથી **ચિત્ત** અન્તઃકરણ**માં દોષભાવ ન જાગે** તે દોષગ્રસ્ત ન થઈ જાય તેમ.

**કારિકા :**

**સેવાયાં વા કથાયાં વા યસ્ય આસક્તિર્ દઢા ભવેત્ ॥**
**યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપિ ઈતિ મતિર્ મમ ॥૯॥**

**શ્લોકાન્વયાર્થ :**

**સેવાયાં વા** = કાં તો સેવામાટે **કથાયાં વા** = કાં તો કથામાટે **યસ્ય** = જેની **આસક્તિઃ** = આસક્તિ **દઢા** = દઢ **ભવેત્** = હશે **તસ્ય** = તેનો **યાવજ્જીવં** = તે જીવે ત્યાંસુધી **ક્વાપિ** = ક્યાંય પણ **નાશો** = નાશ **ન** = નહિં થાય **ઈતિ** = એવી **મમ** = મારી **મતિઃ** = મતિ ( અસ્તિ ) = છે॥ ૯॥

**ભાવાનુવાદ :**

**કાં તો સેવામાટે કાં તો કથામાટે જેની આસક્તિ દઢ હશે ॥**
**તેનો તે જીવે છે ત્યાં સુધી ક્યાંય પણ નાશ નહિં થાય એવી મારી મતિ છે ॥૯॥**

### વિવૃતિ :

એવં ભગવદીયૈઃ સહ સ્થિતૌ **યસ્ય** પરમભાગ્યવતઃ **સેવાયાં** સ્વશરીરસાધ્યે ભગવદ્ભજને **કથાયાં** તદ્ગુણશ્રવણે વા **આસક્તિઃ** તદ્ વિહાય સ્થાતુમ્ અશક્તિઃ **દૃઢા** નિશ્ચલા ભવેત્ **તસ્ય** પુંસો **યાવજ્જીવં** આદેહપાતં **ક્વાપિ** કસ્મિંશ્ચિદ્ દેશે કાલે વા **નાશો** અન્યથાભાવો **ન** ભવતિ. **ઈતિ** અસ્મિન્ અર્થે **મમ મતિઃ** સમ્મતિરેવ ઈતિ અર્થઃ. **'વા'**શબ્દૌ અન્યોન્યં સમુચ્ચિનુતઃ.

### અનુવાદ :

આમ ભગવદીયો સાથે રહેવાથી **'જેની'** એટલે કોઈક પરમ ભાગ્યવાન્‌ની **સેવામાટે** પોતાનાં શરીરથી કરવામાં આવતી ભગવત્સેવામાટે **કથામાટે** ભગવાન્‌નાં ગુણોની શ્રવણભક્તિમાટે **આસક્તિ** તેના વિના રહી ન શકાતું હોય એવી **દૃઢ** નિશ્ચલ હોય તો **તેવા** પુરુષનો **તે જીવે છે ત્યાં લગી** દેહપાત પર્યન્ત **ક્યાંય પણ** કોઈ પણ દેશ કે કાલ માં **નાશ** અન્યથાભાવ **નહિં થાય. એવી** આ બાબતમાં **મારી મતિ** સમ્મતિ જ છે. **'કાં તો'** શબ્દ બે વાર વાપર્યા તેથી સેવા અને કથા નો સથવારો જણાવવામાટે છે.

### અવતરણિકા :

નનુ એવં સતિ પૂર્વોક્તત્યાગસ્ય વૈયર્થ્યમેવ ઉત સાર્થકત્વમપિ? ઈતિ આકાંક્ષાયામ્ આહુઃ :

### કારિકા :

**બાધસમ્ભાવનાયાન્તુ ન એકાન્તે વાસ ઇષ્યતે ॥**
**હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ॥૧૦॥**

### શ્લોકાન્વયાર્થ :

**બાધસમ્ભાવનાયાં તુ** = પ્રતિબન્ધની સંભાવનામાં તો **એકાન્તે** = એકાન્તમાં **વાસ** = વાસ **ન ઇષ્યતે** = ઈષ્ટ નથી. **હરિઃ તુ** = હરિ તો



**સર્વતો** = બધી રીતે **રક્ષાં** = રક્ષા **કરિષ્યતિ** = કરશે **સંશયઃ** = સંશય **ન** = કરવો નહીં ॥૧૦॥

### ભાવાનુવાદ :

**બાધકોની બીક લાગતી હોય તો એકાન્તમાં ક્યારે પણ રહેવું ઈષ્ટ નથી ॥**

**હરિ તો બધી રીતે જ રક્ષા કરશે જ તેમાં કોઈ સંશય કરવાની આવશ્યકતા નથી ॥૧૦॥**

### વિવૃતિ :

**બાધ...**ઈતિ. ત્યાગે સર્વથા બાધઃ સમ્ભાવિતઃ ચેદ્ ભવેદ્ **ન** તત્કૃતઃ તદા **એકાન્તે વાસઃ** સર્વત્યાગપૂર્વિકા સ્થિતિઃ અરણ્યાદૌ ન **ઈષ્યતે ન** સમ્મતા ઈતિ અર્થઃ. તદભાવેતુ ઈષ્ટૈવ ઈતિ ભાવઃ. નનુ એકાન્તસ્થિતૌ વ્યાઘ્રાદિભિઃ અપમૃત્યુરપિ સમ્ભાવ્યતે વરં તદપેક્ષયા ગૃહસ્થિતિઃ! ઈત્યતઃ આહુઃ **હરિસ્તુ** ઈતિ, 'હરિ'શબ્દાર્થસ્તુ પૂર્વોક્તો અનુસન્ધેયઃ. **'તુ'**શબ્દઃ પ્રસિદ્ધૌ. **સર્વતઃ** સર્વદુઃખહર્તા રક્ષણં **કરિષ્યતિ**-એવ **ન સંશયઃ** ઈતિ અર્થઃ.

### અનુવાદ :

આવી પરિસ્થિતિમાં પહેલા જણાવેલ ત્યાગને વ્યર્થ માનવો કે સાર્થક? આવી શંકાના સમાધાનરૂપે કહે છે :

બાધકો...વિગેરે. ત્યાગ કરવા જતાં બધી રીતે બાધક થશે એવી બીક લાગતી હોય તો તેવી બીકને લીધે **એકાન્તમાં રહેવું** બધું છોડીને અરણ્યમાં જેવા સ્થળોમાં રહેવું **ઈષ્ટ નથી** મને માન્ય નથી. જો આવી બીક ન લાગતી હોય તો વાંધો પણ નથી. હવે જો આમ શંકા થતી હોય કે વનનાં એકાંતમાં રહેવા જતાં વાઘ વિગેરેથી અપમૃત્યુ પણ થઈ શકે તેથી તેનાં કરતાં તો ઘરમાં જ રહેવું સારું! તે બાબતમાં સમાધાન આપે છે **'હરિ તો'** કહીને,

'હરિ' શબ્દનો અર્થ તો અગાઉ જણાવ્યા પ્રમાણે જ લેવાનો છે. **'તો'** શબ્દ પ્રસિદ્ધિના આશયથી વપરાયો છે. **બધી રીતે** સહુનાં દુઃખોને હરનાર રક્ષણ **કરશે જ** એવ **સંશય કરવાની આવશ્યકતા નથી** .

**અવતરણિકા :**

ઉપસંહરન્તિ :

**કારિકા :**

**ઇતિ એવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ।।**
**ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ ।।૧૧।।**

**શ્લોકાન્વયાર્થ :**

**ઇતિ એવં** = આ રીતે **ગૂઢતત્ત્વં** = ગૂઢતત્ત્વવાળા **ભગવચ્છાસ્ત્રં** = ભગવચ્છાસ્ત્રનું **નિરૂપિતમ્** = નિરૂપણ કર્યું. **યઃ** = જે **એતત્** = આનું **સમધીયીત** = સારી રીતે અધ્યયન કરશે **તસ્યાપિ** = તેની પણ **દઢા** = દઢ **રતિઃ** = ભક્તિ **સ્યાદ્** = થશે ।।૧૧।।

**ભાવાનુવાદ :**

**આવી રીતે ગૂઢ તત્ત્વવાલા ભગવચ્છાસ્ત્રનું નિરૂપણ કર્યું ।।**
**જે આનું સરખી રીતે અધ્યયન કરશે તેને પણ ભગવાન્માં રતિ દઢ થશે ।।૧૧।।**

**ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતા ભક્તિવર્ધિની સમાપ્તા**

**આમ શ્રીમદ્વલ્લભાચાર્યદ્વારા વિરચિત ભક્તિવર્ધિનીગ્રન્થ સમ્પૂર્ણ થયો**

**વિવૃતિ :**

**એવમ્** ઉક્તપ્રકારેણ **ભગવચ્છાસ્ત્રં** ભગવત્સમ્બન્ધિશાસ્ત્રં શિક્ષણં



**ગૂઢં** ગુપ્તં **તત્ત્વં** યસ્ય તાદશં **નિરૂપિતમ્. યઃ** પુમાન્ એતદુક્તાચરણે અશક્તઃ સન્ એતચ્છાસ્ત્રમ્ ઉપાદિત્સુઃ **સમ્યગ્ અધીયીત** અર્થાનુસન્ધાનપૂર્વકં પઠેત્ **તસ્યાપિ** એતચ્છાસ્ત્રોક્તા **રતિઃ દઢા** ભવેદ્ ઇતિ અર્થઃ.

**અનુવાદ :**

ઉપસંહારવચન :

**આવી રીતે** કહેલા પ્રકારે **ભગવચ્છાસ્ત્ર** ભગવત્સમ્બન્ધી જે શાસ્ત્ર=શિક્ષણ જેમાં **ગૂઢ** ગુપ્ત **તત્ત્વ** રહેલું તેવું **નિરૂપણ કરવામાં આવ્યું. જે** પુરુષ આમાં જણાવેલ વાતોને અમલમાં લાવવા સમર્થ ન હોય તેણે આ શાસ્ત્રનો ઉપદેશગ્રહણ કરવો હોય તો **સરખી રીતે અધ્યયન કરવું જોઇએ** એટલે અર્થાનુસન્ધાન સહિત પાઠ કરવો જોઇએ **તેને પણ** આ શાસ્ત્રમાં ઉપદેશેલ **રતિ દઢ** થશે.

ભક્ત્યંકુરિતચિત્તસ્યસ્ય તદુદ્રેકાય સામ્પ્રતમ્ ।।
આચાર્યસ્યામૃતોદ્ભૂતા વિવૃતા ભક્તિવર્ધિની ।।૨।।

ઇતિ શ્રીવલ્લભનન્દનચરણૈકશરણશ્રીરઘુનાથકૃતૌ
ભક્તિવર્ધિનીવિવરણં
સમ્પૂર્ણમ્

જેનાં ચિત્તમાં ભક્તિ અંકુરિત થયેલી હોય તેની અભિવૃદ્ધિ માટે અહિંયાં ।।
આચાર્યચરણનાં વચનામૃત રૂપે ઉદ્ભૂત ભક્તિવર્ધિનીની વિવૃતિ પૂર્ણ થયી ।।૨।।

આમ શ્રીવલ્લભનન્દન શ્રીવિઠલનાથ પ્રભુચરણૈકશરણ શ્રીરઘુનાથજીકૃત
ભક્તિવર્ધિનીનું વિવરણ પૂર્ણ થયું

## ઉદ્ધૃતવચનાનુક્રમણિકા


પૃષ્ઠ

અ

'ભૂ' = સત્તાયામ્... ૧૧૪
(ધા.પા.૧।૧)

અન્નમયં હિ સૌમ્ય !... ૧૨૧
(છાન્દો.ઉપ.૬।૫।૪)

અન્યે (ઇતરે)ષાં ચ અનુપલબ્ધેઃ... ૧૦૯
(બ્ર.સૂ.૨।૧।૨)

અપિ વા તમ્ આદેશમ્ અપ્રાક્ષો... ૩૬
(છાન્દો.ઉપ.૬।૧।૨-૩)

અપૃષ્ટા યસ્તુ યાં કાશ્ચિત્... ૧૭૧
(વિ.ધ.પુ.।।)

અવિનાશી વા અરે અયમ્ આત્મા... ૪૬
(બૃહ.ઉપ.૪।૫।૧૪)

અહં સર્વસ્ય જગતઃ પ્રભવઃ... ૧૫૨
(ભગ.ગીતા.૭।૬)

આવૃત્તિર્ અસકૃદ્ ઉપદેશાદ્... ૩૭
(બ્ર.સૂ.૪।૧।૧)

ઉ

ઉચ્છિષ્ટભોજિનો દાસાઃ... ૧૮૦
(ભાગ.પુરા.૧૧।૬।૪૬)





ઐ

ઐતદાત્મ્યમ્ ઇદં સર્વમ્... ૩૬
(છાન્દો.ઉપ.૬।૭।૭)

ક

કં બ્રહ્મ ખં બ્રહ્મ... ૪૨
(છાન્દો.ઉપ.૪।૧૦।૪)

કાલં કર્મ સ્વભાવં ચ...... ૯૭
(ભાગ.પુરા.૨।૫।૨૧)

ક્રિયાસુ યત્ ત્વચ્ચરણારવિન્દયોઃ... ૨૩૭
(ભાગ.પુરા.૧૦।૨।૩૭)

ચ

ચૈદ્યે ચ સાત્ત્વતપતેઃ ચરણં... ૯૦
(ભાગ.પુરા. ૧૦।૭૨।૮)

ત

તત્ ત્વમ્ અસિ... ૩૫, ૩૬
(છાન્દો.ઉપ.૬।૭।૭)

તદ્ આહુઃ અક્ષરં બ્રહ્મ... ૮૯
(ભાગ.પુરા.૩।૧૧।૪૧)

તદ્ એજતિ તદ્ ન એજતિ... ૨૦૦
(ઈશા.ઉપ.૫)

તદ્ વિપ્રાસ... ૨૨૫
(ઋક્સંહિ.૧।૨૨।૨૦-૨૧)

**તમુ સ્તોતાર: પૂર્વ્યં યથાવિદ:...** ૨૨૪,૨૨૬
( ઋક્સંહિ.૧।૧૫૬।૩ )

**તા: ન અવિદન્ મયિ અનુષંગબદ્ધધિય:...** ૨૦૩
( ભાગ.પુરા.૧૧।૧૨।૧૨ )

**ત્રૈવર્ગિકાયાસ...** ૧૮૦
( ભાગ.પુરા.૬।૧૧।૨૩ )

દ

**દારાન્ સુતાન્ ગૃહાન્ પ્રાણાન્...** ૧૮૦
( ભાગ.પુરા.૧૧।૩।૨૮ )

ન

**નિત્ય સર્વગત સ્થાણુ...** ભૂમિકા ૫
( ભગ.ગીતા.૨।૨૪ )

પ

**પ્રજાયેય...** ૬૦
( તૈત્તિ.ઉપ.૨।૬ )

બ

**બહૂનાં જન્મનામ્ અન્તે...** ૬૮
( ભગ.ગીતા.૭।૧૯ )

**બીજં તદ્ ઉચ્યતે શાસ્ત્રે...** ૨૩૩
( ભ.વ.૪ )



ભ

**ભક્તેરપિ સ્વાશ્રયધર્મસહિત...** ભૂમિકા ૧૬
( ત.દી.નિ.પ્ર.૨।૧૯૬ )

**ભક્ત્યાતુ અનન્યયા શક્ય:...** ૧૨૯
( ભગ.ગીતા.૧૧।૫૪ )

**ભજતિ માં સર્વભાવેન...** ૨૨૪
( ભગ.ગીતા.૧૫।૧૯ )

**ભેદ: પારમાર્થિક: ઇતિ...** ભૂમિકા ૩
( સુબો.૩।૩૨।૩૭ )

મ

**મલ્લિંગ-મદ્‌ભક્તજન-દર્શન...** ૨૧૩
( ભાગ.પુરા.૧૧।૧૧।૩૪ )

**માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય...** ૧૭૬
( ભગ.ગીતા.૪।૩૦ )

**મામેવ યે પ્રપદ્યન્તે...** ૩૧
( ભગ.ગીતા.૭।૧૪ )

**મોઘમ્ અન્નં વિન્દતે અપ્રચેતા:...** ૨૪૪
( ઋક્સંહિ.૧૦।૧૧૭।૬ )

ય

**ય: પૃથિવ્યાં તિષ્ઠન્...** ૫૪
( બૃહ.ઉપ.૩।૭।૩ )

**યજ્ઞશિષ્ટાશિન: સન્તો મુચ્યન્તે...** ૨૪૪
( ભગ.ગીતા.૩।૧૩ )

**યથા અગ્ને: ક્ષુદ્રા: વિસ્ફુલિંગા...** ૨૫
( બૃહ.ઉપ.૨।૧।૨૦ )

**યથા જલં તથા સર્વ ...** ભૂમિકા ૫
( સિદ્ધા.મુક્તા.૯ )

**યમેવ એષ વૃણુતે...** ૧૯૭
( કઠોપ.૨।૨૨ )

**યા પ્રીતિ: અવિવેકાનાં...** ૨૩૯
( વિ.પુ.૧।૨૦।૧૯ )

**યો મામ્ એવમ્ અસમ્મૂઢ:...** ૨૨૪
( ભગ.ગીતા.૧૫।૧૯ )

**વ**

**વાચારમ્ભણ...** ૬૦
( છાન્દો.ઉપ.૬।૧।૪ )

**વાસુદેવે મનો યસ્ય ...** ૧૬૭
( વિ.પુરા.૧।૬।૪૩ )

**શ્ર**

**શ્રિયા પુષ્ટ્યા ગિરા...** ૧૭,૨૦
( ભાગ.પુરા.૧૦।૩૬।૫૫ )

**સ**

**સ વૈ નૈવ રેમે...** ૧૭
( બૃહ.ઉપ.૧।૪।૩ )

**સએવ હિ જગત્કર્તા...** ભૂમિકા ૫
( ત.દી.નિ.૧।૭૭ )

**સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનમ્...** ૧૨૪
( ભગ.ગીતા.૧૪।૧૭ )

**સદેવ , સૌમ્ય ! ...** ૩૬
( છાન્દો.ઉપ.૬।૨।૧ )

**સદ્ અધિભૂતં , ચિદ્ અધ્યાત્મમ્ ...** ૩૬
( ત.દી.નિ.પ્ર.૨।૧૨૦-૧૨૧ )

**સર્વં ખલુ ઇદં બ્રહ્મ ...** ૨૦૯
( છાન્દો.ઉપ.૩।૧૪।૧ )

**સર્વસ્ય વશી સર્વસ્ય ઇશાન...** ૪૬
( બૃહ.ઉપ.૪।૪।૨૨ )

**સહજં કર્મ , કૌન્તેય !...** ૧૭૨
( ભગ.ગીતા.૧૮।૪૮ )

**સાકારં બ્રહ્મ શુદ્ધં હિ માયા...** ભૂમિકા ૯
( સુબો.૧।૭।૪ )

**સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો...** ભૂમિકા ૩
( સર્વો.સ્તો.૮ )

**સેતુ: વિધરણમ્ ...** ૪૯,૫૦
( દ્રષ્ટ.છાન્દો.ઉપ.૮।૪।૧ )

**સો અકામયત...** ૧૧૨
( તૈત્તિ.ઉપ.૨।૬ )

**હ**

**હરામિ અઘં હિ સ્મર્તૄણાં...** ૧૪૯
( મહાભા.।। )

## ઉદ્ધરણ સંકેતસૂચી

| **ગ્રન્થસંકેત** | **ગ્રન્થનામ** |
|---|---|
| અણુ.ભા. | અણુભાષ્ય |
| ઈશા.ઉપ. | ઈશાવાસ્ય ઉપનિષદ્ |
| છાન્દો.ઉપ. | છાન્દોગ્ય ઉપનિષદ્ |
| ત.દી.નિ.૧ | તત્ત્વાર્થદીપનિબંધ શાસ્ત્રાર્થપ્રકરણ |
| ત.દી.નિ.૨ | તત્ત્વાર્થદીપનિબંધ સર્વનિર્ણયપ્રકરણ |
| તૈત્તિ.ઉપ. | તૈત્તિરીય ઉપનિષદ્ |
| બૃહ.ઉપ. | બૃહદારણ્યકોપનિષદ્ |
| બ્ર.સૂ. | બ્રહ્મસૂત્ર |
| બ્ર.સૂ.શાં.ભા. | બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય |
| ભગ.ગીતા. | ભગવદ્ગીતા |
| ભગ.ગીતા.શાં.ભા. | ભગવદ્ગીતા શાંકરભાષ્ય |
| ભ.વ. | ભક્તિવર્ધિની |
| ભાગ.પુરા. | ભાગવત પુરાણ |
| મહા.ઉપ. | મહાનારાયણોપનિષદ્ |
| મુણ્ડ.ઉપ. | મુણ્ડકોપનિષદ્ |
| યાજ્ઞ.સ્મૃ. | યાજ્ઞવલ્કયસ્મૃતિ |
| શ્વેતા.ઉપ. | શ્વેતાશ્વતરોપનિષદ્ |
| સર્વો.સ્તો. | સર્વોત્તમ સ્તોત્ર |
| સિ.મુ. | સિદ્ધાન્તમુક્તાવલી |
| સુબો.કારિ. | ભાગવત સુબોધિની કારિકા |